kucābhyāmānamraṁ kuṭilaśaśicūḍālamukuṭam || 23 ||

24. Jagatsūte dhātā hariravati rudraḥ kṣapayate
tiraskurvannetatsvamapi vapurīśastirayati |
sadāpūrvaḥ sarvaṁ tadidamanugṛhṇāti ca śivaṁ
tavājñāmālambya kṣaṇacalitayorbhrūlatikayoḥ || 24 ||

25. Trayāṇāṁ devānāṁ triguṇajanitānāṁ tava śive
bhavetpūjā pūjā tava caraṇayoryā viracitā |

tathā hi tvatpādodvahanamaṇipiṭhasya nikaṭe
sthitā hyete śaśvanmukulitakarottaṅsamukuṭāḥ || 25 ||

26. Virañciḥ pañcatvaṁ vrajati harirāpnoti viratiṁ
vināśaṁ kināśo bhajati dhanado yāti nidhanaṁ |
vitandrī māhendrī vitatirapi sammīlitadṛśā
mahāsaṁhāre asminviharati sati tvatpatirasau || 26 ||

27. Japo jalpaḥ śilpaṁ sakalamapi mudrāviracanā
gatiḥ prādakṣiṇyakramaṇamaśanādyāhutividhiḥ |
praṇāmaḥ saṁveśaḥ sukhamakhilamātmārpaṇadṛśā
saparyāparyāyastava bhavatu yanme vilasitam || 27 ||

28. Dadāte dīnebhyaḥ śriyamaniśamāśānusadṛaśī
mamandaṁ saundaryaprakaramakaranda vikirati |
tavāsminmandārastabakasubhage yātu caraṇe
nimajjanmajjīvaḥ karaṇacaraṇaiḥ ṣatcaraṇatām || 28 ||

29. Sudhāmapyāsvādya pratibhayajarāmṛtyuhariṇīṁ
vipadyante viśve vidhiśatamakhādyā diviṣadaḥ |
karālaṁ yatkṣveḍaṁ kavalitavataḥ kālakalanā
na śambhostanmūlaṁ tava janani tāṭaṅkamahimā || 29 ||

30. Kiriṭaṁ vairiñcaṁ pariharapuraḥ kaiṭabhabhidaḥ
kaṭhore koṭire skhalasi jahi jambhārimukuṭam |
praṇamreṣveṭesu prasabhamabhiyātasya bhavanaṁ
bhavayābhyutthāne tava parijanoktirvijayate || 30 ||

31. Catuḥṣaṣṭyā tantraiḥ sakalamabhisandhāya bhuvanaṁ
sthitastattatsiddhiprasavaparatantraiḥ paśupatiḥ |
punastvannirbandhādakhilapuruṣārthaikaghaṭanā-
svatantraṁ te tantraṁ kṣititalamavātītaradidam || 31 ||

32. Śivaḥ śaktiḥ kāmaḥ kṣitiratha raviḥ śitakiraṇaḥ
smaro hansaḥ śakrastadanu ca parāmāraharayaḥ |
amī hṛllekhābhistisṛbhiravasāneṣu ghaṭitā
bhajante varṇāste tava janani nāmāvayavatām || 32 ||

33. Smaraṁ yoniṁ lakṣmīṁ tritayamidamādau tava mano-
rnidhāyaike nitye niravadhimahābhogarasikāḥ |
japanti tvāṁ cintāmaṇiguṇanibaddhākṣavalayāḥ
śivāgnau juhvantaḥ surabhighṛtadhārāhuti śanaiḥ || 33 ||

34. Śarīraṁ tvaṁ śaṁbhoḥ śaśīmihiravakṣoruhayugaṁ
tavātmānaṁ manye bhagavati bhavātmānamanagham |
ataḥ śeṣaḥ śeṣītyayamubhayasādhāraṇatayā
sthitaḥ saṁbandho vāṁ samarasaparānandaparayoḥ || 34 ||

35. Manastvaṁ vyoma tvaṁ marudasi marutsārathirasi
tvamāpastvaṁ bhumistvayi pariṇatāyāṁ na hi param |
tvameva svātmānaṁ pariṇamayituṁ viśvavapuṣā
cidānandākāraṁ śivayuvati bhāvena bibhṛṣe || 35 ||

36. Tavājñācakrasthaṁ tapanaśaśikoṭidyuṭidharam
paraṁ śambhuṁ vande parimilitapārśvaṁ paracitā |
yamārādhyanbhaktyā raviśaśiśucīnāmaviṣaye
nirāloke loko nivasati hi bhālokabhavane || 36 ||

37. Viśuddhau te śuddhasfaṭikaviśadaṁ vyomajanakaṁ
śivaṁ seve devīmapi śivasamānavyasaninīṁ |
yayoḥ kāntyā yāntyā śaśikiraṇasārūpyasaraniṁ
vidhūtāntardhvāntā vilasati cakorīva jagatī || 37 ||

38. Samunmīlatsaṁvitkamalamakarandaikarasikaṁ
bhaje haṁsadvandvaṁ kimapi mahatāṁ mānasacaram |
yadālāpādaṣṭādaśaguṇitavidyāpariṇati-
ryadādatte doṣādguṇamakhilamadbhyaḥ paya iva || 38 ||

39. Tava svādhiṣṭhāne hutavahamadhiṣṭhāya niratāṁ
tamīḍe saṁvartaṁ janani mahatīṁ tāṁ ca samayāṁ |
yadāloke lokān dahati mahati krodhakalile
dayārdrā dṛṣṭiste śiśiramupacāraṁ racayati || 39 ||

40. Taḍitvantaṁ śaktyā timiraparipanthisfuraṇayā
sfurannānāratnābharaṇapariṇaddhendradhanuṣaṁ |
tava śyāmaṁ meghaṁ kamapi maṇipuraikaśaraṇaṁ
niṣeve varṣantaṁ haramihirataptaṁ tribhuvanam || 40 ||

41. Tavādhāre mūle sahasamayayā lāsyaparayā
navātmānaṁ vande navarasamahātāṇḍavanaṭam |
ubhābhyāmetābhyāmubhayavidhimuddiśya dayayā
sanāthābhyāṁ jajñe janakajananīmajjagadidam || 41 ||

42. Gatairmāṇikyatvaṁ gaganamaṇibhiḥ sāndraghaṭitaṁ
kirīṭaṁ te haimaṁ himagirisute kirtayati yaḥ |

sa nīḍeyacchāyācchuraṇaśabalaṁ candraśakalaṁ
dhanuḥ śaunāsīraṁ kimidamiti badhnāti dhiṣaṇām || 42 ||

43. Dhunotu dhvāntaṁ nastulitadalitendīvaravanaṁ
ghanasnigdhaṁ slakṣṇaṁ cikuranikurambaṁ tava śive|
yadīyaṁ saurabhyaṁ sahajamupalabdhuṁ sumanaso
vasantyasminmanye balamathanavāṭīviṭapināṁ || 43 ||

44. Vahantī sindūraṁ prabalakabarībhāratimira-
tviṣāṁ vṛndairbandīkṛtamiva navīnārkakiraṇaṁ |
tanotu kṣemaṁ nastava vadanasaundaryalaharī-
parīvāhasṛotaḥsaraṇiriva sīmantasaraṇiḥ || 44 ||

45. Arālaiḥ svābhāvyādalikalabhasaśrībhiralakaiḥ
parītaṁ te vaktraṁ parihasati paṅkeruharuciṁ |
darasmere yasmindaśanarucikiñjalkarucire
sugandhau mādyanti smaramathanacakṣurmadhulihaḥ || 45 ||

46. Lalāṭaṁ lāvaṇyadyutivimalamābhāti tava yad
dvitīyaṁ tanmanye mukuṭaśaśikhaṇḍasya śakalam |
viparyāsanyāsādubhayamapi saṁbhūya ca mithaḥ
sudhālepasyūtiḥ pariṇamati rākāhimakaraḥ || 46 ||

47. Bhruvau bhugne kiñcidbhuvanabhayabhaṅgavyasanini
tvadīye netrābhyāṁ madhukararucibhyāṁ dhṛtaguṇe |
dhanurmanye savyetarakaragṛhītaṁ ratipateḥ
prakoṣṭhe muṣṭau ca sthagayati nigūḍhāntaramume || 47 ||

48. Ahaḥ sūte savyaṁ tava nayanamarkātmakatayā
triyāmāṁ vāmaṁ te sṛjati rajanīnāyakatayā |
tṛtīyā te dṛṣṭirdaradalitahemāmbujaruciḥ
samādhatte saṁdhyāṁ divasaniśayorantaracarīm || 48 ||

49. Viśālā kalyāṇī sfuṭarucirayodhyā kuvalayaiḥ
kṛpāpārāvārā kimapi madhurābhogavatikā |
avantī dṛṣṭiste bahunagaravistāravijayā
dhruvaṁ tattannāmavyavaharaṇayogyā vijayate || 49 ||

50. Kavīnāṁ sandarbhastabakamakarandaikarasikaṁ
kaṭākṣavyākṣepabhramarakalabhau karṇayugalaṁ |
amuñcantau dṛṣṭvā tava navarasāsvādataralā-
vasūyāsansargādalikanayanaṁ kiñcidaruṇam || 50 ||

51. Śive śṛṅgārārdrā taditaramukhe kutsanaparā
saroṣā gaṅgāyāṁ giriśanayane vismayavatī |
harāhibhyo bhītā sarasiruhasaubhāgyajayinī
sakhīṣu smerā te mayi janani dṛṣṭiḥ sakaruṇā || 51 ||

52. Gate karṇābhyarṇaṁ garuta iva pakṣmāṇi dadhatī
purāṁ bhettuścittapraśamarasavidrāvaṇafale |
ime netre gotrādharapatikulottaṁsakalike
tavākarṇākṛṣṭasmaraśaravilāsaṁ kalayataḥ || 52 ||

53. Vibhaktatraivarṇyaṁ vyatikaritanīlāñjanatayā
vibhāti tvannetratritayamidamīśānadayite |
punaḥ sraṣṭuṁ devān druhiṇaharirudrānuparatān
rajaḥ sattvaṁ bibhrattama iti guṇānāṁ trayamiva || 53 ||

54. Pavitrīkartuṁ naḥ paśupatiparādhīnahṛdaye
dayāmitrairnetrairaruṇadhavalaśyāmarucibhiḥ |
nadaḥ śoṇo gaṅgā tapanatanayeti dhruvamamuṁ
trayāṇāṁ tīrthānāmupanayasi sambhedamanaghe || 54 ||

55. Tavāpaṛne karṇe japanayanapaiśunyacakitā
nilīyante toye niyatamanimeṣāḥ śafarikāḥ |
iyaṁ ca śrīrbaddhacchadapuṭakapāṭaṁ kuvalayaṁ
jahāti pratyūṣe niśi ca vighaṭayya praviśati || 55 ||

56. Nimeṣonmeṣābhyāṁ pralayamudayaṁ yāti jagatī
tavetyāhuḥ santo dharaṇidhararājanyatanaye |

tvadunmeṣājjātaṁ jagadidamaśeṣaṁ pralayataḥ
paritrātuṁ śaṅke parihṛtanimeṣāstava dṛśaḥ || 56 ||

57. Dṛśā drāghīyasyā daradalitanīlotpalarucā
davīyāṁsaṁ dīnaṁ snapaya kṛpayā māmapi śive |
anenāyaṁ dhanyo bhavati na ca te hāniriyatā
vane vā harmye vā samakaranipāto himakaraḥ || 57 ||

58. Arālaṁ te pālīyugalamagarājanyatanaye
na keṣāmāḍhatte kusumaśarakodaṇḍakutukam |
tiraścīno yatra śravaṇapathamullaṅghya vilasan-
apāṅgavyāsaṅgo diśati śarasandhānadhiṣaṇāṁ || 58 ||

59. Sfuradgaṇḍābhogapratifalitatāṭaṅkayugalaṁ
catuscakraṁ manye tava mukhamidaṁ manmatharathaṁ |

yamāruhya druhyatyavanirathamarkenducaraṇaṁ
mahāvīro māraḥ pramathapataye svaṁ jitavate || 59 ||

60. Sarasvatyāḥ sūktīramṛtalaharīkauśalaharīḥ
pibantyāḥ śarvāṇi śravaṇaculukābhyāmaviratam |
camatkāraślāghācalitaśirasaḥ kuṇḍalagaṇo
jhaṇatkāraistāraiḥ prativacanamācaṣṭa iva te || 60 ||

61. Asau nāsāvaṁśastuhinagirivaṁśadhvajapaṭi
tvadīyo nedīyaḥ falatu falamasmākamucitam |
vahannantarmuktāḥ śiśirataraniśvāsaghaṭitāḥ
samṛddhyā yastāsāṁ bahirapi ca muktāmaṇidharaḥ || 61 ||

62. Prakṛtyā raktāyāstava sudati dantacchadarucheḥ
pravakṣye sādṛśyaṁ janayatu falaṁ vidrumalatā |
na bimbaṁ tadbimbapratifalanalābhādaruṇitaṁ
tulāmadhyāroḍhuṁ kathamiva vilajjeta kalayā || 62 ||

63. Smitajyotsnājālaṁ tava vadanacandrasya pibatāṁ
cakorāṇāmāsīdatirasatayā cañcujaḍimā |
ataśte śitāṁśoramṛtalaharīmamlarucayaḥ
pibanti svacchandaṁ niśi niśi bhṛśaṁ kāñjikadhiyā || 63 ||

64. Aviśrāntaṁ patyurguṇagaṇakathāmreḍanajapā
japāpuṣpacchāyā tava janani jihvā jayati sā |
yadagrāsīnāyāḥ sphaṭikadṛṣadacchacchavimayī
sarasvatyāḥ mūrtiḥ pariṇamati māṇikyavapuṣā || 64 ||

65. Raṇe jitvā daityānapahṛtaśirastraiḥ kavacibhi-
rnivṛttaiścaṇḍāṁśatripuraharanirmālyavimukhaiḥ |
viśākhendropendraiḥ śaśiviśadakarpūraśakalā
vilupyante mātastava vadanatāmbūlaśakalāḥ || 65 ||

66. Vipañcyā gāyantī vividhamavadānaṁ pasupate-
stvayārabdhe vaktuṁ calitaśirasā sādhuvacane |
tvadiyairmādhuryairapalapitatantrīkalaravāṁ
nijāṁ vīṇāṁ vāṇī niculayati colena nibhṛtam || 66 ||

67. Karāgreṇa spṛṣṭaṁ tuhinagiriṇā vatsalatayā
girīśenodastaṁ muhuradharapānākulatayā |
karagrāhyaṁ śaṁbhormukhamukuravṛntaṁ girisute
kathaṁkāraṁ brūmastava cibukamaupamyarahitam || 67 ||

68. Bhujāsleṣānnityaṁ puradamayituḥ kaṇṭakavati
tava grīvā dhatte mukhakamalanālaśriyamiyam |
svataḥ śvetā kālāgarubahulajambālamalinā
mṛṇālīlālityaṁ vahati yadadho hāralatika || 68 ||

69. Gale rekhāstisro gatigamakagītaikanipuṇe
vivāhavyānaddhatriguṇaguṇasaṁkhyāpratibhuvaḥ |
virājante nānāvidhamadhurarāgākarabhuvāṁ
trayāṇāṁ grāmāṇāṁ shitiniyamasīmāna iva te || 69 ||

70. Mṛṇālīmṛdvīnām tava bhujalatānāṁ catasṛṇāṁ
caturbhiḥ saundaryaṁ sarasijabhavaḥ stauti vadanaiḥ |
nakhebhyaḥ saṁtrasyan prathamamathanādandhakaripoḥ
caturṇāṁ śirṣāṇāṁ samamabhayahastārpaṇadhiyā || 70 ||

71. Nakhānāmudyotairnavanalinarāgaṁ vihasatāṁ
karāṇāṁ te kāntiṁ kathaya kathayāmaḥ kathamume |
kayācidvā sāmyaṁ bhajatu kalayā hanta kamalaṁ
yadi krīḍallakṣmīcaraṇatalalākṣāruṇadalam || 71 ||

72. Samaṁ devi skandadvipavadanapītaṁ stanayugaṁ
tavedaṁ naḥ khedaṁ haratu satataṁ prasnutamukhaṁ |
yadālokyāśaṅkākulitahṛdayo hāsajanakaḥ
svakumbhau herambaḥ parimṛśati hastena jhaṭiti || 72 ||

73. Amū te vakṣojāvamṛtarasamāṇikyakalaśau
na sandehaspando nagapatipatāke manasi naḥ |
pibantau tau yasmādaviditavadhūsaṅgamarasau
kumārāvadyāpi dviradavadanakrauñcadalanau || 73 ||

74. Vahatyamba stamberamadanujakumbhaprakṛtibhiḥ
samārabdhāṁ muktāmaṇibhiramalāṁ hāralatikām |
kucābhogo bimbādhararucibhirantaḥśabalitāṁ
pratāpavyāmiśrāṁ puravijayinaḥ kīrtimiva te || 74 ||

75. Tava stanyaṁ manye dharaṇidharakanye hṛdayataḥ
payaḥ pārāvāraḥ parivahati sārasvata iva |
dayāvatyā dattaṁ draviḍaśiśurāsvādya tava yat
kavīnāṁ prauḍhānāmajani kamanīyaḥ kavayitā || 75 ||

76. Harakrodhajvālāvalibhiravalīḍhena vapuṣā
gabhīre te nābhīsarasi kṛtasaṅgo manasijaḥ |

samuttasthau tasmādacalatanaye dhūmalatikā
janastām jānīte janani tava romāvaliriti || 76 ||

77. Yadetatkālindītanutarataraṅgākṛti śive
kṛśe madhye kiñcijjanani tava tadbhāti sudhiyām |
vimardādanyonyaṁ kucakalaśayorantaragataṁ
tanūbhūtaṁ vyoma praviśadiva nābhiṁ kuhariṇīṁ || 77 ||

78. Sthiro gaṅgāvartaḥ stanamukularomāvalilatā
kalāvālaṁ kuṇḍaṁ kusumaśaratejohutabhujaḥ |
raterlīlāgāraṁ kimapi tava nābhīti girije
biladvāraṁ siddhergiriśanayanānāṁ vijayate || 78 ||

79. Nisargakṣīṇasya stanataṭabhareṇa klamajuṣo
namanmūrternābhau valiṣu śanakaistruṭyata iva |
ciraṁ te madhyasya truṭitataṭinītīrataruṇā
samāvasthāsthemno bhavatu kuśalaṁ śailatanaye || 79 ||

80. kucau sadyaḥ svidyattaṭaghaṭitakūrpāsabhidurau
kaṣantau dormūle kanakakalaśābhau kalayatā |
tava trātuṁ bhaṅgādalamiti vilagnaṁ tanubhuvā
tridhā naddhaṁ devi trivali lavalīvallibhiriv || 80 ||

81. Gurutvaṁ vistāraṁ kṣitidharapatiḥ pārvati nijāt
nitambādācchidya tvayi haraṇarūpeṇa nidadhe |
ataste vistīrṇo gururayamaśeṣām vasumatīṁ
nitambaprāgbhāraḥ sthagayati laghutvaṁ nayati ca || 81 ||

82. Karīndrāṇām śuṇḍān kanakakadaḷīkāṇḍapaṭalī-
mubhābhyāmūrubhyāmubhayamapi nirjitya bhavatī |
suvṛttābhyāṁ patyuḥ pranatikaṭhinābhyāṁ girisute
vijigye Jānubhyāṁ vibudhakarikumbhadvayamapi || 82 ||

83. Parājetuṁ rudraṁ dviguṇaśaragarbhau girisute
niṣaṅgo jaṅghe te viṣamaviśikho bāḍhamakṛta |
yadagre dṛśyante daśaśarafalāḥ pādayugalī
nakhāgracchadmānaḥ suramukuṭaśāṇaikaniśitāḥ || 83 ||

84. Śrutīnāṁ mūrdhāno dadhati tava yau śekharatayā
mamāpyetau mātaḥ śirasi dayayā dhehi caraṇau |
yayoḥ pādyaṁ pāthaḥ paśupatijaṭājūṭataṭinī
yayorlākṣālakṣmīraruṇaharicūḍāmaṇiruciḥ || 84 ||

85. namo vākaṁ brūmo nayanaramaṇīyāya padayo-
stavāsmai dvandvāya sfuṭarucirasālaktakavate |
asūyatyatyantaṁ yadabhihananāya spṛhayate
pasūnāmīśānaḥ pramadavanakaṅkelitarave || 85 ||

86. Mṛṣā kṛtva gotraskhalanamatha vailakṣyanamitaṁ
lalāṭe bhartāraṁ caranakamale tāḍayati te |
cirādantaḥśalyaṁ dahanakṛtamunmūlitavatā
tulākoṭikvāṇaiḥ kilikilitamīśānaripuṇā || 86 ||

87. Himānihantavyaṁ himagiritaṭākrāntirucirau
niśāyāṁ nidrāṇaṁ niśi ca parabhāge ca viśadau |
paraṁ lakṣmīpātraṁ śriyamatisṛjantau samayināṁ
sarojaṁ tvatpādau janani jayatascitramiha kim || 87 ||

88. Padaṁ te kāntīnāṁ prapadamapadaṁ devi vipadāṁ
kathaṁ nītaṁ sadbhiḥ kaṭhinakamaṭhīkarparatulām |
kathaṁ vā bāhubhyāmupayamanakāle purabhidā
yadādāya nyastaṁ dṛṣadi dayamānena manasā || 88 ||

89. Nakhairnākastrīṇāṁ karakamalasaṅkocaśaśibhi-
starūṇāṁ divyānāṁ hasata iva te caṇḍi caraṇau |
falāni svasthebhyaḥ kisalayakarāgreṇa dadatāṁ
daridrebhyo bhadrāṁ śriyamaniśamahnāya dadatau || 89 ||

90. Kadā kāle mātaḥ kathaya kalitālaktakarasaṁ
pibeyaṁ vidyārthī tava caraṇanirṇejanajalam |
prakṛtyā mūkānāmapi ca kavitākāraṇatayā
yadā dhatte vāṇīmukhakamalatāmbūlarasatām || 90 ||

91. Padanyāsakrīḍāparicayamivārabdhumanasaḥ
carantaste khelaṁ bhavanakalahaṁsā na jahati |
svavikṣepe śikṣāṁ subhagamaṇimañjīraraṇita-
cchalādācakṣāṇaṁ caraṇakamalaṁ cārucarite || 91 ||

92. Arālā keśeṣu prakṛtisaralā mandahasite
śirīṣābhā gātre dṛṣadiva kaṭhorā kucataṭe |
bhṛśaṁ tanvī madhye pṛthururasijārohaviṣaye
jagattrātuṁ śambhorjayati karuṇā kācidaruṇā || 92 ||

93. Purārāterantaḥpuramasi tatastvaccaraṇayoḥ
saparyāmaryādā taralakaraṇānāmasulabhā |

tathā hyete nītāḥ śatamakhamukhāḥ siddhimatulāṁ
tava dvāropāntasthitibhiraṇimādyābhiramarāḥ || 93 ||

94. Gatāste mañcatvaṁ druhiṇaharirudreśvarabhṛtaḥ
śivaḥ svacchacchāyāghaṭitakapaṭapracchadapaṭaḥ |
tvadīyānāṁ bhāsāṁ pratifalanalābhāruṇatayā
śarīrī sṛṅgāro rasa iva dṛśāṁ dogdhi kutukam || 94 ||

95. Kalaṅkaḥ kastūrī rajanikarabimbaṁ jalamayaṁ
kalābhiḥ karpūrairmarakatakaraṇḍaṁ nibiḍitam |
atastvadbhogena pratidinamidaṁ riktakuharaṁ
vidhirbhūyo bhūyo nibiḍayati nūnaṁ tava kṛte || 95 ||

96. Svadehodbhūtābhirghṛnibhiraṇimādyābhirabhito
niṣevye nitye tvāmahamiti sadā bhāvayati yaḥ |
kimāścaryaṁ tasya trinayanasamṛddhiṁ tṛnayato
mahāsaṁvartāgnirviracayati nīrājanvidhim || 96 ||

97. Kalatraṁ vaidhātraṁ kati kati bhajante na kavayaḥ
śriyo devyāḥ ko vā na bhavati patiḥ kairapi dhanaiḥ |
mahādevaṁ hitvā tava sati satīnāmacarame
kucābhyāmāsaṅga kuravakatarorapyasulabhaḥ || 97 ||

98. Girāmāhurdevīṁ druhiṇagṛhiṇīmāgamavido
hareḥ patnīṁ padmāṁ harasahacarimadritanayām |
turiyā kāpi tvaṁ duradhigamaniḥsīmamahimā
mahāmāye viśvaṁ bhramayasi parabrahmamahiṣi || 98 ||

99. Sarasvatyā lakṣmyā vidhiharisapatno viharate
rateḥ pātivratyaṁ śithilayati ramyeṇa vapuṣā |
ciranjīvanneva kṣapitapaśupāśavyatikaraḥ
paraṁ brahmābhikhyaṁ rasayati rasaṁ tvadbhajanavān || 99 ||

100. Pradīpajvālābhirdivasakaranirājanavidhiḥ
sudhāsūtescandropalajalalavairarghyaghaṭanā |
svakiyairambhobhiḥ salilanidhisauhityakaraṇaṁ
tvadīyābhirvāgbhistava janani vācāṁ stutiriyam || 100 ||

## Appendix (P.41)

1. Samānītaḥ padbhyāṁ manimukuratāmambaramaṇi-
rbhayādantarbaddhastimitakiraṇaśreṇīmasṛṇaḥ |
dadhāti tvadvaktraṁ pratifalanamaśrāntavikacaṁ
nirātaṅkaṁ candrānnijahṛdayapaṅkeruhamiva || 1 ||

2. Samudbhūtasthūlastanabharamuraścāruhasitaṁ
kaṭākṣe kandarpaḥ katicana kadambadyutivapuḥ |
harasya tvadbhrāntiṁ manasi janayāmāsa madano
bhavatya ye bhaktāḥ pariṇatiramīṣāmiyamume || 2 ||

3. Nidhe nitye smere niravadhiguṇe nītinipuṇe
nirādhārajñāne niyamaparacittaikanilaye |
niyatyānirmukte nikhilanigamāntaṣtutipade
nirātaṅke nitye nigamaya mamāpi stutimimām || 3 ||

1 verse inserted in $M_5$ $G_1$ as no. 104

4. Makarandakaṇarandramāsanaṁ vā
Marutāmajalilālitaṁ padaṁ vā |
śayanaṁ pavanasyupāraṇam vā
viharatyaṁbakaṭākṣavīkṣaṇaṁ te || 4 ||

H H H


• SPANDAN

# આદિ શંકરાચાર્યકૃત 'સૌન્દર્યલહરી'નું કાવ્યશાસ્ત્રીય અધ્યયન

**ડૉ. પારુલ માંકડ**

આદિ શંકરાચાર્યકૃત 'સૌન્દર્યલહરી' (આશરે ઈ.સ. ૭મી સદી) નામક કૃતિ - કાવ્ય, તત્ત્વજ્ઞાન, ભક્તિ, શ્રીચક્ર, ભાષાવિજ્ઞાન, વ્યાકરણ ઇત્યાદિ અનેક પાસાં (aspects) દ્વારા મૂલવી શકાય એવી સક્ષમ, ચિત્તાકર્ષક અને અદ્‌ભુત કૃતિ છે. અત્રે આપણો અભિગમ પ્રસ્તુત કૃતિનું કાવ્યશાસ્ત્રીય અધ્યયન કરવાનો છે. તેમાં દેવી પાર્વતી- મા ભગવતી (Divine Mother)નું વર્ણન હોઈ આપણે સમાંતરે મહાકવિ કાલિદાસવિરચિત 'કુમારસંભવ' અને શ્રી અરવિન્દવિરચિત 'સાવિત્રી' મહાકાવ્યની અનુક્રમે પાર્વતી અને મા ભગવતી તથા સાવિત્રીનાં દિવ્ય સૌન્દર્યવર્ણનની કેટલીક પંક્તિઓ લઈને તુલનાત્મક અને આસ્વાદમૂલક આચમન કરાવવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. પરંતુ તે પહેલાં અત્યંત સંક્ષેપમાં તેનો આછો પાતળો પરિચય મેળવી લઈએ.

અદ્વૈતવેદાન્તની પ્રસ્થાપના પછી અનુશ્રુતિ અનુસાર શ્રી શંકરાચાર્ય **માતૃશક્તિ** એટલે કે જગદંબાની આરાધના પ્રતિ વળ્યા. સંસ્કૃત ગદ્ય પર તો તેમની જામેલી હથોટીથી સૌ કોઈ પરિચિત છે, પરંતુ એક સિદ્ધહસ્ત પરિણતપ્રજ્ઞ કવિ તરીકે કદાચ તેમનો પરિચય પાછળથી થયો છે. એમણે પરબ્રહ્મના પ્રતીક તરીકે અનેક દેવતાઓનાં સ્તોત્રકાવ્યોની રચના કરી છે પરંતુ પ્રસ્તુત રચના – 'સૌન્દર્યલહરી' તેમાં અજોડ છે. કાલિદાસની જેમ જ શ્રી શંકરાચાર્ય વૈદર્ભી રીતિના સ્વામી છે. તેમની કવિત્વશક્તિ સહજ પ્રતિભાથી મંડિત છે. આચાર્ય હેમચન્દ્રના શબ્દોમાં કહીએ તો તેમની સરસ્વતી (= વાણી) નાવ્યજલા છે. તેમનું ગદ્ય સદ્યોભોગ્ય અને અનાકુલ છે તો પદ્ય પણ સહજ-સુંદર, રસસભર અને હૃદયસ્પર્શી છે, જે તેમની Seer Poet – દ્રષ્ટા કવિ તરીકેની પ્રતિભાને ઉજાગર કરે છે.

કાવ્યનું અભિધાન ભલે 'સૌન્દર્યલહરી' હોય, પરંતુ કાવ્ય ખરેખર તો તે બે વિભાગમાં વિભાજિત છે. પ્રથમ વિભાગ 'આનંદલહરી' છે. (શ્લોક 1 થી 41) અને બીજો વિભાગ 'સૌન્દર્યલહરી' - નામથી ઓળખાય છે. (શ્લોક - 41 થી 100). કેટલાક વિદ્વાનો બીજા ત્રણ શ્લોકોને અંતર્ગત માનીને પ્રસ્તુત કાવ્યની કુલશ્લોક સંખ્યા 103 માને છે. પરંતુ પરંપરામાં 'શતશ્લોકી' કાવ્યરૂપે પ્રચલિત છે.

પ્રથમ આપણે આદિશક્તિ જગજ્જનની શ્રીમાનું જે આનન્દમય સ્વરૂપ છે કે જે સર્વ સર્જનનો

આદિસ્રોત છે તેનું નિરૂપણ જોઈએ. અત્રે 'आनन्दात् हि एव खलु इमानि भूतानि जायन्ते' એ તૈત્તિરીય (3/6) ઉપનિષદનું વાક્ય સ્મરણમાં આવે છે તો હવે આનન્દમયી મા ભગવતીનાં સ્વરૂપનું રસપાન કરીએ.

**( १ ) आनन्दलहरी... पद्य - १, शिवश्शक्त्या युक्तो.... प्रभवति ।**

પ્રથમ પદ્યમાં જ શંકરાચાર્ય અત્યંત નમ્રતા પ્રકટ કરે છે. 'જો આદિ શક્તિ જ શિવની સાથે ન હોય તો સ્વયં શિવ પણ સૃષ્ટિની રચના કરવા માટે અસમર્થ છે. બ્રહ્મા, રુદ્ર અને શ્રીહરિ પણ જેને પૂજે છે એવી તારી સ્તુતિ પુણ્યહીન એવો હું કેવી રીતે કરી શકું ?' એમ જણાવી કવિ માતૃશક્તિનો મહિમા ગાય છે. કહે છે કે 'શિવ' શબ્દમાંનો 'ઇ' કાર શક્તિનું સૂચન કરે છે તેને લઈ લેવામાં આવે તો સાક્ષાત્ શિવ પણ 'શવ' વત્ બની જાય છે. પદ્યનો વ્યંગ્યાર્થ અથવા હૃદ્ગત અર્થ એ જ છે કે નિરાકાર આકાશ સમાન શિવ 'શિવા' વિના - મા ભગવતી વિના સ્પંદનરહિત બની જાય છે.

'અરુણામોદિની' ટીકા અનુસાર હરિ, હર આદિ દેવતાઓ જેની ઉપાસના કરે છે તે **આદિશક્તિ આ કાવ્યમાં 'નાયિકા'** છે. જેમાં સ્ત્રી નાયક (= મુખ્યપાત્ર) હોય એવું કાવ્ય લોકમાં પ્રચલિત નથી એવું ન કહી શકાય કારણ કે રામાયણમાં સીતાનું ચરિત જ મુખ્ય છે.[1] (પૃ. 16, 17) આમ પ્રસ્તુત પદ્યમાં પરમા આદ્યા પ્રકૃતિ હરિ, હર, બ્રહ્મા આદિ દેવતાઓથી શ્રેષ્ઠ છે એવો 'વ્યતિરેકાલંકારધ્વનિ' પણ વ્યક્ત થાય છે. સાથે સાથે માર્કન્ડેય પુરાણ અંતર્ગત દુર્ગાસપ્તશતીના રાત્રિસૂક્ત 'विष्णुः शरीरग्रहणमहमीशान एव च । कारितास्ते यतोऽतस्त्वां कः स्तोतुं शक्तिमान्भवेत् ॥ (13) અને सर्वाश्रयाऽखिलमिदं० ઇત્યાદિ શક્રાદિસ્તુતિનાં પદ્યો સાથેનું સમાન્તર પણ સહજ રીતે સ્મરણપટ પર ઉભરાય છે. અરુણામોદિની (પૃ. 37) સમાસોક્તિ ( સમાસોક્તિ વિશે સંક્ષેપમાં અરુણામોદિનીનો મત નોંધીએ તો શિવ-શિવાના અત્યંત સહભાવને કારણે સાધ્યસાધનભાવના નિર્દેશને કારણે અનુમાનને લીધે ('અરુણમોદિની' અહીં સમાસોક્તિ (પૃ.37)) અલંકાર માને છે. જો કે અહીં **व्यतिरेक ध्वनि** જ ગતાર્થ થાય છે. કાવ્યલિંગ = પૂર્વવાક્ય ઉત્તરવાક્ય પ્રત્યે હેતુરૂપ હોવાથી કાવ્યલિંગ અલંકાર પણ છે. આમ બન્નેની સંસૃષ્ટિ સધાઈ છે. શૃંગાર અને શાન્ત જેવા સુકુમાર રસોને અનુકૂળ એવો **માધુર્ય** ગુણ પણ આ પદ્યમાં નિખરી રહ્યો છે. દ્રાક્ષાપાક છે. વૃત્તિ કૈશિકી છે અને રીતિ વૈદર્ભી છે અથવા ધ્વનિવાદી આલંકારિકોની દૃષ્ટિએ અહીં અસમાસા સંઘટના યોજવામાં આવી છે.

પ્રસ્તુત પદ્યમાં સંબોધન ગમ્ય છે. हरिहर० ઇત્યાદિમાં 'हरि' શબ્દથી 'વિષ્ણુ' એવો અર્થ તો સમજાયો જ છે. પરંતુ હે 'હરિ' એમ 'हरि' શબ્દનું સંબોધન સમજવાનું છે. હરિ એટલે કપિલા, રક્તવર્ણા એમ શ્રીમાને સંબોધન છે. શ્રીમાનોં વર્ણ/રંગ રતુંબડો છે અને 'પ્રભવતિ' ક્રિયાપદ દ્વારા સમગ્ર પદ્યમાં દીપકાલંકાર પણ નિહિત છે.[2]

---

1. ...सकलजगत्कारणभूताया हरिहरादिसर्वदेवतोपासिताया भगवत्या एवात्र नायिकात्वेनाभिमतत्वात् । (પૃ.૧૬) નાયિકાપ્રધાન મહાકાવ્યો હોઈ શકે એના સમર્થનમાં રામાયણ ઉપરાંત શ્રીઅરવિન્દના 'સાવિત્રી'નો ઉલ્લેખ પણ કરી શકાય.
2. વિશેષ માટે જુઓ આનન્દલહરી ટીકા, પૃ. 48, 49

'हरिहरविरञ्च्यादि' માં 'આદિ' શબ્દથી ઇન્દ્ર, દિગ્પાલો ઇત્યાદિ દેવતાઓ સમજવાના છે. આ આખો સમાસ પ્રણવ કહેતાં ॐ-अ, उ, म – વિષ્ણુ, રુદ્ર અને બ્રહ્માને ઇંગિત કરે છે. શિવજી શક્તિથી યુક્ત બનતાં શિવ અને શક્તિ બન્નેનું **સામરસ્ય** સધાય છે, જે જગતની ઉત્પત્તિનું અને કલ્યાણનું કારક બની રહે છે. કાવ્યનો પ્રથમ શ્લોક છે અને એ રીતે મંગલશ્લોક પણ છે.

**(૨) तनीयांसं.....०विधिम् ।**

પ્રસ્તુત પદ્યમાં શ્રી શંકરાચાર્ય દેવીનાં ચરણકમળની રજનું નિરૂપણ કરે છે. 'મા ભગવતીનાં ચરણકમળની ધૂલિમાંથી બ્રહ્મા લોકોનું અર્થાત્ વિવિધ જગતોનું સર્જન કરે છે. શ્રીકૃષ્ણ[1] એને મહાપરિશ્રમથી ધારણ કરી રાખે છે અને પ્રલયકાળે શિવજી એનો નાશ કરી એની ભસ્મ અંગ પર લગાવે છે.'

અત્રે માતાની પદરજના મહિમાનું ગાન કરતાં તેની સર્વોત્કૃષ્ટતા એટલે કે હરિ, હર અને બ્રહ્માથી પણ તેની શ્રેષ્ઠતા કાવ્યાત્મક રીતે પ્રસ્થાપિત કરી છે. ત્રિદેવો કરતાં પણ શ્રીમાનાં શ્રીચરણ વિશેષ છે. 'चरणपङ्केरुह' = ચરણપંકજમાં રૂપકાલંકાર છે. ઉપમેય ચરણ પર ઉપમાન પંકજનો સમારોપ છે. तनीयांसं पांसुं ઇત્યાદિમાં સુંદર યમક છે. એ સિવાય વ્યતિરેક ધ્વનિ પણ છે અને એક રીતે જોવા જતાં અધિકાલંકારધ્વનિ છે. કારણ કે બ્રહ્માજી અખંડ એવી સૃષ્ટિની રચના માટે, એટલે કે મહાન આધારની રચના માટે કેવળ શ્રીમાની પદરજરૂપ સૂક્ષ્મ આધેયનો ઉપયોગ કરે છે. કવિ પોતાનાં પ્રાતિભ ચક્ષુથી સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું દર્શન અને કાવ્યમય વર્ણન કરે છે. ટૂંકમાં કવિના પ્રતિભારૂપી તૃતીય નેત્રનું આ કર્મ ભાવિક અલંકારધ્વનિને સૂચિત કરે છે કારણ કે ભાવિકમાં ભૂત અને ભવિષ્યના પદાર્થોનું સાક્ષાત્ નિરૂપણ હોય છે. અહીં શ્રી માની પદરજના ઉપાદાન કારણને કલ્પીને કવિ ભાવિનું દર્શન કરે છે. સૌન્દર્યલહરીના ૯૮મા શ્લોકમાં પણ મા ભગવતીનાં ચરણકમળનું વર્ણન છે. આમ ઉપક્રમ (પદ્ય : 2)માં અને ઉપસંહાર (પદ્ય : 98)માં પ્રસ્તુત મહાન સ્તોત્ર દ્વારા દેવીનાં શ્રીપાદપદ્મોનું નિરૂપણ અને અંતિમ શ્લોકમાં તેની ફલશ્રુતિ વર્ણવવામાં આવી છે.

**(૩) अविद्यानामन्त०..... वराहस्य भवति ।**

પ્રસ્તુત પદ્યમાં ભગવતી પરામ્બાના શ્રીચરણરજની શક્તિ (power) પ્રભાવોત્પાદકતાનું મનોહર નિરૂપણ શ્રી શંકરાચાર્યે કર્યું છે. 'શ્રીમાની ચરણરજ અજ્ઞાનીઓના હૃદયના અંધકાર માટે સૂર્યનાં પ્રકાશને સતેજ કરે છે તો જડ લોકો માટે ચૈતન્ય (રૂપી પુષ્પ) ગુચ્છમાંથી ઝરતા મધુના ઝરણા જેવી અને દીનજનો માટે ચિંતામણિની માળા તથા જન્મરૂપી સમુદ્રમાં નિમગ્ન - સંસારીઓ માટે મુરારિના વરાહ અવતારની દાઢ છે.'

પ્રસ્તુત પદ્યમાં અતિ સુંદર કલ્પનો છે. 'લક્ષ્મીધરા' ટીકા અહીં પરિણામ અલંકાર માને છે. (પૃ. 59) પરિણામમાં આરોપ્યમાણનો પ્રકૃતના ઉપયોગીરૂપે નિર્દેશ હોય છે. આરોપ્યમાણ એટલે

1. મૂળમાં 'शौरिः' શબ્દ છે - એ વિષ્ણુ, કૃષ્ણ, આદિ શેષનું જ સ્વરૂપ છે.

ઉપમાન પરંતુ તે અહીં પ્રકૃતના ઉપયોગમાં નથી વર્ણવાયું. એથી અહીં ઉલ્લેખાલંકાર છે જેમાં એક જ વસ્તુનું અનેકધા ઉલ્લેખન હોય. અહીં મા ભગવતીનાં ચરણોની રજ, નગરી, નિર્ઝરિણી અને ચિંતામણિની માળા એમ ત્રિધા ઉલ્લેખિત છે. जन्मजलधि અને वराहदंष्ट्रा માં રૂપક છે તો तिमिरमिहिर માં म, र ના પ્રાસોની ઝલક છે. उद्दीपनकरी અને स्तुतिसरी માં રમ્ય અંત્યાનુપ્રાસ છે. પ્રસ્તુત પદ્ય દ્વિતીય પદ્યના અનુસંધાનમાં જ રચાયું છે. વિશેષમાં અહીં સાધકની અવિદ્યા, તમસ, દારિદ્રય, સંસારની આસક્તિ દૂર કરનારી શ્રીમાની પદરેણુનું વર્ણન છે. આર્દ્રભાવો છે એટલે માધુર્યગુણ છે.

**(૪) त्वदन्यः.... निपुणौ ।**

ચતુર્થ પદ્યમાં મા ભગવતીનાં શ્રીચરણોની અન્ય દેવતાઓના વરદાનાદિથી નિપુણતા દર્શાવવામાં આવી છે. 'અન્ય દેવતાઓ બન્ને હાથ વડે અભયદાન કે વરદાન આપે છે. પરંતુ શ્રી મા જ એક એવી છે કે જેને આવા અભિનયની આવશ્યકતા જ નથી. શ્રી મા તો ચૌદે ભુવનો માટે શરણ લેવા લાયક છે. તેમનાં ચરણો ભયમાંથી રક્ષણ કરવા અને ઇચ્છેલાં કરતાં પણ વધારે ફળ આપવા સમર્થ છે.' આમ આ પદ્યમાં દેવતાઓની ચેષ્ટા પર કવિએ હળવો કટાક્ષ કર્યો છે તેથી **हास्यरस** નિષ્પન્ન થાય છે અને શ્રી માનાં ચરણોની સમર્થતામાં વ્યતિરેક અલંકાર પ્રતીત થાય છે. શ્રીચરણોની ત્રણ વિશેષતાઓ કવિ ઉજાગર કરે છે. (1) તે ચૌદ લોક માટે શરણ લેવા યોગ્ય છે અને (2) ભયમાંથી રક્ષણ સહજ રીતે કરે છે. અભયદાનની ચેષ્ટા કરવાની જરૂર નથી (3) ચાહ્યા કરતાં પણ અધિક ફળ આપે છે. વ્યતિરેક અલંકાર ઉપરાંત અહીં શ્રી માનાં ચરણોની વિશેષતા સમગ્ર વાક્ય દ્વારા કહેલી છે. કાવ્યમય કારણ આપ્યું છે તેથી કાવ્યલિંગ અલંકાર પણ છે. જો કે પદ્યનું સૌન્દર્ય વ્યતિરેક અલંકારથી જ નિખરી રહ્યું છે. અરે ! બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને પણ સર્જન, પાલન અને વિનાશ માટે પ્રયત્ન કરવો પડે છે, જ્યારે મા ભગવતીનાં ચરણોમાં શરણ લેવાથી શ્રીમાને તો કોઈ પ્રયત્ન કરવો પડતો નથી. સહજ રીતે તેઓ રિદ્ધિ અને સિદ્ધિ ઉભય વરદાન ભક્તોને આપે છે અને સાધક ભક્તને પણ માત્ર શરણાગતિ દ્વારા (= કોઈ વિધિવિધાનો દ્વારા નહીં) જ તે અનાયાસ પ્રાપ્ત થાય છે એવો ઊંડો **ધ્વન્યર્થ** પણ છે. આમ અહીં દેવાદિવિષયક રતિભાવ પ્રધાન છે, ભક્તિરસ છલકાય છે.

શ્રી માનાં ચરણોનો મહિમા સાવિત્રી મહાકાવ્યમાં પણ શ્રી અરવિન્દે સુચારુરૂપે ગાયો છે. પરંતુ તેની પંક્તિઓ આપણે સૌન્દર્યલહરી : ભાગ : ૨ના કાવ્યશાસ્ત્રીય અધ્યયનમાં ઉદ્ધરીશું.

**(૫) हरिस्त्वामाराध्य..... मोहाय महताम् ।**

સૌન્દર્યલહરીના આ પાંચમા પદ્યમાં શ્રીમાની દેવતાઓ ઉપર વરસેલી કરુણા અને અદ્‌ભુત વરદાનપ્રાપ્તિની ગાથા વર્ણવાઈ છે. કવિ શ્રીમાને (જો પ્રણતજનસૌભાગ્યજનનિ) એમ સંબોધનયુક્ત પાઠ લઈએ તો પ્રતીત થશે કે કવિ સુંદર સંબોધન કરે છે. આ રીતે - હે મા તું પ્રણામ કરનારાઓને ભાગ્યશાળી બનાવે છે અથવા દ્વિતીયા વિભક્તિ લઈએ તો સીધો અર્થ આવશે તને પ્રણામ કરનારાઓને તું ભાગ્યશાળી બનાવે છે. કારણ કે, પુરાતનકાળમાં ભગવાન વિષ્ણુએ તારી આરાધના કરી નારીસ્વરૂપ અર્થાત્ 'મોહિની'રૂપ ધારણ કર્યું હતું. એટલે કે તેં એમને અપ્રતિમ સૌન્દર્યનું વરદાન આપ્યું. આથી શ્રી

હરિ પુરારિ મહાદેવને (પણ) ક્ષોભાયમાન કરવા સમર્થ બન્યા હતા. કામદેવ પણ જે રતિના નયનથી ચુંબિત શરીરવાળો એટલે કે અનંગ હોવા છતાં (= અદૃશ્ય શરીરવાળો હોવા છતાં) મહાન મુનિઓના અંતઃકરણમાં પણ મોહ ઉપજાવે છે.'

આમ પ્રસ્તુત પદ્યમાં પુરાણકથાઓના નિર્દેશને આધારે કવિ જગદંબાનાં વરદાનોનો અને કૃપાકટાક્ષોનો મહિમા ગાય છે. શ્રી માની કૃપા શ્રી હરિ વિષ્ણુ પર સ્વાભાવિક છે પરંતુ જેનું શિવજીએ દહન કર્યું એવો કામદેવ, જે આમ તો અનંગ થઈ ગયો છે છતાં પોતાના અદૃશ્ય શરીરથી અથવા દેહરાહિત્યથી પણ ભલભલા મુનિવરોને મોહ પમાડવામાં સફળ થાય છે તે તો શ્રીમાની તેણે કરેલી ભક્તિ/આરાધનાનું ફળ છે જેમાં શ્રીમાની અહૈતુકી કૃપા જ કારણભૂત છે. શ્રી મા સકળ દેવતાઓની જનની, અદિતિ છે તેથી કામદેવ પર પણ તેમણે કૃપા કરી છે. અહીં કામદેવનું મોહ પમાડવું - એમાં વિશેષોક્તિ અને સંદેહસંકર અલંકારધ્વનિ રહેલો છે. અહીં કામદેવને શરીર નથી તેથી મોહ પમાડવાનું કોઈ કારણ નથી છતાં તે મુનિઓને મોહ પમાડે છે એટલે મોહરૂપી કાર્ય થયું છે પણ તે વિભાવના અને વિશેષોક્તિના સંદેહસંકર અલંકારધ્વનિ દ્વારા વર્ણવાયું છે અને દેહરાહિત્ય રૂપી કારણ હોવા છતાં મોહ ન પમાડવાનું કાર્ય થયું નથી એમાં વિભાવના ધ્વનિ છે. અને સૂક્ષ્મ કારણ છે મા ભગવતીની કૃપા; એ જ રીતે કામને દહન કરનારા મહાદેવ પણ મોહ ન જ પામે પરંતુ શ્રીવિષ્ણુએ શ્રીવિદ્યાની આરાધનાથી ત્રિપુરસુંદરી શ્રી મા સદૃશ મોહિનીરૂપ ધારણ કર્યું અને રૂપસાદૃશ્યથી મહાદેવ મોહ પામ્યા. મા ભગવતીની ભક્તવત્સલતા અહીં ધ્વનિત થાય છે. શ્રી હરિ અને કામદેવ બન્ને કોઈ દીર્ઘ પૂજાવિધિથી નહીં પરંતુ માત્ર નમસ્કારથી જ વાંછિત ફળને પામ્યા. એ પણ મા ભગવતીની ત્વરિત ફલપ્રદાનની સમર્થતા દર્શાવે છે. અહીં વિષ્ણુના મોહિનીરૂપમાં સૌન્દર્યાતિશયનો ધ્વનિ છે. શિવજીના સંક્ષોભમાં 'શું આ નારી મા ભગવતી જ છે.' એવો સંદેહ ધ્વનિત થાય છે. પદ્યમાં માધુર્ય અને પ્રસાદ ગુણ છે. પદ્યનું નાદસૌન્દર્ય ચિત્તાકર્ષક બન્યું છે. અંતિમ પંક્તિમાં 'મુનીનામપ્યન્તઃ' માં 'મ' નો તો પુનઃ મોહાય મહતામ્માં પણ 'મ'નો પ્રાસ મોહક બન્યો છે. 'भक्त्या नताः स्म विदधातु शुभानि सा नः' એ શ્રી શક્રાદિ સ્તુતિ અહીં સમાન્તરે મૂકી શકાય. (દુર્ગાસપ્તશતી પૃ. 98)

શ્રી વિષ્ણુએ મોહિનીરૂપ ધારણ કર્યું એ વિગત રાજતન્ત્રના નિર્દેશ અનુસાર લલિતાદેવી - પરાશક્તિ ક્યારેક પુરુષમૂર્તિ ધારણ કરે છે ત્યારે શ્રીકૃષ્ણના રૂપે પ્રકટ થઈ વંશીનાદ દ્વારા જગતને વિમોહિત કરે છે, એવું જે નિરૂપણ છે તેની સાથે મૂકી શકાય.

**काचिदाद्या ललिता वै पुंरूपा कृष्णविग्रहा ।**
**वंशीनादसमारम्भादकरोत् विवशं जगत् ॥**

(સૌન્દર્યલહરી - પ્રસ્તાવના સંપાદક/અનુવાદક/સદાનન્દ બ્રહ્મચારી, પ્રકાશક - શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકાધીશ સંસ્કૃત અકાદમી, પ્રથમ આવૃત્તિ, સં. ૨૦૫૭)

**(૬) धनुः पौष्पं.... विजयते ।**

પ્રસ્તુત પદ્ય મા ભગવતીનાં કૃપાકટાક્ષોનું નિરૂપણ કરે છે. કૃપાકટાક્ષનો મહિમા અનેરો છે. કવિ

'हिमगिरिसुते' એમ શ્રીમાને સીધું સંબોધન કરે છે. આવું ઉદ્‌બોધન કરીને કહે છે કે 'કામદેવનું ધનુષ પુષ્પનું, પણછ ભમરાઓની, શબ્દાદિ પાંચ બાણ, વસંતઋતુ સામંત અને મલયપર્વતનો પવન યુદ્ધનો રથ છે. આમ સાવ સામાન્ય સાધનો તેની પાસે છે. વળી સ્વયં કામદેવ તો અનંગ-અંગ વિનાનો છે. પરંતુ સમગ્ર જગત પર વિજય મેળવે છે તે તારા અપાંગની કૃપા પામીને જ તો.' બાકી તેની સ્વયંની તો કોઈ હેસિયત નથી. મલયમારુત દક્ષિણ દિશાનો છે એટલે સાર્વત્રિક પણ નથી છતાં પણ તારા નેત્રકટાક્ષોની કૃપા પામીને કામ જગત જીતે છે. અહીં 'લક્ષ્મીધરા' ટીકા (પૃ.81) વિભાવના અલંકાર માને છે કારણ કે સાધનોના અભાવમાં પણ કામદેવ વિજય મેળવે છે. જો કે અપાંગ કટાક્ષ અહીં સૂક્ષ્મ કારણ છે. વિભાવનામાં સૂક્ષ્મ કારણ હોય જ છે. અહીં વ્યંગ્ય છે = ધનુષ્ય, પુષ્પ વગેરે કામદેવનાં અતિલઘુ સાધનો છે એ સૂચન દ્વારા ભગવતીની કૃપા પ્રાપ્તિરૂપ વાચ્યની સિદ્ધિ થાય છે એટલે વાચ્યસિદ્ધયંગ નામનું ગુણીભૂત વ્યંગ્ય છે. શ્રીમાનાં કટાક્ષની સર્વોપરિતા મુખ્ય ધ્વનિ છે. વિભાવના સાથે સંસૃષ્ટિ રચતો યમક वसन्तं सामन्तो मलयमरुद માં છે. ભગવદ્‌કૃપાથી પંગુ મેરુ આળંગી શકે છે. અહીં શિવજીના તૃતીય નેત્રથી ભસ્મીભૂત થયેલો મદન દેવીનાં નયનકટાક્ષથી પુનર્જીવિત થયો છે. તે વિગત દેવીકૃપાની સર્વોપરિતા સૂચિત કરે છે. અહીં કામદેવનાં સાધનોની અસમર્થતા તેની પોતાની પણ અનંગતા અને છતાં તેનું જગતજયિત્વ વિરોધ ઊભો કરે છે. આમ આ Paradox પદ્યને અનોખું ચારુત્વ બક્ષે છે દેવીની કૃપા વિરોધનો પરિહાર પણ કરે છે. એટલે મનોરમ વિભાવના અલંકાર સર્જાયો છે. અહીં પણ માધુર્ય ગુણ છે. અનાકુલ પદરચના કાવ્યમાં વૈદર્ભી રીતિ પ્રયુક્ત છે એમ સૂચવે છે.

**(૭) क्वणत्काञ्चीदामा..... ०पुर पुरुषिका ।**

પ્રસ્તુત પદ્ય શ્રીમાનાં આભૂષણો અને તેમણે ધારણ કરેલાં શસ્ત્રોનું નિરૂપણ કરે છે. શ્રીમાની અપૂર્વ સુંદરતાનું પણ અહીં નિરૂપણ છે. 'શ્રીમાનોં કંદોરો રણકે છે. કલભના કુંભસ્થળસદૃશ વક્ષસ્થળને લીધે દેવી નમેલાં છે, તેમની કટિ અતિ પાતળી છે, તો મુખ સોળ કળાએ ખીલેલા શરદઋતુના ચન્દ્ર જેવું છે.' આ શ્રીમાનું નિર્મળ અને સાત્ત્વિક સૌન્દર્ય છે તે પછી કવિએ આયુધોનું વર્ણન કર્યું છે, જે શૃંગાર પછી તરત જ વીરરસની અનુભૂતિ કરાવે છે. જેમ કે, 'હાથમાં ધનુષ, બાણ, પાશ અને અંકુશ છે. સ્વયં મહાદેવને તેમની આ પ્રિયતમા માટે ગર્વ છે. આવી દેવી પોતાના ધ્યાનમાં (સદા) રહે તેમ કવિ પ્રાર્થે છે.'

અત્રે 'परिणतशरच्चन्द्रवदना' માં મનોહર ઉપમા અલંકાર છે. શ્રીમાનું મુખડું શરદઋતુના પૂર્ણચન્દ્ર જેવું સુંદર છે. એ રીતે રણકતો કંદોરો આભૂષણ છે. આયુધોવાળું શ્રીમાનું સ્વરૂપ કંઈક અંશે ભયપ્રેરક પણ છે છતાં કવિની એવી અભિસંધિ છે કે આવું જ સ્વરૂપ ધ્યાનમાં આવે એ સૂચિતાર્થ છે - વ્યંગ્યાર્થ છે હરના અભિમાનનું કારણ આ જ સ્વરૂપ છે. વ્યતિરેક ધ્વનિ પણ છે જ. કારણ કે, મહાદેવને ગર્વ છે. શરદઋતુના ચન્દ્રની ઉપમા મુખના નૈર્મલ્યનું સૂચન કરે છે. મહાદેવને 'મહાદેવત્વ' પરમેશ્વરી જ અપાવે છે. અત્રે 'भवानि त्वत्पाणिग्रहणपरिपाटीफलमिदम्[1] એ શ્રી શંકરાચાર્યના જ 'દેવ્યપરાધક્ષમાપનસ્તોત્રની' પંક્તિ (પદ્ય - 7) સહજ યાદ આવે છે.

1. જુઓ : दुर्गासप्तशती, पृ. 228

**(૮) सुधासिन्धोर्मध्ये.... चिदानन्दलहरीम् ॥**

પ્રસ્તુત પદ્યમાં મા ભગવતીને જે પરમ શિવના પર્યંક કહેતાં પલંગમાં સ્થાન મળ્યું છે તેનું નિરૂપણ છે. કવિએ કલ્પનાની પાંખે આરોહણ કરી પરમશિવના પર્યંકનું હૃદયાકર્ષક અને ચમત્કૃતિપૂર્ણ વર્ણન કર્યું છે. 'અમૃતના સમુદ્રની વચ્ચે મણિદ્વીપ નામનો ટાપુ છે, જે કલ્પવૃક્ષથી ઘેરાયેલો છે. અહીં કદંબના વૃક્ષોનો બગીચો છે. તેમાં ચિંતામણિથી નિર્મિત ગૃહ છે. એમાં કલ્યાણનું સ્વરૂપ ધારણ કરતો પલંગ છે. એમાં પરમ કલ્યાણરૂપ શય્યામાં શ્રીમાનો નિવાસ છે. શ્રીમા સ્વયં ચિત્તની આ પ્રકારની આનંદલહરીરૂપ છે. આવી મા ભગવતીને વિરલાઓ જ ભજે છે અને (તેથી) તેઓ ધન્ય છે.'

પ્રસ્તુત પદ્યમાં અદ્‌ભુત રસ છે અને તેને ઉદાત્ત નામનો અલંકાર પુરસ્કૃત કરે છે. કવિએ ઉદાત્ત પદાર્થોનું અત્યંત ભવ્ય અને રમ્ય વર્ણન કર્યું છે. અહીં સમયરૂપા ભગવતીની સ્તુતિ છે. શંકરાચાર્ય સમયમાર્ગના અનુવર્તી હોઈ આંતરપૂજાની વાત કરી છે. દહરાકાશમાંથી ઉત્પન્ન અર્થાત્ બ્રહ્માકાશમાંથી ઉદ્‌ભવેલ હૃદયાકાશમાં ચક્રપૂજાનું સૂચન છે. એટલે કે એવું વ્યંગ્ય છે. ચિદાનન્દલહરીથી પરમ શિવ અને શિવાની અભિન્નતાનું પણ સૂચન છે. વળી સમુદ્રલહરી શબ્દમાં જેમ સમુદ્ર અને તેની લહરીની ભિન્નતા પ્રતીત થાય છે તેવું અહીં નથી. અહીં તો મા ભગવતી તેની આનંદલહરીથી અભિન્ન જ છે. શ્રીમાનો કદમ્બવનમાં નિવાસ તેમની રસિકતા સૂચવે છે. સાથે સાથે શ્રીકૃષ્ણનું પણ સ્મરણ કરાવે છે. કારણ કદમ્બ શ્રીકૃષ્ણનું પ્રિય વૃક્ષ છે. આપણે काचित् आद्या ललिता० ઇત્યાદિ પદ્યમાં પણ કૃષ્ણ અને શ્રીમાની અભિન્નતા અનુભવીએ છીએ. આવી મા ભગવતીને કોઈ ધન્ય વિરલા જ ભજે અથવા કોણ ધન્ય ન ભજે ? ભજે જ એમ અહીં **કાકુ** પણ વ્યંજિત થાય છે. ચિદાનન્દ શબ્દથી 'આનંદલહરી' – એમ કાવ્યના એ પ્રથમ ભાગનું પણ સૂચન થાય છે એ રીતે ગ્રન્થના પ્રતિપાદ્ય અર્થરૂપ ધ્વનિ ઉત્પન્ન થાય છે. 'ચિદાનન્દલહરી'માં રૂપકાલંકાર છે.

શ્રી શંકરાચાર્યના 'ललितासहस्रनाम' આદિ કાવ્યોમાં પણ શ્રીમાનાં કદમ્બનિવાસની વિગત છે. 'कदम्बवननिवासिनि' (પદ્ય 22, 23) ગૌડપાદના 'સુભગોદય'માં પણ આ વિગત વણી લેવામાં આવી છે. સૌન્દર્યલહરીના 7 અને 8 પદ્યોમાં દેવીનું ધ્યાન શિવ સાથે હૃદયચક્રમાં જે રીતે કરવાનું છે, તેમ કરવામાં કેટલાક ભક્તો જ ધન્ય છે, સૌભાગ્યશાળી છે. જે તેઓ કરે છે એવા ધ્યાન દ્વારા બિન્દુ અને નાદ સાથે - શિવ - શક્તિ સાથે તેમનું અદ્વૈત સૂચવાય છે. આ પ્રકારે થતું ધ્યાન ઉત્તમ માનસપૂજા બની રહે છે. એવો ગર્ભિતાર્થ પણ પ્રતીત થાય છે. વળી દેવીનાં નિવાસસ્થાનની સઘળી વિગતો - અમૃતનો સમુદ્ર, મણિદ્વીપ, કલ્પવૃક્ષ, કદંબ અને પર્યંક ક્રમશઃ યોજવામાં આવી છે. આથી યથાસંખ્ય અથવા ક્રમ નામનો અલંકાર પણ રચાયો છે. અલબત્ત ઉદાત્તથી તે સ્વતંત્ર છે તેથી ઉદાત્ત અને ક્રમની સંસૃષ્ટિ સંભવે છે. ભક્તની ધન્યતા ભક્તની મહાનતા સૂચવે છે. આ સૂચન અર્થાત્ વ્યંગ્ય ઉદાત્તાલંકારને વિશે ગુણીભૂત એટલે કે ગૌણ છે એથી અત્રે ગુણીભૂતવ્યંગ્ય પણ રહેલું છે.

**(૯) महीं मूलाधारे.... पत्या विहरसे ॥**

આ પદ્યમાં વિશિષ્ટ ચક્રોની વાત કરવામાં આવી છે. આપણા દેહમાં જે સૂક્ષ્મચક્રો રહેલાં છે.

તેમાં તત્ત્વોની ચર્ચા પણ કરી છે અંતે ભગવતી પરામ્બા સ્વયં સહસ્રાર પદ્મમાં શિવ સાથે વિહરે છે એમ દર્શાવ્યું છે. જેમ કે, મૂલાધારમાં પૃથ્વી, મણિપુરમાં જળ અને અગ્નિ, તથા સ્વાધિષ્ઠાનમાં અગ્નિ, હૃદયમાં વાયુતત્ત્વને અને વિશુદ્ધિમાં આકાશતત્ત્વને તથા આજ્ઞામાં મનને અને એમ શક્તિના સઘળા માર્ગો ભેદીને મા ભગવતી એકાંતમાં સહસ્રાર પદ્મમાં પતિ સાથે = શિવ સાથે વિહરે છે તેવું ક્રમશઃ પ્રતિપાદન છે તેથી અહીં નીચેથી ઉપર તરફનો ક્રમ-કુંડલિની શક્તિનો ક્રમ-દર્શાવ્યો હોવાથી યથાસંખ્ય-ક્રમ અલંકાર થયો છે.

મહીં મૂલાધારે અને મણિપુરે માં 'મ'ના અનુપ્રાસો ધ્યાનાર્હ છે.

વળી અહીં કુંડલિનીનું = દેવીનાં સૂક્ષ્મ સ્વરૂપનું વર્ણન છે. ચક્રભેદનની વાત છે. ૬ ચક્રો ભેદાતાં અંતે સહસ્રારમાં શિવશક્તિનું મિલન થાય છે. સાધકને અદ્વૈતનો સાક્ષાત્કાર થાય છે. અંતે અજ્ઞાનનો નાશ અને જ્ઞાનની પ્રાપ્તિ એવો સૂચિતાર્થ પણ પ્રસ્તુત પદ્યમાં રહેલો છે. તત્ત્વજ્ઞાનની આ વાત કવિએ કવિતા રચીને કરી છે.

**(૧૦) सुधाधारासारैः.... कुहरिणि ॥**

પ્રસ્તુત પદ્યમાં મનોહર કલ્પનો દ્વારા શક્તિના આધારચક્રમાં સ્થાન વિશે વર્ણન કર્યું છે. ભાવાર્થ છે - ગુફામાં રહેનારી દેવી તેના બન્ને ચરણોમાંથી ટપકતી અમૃતજળની ધારાઓની વર્ષાથી પ્રપંચને સીંચે છે. વળી તેજસ્વી ચન્દ્રના પ્રદેશોમાંથી સ્વસ્થિતિને ધારણ કરતી પોતાની જાતને સર્પની જેમ રચીને આધારચક્રમાં નિદ્રાધીન થઈ જાય છે. અહીં સુધાધારામાં રૂપક છે તથા કુહરિણિ સંબોધન છે. કુલકુણ્ડે કુહરિણિમાં 'ક' ના પ્રાસો અઘોષ વ્યંજન છતાં કવિત્વભર્યા બન્યા છે. પ્રસ્તુત પદ્યમાં પણ શ્રીમાનાં સૂક્ષ્મ ધ્યાનની વિગત છે. ભગવદ્પાદ શંકરાચાર્ય અહીં અકુલ સહસ્રારથી મૂલાધાર સુધીની કુંડલિનીની ગતિ દર્શાવે છે. આ સઘળું વર્ણન કાવ્યમય છે. અમૃતરૂપી જળધારા, ચન્દ્રનો પ્રદેશ ઇત્યાદિ રૂપક યોજી કવિ સૂક્ષ્મદેહનું નિરૂપણ કરે છે. ચન્દ્રપ્રદેશ ચન્દ્રમંડલનું સૂચન કરે છે. વ્યક્તિના દેહમાં રહેલા મનને પણ દર્શાવે છે. અહીં પણ કવિએ ગૂઢવિદ્યાની વિગતને કાવ્યમાં ગૂંથી લીધી છે.

**(૧૧) चतुर्भिः ..... परिणताः ॥**

શ્રીચક્રમાં જે શ્રીમાનું સ્થાન છે તે પ્રસ્તુત પદ્યમાં બતાવ્યું છે. અત્રે યથાસંખ્ય અલંકારના માધ્યમથી ચાર શ્રીકંઠ અને પાંચ શિવયુવતીઓ એમ નવ મૂલ પ્રકૃતિઓ વડે તારા નિવાસસ્થાન માટે ૪૩ ત્રિકોણ બને છે અને તે શંભુના બિંદુસ્થાનથી અલગ છે – એમ જણાવ્યું છે. વળી શ્રીમા ભગવતીનું આ નિવાસસ્થાન રચવા માટે કુલ ૪૩ ત્રિકોણ બને છે. ત્રણ વર્તુળો, ત્રણ રેખાઓ સહિત આઠ વસુ અને સોળ કળાઓવાળું છે. યથાસંખ્ય અલંકાર દ્વારા આ ચક્રની વ્યંજના થાય છે. વળી આ ચન્દ્રમંડલાત્મક શ્રીચક્ર છે એમ પણ વ્યંજિત થાય છે. તંત્રની દીર્ઘચર્ચા ટીકાકારો કરે છે, જેની વિગતમાં આપણે ઊતરતાં નથી.[1] પરંતુ કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ શ્રીચક્રનું નિરૂપણ વસ્તુધ્વનિ વ્યક્ત કરે છે. જેમ કે, ચાર શ્રીકંઠ =

1. તંત્ર સંબન્ધી ચર્ચા આપણો વિષય ન હોઈ અત્રે નિર્દેશ કરીને છોડી દઈએ છીએ.

4 શિવચક્રો, પાંચ શિવયુવતી = પાંચ શક્તિચક્રો, વસુદલ એટલે આઠપાંદડીઓવાળા કમળનું સૂચન (= અષ્ટદલકમળ) કલાશ્ર = 16 પાંદડીવાળું અર્થાત્ ષોડશદલ કમળ, ત્રિવલય = ત્રણ રેખાઓ અને ત્રિલેખા = ભૂપુરની ત્રણ રેખા - એ રીતે વસ્તુવ્યંગ્ય છે. જે કાવ્યમય પરિભાષામાં વ્યક્ત થાય છે.

**(૧૨) સૌન્દર્યલહરીનું આ 12મું પદ્ય શ્રીમાનાં અદ્‌ભુત સૌન્દર્યનું નિરૂપણ કરે છે.**

**त्वदीयं ..... ०सायुज्यपदवीम् ॥**

શ્રીમાને અત્રે સાર્થક સંબોધન કરતાં કવિ કહે છે – 'હે તુહિનગિરિકન્યા અર્થાત્ હિમાલય પર્વતની પુત્રી, તારા સૌન્દર્યની તુલના (કોની સાથે કરવી ?) માટે બ્રહ્માદિ મહાન કવિઓ પણ ખૂબ મુશ્કેલીથી કલ્પના કરી શકે છે. તારું (આવું અનુપમ) સૌન્દર્ય જોવાની ઉત્સુકતાને લીધે અપ્સરાઓ ધ્યાનમગ્ન બને છે અને જે તપ વડે પણ મહાપરિશ્રમથી પ્રાપ્ત થાય તે શિવસાયુજ્યની (= સાક્ષાત્કારની, શિવસન્નિધિની) પદવીને પામે છે.'

અત્રે શ્રીમા હિમાલયની પુત્રી છે. અહીં સાક્ષાત્ પાર્વતી હિમગિરિની પુત્રી હોવાથી તેમની ઊંચાઈ પણ વ્યંજિત થાય છે. તુહિન = બરફ - શ્રીમાનું तुहिनगिरिकन्ये એ વિશેષણ પણ સાર્થક છે. કારણ શ્રીમા હિમની (= બરફ જેવી) શીતલતાને ધારણ કરે છે. શ્રીમાનું સૌન્દર્ય શીતલ, સૌમ્ય છે. છતાં તેની તુલના બ્રહ્માદિક મહાન કવિઓ પણ માંડ માંડ કરી શકે છે. શ્રીમાનું સૌન્દર્ય તુલારહિત છે. એવો અનન્વય અલંકારધ્વનિ પણ અત્રે છે. – अत्र अनन्वयालंकारो ध्वन्यते, लोके कापि तुल्यवस्तुनः असद्भावात्, स्वस्य स्वयमेव तुल्यमिति प्रतीतेः । (लक्ष्मीधरा टीका, पृ. 137) વળી તપ વડે દુષ્પ્રાપ્ય એવી સ્થિતિને દેવાંગનાઓ ધ્યાન દ્વારા સિદ્ધ કરે છે. મન વડે પ્રાપ્ત કરે છે. અહીં વિરોધ કાવ્યાત્મક રીતે કહેવાયો છે. અહીં ઉત્તરવાક્ય પૂર્વવાક્યાર્થ પ્રતિ હેતુ હોવાથી કાવ્યલિંગ અલંકાર થયો છે. કારણ હેતુ છે મહામહેનતે, મહાન તપશ્ચર્યાથી પણ પ્રાપ્ત ન થાય તેવું શિવસાયુજ્ય. 'અપ્સરાઓ તારા સૌન્દર્યને જોવાની ઉત્સુક્તાથી ધ્યાનસ્થ થઈ જાય છે.' અદ્‌ભુત સૌન્દર્યરૂપ પૂર્વવાક્ય પ્રતિ આ વાક્ય કારણરૂપ હોવાથી કાવ્યલિંગ અલંકાર થયો છે.

દેવીનાં સૌન્દર્યની કોઈથી તુલના થઈ શકે તેમ નથી એમાં અસમ અલંકાર પણ છે. તપસ્યા કરતાં ઉત્સુકતા, ઉત્કંઠા અર્થાત્ તાલાવેલી ચડિયાતી સિદ્ધ થાય છે એટલા પૂરતો વ્યતિરેક પણ છે.

સૌન્દર્યની મધુરતા માધુર્ય ગુણ દર્શાવે છે. त्वदीयल्-तुहिन, कवीन्द्राः-कल्पन्ते, यदा-यान्ति ઇત્યાદિમાં અનુક્રમે त, क, यना પ્રાસો ધ્યાનાર્હ છે. વૈદર્ભી રીતિ છે, જે પદ્યની સરળતા, આર્જવતા અને મધુરતાને પણ લક્ષિત કરે છે.

**(૧૩) नरं वर्षीयांसः ..... युवतयः ॥**

પ્રસ્તુત પદ્યમાં શૃંગારરસના નિરૂપણ દ્વારા શ્રીમા ભગવતીની દૃષ્ટિનો ચમત્કાર વર્ણવ્યો છે.

'અતિવૃદ્ધ વ્યક્તિ, જે વિરૂપ છે, નર્મકર્મ (શૃંગારચેષ્ટાઓ)માં જડ છે તેવો અર્થાત્ સાવ અશક્ત મનુષ્ય જો તારી (કૃપા) દૃષ્ટિના પથમાં આવે તો એની પાછળ જેમની વેણી છૂટી ગઈ છે, જેમનાં વક્ષસ્થળ પરથી વસ્ત્ર સરી પડ્યું છે, વેગથી જેમના કંદોરા તૂટી ગયા છે અને રેશમીવસ્ત્ર સરી પડે છે તેવી સો યુવતીઓ દોડવા લાગે છે.' (આવો શ્લોકાર્થ છે, સરલા હિન્દી ટીકા, પૃ. 60)

અત્રે દેવીની કૃપાદૃષ્ટિનું નિરૂપણ છે. તેમાં સ્તુતિ ધ્વનિત થાય છે. આમાં દેવાદિવિષયક રતિભાવ પ્રધાન છે. અને પ્રેયોલંકાર પણ છે. વળી વૃદ્ધ મનુષ્ય પાછળ યુવતીઓ દોડવા લાગે છે એટલે કે વિચિત્ર ફળની પ્રાપ્તિ થતાં અહીં વિચિત્ર નામનો અલંકાર છે જે પ્રેયોલંકાર સાથે સંસૃષ્ટિ રચે છે અને દેવાદિવિષયક રતિભાવધ્વનિને પુરસ્કારે છે.

યુવતીઓ શક્તિનું પ્રતીક છે, આથી એમનામાં જાગ્રત થતી શક્તિનું પ્રતીકાત્મક વર્ણન છે. દેવીનાં કૃપાકટાક્ષો વૃદ્ધને પણ ભૌતિક આનંદની પ્રાપ્તિ કરાવે છે.

વળી શ્લોકના ઉત્તરાર્ધમાં એક ધ્વનિ પણ વ્યંજિત થાય છે. સ્ત્રીઓ ઉપનિષદરૂપ છે. ઉપનિષદરૂપી યુવતીઓ પરમ બ્રહ્મરૂપ વૃદ્ધ-પુરાણ-પુરુષ પ્રત્યે આકર્ષાય છે અને બ્રહ્મપ્રાપ્તિ માટે દોટ મૂકે છે.[૧] આમ પ્રેયોલંકારની સાથે સાથે વસ્તુધ્વનિ પણ વ્યંજિત થયો છે અને આ રીતે અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના છે જેને શ્રી શંકરાચાર્યે શૃંગારરસના સંસ્પર્શથી મંડિત કરી છે. વૃદ્ધો પ્રત્યે આકર્ષાવાનું દેખીતું કારણ નથી પણ કાર્ય થયું છે એટલે કે યુવતીઓ આકર્ષાઈ છે તેમાં વિભાવના અલંકારધ્વનિ છે.

**(૧૪) ક્ષિતૌ..... પાદામ્બુજયુગમ્ ॥**

પ્રસ્તુત પદ્યમાં પુનઃ ચક્રોનું નિરૂપણ છે. એટલે કે આપણા સૂક્ષ્મ દેહમાં 6 ચક્રોનું તેમનાં તત્ત્વો સાથે નિરૂપણ છે. તેમાં મા ભગવતીનું સ્થાન સૌથી ઉપર એટલે કે સહસ્રારચક્રમાં જેમકે, 'પૃથ્વીતત્ત્વ-યુક્ત મૂલાધારમાં છપ્પન, જળતત્ત્વવાળા મણિપુરમાં બાવન, અગ્નિતત્ત્વવાળા સ્વાધિષ્ઠાનમાં બાસઠ, વાયુતત્ત્વવાળા અનાહતમાં ચોપન, આકાશતત્ત્વવાળા વિશુદ્ધિચક્રમાં બોંતેર અને મનસ્તત્ત્વવાળા આજ્ઞાચક્રમાં ચોસઠ - આવી રીતે કિરણોની પ્રસિદ્ધિ છે અને તેમની ઉપર (સહસ્રારચક્રમાં) તારાં બે ચરણકમળ છે.'

અત્રે 'પાદામ્બુજયુગ'માં રૂપક છે. - ચરણરૂપી કમળ એ રીતે. વળી બધાં જ ચક્રોનું ક્રમથી નિરૂપણ હોઈ યથાસંખ્ય પણ છે અને શ્રીમાનાં ચરણકમળો સૌથી ઉપર એટલે કે સહસ્રાર ચક્રમાં = મસ્તિષ્કની ઉપર રહેલા સહસ્રારમાં છે. એમાં કુલ 360 કિરણોથી પણ તે પર છે એવું સૂચન છે. એટલે વ્યતિરેકધ્વનિ થયો છે.

ટૂંકમાં મા ભગવતીરૂપ પરં બ્રહ્મ સહસ્રારમાં બિરાજે છે. શ્રુતિ કહે છે – लोकस्य द्वारम् अर्चिमत्

---

૧. વિશેષ માટે જુઓ - અંગ્રેજી અનુવાદ - સૌન્દર્યલહરી, P-30

पवित्रम् ।[1] વળી तमेव भान्तं अनुभाति सर्वम्, तस्य भासा सर्वमिदं विभाति। (श्वेताश्वर 6-14)[2] આમ પરમતત્ત્વની જે સર્વોપરિતા છે તે અંતે પ્રસ્તુત પદ્યમાં ધ્વનિત થઈ છે.

**(૧૫) शरज्ज्योत्स्ना० .... भणितयः । ( अथवा फणितयः पाठान्तर ) ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી મા ભગવતીનાં સરસ્વતી સ્વરૂપનું વર્ણન છે. જેઓ ભક્તોને કવિત્વશક્તિ પ્રદાન કરે છે. 'શ્રીમા શરદઋતુના પ્રકાશ જેવી શુદ્ધ છે. જેમણે ચન્દ્રસહિત જટાજૂટમાં મુગટ ધારણ કર્યો છે, જેના ચાર હાથમાં ત્રાસ સામે રક્ષણ કરવા માટે (1) વરદાન (2) અભયદાનની મુદ્રા (3) સ્ફટિકની માળા અને (4) પુસ્તક છે, તેમને એકવાર નમન કરવાથી સજ્જનોની (કાવ્ય)વાણી મધ, દૂધ તથા દ્રાક્ષની મધુરિમા ધારણ કરવાને કેમ સમર્થ ન બને ? અર્થાત્ બને જ છે.'

કવિઓને શ્રીમા માત્ર એકવાર પ્રણામ કરવાથી કવિત્વ બક્ષે છે અને સજ્જન એવા કવિઓ મા ભગવતી સરસ્વતીના વરદાનથી મધ, દૂધ અને દ્રાક્ષની મધુરતા ધારણ કરતી વાણીનું અર્થાત્ કવિતાનું સર્જન કરી શકે છે એમાં આશ્ચર્ય નથી. અત્રે શરદઋતુની ચાંદની જેવી માતા એમાં અત્યંત મનોહર ઉપમા અલંકાર થયો છે. શરદઋતુથી શ્રીમાની શીતલતા વ્યક્ત થાય છે; વળી શરદનું વ્યોમ નિરભ્ર હોય છે. શ્રીમા પણ અત્યંત શુદ્ધ- પવિત્ર, નિર્મળ છે. જટાજૂટરૂપ મુગટમાં રૂપકાલંકાર છે. શ્રી માની કૃપાથી કવિઓ એક જ વાર પ્રણામ કરવાથી મધુર વાણીને પ્રાપ્ત કરે છે. મધુર કવિતા/વાણીના માધુર્યને દર્શાવવા શંકરાચાર્યે માલોપમા અલંકાર યોજ્યો છે. (ઉપમેય) વાણીને મધ, દૂધ અને દ્રાક્ષ (= ત્રણ ઉપમાનો)ની ઉપમા આપવામાં આવી છે. વાણીની ત્રિવિધ ઉપમા દ્વારા માધુર્યાતિશયની વ્યંજના સંભવે છે. અહીં ઉપમા અને માલોપમાલંકારની સંસૃષ્ટિ રચાઈ છે. વળી શ્રીમાની કરુણા અપરંપાર છે. દાસ માત્ર એક જ વાર (ભક્તિભાવપૂર્વક) પ્રણામ કરે અને તેને કવિત્વની પ્રાપ્તિ થાય છે. તેમાં શ્રીમાનું કારુણ્ય વ્યતિરેક અલંકારધ્વનિ દ્વારા વ્યક્ત થયું છે. માત્ર એકવારના પ્રણામ કવિત્વબીજભૂત સંસ્કારોના ઉત્પાદક બને છે. વારંવાર પ્રણામની આવશ્યકતા નથી એટલે પણ વ્યતિરેકધ્વનિ છે. દેવી શીઘ્ર પ્રસન્ન થાય છે.

વળી આ સિવાય પણ શ્રીમાનાં હસ્ત અભયદ અને વરદ છે, જે શ્રીમાની વરદાન આપવાની અપ્રતિહત શક્તિને વ્યંજિત કરે છે. સ્ફટિકની માળા શ્રીમાનાં (અવિરત) શિવનામજપને સૂચવે છે. મા ભગવતી તેમના પતિ શિવજીને સમર્પિત છે અને હાથમાં રહેલ પુસ્તક જ્ઞાનનું સૂચન કરે છે. એ રીતે અહીં ચતુર્વિધ ધ્વનિ વ્યંજિત થાય છે.

આમ ભગવતીનું વાગ્વાદિનીસ્વરૂપ ખરે જ અનુપમ છે. વળી શરદચન્દ્રકાન્તિ જેવી ધવલા ઇત્યાદિ શ્રીમાનાં ચતુર્વિધ વિશેષણ છે, તે સ્વરૂપનું ધ્યાન કરવાનું પણ અહીં સૂચન છે. એ રીતે સરસ્વતીના મંગલ સ્વરૂપના ધ્યાનની વ્યંજના છે. અને જેનાથી એકવારના પ્રણામ એટલે ભાવપૂર્વકના

૧. Vedic Concordance, P. 832 (तैत्तिरीय ब्राह्मण 3.12, 3-4 Ref. From - A Vedic Concordance-M-Bloomfield, Motilal Banarasidas, Delhi-Varanasi, Patana, Second Issue-1964)

૨. उपनिषद्वाक्यकोशः कठ 5.15 श्वेताश्वर 6114 અને मुंडक 2.2.10, P-53. संपा. Colohel Jacob. Pub - Government Central Book Depot- 1891, Bombay

નમસ્કાર કવિ-ભક્ત-સાધકને અલૌકિકી પ્રતિભાનું દાન કરે છે. કવિપ્રતિભાને કાવ્યશાસ્ત્રમાં બે પ્રકારે વર્ણવી છે. સહજા પ્રતિભા - જે જન્મજન્માન્તરના સંસ્કારથી આવે છે તો બીજી કવિના સ્વપ્રયત્નથી અને જે-તે દેવતાની કૃપાથી પણ પ્રાપ્ત થાય છે. તે આહાર્ય પ્રતિભા કહેવાય છે. અત્રે દ્વિતીય પ્રકારની પ્રતિભાનું નિરૂપણ છે.

**(૧૬) कवीन्द्राणां - ..... रञ्जनममी ॥**

પ્રસ્તુત પદ્ય પણ મા ભગવતીની કૃપાથી જ કવિઓ ઉત્તમ કવિતા રચી શકે છે એનું કાવ્યમય વર્ણન કરે છે. 'શ્રીમા મહાન કવિઓના કમળસમ વનરૂપી ચિત્તમાં પ્રાતઃકાળના સુકુમાર તડકા જેવી મધુર છે, વિરાજમાન છે. આવાં રક્તવર્ણા સ્વરૂપનું ધ્યાન સંતો જરા પણ ધરે તો બ્રહ્માની પ્રેયસી સરસ્વતીની શક્તિશાળી શૃંગારની લહરી જેવી ગંભીર વાણી વડે સજ્જનોના હૃદયને આનંદિત કરે છે.'

અત્રે પ્રથમ પંક્તિમાં 'કવિઓના ચિત્તરૂપી કમળવન'માં રૂપક તે માટે 'બાલાતપ જેવી સુકુમાર' – એમાં ઉપમા છે. અહીં રૂપક અને ઉપમાલંકારની મનોહર સંસૃષ્ટિ રચાઈ છે. સંતોને થતી જરા જેટલા ધ્યાનથી શૃંગારરસની લહરીઓવાળી છતાં ગૂઢાર્થને વ્યક્ત કરતી ગંભીર વાણીની પ્રાપ્તિમાં 'સુકર કાર્ય થવારૂપ' સમાધિ અલંકારધ્વનિ રહેલો છે. 'શૃંગારલહરી'માં પુન રૂપકાલંકાર થયો છે.

'લક્ષ્મીધરા' (પૃ. 177) પ્રમાણે એક રીતે પદ્યના પૂર્વાર્ધમાં બાલાતપરૂપી કાંતિના આરોપણથી અને ચિત્ત પર કમળના આરોપણથી પરંપરિત રૂપકાલંકાર થયો છે.

વળી શૃંગારની લહરી દ્વારા કવિતામાં અંતરતમ અર્થ તો ગંભીર છે, ગૂઢ છે – એવો આ પદ્યનો રહસ્યાર્થ છે એટલે કે અહીં ગંભીરાર્થરૂપે વસ્તુધ્વનિ રહેલો છે.

મા ભગવતીનાં વર્ણનું પણ પારંપરિક પરંતુ સુંદર વર્ણન છે. મા ભગવતીનું સ્વરૂપ સવારના સુકુમાર સૂર્યનાં તાપ જેવું છે અહીં ઉપમા તો છે જ પણ 'અરુણવર્ણા' દેવીનું એક પાસું પણ છે. લલિતાસહસ્રનામ અને લલિતાત્રિશતીમાં પણ શ્રીમાનાં અરુણ સ્વરૂપનો નિર્દેશ છે. ભાવાર્થ છે - ઊગતો સૂર્ય જેમ લાલકમળને આનંદ અર્પે એમ જ દેવી અહીં પોતાની બાલાતપ જેવી અરુણિમા દ્વારા કવિઓના હૃદયકમળને ખીલવે છે. આ કવિઓ પણ જેવા તેવા નથી. બ્રહ્મા જેવા સર્જનહાર કવિ અને અન્ય મહાન કવિઓ છે. કહો કે 'ઋષિકવિ' છે.

મા ભગવતીનું આ પ્રકારે ધ્યાન કવિઓને વાણી પર અદ્‌ભુત પ્રભુત્વ અર્પે છે તેથી ગર્ભિત અર્થવાળી અને ઉપરથી શૃંગારની લહરી જેવી કવિતા ભલે હોય - પરંતુ તે વાસ્તવમાં ગંભીર - ઊંડા કાવ્યશાસ્ત્રની પરિભાષામાં કહીએ તો ધ્વનિ/વ્યંગ્યાર્થને દર્શાવતી વાણી/કવિતા સિદ્ધ કરે છે. અત્રે 'સાવિત્રી' મહાકાવ્યમાં પણ શ્રીઅરવિન્દ દિવ્યમાતાના ઝાકમઝોળ પ્રકાશ વિશે જે કહે છે તે સમાન્તરે ઉલ્લેખવું રસપ્રદ બની રહેશે – સહૃદયહૃદયાહ્લાદક પણ બનશે. સાવિત્રી - Book -3 સર્ગ : 2 - The Adoration of the Divine Motherમાં મા ભગવતીને The Mother of all કહ્યા પછી દિવ્ય મા દ્વારા જે ઝગમગતો પ્રકાશ વહાવવામાં આવે છે તેનું નિરૂપણ કરતાં કવિ કહે છે –

Illumined by her all-seeing identity
knowledge and Ignorance could strive no more (P. 313)

આમ અત્રે શ્રીમાતાજીના પ્રાજ્ઞસ્વરૂપનું વર્ણન છે. શ્રીમાની સન્નિધિથી જે જ્ઞાન થાય છે તેમાં પરિણામસ્વરૂપ જ્ઞાન-અજ્ઞાનનો ભેદ રહેતો નથી.

**(૧૭) सवित्रीभिर्वाचां..... ०मधुरैः ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ શ્રી મા ભગવતી કવિત્વ શક્તિ કોને કોને પ્રદાન કરે છે તેનું નિરૂપણ છે. 'જે લોકો ચન્દ્રકાન્તમણિના ખંડ જેવી કાંતિવાળી અને વાણીને પ્રેરનારી વશિની ઇત્યાદિ આઠ સાવિત્રીઓ સાથે માતાનું ચિંતન કરે છે તેઓ વાણી દેવી/સરસ્વતીના મુખરૂપી કમળની સુગંધથી મધુર કહેતાં (કર્ણ) પ્રિય લાગે તેવી વાણીથી મનોહર પદરચનાવાળાં મહાકાવ્યો રચી શકે છે.'

અત્રે આઠ સાવિત્રીઓ - વશિની, કામેશ્વરી, મોહિની, વિમલા, અરુણા, જયિની, સર્વેશ્વરી અને કૌલિની – આઠ ખૂણાવાળા ચક્રની દેવીઓ છે. તેમની કાન્તિ ચન્દ્રકાન્તમણિના ટુકડા જેવી છે એમાં દેવીઓની શીતલતા વ્યક્ત કરતો ઉપમા અલંકાર છે. સરસ્વતીનું મુખકમળ – એમાં રૂપકાલંકાર છે. શ્રીમાનું આ પ્રકારે ચિંતન કરવાથી અર્થાત્ આ રીતે આઠ સાવિત્રીઓ સાથે ધ્યાન કરવાથી સાધક કવિ નહીં પરંતુ મહાકવિ બની જાય છે. સાધકમાં ઉચ્ચકોટિનાં કાવ્યો રચવાની શક્તિ પ્રાપ્ત થાય છે. આવો **वस्तुध्वनि** પ્રસ્તુત શ્લોકમાં રહેલો છે.

વળી ચન્દ્રકાન્તમણિના ટુકડા જેવી (મુખકાન્તિવાળી) આઠ દેવીઓ – એ ઉપમા દ્વારા મુખની અતિશુભ્રતા વ્યક્ત થાય છે, સિદ્ધ થાય છે. કારણ કે ચન્દ્રકાન્તમણિ ચૂર્ણ થાય ત્યારે અતિ ધવલ બને છે એવી લોકપ્રસિદ્ધિ છે. આથી ચન્દ્રકાન્તમણિના શક્લની ઉપમા દ્વારા મુખના અતિધાવલ્યરૂપ વસ્તુધ્વનિ વ્યક્ત થાય છે. આ રીતે અહીં ઉપમાલંકાર દ્વારા વસ્તુવ્યંગ્ય અભિવ્યક્ત થયું છે.

વાગ્દેવીનાં મુખકમલમાં રૂપક છે. તેની સુગંધથી મધુર અર્થાત્ સ્પૃહણીય વાણી, જે વાગ્દેવીનાં મુખમાંથી સરી રહી છે એવો અર્થ 'આનન્દલહરી' ટીકા (P. 187) આપે છે.

આમ પુનઃ વધુ એક સારસ્વતપ્રયોગનું અહીં નિરૂપણ છે. કથિત રીતે શ્રીમાતાનું ચિંતન/ધ્યાન કરનારને વાલ્મીકિ, કાલિદાસ આદિ જેવી, મહાકાવ્યોની રચના કરવાની શક્તિ, અર્થાત્ પ્રતિભા પ્રાપ્ત થાય છે. તેમની રચનાઓ જાણે કે સાક્ષાત્ સરસ્વતી સ્વયં રચે છે.[1] ભગવતીનું આ માતૃકાસ્વરૂપ ભક્તને કાવ્યપ્રતિભા પ્રદાન કરે છે તેથી સાહિત્યસર્જનમાં તેને અપ્રતિમ ક્ષમતા પ્રાપ્ત થાય છે.

પ્રસ્તુત પદ્યમાં शशिमणिशिला०... सह जननि संचिन्तयति यः માં श, स, य ના પ્રાસો, कर्ता

---

1. समान्तरे ध्वन्या० 4/17 - પદ્ય આસ્વાદીએ
परस्वादानेच्छाविरतमनसो वस्तु सुकवेः ।
सरस्वत्येवैषा घटयति यथेष्टं भगवती ॥

काव्यानां માં क ના भवति भङ्गिरुचिभिः માં 'भ' ના અને वचोभिर्वाग्देवी માં 'व' ના તથા आमोद मधुरैः માં 'म' ના મનોરમ્ય અનુપ્રાસો રચાયા છે.

શ્રીઅરવિન્દરચિત 'સાવિત્રી' મહાકાવ્યમાં book-3 Canto-2 'The Adoration of the Divine Mother' - P.312 માં શ્રીમાનાં સ્વરૂપને શાશ્વતીમાંથી બહાર આવતું કહ્યું છે. તે આનંદ, સર્જનાત્મક શક્તિ અને Wisdom અર્થાત્ પ્રજ્ઞારૂપ છે.

'A being of wisdom, power and delight' (P. 312)

**(૧૮) तनुच्छायाभिस्ते..... गीर्वाणगणिकाः ॥**

સૌન્દર્યલહરીનું પ્રસ્તુત પદ્ય સ્ત્રીને વશ કરવાની શક્તિ પણ શ્રીમા પ્રદાન કરે છે તેની ચર્ચા કરે છે. અલબત્ત આ અભિધાર્થ છે. વ્યંગ્યાર્થ છે સ્ત્રીવશીકરણ અર્થાત્ અપ્સરાઓનું વશીકરણ એટલે પ્રેયસ પ્રત્યે લઈ જતી મનની ચંચળવૃત્તિઓનું વશીકરણ. આ રીતે ગર્ભિતાર્થ સમજવાનો છે.

પદ્યનો ભાવાર્થ છે, 'શ્રી માની દેહકાન્તિ બાલસૂર્યની તેજસ્વિતા સમી છે. તેના વડે આકાશ અને ધરતી લાલિમાથી છવાઈ જાય છે. શ્રીમાનાં આવા અદ્‌ભુત સ્વરૂપનું જે (ભક્ત) ધ્યાન કરે છે તેને ભયભીત (પરંતુ) સુંદર હરણો જેવાં નયનોવાળી ઉર્વશી વગેરે કેટલીય અપ્સરાઓ વશ થતી નથી ? અર્થાત્ થાય છે જ !'

અત્રે तरुणतरणि = બાલાતપ જેવી કાન્તિમાં ઉપમા અલંકાર છે. આ લાલિમા એટલી તો પ્રબળ અને પ્રલંબ છે કે જેના વડે ધરતી અને આકાશ છવાઈ જાય છે. અર્થાત્ રતુંબડાં બની જાય છે. ટૂંકમાં સમસ્ત વિશ્વ પર આ અરુણપ્રકાશ પથરાઈ જાય છે. અહીં શ્રીમાનાં સ્વરૂપની અતિશય સુંદરતારૂપ વસ્તુધ્વનિ ઉપમાલંકાર દ્વારા વ્યક્ત થાય છે. આમ પદ્યના પૂર્વાર્ધમાં અલંકાર દ્વારા વસ્તુધ્વનિની વ્યંજના થઈ છે.

બીજી ઉપમા અપ્સરાઓના નયનને ભયભીત હરણના (નયનની) આપી છે. બન્ને ઉપમા પરસ્પરથી સ્વતંત્ર છે એટલે ઉપમાદ્વયની સંસૃષ્ટિ રચાઈ છે. સ્વર્ગગણિકાઓ સુંદર અને ચંચળ હોય છે. તેના દ્વારા મનની ચંચળ વૃત્તિઓનું સૂચન થાય છે. મહાનમાં મહાન યોગીઓ પણ આ વૃત્તિઓને વશ કરી શકતા નથી ભલેને આકરી તપશ્ચર્યા કેમ ન કરી હોય ? પરંતુ મા ભગવતીનાં ભક્તને માટે આ સહજ છે. કારણ માના ધ્યાનમાત્રથી તેને - મનને વશ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીમાનું સ્વરૂપ અને ધ્યાન ભલભલા ઋષિ-મુનિઓની આકરી તપશ્ચર્યાથી ચારચાસણી ચડે તેવું છે, તેવો વ્યતિરેક અલંકારધ્વનિ પણ અત્રે વ્યક્ત થાય છે. એટલે કે મા ભગવતીનું ધ્યાન સર્વોપરિ છે.

'સૌભાગ્યવર્ધિની' ટીકા અત્રે કાકુને વ્યંજિત માને છે. – કેટકેટલી અપ્સરાઓ જુએ છે – એમાં વિતર્કાલંકાર છે પરંતુ કાકુ વિશેષ પ્રભાવક હોઈ વિતર્કાલંકારરૂપ ગુણીભૂતવ્યંગ્ય પ્રતીત થાય છે. (પૃ.188)

દેવીની અરુણ આભાના નિરૂપણમાં સમસ્ત બ્રહ્માંડ દેવી સાથે ઐક્ય ધરાવે છે એવું સૂચન પણ અહીં રહેલું છે. એ સાથે ઉપનિષદ્નું વચન યાદ આવે છે. लोहित्यमेतस्य सर्वस्य विमर्शः ।[1]

અહીં પદ્યમાં જે લાલિમા વર્ણવી છે. જે બાલાતપતુલ્ય છે. આ સમસ્ત વિશ્વને આવરી લે છે. અને વિશ્વ એ 'चित्' (Consciousness)નો જ વિમર્શ છે અખંડાકારવૃત્તિ છે એમ સમજવાનું છે.

આમ શ્રી મા ભગવતી સમસ્ત વિદ્યાઓની વિદ્યા છે. માર્કન્ડેયપુરાણ-દુર્ગાસપ્તશતી નોંધે છે, તેમ – विद्या समस्तास्तव देवि भेदाः । स्त्रियः समस्ता सकला जगत्सु ॥ त्वयैकया पूरितमम्बयैतत् । का ते स्तुतिः स्तव्यपरा परोक्तिः ॥ (૧૧/૬-પૃ.161-અનુવાદક-શ્રી રામનારાયણદત્ત, ગીતાપ્રેસ, ગોરખપુર, સં.2011)

સાવિત્રી The Book of the Divine Mother નું સમાન્તર નોંધીએ –

A Mother Might brooded upon the world;
A Consciousness revealed its marvellous front
Transcending all that is denying none :
Imperishable above our fallen heads
He felt a rapturous and unstumbling Force. – (Savilri - P. 313)

શ્રીમા જ પરમ તત્ત્વ છે. સમગ્ર જગતોની પાછળ છતાં સમગ્ર જગત ઉપર રાજ કરે છે. ચિત્ત શક્તિ છે. બધાંથી પર છે છતાં કોઈને પણ નકારતી નથી. અશ્વપતિ આ અવિનાશી આનંદનો અનુભવ કરે છે. આપણી પરાજિત જાતથી માની શક્તિ પર છે.

**(૧૯) मुखं बिन्दुं..... रवीन्दुस्तनयुगाम् ॥**

'અહીં કામકલા અથવા મન્મથકલાનું નિરૂપણ છે. જે સાધક મુખને બિન્દુ બનાવી એની નીચે બે કુચયુગલરૂપ બે બિન્દુ બનાવીને હર, શિવના અર્ધભાગનું = મા પાર્વતીનું ધ્યાન કરે છે તે હે શિવની પટરાણી આવી રીતે તારી કામકલાનું ધ્યાન કરે છે (તે) તરત જ સ્ત્રીઓના ચિત્તમાં ક્ષોભ ઊભો કરે છે એ ઠીક પણ સૂર્ય અને ચન્દ્ર જેના સ્તન છે એવા ત્રિભુવનને પણ ડોલાવે છે.'

પ્રસ્તુત પદ્યમાં શિવની અર્ધાંગિની મા ભગવતીનું કામકલા સ્વરૂપનું ધ્યાન માત્ર સામાન્ય સ્ત્રી નહીં પણ ત્રિભુવનરૂપી સ્ત્રીને પણ વશ કરે છે. અહીં ત્રિલોકી દ્વારા ત્રિભુવનને સ્ત્રીનું રૂપક આપ્યું છે. સ્ત્રીનો આરોપ છે આથી અહીં ઉપમેય ત્રિભુવન છે. ઉપમાન સ્ત્રી વિરાટ એટલે વિરાટ સ્ત્રી છે પરંતુ તે લુપ્ત છે. રૂપકાલંકાર છે.

સાર એ છે કે દેવીની કૃપાથી કામદેવ પણ વ્યક્તિને મોક્ષ તરફ લઈ જાય છે. 'બિન્દુ' શ્રી ચક્રનું કેન્દ્ર છે. એટલી નોંધ લઈએ, કારણ તંત્રની અન્ય ચર્ચાઓ અહીં અસ્થાને છે.

**(૨૦) किरन्तीमङ्गेभ्यः ..... सुधाधारसिरया ॥**

પ્રસ્તુત પદ્યમાં મા ભગવતીનું ધ્યાન વિષમ જવરને હરનારું છે એવું નિરૂપણ કરવામાં આવ્યું છે.

---

૧. વિશેષ માટે જુઓ : અંગ્રેજી અનુવાદ, P. 40

શ્રીમાનાં અંગોમાંથી કિરણોના સમૂહરૂપે અમૃતરસ વહે છે જાણે ચન્દ્રકાન્તમણિમાંથી ઘડેલી મૂરત હોય તેવાં તેમનું હૃદયમાં જે ધ્યાન કરે છે તે ગરુડની જેમ સર્પોના ગર્વનું શમન કરે છે અને અમૃત વરસાવતી (આજ્ઞાચક્રમાં રહેલી) નાડીને લીધે જોતાંની સાથે જ તાવથી પીડાતા લોકોને સુખ આપે છે એટલે કે સ્વસ્થ બનાવે છે.

પ્રસ્તુત પદ્ય અત્યંત રમણીય છે. કિરન્તી૰ કિરણ – એમાં 'ક' ના પ્રાસો, હૃદિ, હિમ ઈત્યાદિમાં 'હ' ના, સ સર્પાણાં માં દન્ત્ય 'સ' ના, શમયન્તિ, શકુન્તા૰ ઈત્યાદિમાં તાલવ્ય 'શ'ના પ્રાસો અને સુખયતિ સુધા ઈત્યાદિમાં 'સ' અને ધ ના અનુપ્રાસો મનોહર છે. કર્ણપેશલ નાદસૌન્દર્ય રચે છે.

એ સિવાય અર્થાલંકારો પણ સહૃદયને આકર્ષનારા અને મનઃપ્રસાદનરૂપ બની રહ્યા છે.

'ચન્દ્રકાન્તમણિના પથ્થરની મૂર્તિસમી' મા ભગવતીમાં ઉપમાલંકાર છે. મા ઉપમેય છે, હિમકરશિલામૂર્તિ ઉપમાન છે. 'ઇવ' ઉપમાવાચક છે. સૌન્દર્ય અને શીતલતા સાધારણધર્મો છે. શકુન્તાધિપ ઇવ – જાણે કે ગરુડની જેમ ગર્વને શમાવે છે. એમાં સંભાવના છે. આથી ઉત્પ્રેક્ષાલંકાર છે. સમગ્ર પદ્યમાં ઉલ્લેખાલંકારધ્વનિ છે. એક જ ધ્યાન અનેક પ્રકારે સહાય કરે છે એવું વ્યંજિત થાય છે. આમ અલંકારો દ્વારા અલંકારની વ્યંજના છે. વળી પ્રસ્તુત પદ્યમાં અન્ય ધ્વનિઓ પણ છે. સર્પોનો વિષજનિત અહંકાર શમાવે છે. એમાં સર્પથી દુષ્ટ વ્યક્તિનું સૂચન છે. કાવ્યશાસ્ત્રની પરિભાષામાં - સર્પથી દુષ્ટોનો, વિષમજ્વરથી સંસારરૂપી જ્વરનો અને અમૃતની ધારાથી શીતલતાનો **પ્રતીયમાનાર્થ** વ્યંજિત થાય છે.

પ્રસ્તુત સઘળી ઉપલબ્ધિ શ્રીમાનાં ધ્યાનથી અને એ પણ હૃદયકેન્દ્રમાં થતા ધ્યાનથી થાય છે. ગર્ભિતાર્થ છે - હૃદયપદ્મમાં થતું ધ્યાન, સુધાધારાસિરા અમૃતની ધારાસમી સિરા એટલે કે અમૃતસ્પન્દનની નાડી જે આજ્ઞાચક્રમાં છે તે જ્વર = સંસારના તાપથી પીડાતા લોકોને સુખ આપે છે.

પૂર્ણયોગમાં પણ શ્રીઅરવિન્દે (શ્રીમાતાજી)નું ધ્યાન હૃદયકેન્દ્રમાં કરવાનું કહ્યું છે.[1]

---

1. શ્રી અરવિન્દ જણાવે છે કે યોગમાં પ્રાર્થના અને ધ્યાનની અગત્યની કિંમત અનેક વસ્તુઓ માટે છે પરંતુ પ્રાર્થના હૃદયના ઊંડાણમાંથી લાગણી અથવા અભીપ્સાના મોજાં ઉપર ઉભરાઈ આવવી જોઈએ અને જપ અથવા ધ્યાન પણ તેમાં રહેલી વસ્તુનો આનંદ અને પ્રકાશ તેની સાથે તેનો જીવંત ઉછાળો લઈને ઉપર આવવો જોઈએ. – ધ્યાન – શ્રીઅરવિન્દ (P. 13) આંતર એકાગ્રતાનું કેન્દ્ર મગજમાં નહિ હૃદયમાં છે. P. 27 શ્રી માતાજી પ્રમાણે ધ્યાન પ્રભુ પૂર્ણપણે પોતાનું સમર્પણ કઈ રીતે જોઈ શકે તે શીખવા માટે, તમારા સ્વરૂપની ગહરાઈઓમાં પ્રવેશ કરવા માટે અને શાંતિ, સ્થિરતા અને નીરવતામાં પ્રવેશ કરવા માટે કરી શકો છે. (પૃ.3નો સાર)

   .... (ધ્યાનમાં) તમે તમારી અંદર ચાલ્યા જાઓ છો. એ પછી તમે કોઈક રીતનો ઝંખવી નાંખે તેવો ઝળહળતો પ્રકાશ અનુભવી શકો છો. તમને એક આંતરિક રીતનો ચમત્કાર થતો અનુભવાય છે.
   ધ્યાન : સંપા. વિજય (અનુ. અંબાલાલપુરાણી, અમીધર ભટ્ટ, શ્રીઅરવિન્દ સોસાયટી, બ્રાન્ચ - અમદાવાદ-1978, બીજી આવૃત્તિ)

આવા ધ્યાનથી આજ્ઞાચક્ર = મનસ્તત્ત્વ અને હૃદય વચ્ચે સંવાદિતા સધાય છે. ઉપર્યુક્ત પદ્યમાં આમ હૃદયકેન્દ્રના ધ્યાનની જ મહત્તા દર્શાવી છે. સમગ્ર પદ્યની ભાષા અલંકૃતા છતાં સરળ છે. માધુર્ય ગુણ છે. ભક્તિરસ છે. વૈદર્ભીરીતિ છે.

**(૨૧) तडिल्लेखातन्वीं० ..... परमाह्लादलहरीम् ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાની કૃપાથી - ઉપાસનાથી મહાપુરુષોને પરમ આનંદની પ્રાપ્તિ થાય છે એમ જણાવાયું છે. 'શ્રીમાની સદાખ્ય કલા વીજળીની રેખા સમાન છે, જેમાં સૂર્ય, ચન્દ્ર અને અગ્નિ રહેલા છે અને જે ષટ્ચક્રરૂપી કમળોની ઉપર મહાપદ્મરૂપી (સહસ્રાર ચક્રરૂપી) વનમાં રહેલી છે. આ કલાને માયારૂપી મળથી મુક્ત થયેલા પરિશુદ્ધ મન વડે મહાપુરુષો જુએ છે – સાક્ષાત્કાર કરે છે અને પરમ આનંદની લહરીનો અનુભવ કરે છે.'

અત્રે કલા એટલે સદાખ્ય કલા જે બિન્દુ, નાદથી ઉપર છે. એવી શ્રીમાની કલા વીજળી જેવી છે. અહીં ઉપમાલંકાર છે. તડિલ્લેખા ઉપમાન, શ્રીમાની કલા ઉપમેય છે અને સાધારણ ધર્મ (= પ્રકાશ) લુપ્ત છે, જે પ્રકાશમય, ચમકતી કલાનું સૂચન કરે છે. સહસ્રારચક્રમાં સૌથી ઉપર બિરાજતી હોવાથી સર્વોપરિતાનો સૂચિતાર્થ પણ છે. मृदितमलमायेन = માયારૂપી મળમાં રૂપક અલંકાર છે. માયા પર મલિનતાનો આરોપ છે. 'લક્ષ્મીધરા' માયાનો અર્થ 'અવિદ્યા' પણ આપે છે. (પૃ.205) ટૂંકમાં અવિદ્યા = અજ્ઞાનરૂપી દોષ જે મનના છે તે શ્રીમાની સદાખ્યા કલાના ચિંતનમાત્રથી નષ્ટ થાય છે. એવો ગર્ભિતાર્થ છે. ઉપમા અને રૂપક અલંકાર પરસ્પર સ્વતંત્ર હોવાથી બન્નેની સંસૃષ્ટિ રચાઈ છે, જે ઉપર્યુક્ત વ્યંગ્યાર્થના વ્યંજન માટે સક્ષમ છે.

એક અન્ય સૂચિતાર્થ છે સહસ્રારરૂપ મહાપદ્મમાં પરમ શિવ વિરાજે છે. શિવ અને શક્તિનું અહીં અદ્વૈત સધાય છે. સાધક આનું ધ્યાન કરતાં જીવન્મુક્ત દશાને પામે છે. સ્વાભાવિક રીતે જ આવી જીવન્મુક્ત દશા - સાક્ષાત્કારની દશા પરમાનંદની ઊર્મિઓની અનુભૂતિ કરાવે છે. આવી અનુભૂતિ જ જીવનસાફલ્યનું નિમિત્ત બને છે.

**(૨૨) भवानि ..... ०पदाम् ॥**

પ્રસ્તુત પદ્યમાં સાયુજ્ય મુક્તિના વરદાનની વિગત છે. કવિ અત્યંત ભાવભરી ભાષામાં કહે છે કે 'હજી તો ભક્ત - 'હે ભવાની, મા, તારા દાસ પર તારી કરુણામય દૃષ્ટિ નાખ' – એ વાક્યમાં 'હે ભવાની' એવું સંબોધન માત્ર કરે છે ત્યાં તો બ્રહ્મા, વિષ્ણુ અને ઈન્દ્ર પોતાના મુગટના પ્રકાશથી જે પદની આરતી ઉતારે છે તે સાયુજ્ય પદ આપી દે છે.'

પ્રસ્તુત પદ્યમાં દેવાદિવિષયક રતિભાવ પ્રધાન વ્યંગ્યાર્થ છે. વળી સમાધિ નામનો કાર્યસુકરતારૂપ અલંકાર પણ છે. કારણ કે, સાધક ભક્ત મા ભગવતીને હજી સંબોધન જ કરે છે. – હે ભવાની, અર્થાત્ એટલા જ શબ્દો બોલે છે ત્યાં તો તે જે આગળ કહેવા માગે છે કે 'તારા દાસ પર કરુણાભરી નજર નાખ' અને અભિન્નતાનું પ્રદાન કર' – તે બધા ભાવો જાણી લઈને શ્રીમા ભગવતી તેને પોતાની સાથેના 'સાયુજ્ય'ની પદવી આપી દે છે.

વળી, આ પદવી માટે ભલભલા દેવતાઓ ભગવતી માતાની પોતાના મુગટના પ્રકાશથી એટલે કે શ્રીમાનાં ચરણોમાં નમીને તેમની = તેમનાં ચરણની - પદકમલની આરતી ઉતારે છે. આમ દેવતાઓ કરતાં પણ સાધક ભક્તને ફલપ્રાપ્તિ શીઘ્ર થાય છે. એ રીતે અહીં વ્યતિરેક અલંકાર પણ સિદ્ધ થયો છે. સતિસપ્તમીનો કાવ્યાત્મક પ્રયોગ છે. તદૈવ ત્વં તસ્મૈ માં 'ત' અને મુકુન્દ-મુકુટ -માં 'મ' નો અનુપ્રાસ શ્રવણમધુર બન્યો છે.

અત્રે એક અન્ય રહસ્યાર્થ કહેતાં વ્યંગ્યાર્થ રહેલો છે. 'લક્ષ્મીધરા' ટીકાએ આ અર્થ ઉજાગર કર્યો છે તદનુસાર અગ્નિને અનિચ્છાએ પણ સ્પર્શવામાં આવે તો તે દઝાડે જ છે. એ ન્યાયે મહાવાક્ય વિવક્ષા વગર પણ પ્રયુક્ત કરવામાં આવે તો પણ ફલદાયક બને છે. દેવી માટે કશું જ અસંભવ નથી. (પૃ. 231) આ રીતે અહીં **વસ્તુધ્વનિ** રહેલો છે, જેની વ્યંજના સમાધિ અલંકાર દ્વારા કરવામાં આવી છે. કાવ્યશાસ્ત્રની પરિભાષામાં આને અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના કહે છે. વળી અત્રે આવી ઉદાર માતાની જ ઉપાસના કરવી જોઈએ, અન્ય દેવતાની નહીં, એવો ધ્વનિ પણ સ્ફુરે છે. શ્રીમાને ફળ આપવા માટે વિચારવાનું રહેતું જ નથી. કારણ કે, તેઓ સર્વતંત્ર સ્વતંત્ર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે. 'લલિતાસહસ્રનામ'માં એટલે જ દેવીને ક્ષિપ્રપ્રસાદિની સદ્યઃપ્રસાદિની કહી છે. (પદ્ય ક્રમાંક 84)

**(૨૩) त्वया हृत्वा - मकुटम् ॥**

પ્રસ્તુત પદ્યમાં અર્ધનારીશ્વર સ્વરૂપનું વર્ણન છે. 'શ્રીમાએ હર અર્થાત્ શંભુનું વામ અંગ તો હરી લીધું છે પરંતુ જાણે કે, તેથી તેમનું મન સંતોષ પામ્યું ન હોય તેમ બીજું અર્ધું શરીર પણ હરી લીધું કારણ કે મા ભગવતીનું આખું શરીર લાલાશ પડતા રંગથી પ્રકાશે છે. ત્રણ નેત્રો ધરાવે છે અને વળી બીજનો ચન્દ્ર કેશના મુગટમાં છે.'

અત્રે શ્રીમા અને હરના દેહના અદ્વૈતનું નિરૂપણ છે જાણે શ્રીમાએ હરના અર્ધાંગમાં સ્થાન પામ્યા પછી પણ અસંતોષ હોય તેમ હરનું બીજું અર્ધું અંગ પણ હરી લીધું છે. અહીં ઉત્પ્રેક્ષાલંકાર થયો છે. શ્રીમા અને શિવજીનો દેહ અભિન્ન લાગે છે તેનાં કાવ્યમય કારણો - લાલવર્ણ, ત્રણ આંખ, સહેજ નમેલો દેહ, અર્ધચન્દ્ર ઇત્યાદિ આપવામાં આવ્યાં છે. એથી કાવ્યલિંગ અલંકાર છે. ઉત્પ્રેક્ષા અને કાવ્યલિંગનો મનોહર સંકર રચાયો છે. વળી બન્ને દ્વારા અપહ્નુતિ અલંકારધ્વનિ નિષ્પન્ન થાય છે. તે આ રીતે 'આ હરનું શરીર નથી પણ સંપૂર્ણપણે શ્રીમાનું જ છે.' – એવો અપહ્નુતિ ધ્વનિ/વ્યંગ્યાર્થ અભિવ્યક્ત થયો છે.[1]

**(૨૪) जगत्सूते.... ०लतिकयोः ॥**

પ્રસ્તુત પદ્યમાં ત્રિમૂર્તિ અને સ્વયં સદાશિવ શ્રીમાની આજ્ઞાને વશ વર્તે છે એનું નિરૂપણ છે.

'બ્રહ્મા જગતનું સર્જન કરે છે. શ્રીવિષ્ણુ પાલન અને રુદ્ર સંહાર કરે છે – હવે પ્રલય સમયે આ ત્રણેય દેવોને દૂર કરી ઈશ્વર પણ પોતાના શરીરને અંતર્ધાન કરે છે. 'સદા' શબ્દ જેમની આગળ લાગેલો

1. વિશેષ માટે જુઓ – સૌભાગ્યવર્ધિની અને અરુણામોદિની ટીકા, પૃ. 216-217.

છે તેવા શિવ (=સદાશિવ) એકમાત્ર ક્ષણ માટે ફરકેલી ભ્રમરલતાની અર્થાત્ દેવીનાં આંખના ઈશારાની આજ્ઞા મેળવી એને પોતાના દેહમાં લીન કરે છે.'

ટૂંકમાં દેવીની આંખ બંધ થતાં જ સદાશિવની આંખ પણ આપોઆપ બિડાઈ જાય છે અને સમગ્ર વિશ્વ તેમાં સમાઈ જાય છે.

પ્રલય બે પ્રકારના હોય છે. ખંડપ્રલય અને મહાપ્રલય. અત્રે યથાસંખ્ય અલંકાર દ્વારા ક્રમશઃ મહાપ્રલયનું નિરૂપણ કરવામાં આવ્યું છે. વળી દેવીની આજ્ઞા સર્વોપરી છે. દેવી પોતાની ભ્રમરલતા (ને ફરકાવીને) શિવને અનુમતિ આપે છે પછી જ શિવ પણ બધા પર અનુગ્રહ કરે છે. ભ્રૂલતિકામાં રૂપક અલંકાર છે. વળી અહીં વ્યતિરેકાલંકારધ્વનિ પણ થયો છે. ભ્રૂવિલાસનો મહિમા વર્ણવ્યો છે. વિસર્જન પછી (થનારા) પુનઃ સર્જનનું પણ અત્રે સૂચન છે.

સમાન્તરે નોંધીએ તો 'લલિતાસહસ્રનામ'માં એટલે જ દેવીનું વિશેષણ 'पञ्चकृत्यपरायणा' આપ્યું છે. (પદ્ય - 64)

– આ રીતે તે સિદ્ધ થાય છે.

(1) બ્રહ્મા દ્વારા સર્જન (ઉત્પત્તિ)

(2) વિષ્ણુ દ્વારા રક્ષણ (પાલન)

(3) હર (રુદ્ર) દ્વારા સંહાર (વિનાશ)

(4) ઈશ્વર પ્રલય સમયે આ ત્રણે દેવોને દૂર કરી સ્વયં અંતર્ધાન થાય છે.

(5) સદાશિવ દેવીની આજ્ઞા લઈ પોતાને લીન કરે છે. દેવી પોતે પણ Static Passive (નિષ્ક્રિય) બની જાય છે. પછી પુનઃ દેવીની જ અનુજ્ઞાથી સદાશિવ બ્રહ્મા, વિષ્ણુ અને હર પર અનુગ્રહ કરે છે આથી સંસારચક્રનો પ્રારંભ થાય છે.

અહીં શાસ્ત્રાનુસાર યથાસંખ્ય અલંકારનું ખૂબ સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. યોગ્ય ક્રમમાં સૃજન અને વિસર્જનની વાત કરી છે અથવા તો તિરોધાન અને અનુગ્રહની (= પુનઃ સર્જનના) ક્રમશઃ રજૂઆત કરવામાં આવી છે.

**(૨૫) त्रयाणां देवानां .... ०मकुटाः ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીપૂજાનો નિર્દેશ છે. 'હે શિવે, એમ શિવાને - દેવીને સંબોધન છે. સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણે ગુણોમાંથી જન્મેલા ત્રણ દેવોની પૂજા માત્ર દેવીનાં બન્ને ચરણની પૂજાથી જ સંપન્ન થાય છે. કારણ કે, શ્રીમાનાં ચરણો પાસે ત્રણેય દેવો જ્યાં મણિ જડેલું આસન છે ત્યાં હાથ જોડી, મુગટ નમાવીને ઊભા રહ્યા છે.'

પ્રસ્તુત પદ્યમાં મા ભગવતીનાં શ્રીચરણોની પૂજાનો મહિમા છે તેમની પૂજાથી જ ત્રિદેવોની પૂજા

સંપન્ન થાય છે એમાં કાવ્યલિંગ અલંકાર છે. ત્રિદેવોની પૂજા માટેનું કારણ આપ્યું છે. એ સિવાય મણિજડિત બાજોઠમાં ઋદ્ધિમત્ વર્ણનરૂપ પ્રથમ ઉદાત્ત અલંકાર છે. મા ભગવતીનાં બે ચરણોના મહિમાગાનમાં દ્વિતીય ઉદાત્ત છે.

त्रयाणां, त्रिगुणा, पूजा, पूजा, मुकुलित मकुटा માં त्र, त्र, प, प અને म, म વર્ણોના શ્રવણમધુર અનુપ્રાસો છે.

શ્રીમાનું સાન્નિધ્ય ત્રિદેવોને મળ્યું તેમાં શ્રીમાની કૃપા જ છે. કૃપાપ્રસાદ વગર તે શક્ય નથી. એટલે શ્રીમાનાં શ્રીચરણોની પૂજાનું માહાત્મ્ય ધ્વનિ છે. રાજાની પૂજા સાથે જેમ સેવકની પૂજા થઈ જાય તેમ જ અહીં મા ભગવતીનાં શ્રીચરણોની પૂજા સાથે શ્રીમા દ્વારા જ ઉત્પન્ન અર્થાત્ તેમના સત્ત્વ, રજસ્, તમોગુણમાંથી ઉદ્ભવેલા બ્રહ્મા, વિષ્ણુ, મહેશની પૂજા પણ થઈ જ જાય છે.

અદ્વૈતવેદાન્તની દૃષ્ટિએ બ્રહ્મન્ અધિષ્ઠાન છે અને અન્ય દેવતાઓ તેના પ્રતિબિંબો છે અથવા આરોપણ છે. શિવા એટલે ચિત્શક્તિ જેનું શિવ સાથે શાશ્વત સાયુજ્ય (union) છે. આવો વસ્તુધ્વનિ પણ નિષ્પન્ન થાય છે.

**(૨૬) विरिञ्चिः ..... त्वत्पतिरसौ ॥**

પ્રસ્તુત પદ્યમાં સતીના પતિ શિવજીની મૃત્યુંજયતા/અમરતાનો મહિમા વર્ણવાયો છે. 'કલ્પાન્ત એટલે મહાપ્રલય સમયે બ્રહ્મા, વિષ્ણુ, યમ, કુબેર અને જેને ક્યારેય તંદ્રા આવતી નથી તેવો ઈન્દ્ર પણ મૃત્યુ પામે છે. માત્ર તારો પતિ = સતીનો પતિ સદાશિવ એકલો જ વિહાર કરે છે.'

અત્રે શિવમહિમાનું નિરૂપણ છે. અલબત્ત એમાં પણ સતી = પાર્વતીના સતીત્વ અર્થાત્ તપોબળે શિવજી એકલા જ મહાપ્રલય અર્થાત્ કલ્પાંત સમયે વિહરે છે. બધા દેવોનો નાશ થાય છે. એકમાત્ર સદાશિવનો વિનાશ થતો નથી. પ્રસ્તુત પદ્યમાં વિશેષોક્તિ અલંકારધ્વનિ છે. આ રીતે – વિશેષોક્તિમાં કારણ હોય તો પણ કાર્ય થતું નથી. અહીં મહાપ્રલય કારણ છે જેમાં સમગ્ર સૃષ્ટિનો વિનાશ થાય છે પરંતુ સદાશિવના મરણરૂપી કાર્ય થતું નથી. સતીનો પ્રભાવ એ અલબત્ત સૂક્ષ્મ કારણ છે. આ વિગત વ્યંજિત થાય છે એટલે વિશેષોક્તિ અલંકારધ્વનિ છે. શિવ અને શિવાના ઉપર્યુક્ત મહિમામાં અન્ય સર્વ દેવતાઓથી શ્રેષ્ઠત્વ એવો વ્યતિરેકધ્વનિ પણ છે જ.

વળી પ્રસ્તુત પદ્યમાં વિરિઞ્ચિ, વિરતિં... ઇત્યાદિમાં 'વ'નો અનુપ્રાસ ધ્યાનાર્હ છે. જે ગેયતાને નિષ્પન્ન કરે છે.

દેવીનાં પાતિવ્રત્યનો અનોખો મહિમા છે એટલે after all શક્તિનું સામર્થ્ય નિહિત છે તેથી જ તો સદાશિવ સદાય 'શિવ' રહે છે. અમર રહે છે. આખરે ચિત્ શક્તિની જ મહાનતા વ્યંજિત થાય છે.

કવિનો ઇષ્ટદેવતાવિષયક રતિભાવ સુપેરે વ્યંજિત થયો છે. આમ ભાવધ્વનિ અનુભવી શકાય છે.

**(૨૭) जपो जल्पः शिल्पं..... विलसितम् ॥**

પ્રસ્તુત પદ્ય શંકરાચાર્યના જ એક 'શિવમાનસપૂજા' સ્તોત્રની યાદ અપાવે છે. જેમાં જે, જે કાર્યો સાધક કરે છે તે બધાં જ શિવને અર્પણ કરે છે. અત્રે પણ ભક્તિનો ઉદ્રેક છે અને ભક્ત પોતાનાં સઘળાં કાર્યો ભગવતીની પૂજા તરીકે કરે છે. આમ કર્મમાં પણ સમર્પણ કઈ રીતે કરવું તેનું નિરૂપણ પ્રસ્તુત પદ્યમાં છે.

'હું બોલું તે જપ, હાથ વગેરેની ક્રિયા તે મુદ્રારચના, મારી ગતિ તે શ્રીમાની પ્રદક્ષિણા, ભોજન તે આહુતિ, પડ્યા રહેવું તે પ્રણામ અને બધા જ સુખોનો ઉપભોગ તે આત્મસમર્પણની દૃષ્ટિ – આમ હું જે કાંઈ કરું તે તારી સપર્યા/સેવામાં પરિવર્તિત થઈ જાય' – આ રીતે કવિ પ્રત્યેક ક્રિયામાં કઈ રીતે શ્રીમાની પૂજા થાય તેનું વર્ણન કરે છે.

પ્રસ્તુત પદ્યમાં ઉલ્લેખ અલંકાર છે.

ભોજનરૂપી આહુતિમાં રૂપક છે.

આ બધું ક્રમશઃ નિરૂપણ છે તેથી યથાસંખ્ય અલંકાર પણ છે. ઉલ્લેખિત ત્રણેય અલંકારોનો હૃદયરમ્ય સંકર થયો છે.

ભોજનની આહુતિમાં 'अहं वैश्वानरो भूत्वा' ઇત્યાદિ ભગવદ્ગીતાના 15મા અધ્યાયના (15/14) શ્લોકનો જ પ્રતિઘોષ અનુભવાય છે.

વળી જ, સ, પ્ર ઇત્યાદિ વર્ણોના અનુપ્રાસો શ્રુતિમધુર છે. વળી શ્રીમાની બાહ્યપૂજા કરતાં આંતરપૂજાનું માહત્મ્ય આમાં ધ્વનિત થાય છે.

સમયમાર્ગમાં આંતરિક અર્થાત્ માનસી પૂજાનું વિશેષ મહત્ત્વ છે. એથી સહસ્રાર ચક્રમાં શાશ્વત ધ્યાન થાય છે.

અહીં મા ભગવતીની આંતરિક અથવા માનસપૂજાની વાત છે, સમાંતરે શિવમાનસપૂજાસ્તોત્રમાં પણ કવિ આવી જ વાત કરે છે – आत्मा त्वं गिरिजा मतिः सहचराः प्राणाः शरीरं गृहम् – ઇત્યાદિ (પદ્ય - 4 बृहद्स्तोत्ररत्नाकर, P. 221)

અત્રે ઉપર્યુક્ત ત્રણ અલંકારો દ્વારા ભગવતીની પૂજાના માહાત્મ્યરૂપ વસ્તુધ્વનિ વ્યક્ત થયો છે.

જપોજલ્પ દ્વારા અજપાજપની વિગત પણ ધ્વનિત થાય છે. (આનન્દગિરિયા ટીકા, પૃ. 241)

**(૨૮) सुधामप्यास्वाद्य .... ताटङ्कमहिमा ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીનાં કુંડળનો મહિમા વર્ણવ્યો છે. કાનનાં કુંડળો સૌભાગ્યનાં ચિહ્નોમાંથી એક છે. અહીં તેને સૌભાગ્યના પ્રતીક તરીકે સમજવાનું છે. પદ્યનો ભાવાર્થ છે 'શત્રુભય, વૃદ્ધાવસ્થા અને

મૃત્યુને હરનાર એવા અમૃતનું પાન કર્યું હોવા છતાં બ્રહ્મા, ઇન્દ્ર ઇત્યાદિ દેવો પ્રલયકાળમાં મૃત્યુ પામે છે જ્યારે ભયંકર હળાહળ વિષનું પાન કરનાર શિવ સામે કાળનું કંઈ ચાલતું નથી તે દેવીનાં તાટંક અર્થાત્ કર્ણાભૂષણનો જ મહિમા છે.'

પ્રસ્તુત પદ્ય કવિકલ્પનાની દૃષ્ટિએ પણ મનોરમ છે. વળી વ અને ક ના અનુપ્રાસો છે તેથી શબ્દાલંકાર મનોહર છે પરંતુ અર્થાલંકારો પણ રમ્ય રચાયા છે. વિભાવના અને વિશેષોક્તિનો સંકર છે – બ્રહ્માદિ દેવતાઓનું અમૃતપાનને લીધે મૃત્યુહરણરૂપ કારણ નથી પરંતુ મૃત્યુરૂપ કાર્ય થાય છે (પ્રલયકાળે મૃત્યુ થાય છે.) એમ વિભાવના છે. એ જ રીતે શિવને મૃત્યુનો ભય નથી પણ મૃત્યુનું કારણ છે જ કારણ કે, શિવજીએ હળાહળ વિષનું પાન કર્યું હતું છતાં મૃત્યુરૂપી કાર્ય થતું નથી. આથી વિશેષોક્તિ છે. આ બન્ને અલંકારો **વ્યંગ્ય** છે. અર્થાત્ વિભાવના વિશેષોક્તિ અલંકારધ્વનિ છે. શ્રીમાનાં તાટંક મહિમામાં વ્યતિરેક છે. વળી શ્રીમાનાં કુંડળો ગરુડમણિવિશેષથી ઘટિત છે કે વિષહર છે ? બન્ને નથી. અહીં વિતર્કરૂપ વસ્તુ વ્યંગ્ય થાય છે. અન્ય દેવતાઓની પત્નીઓનાં સૌભાગ્ય નશ્વર છે જ્યારે મા ભગવતીનું સૌભાગ્ય અવિનશ્વર છે એવો **વસ્તુધ્વનિ** પણ વ્યક્ત થાય છે. વળી દેવતાઓને વિચિત્ર ફળની પ્રાપ્તિ થાય છે. તેમાં વિચિત્ર અલંકાર પ્રતીત થાય છે.[1] વળી દેવી સાથે શિવજીનો અવિનાભાવ પણ વ્યંજિત થાય છે. આ બધા વ્યંગ્યાર્થો સિવાય કવિનો દેવી પ્રત્યેનો અખૂટ ભક્તિભાવ વ્યંજિત થાય છે કહો કે દેવીની 'તાટંકલીલા' છે. 'લલિતાસહસ્રનામ' સ્તોત્રમાં પણ 'ताटङ्कयुगलीभूततपनोडुपमण्डला'[2] – એમ શ્રીમાનાં કર્ણાભૂષણ તરીકે સૂર્ય અને ચન્દ્રને કલ્પ્યા છે. 'ताटंकमहिमा' માં કારણ અને કાર્યનો 'आयुर्घृतम्' ની જેમ અભેદ છે. તેથી અહીં લક્ષણામૂલધ્વનિ છે. (વિશેષ માટે જુઓ સૌન્દર્યલહરી, 'લક્ષ્મીધરા', સૌભાગ્યવર્ધિની ટીકા, પૃ. 244-46)

**(૨૯) किरीटं वैरिञ्चं..... परिजनोक्तिर्विजयते ॥**

પ્રસ્તુત પદ્ય દેવીની પતિમિલનની આતુરતાને વ્યક્ત કરે છે. ભાવાર્થ કંઈક આવો છે : ભગવાન શંકર અચાનક દેવીનાં ભવનમાં આવે છે. સ્વાભાવિક રીતે જ શ્રીમા ભગવતી શિવજીને પ્રણામ કરવા, તેમનું સ્વાગત કરવા ઊભાં થાય છે. ચાલવાનો ઉપક્રમ પણ છે જ. એ સમયે દાસીઓ કહે છે – 'બ્રહ્માનો મુગટ દૂર કરો, કૈટભરાક્ષસને હણનાર વિષ્ણુનો મુગટ પણ ખસેડો, નકામી ઠોકર લાગે. જમ્ભ નામના રાક્ષસને મારનાર ઇન્દ્રના મુગટને પણ બાજુએ રાખો – એવી પરિજનોની વાણી વિજય પામે છે.'

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાને બ્રહ્માદિક દેવતાઓ પ્રણામ કરે છે એમાં તેમનો મહિમા વ્યંજિત થયો છે. મા ભગવતીનો શિવજી પ્રત્યેનો અખૂટ પ્રેમભાવ છે. શ્રીમા પક્ષે પણ અહીં પ્રેમભાવને લીધે શિવજી પ્રત્યેનો ભક્તિભાવ વ્યક્ત થયો છે. આથી પ્રેયસ્ અલંકાર છે.

---

1. स्वविपरीतफलनिष्पत्तये प्रयत्नो विचित्रम् । (अलं स. सू. ४४)

   અહીં દેવતાઓએ અમૃત માટે પ્રયત્ન કર્યો, અમૃત મળ્યું, પરંતુ પ્રલયકાળમાં તેમનું મૃત્યુ નિશ્ચિત છે તેથી વિપરીત ફળ મળ્યું કહેવાય. તેથી આશ્ચર્યના હેતુરૂપ 'વિચિત્ર' નામનો અલંકાર થયો છે.

2. લલિતાસહસ્રનામ, પદ્ય - 8

'લક્ષ્મીધરા' ટીકા પ્રમાણે અહીં બ્રહ્માદિના મુગટનું નિરૂપણ સમૃદ્ધિમદ્ વસ્તુવર્ણનરૂપ ઉદાત્ત છે. અર્થાત્ અલંકાર દ્વારા અલંકારની વ્યંજના થઈ છે. (પૃ. 249) ઉદાત્ત દ્વારા રસવદ્ અલંકારની વ્યંજના થઈ છે. (પૃ.249) આમ શ્રીમાનો શિવજી પ્રત્યેનો રતિભાવ સુંદર રીતે વ્યક્ત થયો છે. કારણ કે શ્રીમા ભગવતી શિવજીને જોતાં જ સંભ્રમપૂર્વક ઊભાં થયાં છે. એટલે પરિજનોનો ચિંતાભાવ જે અહીં વ્યભિચારી ભાવ છે સહજ છે. રખેને ! શ્રીમાનાં ચરણો સાથે દેવતાઓના મુગટ અથડાઈ જાય ! ઉદાત્ત અલંકારથી મહાજનનું - મહાન દેવનું વૃત્તાન્ત વ્યંજિત થતાં અલંકારથી વસ્તુવ્યંજના પણ થઈ છે.

આ સિવાય અન્ય બે પ્રકારના ધ્વનિ પણ વ્યંજિત થાય છે. શિવજીનો પણ તેમની સહધર્મચારિણી પ્રત્યે અપાર પ્રેમ છે. તેઓ દેવીને મળવા સ્વયં આવ્યા છે. શિવશક્તિનું સાયુજ્ય છે, સામરસ્ય છે. બન્નેનો અન્ય દેવતાઓ કરતાં પરસ્પર જે ભાવાવેશ, પ્રેમાવેશ છે તે સુપેરે વ્યક્ત થયો છે. શિવજી પાર્વતીને મળવા આવ્યા છે તેમાં પણ ઉમાની જ સર્વોપરીતા વ્યંજિત થાય છે. આ બન્ને **વસ્તુધ્વનિ** પણ પ્રેયોલંકાર દ્વારા વ્યક્ત થયા છે. આમ અલંકાર દ્વારા વસ્તુવ્યંજના સિદ્ધ થાય છે.

**(૩૦) स्वदेहोद्भूता.... नीराजनविधिम् ॥**

પ્રસ્તુત પદ્યમાં મા ભગવતીનાં દેહમાંથી નીકળતાં અષ્ટસિદ્ધિરૂપ કિરણોની વાત કરવામાં આવી છે અને નિત્ય એવાં કિરણોથી ચારેય બાજુથી સેવન કરવા યોગ્ય એવાં શ્રીમા ભગવતી સાથે 'તું તે હું' તેવા અભિન્ન ભાવે જે ધ્યાન કરે છે તેને માટે તે ત્રિનયનની સમૃદ્ધિને તણખલા સમાન ગણે છે. અને આવા સાધક ભક્તની આરતી મહાપ્રલયકાળનો અગ્નિ ઉતારે તેમાં શું આશ્ચર્ય ?

त्रिनयनसमृद्धिं तृणयतः – એમાં ઉપમા છે અને મહાપ્રલયકાળનો અગ્નિ તેની આરતી ઊતારે એમાં વ્યતિરેક રહેલો છે. આમાં સાધકની ધન્યતા છે. સાધકની શ્રેષ્ઠતા પણ પ્રતીત થાય છે.

આમ નિરંતર ભવાનીના ધ્યાનથી બ્રહ્મસ્વરૂપસંપત્તિ વડે સાધક જગત માટે પૂજનીય બની જાય છે એવો **વસ્તુધ્વનિ** આમાંથી ફલિત થાય છે. (વિશેષ માટે જુઓ પદાર્થચન્દ્રિકા, પૃ. 256)

ત્રિનયન શિવની ત્રણ આંખો સૂર્ય, ચન્દ્ર અને અગ્નિનું સૂચન કરે છે. અથવા ઈડા, પિંગળા અને સુષુમ્ણાનાડીનું પણ સૂચન સમજી શકાય.

तृणायते – નામધાતુના સુંદર પ્રયોગ દ્વારા ઉપમાલંકાર રચવામાં આવ્યો છે.

**(૩૧) चतुष्षष्ट्या तन्त्रैः .... ०दम् ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીનાં સ્વતંત્ર તંત્રની વાત કરવામાં આવી છે. '64 તંત્રો - સિદ્ધાન્તોની - સિદ્ધિઓનો આધાર તત્, તત્ સિદ્ધિઓના જન્મ પર રહેલો છે. આવી રચના કરી સકળ માયામય જગતને છેતરીને ભગવાન શિવ સ્થિર થઈ ગયા પણ તારા આગ્રહથી તારા સ્વતંત્ર સિદ્ધાંતને (તમામ પુરુષાર્થની સિદ્ધિ માટે) પૃથ્વીના પટ પર ઉતાર્યો.'

આમ મા ભગવતીનું તંત્ર શ્રેષ્ઠ છે એવો વસ્તુધ્વનિ અહીં રહેલો છે.

डिण्डिमभाष्य टीका (पृ. 273) એક અન્ય ગર્ભિત અર્થ સૂચવે છે. ભગવાન શિવે તારી આજ્ઞાથી સ્વતંત્ર એવું તારું તંત્ર પ્રકાશિત કર્યું. તારી આજ્ઞાનું ઉલ્લંઘન શિવજી પણ નથી કરતા ત્ઓો બ્રહ્માદિ દેવોની શી વિસાત ? અત્રે આવો ધ્વનિ પણ નિહિત છે.

**(૩૨) शिवः शक्ति..... नामावयवताम् ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીમંત્ર છે. તંત્રની વિગત હોઈ આપણે અત્રે માત્ર નોંધ જ લઈશું. આ વિગત શ્રી શંકરાચાર્યે ક્રમશઃ દર્શાવી હોવાથી અહીં યથાસંખ્ય નામનો અલંકાર થયો છે. શિવ, શક્તિ, કામ અને ક્ષિતિ, રવિ, શીતકિરણ, સ્મર, હંસ અને ચક્ર તે પછી પરા, માર અને હરિ – આ રીતે વર્ણોના ત્રણ સમુદાયો પણ હૃદયરેખા સાથે (પોતપોતાના) છેડાઓ સાથે જોડાય છે ત્યારે આપના નામના અવયવો બને છે.

અહીં સચ્ચિદાનંદની કલાનું સૂચન છે.

વળી બધા પ્રાણીઓના હૃદયમાં પ્રાણશક્તિરૂપા મા રેખાની જેમ જાગ્રત છે. મંત્રોના જીવરૂપે પણ જાગ્રત છે. તેથી હલ્લેખા કહેવાય છે. આવા અર્થનું સૂચન 'સૌભાગ્યવર્ધિની' ટીકા કરે છે. (પૃ. 287) અહીં આથી **वस्तुध्वनि** રહેલો છે.

**(૩૩) स्मरं योनिं लक्ष्मीं..... ०शतैः ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ મંત્રશક્તિની વાત છે. તેથી તેનો ભાવાર્થ આપી કવિત્વસંબન્ધી જ નિર્દેશ કરીશું.

'કામદેવ, ભુવનેશ્વરી, શ્રીબીજ – એ ત્રણેયને તારા મંત્રમાં જોડીને હે આદિ અને અંત વિનાની – નિરવધિ અનંત દેવી, શાશ્વત સુખનો અનુભવ કરનારા, ચિત્ત કલારૂપી મણિઓને ત્રિગુણ (સત્ત્વ, રજસ્ અને તમસ્)રૂપી દોરામાં પરોવી અમર માળા ધારણ કરે છે અને (કુંડલિનીના મુખરૂપી) શિવાગ્નિમાં (હવનકુંડમાં) કામધેનુના ઘીની સેંકડો આહુતિઓ આપી (દેવો) તને ભજે છે.'

પ્રસ્તુત પદ્યમાં આહુતિની સ્વાભાવિક વિગત આપી છે. ઉપાસના વિધિમાં યથાસંખ્ય અને સ્વાભાવોક્તિ અલંકાર છે. ચિત્ કલારૂપ મણિ, ત્રિગુણ – સત્ત્વ, રજસ્ અને તમસ્ રૂપી દોરા અને શિવાગ્નિરૂપી હવનકુંડમાં રૂપક અલંકાર છે. બીજમંત્રમાં કલીં, હ્રીં અને શ્રીં – ત્રણેય બીજ નિહિત છે.

'આનન્દલહરી' ટીકા શ્રીમાનાં મહિમાનો નિર્દેશ કરે છે. એમાં વ્યતિરેક ધ્વનિ છે. જેમની પાસે ચિંતામણિની અક્ષમાલા છે. (= જપ કરવા માટે) અને કામધેનુ ગાયનું ઘી આહુતિ અર્પવા માટે છે તેવા ઇન્દ્રાદિ દેવો પણ તેને ભજે છે એમ ભાવ છે. અહીં ચિંતામણિ, કામધેનુના ઉલ્લેખથી 'ઋદ્ધિમત્' ઉદાત્તાલંકાર વર્ણવાયો છે. 'निधायैके नित्यं' માં 'न' ના અનુપ્રાસો કર્ણપ્રિય બન્યા છે.

**(૩૪) शरीरं त्वं ..... परानन्दपरयोः ॥**

પ્રસ્તુત પદ્યમાં શિવ-શક્તિના અદ્વૈતની વાત છે. 'શ્રીમા ભગવતી સ્વયં શંભુનું શરીર છે. સૂર્ય

અને ચન્દ્ર તારું વક્ષસ્થળ છે. તારો નિર્દોષ આત્મા શંકરનો નવો આત્મા છે. એટલે કે તમે બન્ને = શંકર અને પરાશક્તિ એકરસ બની ગયાં છો. તેથી તમારો સંબન્ધ શેષ અને શેષી જેવો (એકાત્મ ભાવવાળો છે)'

આ રીતે શિવ-શક્તિનું સામરસ્ય* અત્રે વર્ણવ્યું છે. અદ્વૈતની (વસ્તુ) વ્યંજના છે.

અહીં એક જ આધાર - મા ભગવતી છે. એમાં શ્રીશંકર અને સૂર્ય-ચન્દ્રરૂપ સ્તન રહેલાં છે. એકમાં અનેકનું ક્રમથી રહેવું એ પર્યાય અલંકાર છે. અહીં પ્રથમ પ્રકારનો પર્યાય સંભવે છે. પરંતુ અંતિમ બે પંક્તિમાં શિવ-શક્તિનું સામરસ્ય અને અધિષ્ઠાનસામ્ય પણ વર્ણવ્યું છે. એટલે એમાં બન્નેના ઐક્યનો અને સમરસતાનો **વસ્તુધ્વનિ** વ્યંજિત થાય છે.

**(૩૫) मनस्त्वं..... विमृषे ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીની સર્વવ્યાપકતાનો નિર્દેશ છે. એક જ દેવી અનેકરૂપે છે. 'જેમકે મન, આકાશ, પવન, અગ્નિ, જળ, ભૂમિ છે. તારા વિસ્તારથી બહાર કશું જ નથી. શ્રીમાને 'શિવયુવતિ' એવું સંબોધન છે. જે ચિરયુવા હોવાની વ્યંજના વ્યક્ત કરે છે. શ્રીમાએ પોતાનો વિસ્તાર કરવા વિશ્વરૂપી દેહ વડે પોતાના બ્રહ્મસ્વરૂપનો વિસ્તાર કર્યો છે.'

અત્રે એક દેવી મન, આકાશરૂપે - અનેકરૂપે છે તેમાં **ઉલ્લેખ** છે. વળી ક્રમશઃ નિરૂપણ છે એટલે યથાસંખ્ય છે. એક જ આધેયમાં દેવી વિશ્વરૂપ આધાર બની રહ્યાં છે. એટલે અધિક ધ્વનિ છે. સમાંતરે નરસિંહ મહેતાની કાવ્યની પંક્તિઓનું સ્મરણ થાય છે. – 'પવન તું પાણી તું, ભૂમિ તું ભૂધરા, વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે... ઇત્યાદિ.

ઉલ્લેખ અલંકાર દ્વારા શ્રીમાનાં વિશ્વરૂપ દેહના વિસ્તારરૂપ વસ્તુ વ્યંગ્ય થાય છે. આકાશ ઇત્યાદિ પંચમહાભૂત રૂપ વસ્તુ વ્યંગ્ય પણ આ પદ્યમાં નિહિત છે જ; જેના દ્વારા આ વિશ્વનું સર્જન થાય છે.

શ્રી અરવિન્દે 'સાવિત્રી' મહાકાવ્યમાં શ્રીમાનાં દેહનું સૌન્દર્ય અનંત છે એમ વર્ણવ્યું છે.

मनस्तत्त्वं व्योम એમ શ્રી શંકરાચાર્યે કહ્યું છે. જ્યારે અહીં શ્રીઅરવિન્દ શ્રીમાને સ્વરૂપાતીત છતાં સ્વરૂપધારી એ રીતે વર્ણવે છે.

વાંચો સાવિત્રી –

> The Formless and Formed were joined in her
> Immensity was exceeded by a look (P. 314)

અને એટલે અનંત આનંદનું ધામ છે જેને અંધ જગત મેળવવા મથે છે પણ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે.

---

*. સામરસ્યની વિશેષ ચર્ચા સૌન્દર્યલહરી પદ્ય 92માં છે એટલે વિશેષ ચર્ચા ત્યારે કરીશું.

The boundless joy the blind world forces seek
Her body of beauty mooned the seas of bliss – (P. 314)

**(૩૬) तवाज्ञाचक्रस्थं ..... भालोकभुवने ॥**

પ્રસ્તુત પદ્યમાં ઉપનિષદની વાણીમાં શિવ અને શક્તિ તથા એમના અદ્વૈતનું અને એમના પ્રભાવનું નિરૂપણ કર્યું છે. કવિ કહે છે કે 'હે દેવી, તારા આજ્ઞાચક્રમાં રહેલા અને અગણિત સૂર્ય અને ચન્દ્રનો પ્રકાશ ધારણ કરનારા પરમ શિવને હું વંદન કરું છું. પરમ શિવનું વામાંગ પરમ ચૈતન્યરૂપા (પાર્વતી) સાથે ભળી ગયું છે. આવા શિવની આરાધના કરે તે એકાંતમય પ્રકાશમય જગત કે જ્યાં સૂર્ય, ચન્દ્ર કે અગ્નિ નથી એવા અદૃશ્ય એકાંતમાં (= સહસ્રારચક્રમાં) વસે છે.'

અહીં એક નહીં પણ અનેક સૂર્ય, ચન્દ્ર અને અગ્નિના તેજની વાત છે. એથી પણ પારના તેજમાં શિવ-શક્તિની આરાધના કરતો સાધક પહોંચે છે. અહીં વ્યતિરેક અલંકાર થયો છે. અને न तत्र सूर्यो भाति न चन्द्रतारकौ नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।[1] એ મુંડક ઉપનિષદનું વાક્ય સ્મરણમાં આવે છે. तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ।[2] વળી આ પંક્તિઓ કઠોપનિષદના દ્વિતીય અધ્યાય અને દ્વિતીય વલ્લીમાં પણ છે.

મહાયોગીઓનું આ સ્થાન છે એવો વસ્તુધ્વનિ નિષ્પન્ન થાય છે. 'સાવિત્રી'માં દિવ્ય માના વર્ણનમાં શ્રી અરવિન્દ શ્રીમાનાં ભવ્યસ્વરૂપનું આલેખન કરતાં નિર્દેશે છે –

She is the Force, the inevitable word,
The magnet of our difficult ascent,
The Sun from which we kindle all our suns,
The Light that leans from the unrealised Vasts – Savitri, P. 314

એ જ રીતે સત્યવાન - સાવિત્રીના પ્રથમ મિલનની વેળાએ સત્યવાન સાવિત્રીને સંબોધે છે તેમાં પણ સાવિત્રીને, જે દિવ્ય માતાજીનો જ અવતાર છે – સાવિત્રી ગ્રીષ્મ કરતાં પણ તેજસ્વી અને પુષ્પો કરતાં પણ ચમકતી છે. સૂર્યપ્રકાશ જાણે સ્વર્ણિમ યુવતીમાં પરિવર્તિત થઈ ગયો છે એમ ઉત્પ્રેક્ષાલંકાર દ્વારા કહે છે.

Brighter than summer, brighter than my flowers ...
O Sunlight moulded like a golden maid. – (Savitri, P. 400)

**(૩૭) विशुद्धौ ते शुद्धस्फटिक० .... चकोरीव जगती ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાનાં વિશુદ્ધિચક્ર અંગેની વાત કરવામાં આવી છે. ઉપમાદિ અલંકારોથી

1. મુંડક ઉપનિષદ - દ્વિતીય મુંડક, દ્વિતીય ખંડ- પદ્ય - 10 (P. 94)
2. કઠોપનિષદ - દ્વિતીય અધ્યાય, દ્વિતીય વલ્લી - પદ્ય - 15, એકાદશ ઉપનિષદો - અનુ. - રજનીકાંત મોદી, પ્રકાશક : સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ,1946 આવૃત્તિ, - બીજી.

પ્રસ્તુત પદ્ય વિભૂષિત છે પ્રથમ ભાવાર્થ જોઈએ. 'શ્રીમાની વિશુદ્ધિચક્રમાં = આકાશતત્ત્વના જનક શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ શિવની અને દેવીની સાધક ઉપાસના કરે છે. શિવા પણ શિવ સમાન જ છે. બન્નેની ચન્દ્રકિરણોની જેવી કાન્તિથી ત્રણેય લોક અંદરનો અંધકાર નષ્ટ થતાં ચકોરીની જેમ આનંદ કરે છે.'

શુદ્ધ સ્ફટિક જેવું સ્વચ્છ આકાશ એમાં ઉપમા છે. સાધારણધર્મવાચી શબ્દ લુપ્ત છે. એટલા પૂરતી લુપ્તોમા છે. સ્ફટિક ઉપમાન છે. વ્યોમ ઉપમેય છે. વિશદ = સ્વચ્છ સાધારણધર્મ છે. શિવ સમાન દેવી – એમાં પણ ઉપમા છે. એ સિવાય ચન્દ્રકિરણો જેવી કાંતિમાં પણ ઉપમા છે અને ચકોરીની જેમ જગત આનંદ પામે છે તેમાં પણ ઉપમા છે. ટૂંકમાં ઉપમાલંકારોની હારમાળા સર્જાઈ છે. અલબત્ત એ માલોપમા નથી પણ ઉપમાઓની સંસૃષ્ટિ છે.

'चकोरीव'માં શ્લેષમૂલક ઉપમા માની શકાય. જેમ ચકોરી ચન્દ્રકિરણોથી વિલસે છે તેમ પૃથ્વી તારાં કિરણોથી; એવો ભાવ છે. 'આનંદલહરી' ટીકામાં આવું વિશદ નિરૂપણ છે. (વિશેષ માટે જુઓ આનન્દલહરી ટીકા, P. 333) સંક્ષેપમાં એટલું નોંધીએ કે જેની કાન્તિ વડે સુષુમ્ણા નાડી ચન્દ્રિકા જેવી બની જાય છે. ચન્દ્રકિરણો સાથે સુષુમ્ણા પદ્ધતિનું સામ્ય છે.

આમ સુષુમ્ણા નાડીનો ધ્વનિ છે. સમગ્ર પૃથ્વી શિવ અને શક્તિની કાંતિ વડે જેમ ચન્દ્રકિરણોથી 'ચકોરી' તેમ આનંદિત થાય છે. અર્થાત્ જેમ ચન્દ્રકિરણોથી પક્ષીવિશેષ 'ચકોરી' આનંદિત થાય છે એમ જ શિવ-શક્તિની કાંતિ વડે સમગ્ર જગત આનંદિત થાય છે. સુષુમ્ણા ચન્દ્રિકા = ચાંદની જેવી છે. એટલે ઉપમાનની સંગતિ છે જ. વળી અંધકારનો નાશ અને પ્રકાશનો પ્રસાર એ વસ્તુધ્વનિ ઉપમાલંકાર દ્વારા વ્યંજિત થાય છે.

विशुद्धौ शुद्ध, कान्त्या यान्त्या માં યમક છે, अन्तर्ध्वान्ता માં પણ યમક છે. પરંતુ પ્રસ્તુત શબ્દાલંકાર શિવ-શક્તિ વિષયક રતિભાવધ્વનિમાં બાધક ન બનતાં સાધક બને છે. કારણ અહીં કોમળ એવા ઘોષ વ્યંજનોનો પણ પ્રયોગ છે.

**(૩૮) समुन्मीलत्० ..... पय इव ॥**

પ્રસ્તુત પદ્યમાં અનાહત કહેતાં હૃદયકેન્દ્રની વાત છે. ખૂબ મનોહર કલ્પના છે. રૂપક અને ઉપમા અલંકાર છે. પદ્યનું નાદ સૌન્દર્ય પણ ભાવકને પુલકિત કરે છે.

'વિકસતા જ્ઞાનરૂપી કમળમાંથી નીકળતાં રસિક, અવર્ણનીય મહાપુરુષના મનરૂપી માનસમાં વિચરતા હંસયુગલની = શિવશક્તિરૂપ હંસના જોડાની હું આરાધના કરું છું. આ હંસયુગલના મધુર સ્વર (= આલાપ) કહો કે સંગીતમય સુમધુર સ્વરથી 18 વિદ્યાઓનો વિકાસ થાય છે અને જેમ કોઈ પાણીમાંથી દૂધ કાઢી લે તેમ દોષમાંથી બધા ગુણો કાઢી લે છે.'

'संवित्कमल'માં = ચૈતન્યરૂપી કમળ એમ રૂપક છે. અવર્ણનીય મહાપુરુષના 'માનસ'માં વિચરનારા હંસયુગલ એટલે શિવ – શિવા કે પરમાત્મા અને તેની શક્તિના નિરૂપણમાં સંપૂર્ણ રૂપક છે. શિવ-પાર્વતી પર હંસયુગલનો આરોપ છે, જે અપહ્નુતિ દ્વારા સિદ્ધ થાય છે.

માનસહંસમાં રૂપક, શ્લેષ અને પયઃ ઇવમાં ઉપમા છે. તેથી બન્નેની સંસૃષ્ટિ સમજવી કારણ કે બન્ને સ્વતંત્ર રીતે રહેલા અલંકારો છે.

સુભગોદય મહાકાવ્યમાં પણ હૃદયરૂપી કમળમાં શિવ-શક્તિના નિવાસનો નિર્દેશ છે. 'લક્ષ્મીધરા'-પૃ. 334 પર વાંચો –

**''शिखिज्वालारूपः समय इह सैवात्र समया ।**
**तयोस्सम्भेदो मे दिशतु हृदयाब्जैकनिलयः ॥**

હંસયુગલ અદ્વૈતને અને પયઃની જેમ દોષમાંથી = અવિદ્યામાંથી ગુણ અર્થાત્ શબ્દ બ્રહ્મને પ્રકાશિત કરે છે. (કૈવલ્યવર્ધિની, પૃ. 340)

'હંસ' થી અહીં નીરક્ષીરવિવેકનું સૂચન કરવામાં આવ્યું છે. સાધકનો ગુણ છે વિવેક - જેમ હંસ = રાજહંસમાં આ શક્તિ છે જે દૂધ અને પાણીને છૂટાં કરી 'દૂધ'નું ગ્રહણ કરે છે તેમ જેના હૃદયમાં શિવ-શક્તિરૂપ હંસયુગલ વિહરતું હોય તેવો સાધક (= જ્ઞાની અને વિવેકદૃષ્ટિવાળો) પણ ગુણોનું ગ્રહણ કરી લે છે, દોષોને બાજુ પર મૂકી દે છે. સાધકમાં શમ, દમ, વિવેક, વૈરાગ્ય ઇત્યાદિ ગુણો હોવા અનિવાર્ય છે. અહીં વિવેકદૃષ્ટિરૂપી **'वस्तुध्वनि'** રૂપકાલંકાર દ્વારા વ્યંજિત થયો છે.

અન્ય એક વસ્તુધ્વનિ પણ છે. કવિસમયાનુસાર હંસમાં નીરક્ષીરવિવેકની શક્તિ છે. હંસેશ્વર અને હંસેશ્વરી ભક્તને हंसः – सोऽहम् એ મહાવાક્યની દીક્ષા આપે છે અને તેઓ 54 વાયવ્ય મયૂખ એટલે વાયુનાં કિરણોથી ઘેરાયેલાં છે.

પ્રથમ પંક્તિમાં સ, સ ના ક, ક ના, દ્વિતીયમાં મ, મ ના અનુપ્રાસો ધ્યાનાર્હ છે. અનુપ્રાસોથી શ્રુતિમાધુર્ય સર્જાયું છે.

**(૩૯) तव स्वाधिष्ठाने..... रचयति ॥**

અહીં સ્વાધિષ્ઠાન ચક્રમાં રહેલા અગ્નિની* વાત છે. કવિ શ્રી માને કહે છે કે 'તારા સ્વાધિષ્ઠાનચક્રમાં અગ્નિતત્ત્વને બરાબર સ્થાપીને પ્રલયકાળનો જે સંવર્તાગ્નિ છે તેની અને સમયમાર્ગની દેવી અર્થાત્ તારી સમયાદેવીની પૂજા કરું છું. જ્યારે પ્રલયનો અગ્નિ ક્રોધભરી નજરથી ત્રણેય લોકોને સળગાવી દેવા માંડે છે ત્યારે સમયાદેવીની દયાર્દ્ર નજરથી એમને ઠંડક વળે છે.'

પ્રસ્તુત પદ્યમાં વિરોધાલંકાર છે. શિવની ક્રોધપૂર્ણદૃષ્ટિ અને સમયા/શિવાની દયાર્દ્ર દૃષ્ટિમાં વિરોધ છે. અહીં શિશિર ઉપચારની રચનામાં કાવ્યમય કાવ્યલિંગ અલંકાર છે.

શ્રીમા પોતાના રજોગુણ દ્વારા ફરી પાછું જગત ઉત્પન્ન કરે છે એવો **वस्तुध्वनि** પણ નિહિત છે.

---

*. સમયાગમ પ્રમાણે અહીં ચક્રોમાં તત્ત્વોની વિગતો છે. બાકી સ્વાધિષ્ઠાનમાં જળ તત્ત્વ અને મણિપુરમાં અગ્નિતત્ત્વ હોય છે.

શિવની દૃષ્ટિ લોકોને ભસ્મ કરે છે અને શિવાની દૃષ્ટિ શીતલ ઉપચાર કરે છે એમાં વિરોધાલંકાર છે.

**(૪૦) तडित्वन्तं शक्त्या ..... त्रिभुवनम् ॥**

પ્રસ્તુત પદ્યમાં મણિપુરચક્રની નિરૂપણા છે. 'શ્રીમાનાં મણિપુરચક્રના શરણમાં ગયેલા શ્યામ મેઘોનું સ્વરૂપ ધારણ કરનાર 'कं' = જળની સેવા કરું છું. જેમાં અંધકારની શત્રુ એવી વીજળીની ચમક આભૂષણોમાં જડેલાં વિવિધ રત્નોની ચમકની માફક ઈન્દ્રધનુષનું રૂપ ધારણ કરે છે અને જે અગ્નિ અને સૂર્યનાં તાપથી તપ્ત એવા ત્રિભુવન પર વર્ષા કરે છે.'

'લક્ષ્મીધરા' હરમિહિરમાં રૂપક માને છે. હર રૂપી સૂર્ય, ગાઢાં વાદળ શિવ છે એટલે ઉપમેય છે તેનું નિગરણ છે. આથી નિગરણમૂલક અતિશયોક્તિ છે. વિદ્યુત એ શિવા છે. એ પણ ઉપમેય છે. અહીં પણ ઉક્ત અતિશયોક્તિ છે. (પૃ. 345)

હરમિહિરને આ રીતે સમજાવી શકાય. હર જ્ઞાનને દૂર કરે છે હરી લે છે અને ઈચ્છા, ક્રોધ, કામ તરફ લઈ જાય છે તેથી અજ્ઞાનનું સૂચન કરે છે. જે સૂર્ય જેવા 'સત્'ને પરેશાન કરે છે પરંતુ શિવ જ્ઞાનરૂપી અમૃતની વર્ષા કરે છે. આવો ગૂઢાર્થ પણ રહેલો છે. ('આનંદલહરી', પૃ. 350) અને (કૈવલ્યવર્ધિની, પૃ. 351)

**(૪૧) तवाधारे मूले ..... जगदिदम् ॥**

પ્રસ્તુત પદ્યમાં ૬ઠ્ઠા અને અંતિમ એવા આધારચક્રનું નિરૂપણ છે. ભાવાર્થ છે – 'શ્રીમાનાં આધારચક્ર એટલે કે મૂલાધાર ચક્રમાં લાસ્ય નામના નૃત્યમાં તલ્લીન અને નવરસ ધરાવતા મહાન તાંડવનૃત્યકાર નટરાજ શિવનું હું ચિંતન કરું છું. આ બન્નેએ = શિવ અને શક્તિએ દયા કરીને, કરુણા કરીને જગતને ઉત્પન્ન કર્યું છે. તેથી જગત આ બન્નેથી સનાથ થયું બન્ને = માતા-પિતા જગતને મળ્યાં - એમ માનું છું.'

પ્રસ્તુત પદ્યમાં જગતની ઉત્પત્તિનું કારણ કાવ્યમય છે તેથી કાવ્યલિંગ છે અને પ્રકૃતનો ઉપયોગ = નૃત્યનો ઉપયોગ સર્જન માટે છે તેથી પરિણામ અલંકાર ધ્વનિત થાય છે. અલંકારથી અલંકારધ્વનિની વ્યંજના છે.

કૌલસિદ્ધાંત પ્રમાણે લાસ્ય (અને) નાટ્યનું સંવિધાન થાય ત્યારે પ્રકૃતિ અને પુરુષ = માતા અને પિતા જગતના પ્રપંચને ઉત્પન્ન કરે છે અને લાસ્ય નૃત્ય પૂર્ણ થતાં જગતનો સંહાર થાય છે.

તાંડવ પણ નૃત્યનો એક પ્રકાર છે. જેમાં કાવ્યશાસ્ત્રમાં નિર્દેશિત નવરસ = શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, અદ્‌ભુત, બીભત્સ અને શાન્તનો સમાવેશ થાય છે. આ નૃત્યનું મિશ્રિત સંવિધાન જગતનું કારણ છે. તેના દ્વારા જગતની ઉત્પત્તિ થાય છે એટલે શિવ-શક્તિને જગતના માતા-પિતા - 'पितरौ' કહ્યાં છે. સમાન્તરે કુમાર૦ ને યાદ કરીએ તો કાલિદાસે પણ શિવ-શક્તિને - પાર્વતી

અને પરમેશ્વરને જગતના માતા-પિતા કહ્યાં છે. – जगतः पितरौ वन्दे, पार्वतीपरमेश्वरौ । (कुमार० १/१) અલબત્ત અહીં વાણી અને અર્થથી તેઓ સંપૃક્ત છે. એમ પણ કહ્યું છે.

નવાત્મન્ આનંદભૈરવનું સૂચન કરે છે.

અહીં 'આનન્દલહરી', ભાગ-1 સમાપ્ત થાય છે.

આમ સૌન્દર્યલહરીના પ્રથમ ભાગમાં 41 પદ્યોમાં દેવીનાં ધ્યાનથી સાધકને પ્રાપ્ત થતા આનંદનું નિરૂપણ છે. જે સાધકો આધ્યાત્મિક રીતે બહુ આગળ ન વધ્યા હોય તેમના માટે કવિએ 'આનંદલહરી'ની રચના કરી છે. આવા સાધકોને પ્રથમ ભાગમાં નિરૂપિત ધ્યાન-સાધનાની આવશ્યકતા છે.

# સૌન્દર્યલહરી ભાગ : ૨

સૌન્દર્યલહરી ભાગ : 2માં મા ભગવતીના અનુપમ સૌન્દર્યનું વર્ણન કરવામાં આવ્યું છે. પદ્ય 42 થી 100 અથવા 103 પર્યન્ત પ્રસ્તુત નિરૂપણ કવિ કરે છે. અત્રે કવિસમયાનુસાર દેવીનું સૌન્દર્યનિરૂપણ હોવાથી મસ્તકથી ચરણપર્યન્ત દેવતાની સુંદરતાનું નિરૂપણ છે. જ્યારે માનુષી સુંદરતાનું નિરૂપણ ચરણથી મસ્તક પર્યન્ત કરવામાં આવતું હોય છે.

પદ્ય 42માં મસ્તકનું નિરૂપણ કરતાં તેમના મુગટ-crownનું ચારુતાસભર નિરૂપણ છે.

**(૪૨) गतैर्माणिक्यत्वं ..... धिषणाम् ॥**

કવિ કહે છે 'હે હિમાલયની પુત્રી, તારા સોનાના મુગટમાં આકાશના અનેક મણિઓ તારાઓ જડવામાં આવ્યા છે અને એમાં પૃથ્વીની માળા જેવો ચન્દ્રનો ટુકડો = બીજો ચન્દ્ર - મણિઓના પ્રકાશથી ચમકે છે. તેથી ઇન્દ્રધનુષ જેવો દેખાય છે. આનું નિરૂપણ કરનારા બુદ્ધિશાળીઓ-કવિઓ આને ઇન્દ્રધનુષ નહીં માને ?'

ટૂંકમાં પ્રસ્તુત પદ્યમાં શ્રીમા ભગવતીના અત્યંત રમણીય મુગટનું ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ ઇત્યાદિ અલંકારોની સહાયથી સુચારુ વર્ણન છે. શ્રીમાના મુગટમાં માણેક ઇત્યાદિ વિવિધ રત્નોથી યુક્ત ચન્દ્રનો ટુકડો અર્થાત્ બીજનો ચન્દ્ર છે, જેને વિશે કવિઓ ઇન્દ્રધનુષની ઉત્પ્રેક્ષા કરે છે. ચન્દ્ર જાણે કે ઇન્દ્રધનુષ જેવો છે. વળી અપહ્નુતિ અલંકાર પણ કલ્પી શકાય. આ ચન્દ્ર નથી પણ ઇન્દ્રધનુષ છે. – એ રીતે. ઉત્પ્રેક્ષામાં સંભાવના વ્યક્ત થતી હોય છે. અહીં ઉપમેય એવા ચન્દ્રની ઉપમાન ઇન્દ્રધનુષરૂપે ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. 'किम्' શબ્દ સંશયવાચક અને સંભાવનાવાચક પણ છે. આથી 'આ (= ચન્દ્રખંડ) છે કે ઇન્દ્રધનુષ ? એવો સંદેહ અલંકાર પણ છે. સંદેહમાં ઉપમેયની ઉપમાનરૂપે શંકા કરવામાં આવે છે. આમ અત્રે ઉત્પ્રેક્ષા અપહ્નુતિ અને સંદેહ અલંકારનો સંદેહસંકર અલંકાર થયો છે. ત્રણેય મળીને મિશ્રાલંકારની અદ્‌ભુત અભિવ્યક્તિ થઈ છે. વળી ચન્દ્રશકલનું ઇન્દ્રધનુ સાથે અધ્યવસાન થવાથી અતિશયોક્તિ (અર્થાત્ નિગરણમૂલક અતિશયોક્તિ) થઈ છે એમ 'લક્ષ્મીધરા' ટીકા (પૃ. 2) સ્વીકારે છે. પરંતુ આપણને ઉત્પ્રેક્ષા અને સંદેહનો સંદેહસંકર અહીં વિશેષ યોગ્ય જણાય છે. 'અરુણામોદિની' ટીકા (પૃ. 4) દેવીનાં શિર પર રહેલી ચન્દ્રકલામાં ઇન્દ્રધનુની ભ્રાંતિ માની ભ્રાંતિમાન્ અલંકાર માને છે. પરંતુ અહીં ઉપમેયમાં = ચન્દ્રકલામાં સીધેસીધી ઉપમાનની = ઇન્દ્રધનુની ભ્રાંતિ થતી નથી, કારણ કે કવિ પોતાની સંભાવના કે સંશયથી સભાન છે. ભ્રાંતિને બહુ બહુ તો ગમ્ય થતી માની શકાય, જો કે સંદેહ અલંકારની પ્રતીતિ બલવત્તર જણાય છે. બાકી તો અત્રે આખરે सहृदयाः एव प्रमाणम् ।

પ્રસ્તુત પદ્ય અનુપ્રાસાલંકારની ચમત્કૃતિથી પણ ભરપૂર છે. गतै, गगन; माणिक्य, मणिभिः; हैमं हिमगिरि; छायाच्छुरण, शबल, शकलं; धनुः शौनासीरं ઇત્યાદિમાં. ચન્દ્રખંડ અને ઇન્દ્રધનુની ઉત્પ્રેક્ષા અથવા અપહ્નુતિ વિસ્મયના ભાવને અભિવ્યક્ત કરે છે એટલે અહીં અદ્‌ભુત રસ પણ છે. જો કે અદ્‌ભુત રસ રસાદિ ધ્વનિરૂપે નથી પણ ઉત્પ્રેક્ષા અને અપહ્નુતિ અલંકારને વિશે ગૌણ બન્યો છે એટલે આનંદવર્ધન ઇત્યાદિ ધ્વનિવાદી આલંકારિકોની દૃષ્ટિએ અહીં રસવત્ અલંકાર પણ થયો છે. પદ્યમાં અનુપ્રાસો મનમોહક છે. નાદની ચારુતા પણ અનુભવાય છે અને સમગ્ર પદ્યમાં માધુર્યગુણ તો રહેલો જ છે.

અહીં જે આધ્યાત્મિક વ્યંગ્યાર્થ પ્રાપ્ત થાય છે તે નીચે મુજબ છે.

ભગવદ્‌પાદ શંકરાચાર્યે સમયમાર્ગ અનુસાર દેવીનાં મસ્તકથી આરંભ કરીને દેવીનાં શ્રીચરણો પર્યન્ત સૌન્દર્યનિરૂપણ જે ભક્તોને ધ્યાન માટે સ્વરૂપ કલ્પવું છે તેમને માટે કર્યું છે. જ્યારે 'આનંદલહરી'નાં પદ્યો શ્રી શંકરે ધ્યાન માટે રચ્યાં છે. પરંતુ એવા સાધકો માટે જે હજુ આધ્યાત્મિક રીતે વિશેષ પ્રમાણમાં આગળ વધ્યા નથી. જ્યારે 'સૌન્દર્યલહરી'માં શ્રીમા ભગવતીનાં પરાત્પર સૌન્દર્યમય સ્વરૂપનું મસ્તકથી પ્રારંભ કરીને વર્ણન કરવામાં આવ્યું છે, જેનું advance સાધકો (= પ્રગત સાધકો) ચિંતન/મનન/ધ્યાન કરી શકે.

દેવીનાં મુગટમાં પ્રકાશિત મણિઓ 12 સૂર્યનું સૂચન કરે છે 12 સૂર્યો દેવીની ઉપાસના માટે અત્યંત ઉત્સુક હોવાથી તેમણે તેમનું રત્નોમાં રૂપાન્તર કરી દીધું છે. ચન્દ્રખંડ દેવીનાં ગાઢ સાન્નિધ્યને લીધે કવિને ઇન્દ્રધનુ જેવો લાગે છે. જેમણે દેવીનું સતત ધ્યાન કર્યું છે એવા સાધક ભક્તો છે અથવા (અને બીજા) મહાદેવ સ્વયં છે.

તેથી કવિ કહે છે કે વ્યક્તિને શા માટે ચન્દ્રશકલ ઇન્દ્રધનુ જેવી ન લાગે ? અને એમ ચન્દ્રનું ચડિયાતાપણું પણ સૂચવાયું છે.

12 સૂર્યો અથવા ૧૨ રત્નો ગૂઢવિદ્યા તરફ પણ ઇંગિત કરે છે.[1]

---

૧. શ્રીમાતાજી (= શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી) જ્યારે અલજિરીયામાં ગૂઢવિદ્યાનો અભ્યાસ કરતાં હતાં ત્યારે તેમના ગૂઢવિદ્યાના ગુરુ થેંઓંના પત્ની શ્રીમતી આલ્માથેંઓં જેઓ પણ ગૂઢવિદ્યાના જ્ઞાતા હતાં તેમણે શ્રીમાતાજીના મસ્તક ઉપર શ્વેત પ્રકાશ ("You have the white Light" - P.174) (Mother's Agenda - 1965, Vol-6, Mira ADTI Centre, Mysore First Editions, 1997) અને 12 મોતીનો મુકટ જોયો હતો. Mother's Agenda - 1965, Vol-6 (10 July, 1965), P. 175 પર શ્રીમાતાજીના શબ્દોમાં આની નોંધ છે. Madame Theon was the first to tell me what I was, what she saw; the crown of twelve pearls over the head.

(વિશેષ માહિતી અને ગુજરાતી વર્ઝન માટે જુઓ 'પ્રભુ અર્પણ'નો ફેબ્રુઆરી 2017નો અંક (અંક ૨, વોલ્યુમ-3, P. 10, 15 - The Mother-Conversations with a disciple, May 11-1963, July-10, 1965) આપણે અત્રે 11 May (1963)નો વાર્તાલાપ નોંધીએ. બાર મોતીઓનો મુકુટ 'એ હતો ઊર્ધ્વમાં, પ્રભુના પ્રદેશથી થોડો ઊર્ધ્વમાં... ત્યાં મેડમ થેંઓએ મને ઓળખી બતાવી હતી. મારા મસ્તક પર ત્યાં મેડમ થેઓએ બાર મોતીઓની રચના નિહાળી હતી. અને તેમણે મને જણાવ્યું હતું તું 'તે' છે. (દિવ્યશક્તિ, મા ભગવતી) કારણ તારી પાસે આ છે. માત્ર મા ભગવતી પાસે જ આ હોઈ શકે.' એ વાતનો ખ્યાલ મને નહાતો. આભાર પ્રભુનો.'

સાવિત્રીમાં શ્રીઅરવિન્દે સુવર્ણચન્દ્રની વાત કરી છે. સાવિત્રીનો દેહ સર્વાંગ સુંદર હતો, જેવો આજ સુધી કોઈનો પણ જોવા મળ્યો નથી. ધરતી પર (મા ભગવતીનાં અંશનું) આ નૂતન અવતરણ હતું.–

'A lovelier body formed than earth had known.
As yet a prophecy only and a hint. (P-354)

અને વળી –

Bright like the crescent horn of a gold moon
Returning in a faint illumined eve. (P. 354)

અને

The ideal goddess in her house of gold. (P. 356)

સાવિત્રી, પોતાના સુવર્ણમંદિરમાં રહેતી આદર્શ દેવી હતી.

**(૪૩) धुनोतु ध्वान्तं ..... ०वाटीविटपिनाम् ॥**

પ્રસ્તુત પદ્યમાં હવે (મુગટ પછી) શ્રીમા ભગવતીનાં કેશનું વર્ણન કરવામાં આવ્યું છે. ભાવાર્થ છે – 'હે શિવે, તારા ભરાવદાર, ગાઢા, ચમકતા, મુલાયમ કેશ ભૂરા કમળના વન જેવા પ્રતીત થાય છે, તે અમારા અંધકારનો નાશ કરો = અજ્ઞાનરૂપી તમસનો નાશ કરો. ઈન્દ્રના ઉદ્યાનના કલ્પવૃક્ષનાં પુષ્પો (તારા) આ કેશની સુગંધ સહજ પ્રાપ્ત થાય એટલા માટે જાણે અહીં નિવાસ કરે છે.'

પ્રસ્તુત પદ્ય પણ ચમત્કૃતિથી ભરપૂર છે. અહીં કવિએ ભગવતીનાં કેશને ખીલેલાં નીલકમળના વનની ઉપમા આપી છે. નીલકમલનુ વન ઉપમાન છે, દેવીના કેશ ઉપમેય છે. ગાઢ, સ્નિગ્ધ ઇત્યાદિ સાધારણધર્મો છે. વળી અહીં વ્યતિરેકઅલંકારધ્વનિ છે. કારણ કે, નીલકમલનું વન ગાઢ છે – શ્યામ છે અને તેથી પ્રકાશરહિત છે. વનમાં સ્વાભાવિક અંધકાર હોય છે. જ્યારે ભગવતીનો કેશકલાપ શ્યામ હોવા છતાં શ્યામ અંધકારને દૂર કરે છે. અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરે છે. પોતે શ્યામ છે, છતાં. અહીં વિરોધાભાસ (અલંકાર) પણ રહેલો છે. ટૂંકમાં ઉપમા અને વિરોધ અલંકાર દ્વારા વ્યતિરેક અલંકારધ્વનિની વ્યંજના થઈ છે. એ જ રીતે નન્દનવનનાં પુષ્પો સ્વયં સુગંધિત છે પણ દેવીનાં કેશમાંથી સહજ સુગંધ આવે છે એટલે એ દિવ્ય સૌરભને પામવા પુષ્પો જાણે કે તેમાં (= દેવીનાં કેશમાં) નિવાસ કરે છે. અહીં પણ દેવીના કેશની ઉદાત્તતા સિદ્ધ કરતો વ્યતિરેકઅલંકારધ્વનિ છે. ઉત્પ્રેક્ષા દ્વારા તેની વ્યંજના થઈ છે આથી અહીં પણ અલંકાર દ્વારા અલંકારની વ્યંજના છે. સ્ત્રીઓ કેશ સુગંધિત કરવા ફૂલોને ધારણ કરે છે, જ્યારે અહીં તો પુષ્પો પોતે જ સહજ સુગંધ પામવા શ્રીમાનાં કેશમાં નિવાસ કરે છે, આમ અહીં વિસ્મયનો ભાવ છે. વળી કેશ શ્યામ છે, છતાં શ્યામ અંધકારને દૂર  કરે છે એમાં પણ વિસ્મયનો ભાવ છે.

સાથે સાથે અત્રે વ્યતિરેકઅલંકારધ્વનિને અનુપ્રાસો પણ પુરસ્કારે છે. 'धुनोतु ध्वान्तं' માં 'ધ'નો તુલિત, ललित માં 'લ', 'ત' નો इन्दीवरं वन માં 'ન' નો, 'चिकुरनिकुरम्ब' માં 'ક' અને 'ર' નો, સૌરભ્ય, સહજ – सुमनस માં 'સ' નો અને અંતિમ પંક્તિમાં वसन्त्य० ઇત્યાદિમાં 'વ' અને 'મ' નો અનુપ્રાસ છે, જે અત્યંત શ્રુતિમધુર છે. चिकुरनिकुरम्ब માં અઘોષ વ્યંજનરૂપ 'ક' પણ કઠતો નથી. ઊલટાનું નાદનું ચારુત્વ ચિત્તાકર્ષક બન્યું છે. ટૂંકમાં સહૃદય ભક્તોને આનંદ આપે અને અત્યંત સહજ રીતે દેવીનાં કાળા કેશકલાપનું ધ્યાન થાય તેટલો સુંદર શ્લોક છે. વિસ્મયનો ભાવ પણ ખૂબ પ્રકટે છે એટલે વિસ્મયરૂપી **ભાવધ્વનિ** પણ છે.

અંધકાર એટલે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં **વસ્તુધ્વનિ** પણ છે.

અત્રે ઉત્પ્રેક્ષા, ઉપમા, વિરોધનો સંકર છે, કારણકે, શ્રીમાનાં કેશપાશનું સંપૂર્ણ નિરૂપણ છે એમાં આ ત્રણેય અલંકારો નીરક્ષીરન્યાયે સંકરરૂપે રહેલા છે.

'અરુણામોદિની' ટીકા (પૃ.9) અહીં સમાસોક્તિધ્વનિ માને છે. જો કે આ લખનારના મતે અહીં વ્યવહાર-સમારોપ પ્રતીત થતો નથી. ઉપમા અને ઉત્પ્રેક્ષા એ બે અલંકારોની જ સ્પષ્ટ પ્રતીતિ થાય છે.

તદુપરાંત સમગ્ર પદ્યમાં માધુર્ય અને સર્વાશ્લેષી પ્રસાદગુણ પણ રહેલો છે.

**(૪૪) तनोतु क्षेमं न स्तव..... किरणम् ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી મા ભગવતીનાં સેંથાનું અત્યંત મનોરમ નિરૂપણ છે. "મા, તારો સિંદૂરથી આપૂરિત સેંથો જાણે કે, તારા મુખના સૌન્દર્યની લહરીના પ્રવાહનો માર્ગ છે, તે અમારું કલ્યાણ કરો. પ્રબળ એટલે કે (અહીં અર્થ છે) બૃહદ એવા અંબોડાના શ્યામરંગ રૂપી શત્રુના સમૂહરૂપે આ સેંથો જાણે કે પ્રભાતના સૂર્યનાં કિરણોને બંદી બનાવ્યાં હોય તેવો પ્રતીત થાય છે."

અત્રે બે મનોહર ઉત્પ્રેક્ષા છે. અહીંનો 'इव' શબ્દ સંભાવનામૂલક છે. પ્રથમ તો શ્રીમાનો સેંથો છે, જે ઉપમેય છે તે જાણે કે મુખના સૌન્દર્યની જે લહરી છે તેનો પ્રવાહ માર્ગ છે — આ ઉપમાન છે. શ્રીમાના સેંથાની મુખસૌન્દર્યના પ્રવાહમાર્ગ તરીકે અત્યંત ચિત્તાકર્ષક ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. આ ઉત્પ્રેક્ષા કવિપ્રૌઢોક્તિસિદ્ધ છે.

'प्रबलकबरीभारतिमिरद्विषां' — પ્રબળ કબરીભાર એટલે વિશાળ અંબોડાને શ્યામ હોવાથી (તેના પર) અંધકારરૂપ શત્રુનો આરોપ કરવામાં આવ્યો છે. ઉપમેય પર ઉપમાનનો આરોપ છે એટલે અહીં રૂપકાલંકાર થયો છે અને એને પાછી ઉત્પ્રેક્ષાલંકારથી પુષ્ટિ મળી છે. અંબોડારૂપી અંધકારરૂપ શત્રુએ જાણે કે બાલસૂર્યનાં કોમળ કિરણોને બંદી બનાવ્યાં છે. બાલસૂર્યનાં કિરણો શ્રીમાનાં વિશાળ અંબોડામાં કેદ થઈ ગયાં છે.

'લક્ષ્મીધરા' ટીકા (પૃ. 13) બન્ને ઉત્પ્રેક્ષાને આ રીતે સમજાવે છે. (1) શ્રીમાનાં વદનસૌન્દર્યની

લહરીના માર્ગની ઉત્પ્રેક્ષા. (2) પદ્યના ઉત્તરાર્ધમાં સિંદૂરનું સૂર્યકિરણોરૂપે સંભાવન વળી (3) અંબોડા પર અંધકારરૂપી શત્રુના આરોપને કારણે રૂપકાલંકાર પણ પ્રતીત થાય છે. બન્ને ઉત્પ્રેક્ષાનો અંગાંગિભાવ સંકર છે, જેમાં રૂપકાલંકાર નિમિત્ત બન્યો છે. આ સઘળા અલંકારો જગદંબાની ભક્તિને, દેવતા વિશેના રતિભાવને પરિપુષ્ટ કરે છે.

'लहरी', 'सरणिरिव', 'सीमन्तसरणि' માં અનુપ્રાસો મનોરમ્ય બન્યા છે. પ્રથમ પંક્તિમાં 'व' નો પ્રબલકબરી માં 'બ' નો 'वृन्दैर्बन्दी' માં 'બ' અને 'न' ના અનુપ્રાસો સ્વર, વ્યંજનની ચારુતા રચે છે.

વળી 'परीवाह' શબ્દ દ્વારા ભગવતીનાં મુખસૌન્દર્યનું અત્યંત પૂર્ણત્વ ધ્વનિત થાય છે. આમ ઉત્પ્રેક્ષા દ્વારા **वस्तुध्वनि**ની વ્યંજના કહેતાં અલંકાર દ્વારા વસ્તુવ્યંગ્ય સિદ્ધ થયું છે.

સિંદૂર દ્વારા રક્તવર્ણા સૂર્યની વ્યંજના થાય છે અને શ્યામકેશનો અંબોડો અંધકાર એટલે (શ્યામ) વાદળોની વ્યંજના કરે છે. કારણ કે સૂર્ય ઘણીવાર શ્યામવાદળોથી ઘેરાયેલો હોય છે. સિંદૂર દેવીનાં સૌભાગ્યનું સૂચન કરે છે.

કેટલીક હસ્તપ્રતોમાં 'तिमिरद्विषां' ને બદલે 'तिमिरत्विषां' પાઠ છે. અર્થાત્ આભા - luster. અંગ્રેજી ટીકાકાર/અનુવાદક પ્રમાણે 'કુવલયાનન્દ'[1] કાર અપ્પય્યદીક્ષિતે તેમના ગ્રંથમાં પ્રસ્તુત પદ્ય ઉદ્ધર્યું છે. તેઓ આનું વિવરણ કરતાં નોંધે છે કે 'સીમન્ત' માર્ગ જે મુખસૌન્દર્યલહરીનો માર્ગ છે તે દેવીનાં અનુપમ સૌન્દર્યને સૂચિત કરે છે. દેવીનાં સુચારુ સિંદૂરી સેંથાનું ધ્યાન ભક્તોના અજ્ઞાનને દૂર કરે છે. અવિદ્યાને દૂર કરે છે અને શત્રુથી રક્ષણ કરે છે તથા સમૃદ્ધિની મહોર મારે છે. (પૃ. 68 – અનુવાદ વિભાગ)

---

1. જો કે, મુદ્રિત કુવલયાનન્દમાં तनोतु क्षेमं ને બદલે वहन्ती सिंदुरं થી ઉપર્યુક્ત ઉદ્ધરણ પ્રાપ્ત થાય છે અને પ્રસ્તુતાંકુર અલંકારના ઉદ્ધરણ તરીકે દીક્ષિતજી ઉદ્ધૃત કરે છે. કુવ૦ ૫૨ની ટીકામાં અહીં (પ્રસ્તુતાંકુર અલંકાર સમજાવે છે) સેંથારૂપી સરણિનું વદનસૌન્દર્યના જળમાર્ગરૂપે ઉત્પ્રેક્ષણ છે. જે વર્ણનીય હોવાથી પ્રસ્તુત છે. આથી પરિપૂર્ણ તળાવની જેમ જળમાર્ગના કારણભૂત વદનસૌન્દર્યની સમૃદ્ધિ પોતાના સ્થાને સમાતી નથી. અહીં વ્યંજના આ પ્રમાણે છે : દેવીનો સેંથો વર્ણ્ય છે તેથી પ્રસ્તુત છે. તેના પર મુખસૌન્દર્યની લહેરોનું માર્ગરૂપે ઉત્પ્રેક્ષણ છે. આ ઉત્પ્રેક્ષાના કારણે પરિપૂર્ણ તળાવની જેમ તે માર્ગનું કારણ છે અને પોતાના સ્થાનમાં સમાતી નથી. આ રીતે વદનસૌન્દર્યસમૃદ્ધિની વ્યંજના થાય છે, જે પ્રસ્તુત જ છે કારણ કવિ માટે તે જ વર્ણનીય છે.

   આમ માર્ગરૂપે જેની ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે તે સીમન્તસરણિ (શ્રીમાનો સેંથો) કાર્યરૂપ છે તે દ્વારા તેના કારણરૂપ વદનસૌન્દર્યસમૃદ્ધિ, જે અમાપ છે તેની વ્યંજના કરવામાં આવી છે.(ડૉ. ભોલાશંકર વ્યાસ સંપાદિત કુવ૦ P. 120ને આધારે)

   કુવ૦ સ્વોપજ્ઞ વૃત્તિ અનુસાર અહીં પ્રસ્તુતાંકુર અલંકાર દ્વારા વદનસૌન્દર્યસમૃદ્ધિરૂપ વસ્તુની વ્યંજના થાય છે. અપ્પય્યદીક્ષિત અનુસાર પ્રસ્તુત દ્વારા પ્રસ્તુતના દ્યોતનમાં પ્રસ્તુતાંકુર અલંકાર થાય છે. (કુવ૦ 67 મી કારિકા)

(૪૫) **अरालैस्स्वाभाव्या० ..... मधुलिहः ॥**

પ્રસ્તુત પદ્યમાં ભગવતીના કેશ અને દાંતનું મનોહર વર્ણન કરવામાં આવ્યું છે. કવિ કહે છે કે 'સ્વાભાવિક રીતે જ તારા વાંકડિયા વાળ નાના ભ્રમરાની શ્રી જેવા શોભે છે. તેનાથી (આવા કેશથી) ઘેરાયેલું તારું મુખ કમળની શોભાનો ઉપહાસ કરે છે. જેમાં એટલે કે આવા મુખમાં સુંદર દાંત, આછા સ્મિતને લીધે પુંકેસર જેવા સુચારુ લાગે છે. (કારણ તારા લાલ હોઠનું પ્રતિબિંબ પડે છે) વળી કામદેવને ભસ્મ કરનાર ભગવાન શંકરના નયનરૂપી ભ્રમરોને (એની) (= કેશ અને મુખની) સુગંધમાં મસ્ત બનાવે છે.'

પ્રસ્તુત પદ્યમાં સ્વભાવસહજ કુંચિત કેશમાં સ્વભાવોક્તિ છે. બાલભ્રમરો જેવા કેશમાં ઉપમા છે. આવું મુખ કમલશ્રીનો પરિહાસ કરે છે તેમાં વ્યતિરેક અલંકાર છે. કારણ કે, વ્યતિરેકમાં ઉપમેય ઉપમાન કરતાં હંમેશ ચડિયાતું હોય છે. કમલશ્રી ઉપમાન છે. પરંતુ વાંકડિયાવાળવાળું શ્રી માતાજીનું મુખ અતિ સુંદર લાગે છે. મુખ ઉપમેય છે, જે કમળ = ઉપમાન કરતાં શ્રેષ્ઠ છે. પુંકેસર જેવા દાંતમાં પુનઃ ઉપમા છે. તેમાં લાલ હોઠનું પ્રતિબિંબ પડે છે – એ તદ્‌ગુણધ્વનિ છે, જે સચેતસોને હૃદયગત થાય છે. શિવજીના નયનરૂપી ભ્રમરાઓમાં રૂપક છે. કારણ કે, ઉપમેય નયન પર ઉપમાન ભ્રમરાઓનો આરોપ છે. પુનશ્ચ અહીં વિરોધાલંકાર વ્યંજિત થાય છે. કારણ કે કામદેવને ભસ્મ કરનાર શિવજીની આંખો શ્રીમાનાં મુખ પર મંડરાયા કરે છે. રૂપક દ્વારા અર્થાત્ અલંકાર દ્વારા અહીં અલંકારધ્વનિની (= વિરોધ ધ્વનિની) વ્યંજના છે.

વળી મન્મથને જીતનાર હોવા છતાં શિવજીના નયનરૂપી ભમરાઓ માટે શ્રીમાનું મુખસૌન્દર્ય માદક બને છે. તો કેટલું અદ્‌ભુત સૌન્દર્ય હશે ? અહીં વક્રોક્તિ અલંકાર પણ નિહિત છે. ઉપમા, રૂપક અને વ્યતિરેકનો અહીં સંકર થયો છે. અંગાંગિભાવ સંકર એમ 'લક્ષ્મીધરા' (પૃ. 18) માને છે. વળી બન્ને અલંકાર દ્વારા વદનમહિમા વ્યક્ત કરતા ઉત્કૃષ્ટ સૌન્દર્યરૂપ વસ્તુધ્વનિની પણ વ્યંજના થાય છે.

'અરુણામોદિની' ટીકા (પૃ. 18) શ્રીમાનાં સૌન્દર્યને સર્વલોકાતિશાયી કહે છે. એ રીતે વસ્તુવ્યંગ્ય સમજાવે છે. પ્રસ્તુત નયનભ્રમર ઈત્યાદિમાં ઉત્પ્રેક્ષા માને છે. દંતકેસરમાં ઉપમા માને છે. 'આનન્દલહરી' ટીકા શ્રીમાનાં મુખના પદ્મરાગત્વની વ્યંજના માને છે. (પૃ. 21) અને સ્મરને જીતનાર યોગી એવા મહાદેવને જે કામવશ કરે છે તે મુખના સૌન્દર્યાતિશયનો ધ્વનિ છે. (પૃ. 21) એમ જણાવે છે.

અંગ્રેજી અનુવાદકની સમજૂતી પ્રમાણે (P. 69) પણ નામોલ્લેખ વગર વ્યતિરેક અલંકારની જ વાત કરવામાં આવી છે.

'The lotus is born in mire; has inferior lustre; and its beauty and fragrance are transitory, Devi's face in contrast is far superior by birth, luster and permanence.'

સમાન્તરે કાલિદાસના કુમારસંભવ (૯/૪૮)માંનું પાર્વતીના કેશપાશનું વર્ણન અહીં આસ્વાદીએ.

**लज्जा तिरश्चां यदि चेतसि स्यादसंशयं पर्वतराजपुत्र्याः ।**
**तं केशपाशं प्रसमीक्ष्य कुर्युर्बालप्रियत्वं शिथिलं चमर्यः ॥**

(મનુષ્યની જેમ) પ્રાણીઓની જાતિમાં જો લજ્જા હોત તો ચમરીમૃગ નિઃસંદેહ પાર્વતીનો કેશપાશ જોઈને પોતાના વાળ પ્રત્યેનો પ્રેમ ઓછો કરી નાખત. (શિથિલ કરી દેત)

અહીં ચમરીમૃગના કેશથી પાર્વતીના કેશ વિશેષ રમણીય છે એવો વ્યતિરેકધ્વનિ છે.

શ્રીઅરવિન્દરચિત 'સાવિત્રી' મહાકાવ્યમાં પણ સાવિત્રીના કેશને ઘૂંઘરાળા દર્શાવ્યા છે. મેઘજાલ સમા તેના કેશમાં સાક્ષાત્ આનંદ શયન કરશે એમ શ્રીમા ભગવતી સ્વયં પોતાના અવતાર સાવિત્રી વિશે ભવિષ્યવાણી કહે છે. સાક્ષાત્ સૌન્દર્ય પૃથ્વી પર વિહરશે. વાંચો –

All mights and greatnesses shall join in her;
Beauty shall walk celestial on the earth,
Delight shall sleep in the cloud-net of her hair – P. 346

આ સિવાય પણ Savitri P. 423 પર સાવિત્રીના Cloudy hair અને P. 699 પર પણ મેઘ જેવા કેશની વાત છે. આમ ગાઢા કેશની વ્યંજના છે. તો P. 719 પર કેશને enshrining hair – પવિત્ર કે દૈવી કહ્યા છે.

**(૪૬) ललाटं लावण्यद्युतिविमलमाभाति... राकाहिमनेः ॥**

પ્રસ્તુત પદ્યમાં કવિ દેવીના લલાટનું વર્ણન કરે છે. 'હે મા, તારું કપાળ લાવણ્યની ચમકતી વિમલતાથી પ્રકાશે છે. લાગે છે કે જાણે તેં ધારણ કરેલો મુગટ બીજના ચન્દ્રનો ટુકડો (= બીજનો ચન્દ્ર) છે. (તારા કેશમાં રહેલો તે એક બીજનો ચન્દ્ર) – એમ બન્ને (ચન્દ્રો) પરસ્પરથી ઊલટા બનીને અમૃતના રસથી જોડાઈ જાય છે. જાણે કે એમાંથી 'પૂર્ણચન્દ્ર' બન્યો છે.'

પ્રસ્તુત પદ્યમાં રમણીય કલ્પના છે. બન્ને ઉત્પ્રેક્ષાનો સંકર થયો છે. લાવણ્યની ચમક અને તેની નિર્મળતાથી લલાટ સોહે છે. બન્ને ચન્દ્રની ઉત્પ્રેક્ષામાં કવિપ્રૌઢોક્તિસિદ્ધ અલંકાર છે. શ્રીમાએ ધારણ કરેલા મુગટનો કપાળ તરફનો ભાગ અર્ધચન્દ્રના આકાર જેવો છે એટલે બીજના ચન્દ્રની ઉત્પ્રેક્ષા કરી છે. વળી લલાટ પર તો બીજનો ચન્દ્ર છે જ. બન્ને અર્ધચન્દ્ર જોડાઈ જતાં પૂર્ણિમાનો (= પૂર્ણ) ચન્દ્ર બને છે. અહીં પણ મનોરમ ઉત્પ્રેક્ષા થઈ છે.

ટીકાકારોની દૃષ્ટિએ જોઈએ તો 'લક્ષ્મીધરા' ટીકા લલાટનું અર્ધચન્દ્રરૂપ ઉત્પ્રેક્ષણ હોવાથી ઉત્પ્રેક્ષા માને છે. દ્વિતીયાર્ધે અતિશયોક્તિ અલંકાર માને છે. કારણ કે પૂર્ણિમાના ચન્દ્રનું કપાળના મુકુટ પર રહેલી ચન્દ્રરેખાના અદ્વિતીય નિર્માણનું = અસંબન્ધમાં પણ સંબન્ધનું કથન કરવાથી અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ અલંકાર થયો છે. બન્નેનો અંગાંગિભાવ સંકર થયો છે. (પૃ. 23) – अत्र कविकल्पितवस्तुवृत्तसौन्दर्ययोरभेदाध्यवसायः । उत्प्रेक्षातिशयोक्त्योः अङ्गाङ्गिभावेन सङ्करः ।

'લક્ષ્મીધરા' અહીં સ્વરૂપોત્પ્રેક્ષા માનતી હોય તેમ જણાય છે. (P. 23) કારણ સ્વરૂપોત્પ્રેક્ષામાં 'इवादि'નો અભાવ હોવાથી હેતુ કે ફલની સંભાવના હોતી નથી તેથી અતિશયોક્તિ અને ઉત્પ્રેક્ષાના ભેદનો જ અભાવ હોવાથી તે જ ઉત્પ્રેક્ષા અતિશયોક્તિમાં અંતર્ભાવિત થઈ જાય છે.

'અરુણામોદિની' ટીકા અનુસાર (P. 23) શ્રીમાનાં મુગટરૂપ ચન્દ્ર અને લલાટનો ચન્દ્ર બન્ને અર્ધચન્દ્રો જે ભેગા થતાં પૂર્ણિમાના ચન્દ્રમાં રૂપાન્તરિત થાય છે. આથી અહીં તારા લલાટમાં અને મુગટમાં રહેલ ચન્દ્ર સિવાય અન્ય કોઈ પૂર્ણિમાનો ચન્દ્ર નથી' – એવું સમજાય છે. અહીં અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ અને ઉત્પ્રેક્ષાનો સંકર થયો છે. બન્ને અલંકાર દ્વારા 'પૂર્ણિમાના ચન્દ્રનું સર્જન થવું' – તે વસ્તુધ્વનિ વ્યંજિત થયો છે.

સાવિત્રીમાં શ્રી અરવિન્દે શ્રીમાનાં લલાટનું નિરૂપણ આ પ્રમાણે કર્યું છે –

A marble monument of ponderings, shone
A forhead, sight's crypt large like ocean's gaze (P. 334, 335)

સંગેમરમરનો સ્તૂપ મનનોનો, એવું ભાલ પ્રકાશતું, જાણે દર્શનાની શક્તિથી પ્રકાશી રહ્યું છે.

આદિ શંકરે ઉત્પ્રેક્ષાની સહાયથી શ્રીમાનાં મસ્તકનું અર્ધચન્દ્રરૂપે ઉત્પ્રેક્ષણ કર્યું છે અને પછી મુકુટ પર રહેલી ચન્દ્રરેખા લલાટપટ સાથે યુક્ત થતાં પૂર્ણ ચન્દ્રનું સૌન્દર્ય પ્રકટ કરે છે એમ કહ્યું છે. જ્યારે શ્રી અરવિન્દે ઉપમાલંકારની સહાયથી શ્રીમાનાં ભાલપ્રદેશને આરસના ચિંતનશીલ સ્મારક સાથે સરખાવ્યો છે.

વળી નારદ સાવિત્રીના લલાટને નીરખીને કહે છે –

– The flame-born and round her illumined head
pouring their lights her hymeneal pomps. – Savitri, P. 418

સાવિત્રીના પ્રકાશમાન મસ્તકની આસપાસ વિવાહ વૈભવો પોતાનો પ્રકાશ પાથરી રહ્યા છે.

તો કુમારસંભવ પૂ. ૧૯માં પાર્વતીના જટાજૂટ યુક્ત મસ્તકની શોભાનું નિરૂપણ છે. સુંદર કેશથી અને જટાઓથી બન્ને રીતે પાર્વતીનું મુખ શોભતું હતું એમ કહ્યું છે.

**(૪૭) भ्रुवौ भुग्ने किञ्चित् .... निगूढान्तरमुमे ॥**

પ્રસ્તુત પદ્યમાં ભગવદ્પાદ શંકરાચાર્યે દેવીની ભ્રમરોનું ઉપમા-રૂપક અલંકારોની મનોહર સંસૃષ્ટિ રચીને નિરૂપણ કર્યું છે.

'હે જગતનો નાશ કરવામાં આનંદ પામનારી ઉમા, જ્યારે તું ભ્રમર ચડાવે છે તેને કામદેવનાં ડાબા હાથમાં લીધેલા ધનુષ્યની સાથે સરખાવું છું. કારણ કે, એની પણછ (= ધનુષ્યની દોરી) મનોહર નયનરૂપી ભ્રમરાઓની છે અથવા મધુકર જેવી સુંદરતા ધરાવતાં નયનોની બનેલી છે તથા મધ્યભાગ મુઠ્ઠી અને હથેળી નીચે છુપાવી રાખ્યો છે.'

અત્રે શ્રીમાની સહેજ ઉન્નત ભ્રમરો જાણે કે કામદેવનું ધનુષ્ય છે એની પણછ ભ્રમર જેવી ચારુતાવાળાં નયનોની બનેલી છે. જો કે 'नेत्राभ्यां मधुकररुचिभ्यां' છે. એટલે મનોહર નયનરૂપી ભ્રમરાઓની પણછ એમ રૂપક પણ લઈ શકાય. ટૂંકમાં અહીં ઉપમા અને રૂપકની મનોહર સંસૃષ્ટિ રચાઈ છે.

ટીકાકારોની દૃષ્ટિએ આ પદ્યનું વિવરણ જોઈએ –

'લક્ષ્મીધરા' અપૃથક્ અલંકારો હોવાથી અહીં તેની અનુસૃષ્ટિ માને છે, વળી તે અતિશયોક્તિ પણ સ્વીકારે છે. ભ્રમરોનો મધ્યભાગ અને નાસિકાનો મધ્યભાગ મુઠ્ઠીમાં સ્થગિત થયો છે એમ અધ્યવસાન થયું છે. અહીં નાસિકાનું જમણા હાથરૂપે આરોપણ રૂપકાલંકાર ધ્વનિત કરે છે અથવા જમણાહાથ અને નાસિકાનું અધ્યવસાન થતાં અતિશયોક્તિ અલંકાર થયો છે અને આ બન્નેનો સંદેહસંકર થયો છે. (P. 26)

'અરુણામોદિની' (P. 28) ઉત્પ્રેક્ષા દ્વારા દેવીનું નિરંતર જગતની વિપત્તિના નિવારણરૂપ વસ્તુ ધ્વનિત થતું માને છે. આમ અલંકાર દ્વારા **वस्तुध्वनि**ની વ્યંજના છે.

ઉમા શબ્દ अ, उ, म ને દર્શાવે છે દેવીનું નામ ॐ = પ્રણવનું સૂચન કરે છે. (વિશેષ માટે જુઓ : અનુવાદકની નોંધ P. 70)

**(૪૮) अहस्सूते... ( अहः सूते ) अन्तरचरीम् ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીની દૃષ્ટિ વિશે નિરૂપણ કરવામાં આવ્યું છે. ભાવાર્થ છે – 'હે દેવી તારી જમણી આંખ સૂર્યાત્મક છે, જે દિવસનું નિર્માણ કરે છે અને ડાબી આંખ ચન્દ્રાત્મક હોવાથી રાત્રિનું સર્જન કરે છે જ્યારે તારી ત્રીજી આંખ સહેજ ખીલેલા સુવર્ણના કમળ જેવી સુંદર છે, જે દિવસ અને રાતની વચ્ચે રહેનારી સંધ્યાનું નિર્માણ કરે છે.'

ભગવતીનાં ત્રણેય નેત્રોનું ક્રમશઃ નિરૂપણ અહીં યથાસંખ્ય અલંકાર રચે છે. વળી પ્રસ્તુત વર્ણન અત્યંત સહજ હોઈ સ્વભાવોક્તિ અલંકાર પણ થયો છે.

ટીકાકારોની દૃષ્ટિએ જોઈએ તો 'લક્ષ્મીધરા' ટીકા અનુસાર દેવીનાં ત્રણેય નેત્રો સૂર્ય, ચન્દ્ર અને અગ્નિરૂપ છે જે કાલત્રયને ઉપલક્ષિત કરે છે અને પક્ષ, માસ, ઋતુ, યુગ, કલ્પ ઇત્યાદિ કાલોત્પત્તિના કથનથી અહીં ભગવતીનું કાલાવચ્છેદ્યત્વ દૂરથી જ અપાસ્ત થઈ ગયું એમ ધ્વનિત થાય છે. વ્યંજના હોવાથી આ ઉત્તમ કાવ્ય છે મધ્યમ અર્થાત્ ગુણીભૂત વ્યંગ્ય કાવ્યની પણ પ્રતીતિ થાય છે. – તે આ રીતે - અર્કાત્મક અને રજનીનાયક એ બન્ને વાચ્યમાન છે. સહેજ ખીલેલા સુવર્ણકમળ જેવું - એ રીતે અગ્નિનેત્રની વ્યંજના થાય છે પરંતુ તે અર્કાત્મક ઇત્યાદિ વાચ્યને વિશે ગૌણ હોવાથી ગુણીભૂત વ્યંગ્ય છે આ અનુપ્રાણનાત્મક મધ્યમ અને ઉત્તમકાવ્યના પ્રયોજક બે પ્રકારના ધ્વનિની (= પ્રધાન અને ગુણીભૂત) સંસૃષ્ટિ છે. (જે) બન્ને પ્રકારના વ્યંગ્ય પ્રધાન ધ્વનિ વડે, અંગાગિભાવ વડે કહેવામાં આવી છે (P. 32)

'સૌભાગ્યવર્ધિની' ટીકા પણ આપણે વિચારેલી સ્વભાવોક્તિ સ્વીકારે છે. ભગવતીનાં નેત્રોની સૂર્ય-ચન્દ્રરૂપતામાં સ્વભાવોક્તિ છે. તેથી ભગવતીનો શિવ સાથે અભેદ ધ્વનિત થાય છે. (P. 32) એટલે કે સ્વભાવોક્તિ દ્વારા શિવ-શક્તિરૂપ, આનંદરૂપ વસ્તુની વ્યંજના સિદ્ધ થાય છે.

'અરુણામોદિની' પણ તેમ જ કહે છે અર્થાત્ અલંકાર દ્વારા અહીં વસ્તુની વ્યંજના છે. (પૃ. 32)

**(૪૯) विशाला कल्याणी .... विजयते ॥**

પ્રસ્તુત પદ્ય પણ મા ભગવતીનું સુંદર દૃષ્ટિવર્ણન કરે છે. કવિ કહે છે, 'હે મા, તારી દૃષ્ટિ વિશાળ (સર્વગ્રાહી) કલ્યાણ કહેતાં મંગલ કરનારી છે અને સ્પષ્ટ, સુંદર હોવાથી કમળોથી અયોધ્યા અર્થાત્ લડી ન શકાય તેવી છે એટલે કે કમળોથી (તારી દૃષ્ટિની) સ્પર્ધા ન થઈ શકે તેવી છે. કૃપાના પ્રવાહને (= ધારાને) આધાર આપે છે. અવર્ણનીય રીતે મધુરા છે. ભોગવતી અર્થાત્ ભોગ કરનારી = આનંદ માણનારી છે. અવન્તી એટલે ભક્તોનું રક્ષણ કરનારી છે અને અનેક નગરોના વિસ્તારને જીતી લેનારી છે. ખરેખર તે તે નામોથી (= (1) વિશાલા (2) કલ્યાણી (3) અયોધ્યા (4) ધારા (5) મધુરા (6) ભોગવતી, (7) અવંતી અને (8) વિજયા) યોગ્ય રીતે જ ઓળખાય છે અને (આવી તારી દૃષ્ટિ) ચોક્કસ વિજય પામે છે.'

પ્રસ્તુત પદ્યમાં દેવીની દૃષ્ટિનું નિરૂપણ एकस्यानेकधा - એક (પદાર્થ)નું અનેક રીતે ઉલ્લેખન' – એ પ્રકારના ઉલ્લેખાલંકારથી યુક્ત છે. વળી કમળો શ્રીમાની દૃષ્ટિ સાથે અયોધ્યા-યુદ્ધ કરી શકતાં નથી એટલે કે સ્પર્ધા કરી શકતાં નથી એમાં વ્યતિરેકઅલંકારધ્વનિ રહેલો છે. અર્થાત્ શ્રીમાની દૃષ્ટિ કમળોથી પણ વિશેષ સુંદર છે. વળી 'વિશાલા' વગેરે દૃષ્ટિનાં વિશેષણો યથાયોગ્ય હોવાથી અહીં પરિકર અલંકાર પણ થયો છે.

ટીકાકારોની દૃષ્ટિએ વિવરણ કરીએ તો 'લક્ષ્મીધરા' ટીકા દૃષ્ટિનું ખૂબ સુરેખ વિશ્લેષણ કરે છે. (P. 36) વિશાલા અર્થાત્ અંતર્વિકાસરૂપા, કલ્યાણી = વિસ્મિતા, અયોધ્યા = હસતી કીકીઓ (વાળી), ધારા = એકધારી દૃષ્ટિ, મધુરા = વલિતા, ભોગવતી = સ્નિગ્ધા, અવન્તી = મુગ્ધા, વિજયા = આંખના ખૂણાની આકેકરા (= સાભિપ્રાયા) દૃષ્ટિ – આ દૃષ્ટિ સર્વ સ્ત્રીઓમાં સમાન હોય છે પણ મા ભગવતીની વિશેષ છે. કારણ કે આ દૃષ્ટિવિશેષો ક્રમશઃ તે, તે નગરીમાં સંક્ષોભ વગેરે ઉપજાવે છે. સંક્ષોભ એટલે ક્ષોભ, આકર્ષણ, દ્રાવણ, ઉન્માદ, અવશ્ય-ઉચ્ચાટન, વિદ્વેષણ (અને) મારણ ક્રિયાથી યુક્ત હોય છે. તેથી શ્રીમાની દૃષ્ટિ સામાન્ય સ્ત્રીઓથી શ્રેષ્ઠ છે – વ્યતિરેક અલંકાર વ્યંજિત થાય છે. આમ વિશેષ પ્રકારની દૃષ્ટિરૂપ વસ્તુ દ્વારા અલંકારની વ્યંજના થઈ છે.

'સૌભાગ્યવર્ધિની' ટીકા પ્રમાણે શ્રીમાની દૃષ્ટિ જગતના પ્રકાશરૂપ સૂર્ય, ચન્દ્ર અને અગ્નિરૂપે રહેલી છે તેવો ધ્વનિ છે. શ્લેષથી 'कुवलय' શબ્દ દ્વારા કમળ અને ભૂમંડળ બન્ને અર્થોનું ગ્રહણ થાય છે. (P. 37)

'અરુણામોદિની' ટીકા પ્રમાણે 'આપની દૃષ્ટિનો વિશેષ પ્રકાર છે એ 'વિશાલા ઇત્યાદિ નગરી'

એવો ધ્વનિ છે. 'ધ્રુવ' શબ્દ ઉત્પ્રેક્ષાને સૂચવે છે. અહીં પરિકર અને ઉત્પ્રેક્ષાલંકારનો સંકર રચાયો છે. (P. 37)

'આનન્દલહરી' (P. 41) નીચે પ્રમાણે સમજાવે છે - અવન્તી = ભક્તોનું રક્ષણ કરનારી, અયોધ્યા - રાઘવની, મથુરા - શ્રીકૃષ્ણની, કૃપાનો આધાર એવી ધારા અથવા કરુણાના પ્રવાહનો આધાર - ધારા નગરી, ભોગવતીપાતાળની નગરી, અવન્તી = ઉજ્જૈની નગરી - એ રીતે સ્પષ્ટતા કરી છે. વળી મથુરા/મધુરા અનિર્વચનીય મનોહરતાયુક્ત છે.

સંક્ષેપમાં પ્રસ્તુત પદ્ય શ્રીમાતાજીની દૃષ્ટિનું અદ્‌ભુત વર્ણન કરે છે અને તેના વિસ્તારને વિવિધ નગરીઓ સાથે સરખાવે છે.

અંગ્રેજી અનુવાદક (P. 71) નોંધે છે – The grand and gracious qualities of Devi's glance are represented as indicating (through words of double meaning), the names of famous cities.

વળી વિશાલા આદિ નગરીઓનો પ્રસાર તો માત્ર પૃથ્વી પર્યન્ત છે જ્યારે શ્રીમાની દૃષ્ટિનો પ્રસાર વિશાલાદિ નગરી જેટલો, પૃથ્વી જેટલો તો છે જ એ સિવાય સમગ્ર બ્રહ્માંડ જેટલો છે. કારણ કે દેવીની આંખો સૂર્ય, ચન્દ્ર અને અગ્નિરૂપ છે. એટલે વિસ્તારમાં સર્વશ્રેષ્ઠ છે. અહીં પુનઃ વ્યતિરેકધ્વનિ અભિવ્યક્ત થયો છે.

**(૫૦) कवीनां सन्दर्भ०.... किञ्चिदरुणम् ॥**

પ્રસ્તુત પદ્ય શ્રી મા ભગવતીનાં શ્રવણ અને નેત્રનું નિરૂપણ કરે છે. 'તારાં બન્ને કર્ણયુગલ કવિઓનાં કાવ્યોરૂપી ગુચ્છમાંથી ઝરતા રસના રસિક છે. (= નવ રસનાં કાવ્યો સાંભળવામાં) આવા કાનનો બાલભ્રમર જેવાં, કટાક્ષ ફેંકતાં નયનો સાથ છોડતાં નથી તેથી આ જોઈને જાણે કે ઈર્ષ્યાથી તારું લલાટ પરનું નેત્ર = ત્રીજું નેત્ર જરા લાલ બને છે.'

પ્રસ્તુત પદ્યમાં બાલભ્રમર જેવાં નયનોમાં ઉપમા છે અને અંતિમ પંક્તિમાં કવિપ્રૌઢોક્તિસિદ્ધ ઉત્પ્રેક્ષાલંકાર છે.

ઔત્સુક્ય અર્થાત્ ઉત્સુકતા અને ઈર્ષારૂપી વ્યભિચારી ભાવો કવિની દેવતા વિષયક રતિને વિશે ગૌણ રહેલા છે.

'લક્ષ્મીધરા' (પૃ. 42) અત્રે અતિશયોક્તિ અલંકાર સ્વીકારે છે. નેત્રોનો શ્રવણગત કાવ્યામૃતના આસ્વાદનો અભાવ હોવા છતાં સંબન્ધનું કથન છે તેથી એટલે કે અસંબન્ધે સંબન્ધમૂલા અતિશયોક્તિ છે.

બાલભ્રમરમાં લક્ષ્મીધરે અપહ્નુતિ માની છે. કારણ અહીં બાલભ્રમર છે નયન નહીં એવો ઉપમેયનો અપહ્નવ છે અથવા ઉપમેયનો નિષેધ છે. પરંતુ આ નિષેધ ગમ્ય છે. શબ્દશઃ કહેલો નથી. કટાક્ષાત્મકમાં રૂપક છે. કાવ્યગુચ્છમાં પણ રૂપક છે.

વળી બાલભ્રમરનો મકરન્દ-મધનો આસ્વાદ એમાં અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ છે. વળી (P. 42) 'લક્ષ્મીધરા' અહીં અતિશયોક્તિનો તથા અપહ્નુતિનો અંગાંગિભાવ સંકર માને છે. કારણ કે, કવિકૃત વસ્તુસૌન્દર્યનો અભેદાધ્યવસાય હોવાથી બાલભ્રમર અને શ્રવણગત અમૃત તથા બાલભ્રમર અને મકરન્દ બન્નેમાં અસંબન્ધમાં સંબન્ધરૂપ અતિશયોક્તિ છે. બન્ને અતિશયોક્તિનો અહીં અનુપ્રાણાનુપ્રાણક સંબન્ધ છે. અતિશયોક્તિ મુખ્ય છે, અપહ્નુતિ અંગરૂપા છે. તેથી અતિશયોક્તિ અને અપહ્નુતિનો અંગાગિભાવ સંકર છે.

તો 'સૌભાગ્યવર્ધિની' ટીકા જુદી રીતે અપહ્નુતિને વ્યંગ્ય માને છે. અહીં (P. 42) રૂપક અને હેતુ અલંકાર દ્વારા સ્વાભાવિકી અરુણિમાનો અપહ્નવ થાય છે. તેથી અપહ્નુતિ અલંકાર વ્યંગ્ય બને છે. આ રીતે પ્રસ્તુત ટીકા પ્રમાણે અલંકાર દ્વારા અલંકારની વ્યંજના થાય છે.

'અરુણામોદિની' ટીકા (P. 43) અહીં ગમ્યા હેતૂત્પ્રેક્ષા માને છે. આ રીતે - પહેલાં તો અહીં કવિગુચ્છ દ્વારા શૃંગારરસ અભિવ્યક્ત થાય છે. તેના આસ્વાદમાં (મગ્ન) શ્રીમાનાં રસિક કર્ણયુગલ છે. આથી ભગવતીનો કાવ્યપ્રબન્ધ પ્રત્યેનો આદર ધ્વનિત થાય છે.

આપણે આને 'વસ્તુધ્વનિ' કહી શકીએ.

હવે કર્ણયુગલ નૂતન એવા શૃંગારરસના આસ્વાદમાં મગ્ન છે. અતિચપળ હોવાથી નયનો શ્રવણપર્યન્તાનુંગામિત્વ છોડતાં નથી. તે જોઈને (તૃતીય નયન) ઈર્ષ્યા, અસૂયાયુક્ત બને છે અર્થાત્ અન્યના ઉત્કર્ષને સહન કરી શકતું નથી. તેથી અહીં ગમ્ય હેતૂત્પ્રેક્ષા છે. તેથી અહીં તૃતીય નયનનું આરુણ્ય ઉત્પ્રેક્ષિત કરવામાં આવ્યું છે. આ ઉત્પ્રેક્ષા કવિસંદર્ભરૂપી રૂપકાલંકારથી અનુપ્રાણિત છે. આમ સ્વાભાવિક આરુણ્યનું તિરોધાન થતાં અલંકાર દ્વારા - ઉત્પ્રેક્ષા દ્વારા (અપહ્નુતિ) અલંકારધ્વનિ વ્યંજિત થાય છે.

સમાન્તરે કાલિદાસે 'કુમારસંભવ'માં પાર્વતીની દૃષ્ટિનું નિરૂપણ અત્યંત સુચારુરૂપે કર્યું છે. તેની ઝલક જોઈએ વાંચો - કુમાર ૧/૪૬ - અત્રે સંદેહ અલંકાર અથવા ઉપમેયોપમા ધ્વનિ દ્વારા વર્ણન છે :-

**प्रवातनीलोत्पलनिर्विशेषमधीरविप्रेक्षितमायताक्ष्या ।**
**तया गृहीतं नु मृगाङ्गनाभ्यस्ततो गृहीतं नु मृगाङ्गनाभिः ॥ ४६ ॥**

પાર્વતીની વિશાળ દૃષ્ટિ પુષ્કળ પવનથી કંપાયમાન નીલકમલની જેમ ચંચળ હતી. આવી (કટાક્ષયુક્ત દૃષ્ટિ) પાર્વતીએ હરિણીઓ પાસેથી કે હરિણીઓએ પાર્વતી પાસેથી ગ્રહણ કરી ?

અહીં પરસ્પરનું ગ્રહણ ઉત્પ્રેક્ષિત છે પણ તદુપજીવિત એવો સંદેહ છે, એટલે સંદેહ સંકરાલંકાર પણ થયો છે અને પાર્વતીની દૃષ્ટિ હરિણીઓ જેવી અને હરિણીઓની દૃષ્ટિ પાર્વતી જેવી છે એવો ઉપમેયોપમાધ્વનિ પણ અહીં નિહિત છે.

તે પછી ૧/૪૭માં પાર્વતીની ભ્રમરનું વર્ણન છે –

**तस्याः शलाकाञ्जननिर्मितेव कान्तिभ्रुवोरायतलेखयोर्या ।**
**तां वीक्ष्य लीलाचतुरामनङ्गः स्वचापसौन्दर्यमदं मुमोच ॥ ४७ ॥**

પાર્વતીની અંજનશલાકાથી ખેંચેલી રેખાઓ જેવી દીર્ઘ ભ્રમરોની શોભાનો વિલાસ જોઈને કામદેવે પોતાના બાણના સૌન્દર્યનો મદ છોડી દીધો.

અહીં વ્યતિરેકધ્વનિ પણ છે. જાણે કે અંજનશલાકાથી ખેંચેલી હોય તેવી ભ્રમરોમાં ઉત્પ્રેક્ષા છે.

શંકરાચાર્યે પાર્વતીની દૃષ્ટિ બાલભ્રમર જેવી કટાક્ષયુક્ત દર્શાવી છે. ફેર એટલો કે कुमार० માં પાર્વતીનું કુંવારી કન્યાના સૌન્દર્યનું વર્ણન છે જ્યારે सौन्दर्य०માં પાર્વતી મા ભગવતીનાં સ્વરૂપમાં અને પ્રૌઢ નાયિકારૂપે છે. તેથી પ્રસિદ્ધ ઉપમાનો હોવા છતાં બન્નેમાં ભાવ જુદા જુદા છે.

'સાવિત્રી' મહાકાવ્યમાંથી થોડીક પંક્તિઓ આસ્વાદીએ.

શ્રી અરવિન્દ મા ભગવતીના અંશરૂપ સાવિત્રીની દૃષ્ટિ વિશે સ્વયં શ્રીમાનાં મુખે કહે છે.

Strength shall be with her like a conqueror's sword
And from her eyes the eternal's bliss shall gaze. – (P. 346)

"વિજેતાની તલવાર જેવું તેનામાં બળ હશે અને એના નયનોમાં શાશ્વતીના આનંદ તરફની મીટ હશે."

અહીં કોઈ ચમત્કૃતિભર્યા કે વિશેષ અલંકારયુક્ત વર્ણન વિના ઋષિકવિ શ્રી અરવિન્દ સાવિત્રીની દૃષ્ટિનું નિરૂપણ કરે છે. શાશ્વતીના આનંદને જોવાનું સામર્થ્ય સાવિત્રીની દૃષ્ટિમાં હતું, તેવો વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે તો 'The vision and the Boon' માં શ્રીમાની આંખો વિશે –

Towards Heaven two tranquil eyes of boundless thought
Looked into man's and saw the god to come. (P. 334-5)
નારદ સાવિત્રીની આંખોને 'O ruby-eyed' કહે છે. (P. 420)

**(૫૧) शिवे शृङ्गाराद्रा .... दृष्टिः सकरुणा ॥**

પ્રસ્તુત પદ્યમાં વિવિધ રસથી ભરેલી શ્રીમાની દૃષ્ટિનું સરસ નિરૂપણ છે.

'હે મા, તારી દૃષ્ટિ શિવ પ્રત્યે શૃંગારરસથી ભરેલી, અન્ય જનો પ્રત્યે બીભત્સ રસથી યુક્ત, ગંગા પ્રત્યે રોષયુક્ત, શિવજીના ચરિત્ર પ્રત્યે વિસ્મયના ભાવવાળી (= अद्भुत રસથી યુક્ત) હરના સર્પો પ્રત્યે ભયાનક રસયુક્ત, કમળોમાં રક્તવર્ણને ઉત્પન્ન કરનાર હોવાથી વીરરસયુક્ત, સખીજનો પ્રત્યે હાસ્યયુક્ત અને મારા પ્રત્યે કરુણામયી છે.'

આમ એક જ નયનમાં આટલી બધી દૃષ્ટિ વિરોધાલંકાર પણ દર્શાવે છે. અલબત્ત અવસ્થાભેદથી તેનો પરિહાર થતાં 'વિરોધાભાસ' સિદ્ધ થાય છે. ટૂંકમાં શ્રીમાની આવી દૃષ્ટિ વિજયવંતી છે.

અત્રે આઠ રસની જ વાત કરવામાં આવી છે. શાંતરસનો ઉલ્લેખ નથી. સ્વયં કવિ પ્રત્યે કરુણામયી દૃષ્ટિ છે. જે કરુણરસ નહીં પણ બાળક એવા કવિ પ્રત્યે દયાભાવનું સૂચન કરે છે. અહીં ઉલ્લેખાલંકાર છે. રતિ, વિસ્મય ઇત્યાદિ વ્યભિચારી ભાવો પણ સૂચવાયા છે.

**(૫૨) गते कर्णाभ्यर्णं ..... कलयतः ॥ ૫૨ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ શ્રીમાનાં દીર્ઘ નયનોનું વર્ણન છે. પદ્યનો ભાવાર્થ છે, 'શ્રીમાનાં બન્ને નેત્રો બાણની જેમ કાન સુધી ખેંચાયેલાં છે અને બાણના પાછળના ભાગની જેમ (દીર્ઘ) પાંપણો ધરાવે છે. ત્રિપુરારિ શંકરના શમરસનો નાશ કરનારાં છે – એ એનું ફળ છે – (બાણનો આગળનો ભાગ) ધરાવે છે. કાન સુધી ખેંચાયેલાં નયનો કામદેવનાં બાણનું કાર્ય કરે છે.'

અહીં કામદેવનાં પાંચ બાણ ઉપરાંત છઠ્ઠા બાણની વાત છે, જે સ્ત્રીનેત્રકટાક્ષ છે. અહીં કામદેવનાં બાણના વિલાસોની સદૃશ વિલાસનું પ્રતિભાન થતું હોવાથી અર્થાત્ પ્રતિબિંબોનો આક્ષેપ થવાથી અહીં નિદર્શના અલંકાર છે. 'બાણની જેમ' એમાં ઉપમા છે.

શ્રીમાનાં નેત્રો જે આકર્ણદીર્ઘ છે, તે જ ત્રિપુરારિના શમભાવનું નિરસન કરી શકે, એટલે નેત્રકટાક્ષ અને નેત્રની સુંદરતા સર્વશ્રેષ્ઠ છે. એમાં વ્યતિરેકધ્વનિ વ્યંજિત થાય છે.

**(૫૩) विभक्तत्रैवर्ण्यं ..... त्रयमिव ॥**

પ્રસ્તુત પદ્ય પણ શ્રીમા ભગવતીનાં અંજનયુક્ત નેત્રોનું વર્ણન રમ્ય ઉત્પ્રેક્ષાલંકાર દ્વારા કરે છે. કવિ કહે છે, 'હે ઈશાન અર્થાત્ મહાદેવની પ્રિયતમા, તારાં ત્રણેય નયનો ત્રણ રંગનાં અંજનો રચવાથી જુદાજુદા ત્રણેય રંગમાં ચમકે છે જાણે કે, મહાપ્રલય સમયે અંતર્ધાન થઈ ગયેલા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને પુનઃ ઉત્પન્ન કરવા રજસ્, સત્ત્વ અને તમસ્ એ ત્રણે ગુણોને ધારણ કરતાં હોય એમ લાગે છે.'

પ્રસ્તુત પદ્યમાં અત્યંત મનોહર કલ્પના છે. શ્રીમાનાં પણ ત્રણ નેત્રો છે. ત્રિનયના ત્રિપુરસુંદરીનાં ત્રણેય નયનો ત્રણ પ્રકારના અલગ રંગમાં ચમકે છે. અહીં કવિએ જાણે કે ત્રણ ગુણોને સત્ત્વ, રજસ્ અને તમસને – આ નયનો ધારણ કરતાં ન હોય ! તેવી ઉત્પ્રેક્ષા કરી છે. વળી નેત્રોનું રંગ અથવા ગુણોનું ધારણ કરવાપણું જેવું તેવું નથી. સામાન્ય શૃંગાર માટેનું અંજન નથી. પરંતુ મહાપ્રલય સમયે ત્રિદેવોનો - અનુક્રમે બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રનો લય થાય છે. તેના પુનરુત્થાન માટે રજસ્, (બ્રહ્માના) સત્ત્વ, (વિષ્ણુના) અને તમસ્ ગુણરૂપ (રુદ્રના પુનઃ પ્રાગટ્યને માટે) જાણે કે શ્રીમા ત્રણેય નેત્રોમાં આ અંજન ધારણ કરે છે.

અહીં સત્ત્વ ગુણ શ્વેતવર્ણ, રજસ્ રક્ત અને તમસ્ નીલવર્ણના છે. ઉત્પ્રેક્ષા આ રીતે – નેત્રોમાં રહેલી શ્વેતતા, રક્તતા અને નીલિમાને સત્ત્વ, રજસ્ અને તમોગુણના રૂપે કલ્પવામાં આવી છે.

આ ત્રણ પ્રકારના અંજનના દર્શનથી સૃષ્ટિ, સ્થિતિ અને લયની ઝાંખી થાય છે. આમાં ભગવતીની મહત્તા અને અતિશયતારૂપ વસ્તુ ધ્વનિત થાય છે. એટલે અહીં અલંકાર દ્વારા (ઉત્પ્રેક્ષા દ્વારા) **વસ્તુધ્વનિની** વ્યંજના થઈ છે.

વાંચો 'લક્ષ્મીધરા' – अत्र भगवत्याः नयनाञ्जनदर्शनादेव सृष्टिस्थितिलया इति महानतिशयो ध्वन्यत इत्यलङ्कारेण वस्तुध्वनिः ॥ ५३ ॥ (P. 61)

'સૌભાગ્યવર્ધિની' ટીકા જણાવે છે (P. 62) અહીં 'लीलाम्बुजे' પાઠ સ્વીકારતાં નેત્રમહિમા લોકોત્તર છે એવો ધ્વનિ નિહિત છે. પરંતુ विभक्तत्रैवर्ण्यव्यतिकरितनीलाञ्जनतयेति कचित्पाठः । એમ પાઠ સ્વીકારતાં ધ્વનિ નથી અનુભવાતો. આમ ત્રણ પ્રકારના પાઠાન્તરમાંથી જે ઉચિત હોય તેને સજ્જનોએ ગ્રહણ કરવું. 'અરુણામોદિની' ટીકા ઉત્પ્રેક્ષાલંકાર જ સ્વીકારે છે. (P. 62)

'ગોપાલસુન્દરી' ટીકા વળી 'તારા નેત્રકમળથી જ બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર સ્રષ્ટા બન્યા છે તેમ વ્યતિરેક અલંકાર માને છે. (P. 65) પરંતુ ''લક્ષ્મીધરા''નો પાઠ અને અર્થઘટન વિશેષ ગ્રાહ્ય જણાય છે.

આ પદ્ય વિસ્મયનો ભાવ પણ જગાડે છે.

મોટેભાગે આંખોમાં કાળી કીકી હોય છે. શ્વેતરંગની પણ જોવા મળે છે. પરંતુ અસામાન્ય વ્યક્તિની આંખોમાં લાલરંગની રેખા પણ હોય છે.

અત્રે ત્રીજી આંખમાં નીલાંજનને કારણે તમસને પ્રસ્તુત કરવા ઘેરો શ્યામ રંગ વરતાય છે.

આ સિવાય 'नीलाम्बुजतया' અને 'नीलाम्बुजरुचा' એમ બે પાઠો મળે છે. 'નીલકમળના તેજને કારણે' આવો (તેનો) અર્થ છે.

પ્રસ્તુત પદ્યમાં ઉત્પ્રેક્ષા કવિપ્રૌઢોક્તિસિદ્ધ છે.

શ્રીઅરવિન્દ રચિત 'સાવિત્રી' મહાકાવ્યમાં પણ દૃષ્ટિનું નિરૂપણ ગૂઢતાભર્યું છે. સાવિત્રીની દૃષ્ટિ પૃથ્વીથી પણ વધારે સત્યવાનને ઘેરી વળતી હોય તેવી હતી.

And more than earth surrounds me in thy gaze - (P. 400)

સત્યવાન સાવિત્રીના પ્રથમ મિલનમાં સાવિત્રીની રાગાત્મક દૃષ્ટિનું વર્ણન –

For Suddenly her heart looked out at him,
The passionate seeing used thought cannot match,
And knew one nearer than its own close strings. (P. 395)

સાવિત્રીની રાગાત્મક દૃષ્ટિ અનુપમ હતી.

અશ્વપતિ સાવિત્રીની આંખોનું વર્ણન કરતાં કહે છે –

A happy wonder in her fathomless gaze,
changed by the halo of her love she came,
Her eyes rich with a shining mist of joy.
As one who comes from a heavenly embassy - (P. 418)

અહીં ઊંડી અગાધ દૃષ્ટિ જે હર્ષના પ્રકાશમાન ધુમ્મસથી તેજસ્વી લાગતી હતી જાણે દેવદૂતનું કાર્ય કરતી લાગતી હતી, એવું નિરૂપણ છે.

**(૫૪) पवित्रीकर्तुं ..... सम्भेदमनघम् ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ દેવીનાં નેત્રોનું વર્ણન છે. અત્રે પણ મનોરમ ઉત્પ્રેક્ષા અલંકાર છે અને મા ભગવતી પ્રત્યેનો રતિભાવ અર્થાત્ દેવાદિવિષયક રતિભાવ સુપેરે ઉજાગર થયો છે. ભાવાર્થ છે : 'ભગવાન શંકરને હૃદય અર્પણ કરનારી હે મા, તારાં રક્ત, શ્વેત અને શ્યામ એવાં દયામય ત્રણ નેત્રો વડે તું શોણ, ગંગા અને યમુના એ ત્રણ મહાન સરિતાઓનો જાણે પવિત્ર તીર્થરૂપ સંગમ રચે છે.'

શોણ ખરેખર નદ છે તે રક્તવર્ણી છે, ગંગાનદી શ્વેતવર્ણા છે અને તપનતનયા એટલે યમુના નદી શ્યામવર્ણી છે એવી કવિપ્રસિદ્ધિ છે. જાણે કે દેવીનાં ત્રણેય નેત્રો શોણ, ગંગા અને યમુના નદીનો તીર્થરૂપ સંગમ છે. અહીં કવિએ ઉત્પ્રેક્ષાલંકાર રચ્યો છે. આ સંગમ દેવીએ ભક્તો પરના વાત્સલ્યભાવને કારણે જાણે કે રચ્યો છે. ભક્તોને પવિત્ર કરવા માટે દેવીએ કૃપા કરી છે. ભક્તોને દૂર સુદૂર યાત્રા કરવાની આવશ્યકતા નથી. શ્રીમા ભગવતીનાં ત્રિનેત્રો જ જાણે શોણ, ગંગા અને યમુનાના સંગમસ્વરૂપ છે. ઉત્પ્રેક્ષા અલંકાર દ્વારા દેવીનો ભક્તવત્સલભાવ વ્યંજિત થાય છે. આમ અલંકાર દ્વારા **ભાવધ્વનિ**ની વ્યંજના થઈ છે.

'લક્ષ્મીધરા' (P. 66) ઉત્પ્રેક્ષા સ્વીકારે છે. અહીં કવિ - પ્રૌઢોક્તિસિદ્ધ ધ્વનિ છે.

'સૌભાગ્યવર્ધિની' ટીકાનુસાર શ્રીમાની દયાપરતંત્રતા અદ્‌ભુત છે. ભક્તો પર ઉપકાર કરવા તેમણે અસંભવને સંભવ કરી બતાવ્યું છે. નદીનું જે સ્વાભાવિક નૈર્મલ્ય છે, ગુણોની ઉલ્લાસિતા છે તે વ્યક્ત થાય છે. આમ તો દેવીનાં પ્રત્યેક નેત્રમાં ત્રૈગુણ્ય છે છતાં તારતમ્ય ભાવને ધ્યાનમાં રાખીને કવિ કહે છે. દક્ષિણ નેત્રમાં (જમણી આંખમાં) રજોગુણનું, ડાબા નેત્રમાં સત્ત્વગુણનું અને ભાલ પરના નેત્રમાં તમોગુણનું અથવા સત્ત્વગુણનું પ્રાધાન્ય છે. (P. 66)

'પદાર્થચન્દ્રિકા' (P. 68) પ્રમાણે 'શોણ' શબ્દ નદનો પરિચાયક છે. પરંતુ 'નદ' થી નદી જ સમજવાનું છે, તે સરસ્વતી છે. પુરાણોમાં સરસ્વતીને રક્તવર્ણી કહી છે. નેત્રો તીર્થરૂપ છે એવો ધ્વનિ પણ વ્યક્ત થાય છે.

પ્રથમ પંક્તિમાં 'प' નો ત્રીજીમાં 'तपनतनया' 'त' નો અને અંતમાં પણ 'त' નો અનુપ્રાસ ધ્યાનાર્હ છે જે અનાયાસપ્રયુક્ત છે તેથી ભાવધ્વનિને પુરસ્કારે છે.

સાવિત્રી મહાકાવ્યમાં નારદ સાવિત્રીનાં નયનોનું વર્ણન કરતાં કહે છે –

Or half-seen verge of waters moon-betrayed
Bright thou this glory of enchanted eyes ? – (P, 418)

પૂજાલાલજીનો સુંદર અનુવાદ –

કે ચન્દ્રને દગે અર્ધદૃષ્ટ વારિ-કિનારની

કઈ કુંજગલી કેરી લીલી ઝલકમાંથ્યથી

મોહિનીભર આંખો લાવી છે તું પ્રભાવ આ ?

(સાવિત્રી શબ્દામૃત (ભાગ : 6, પૃ. 38/39)

આમ સાવિત્રીની મોહિનીસભર આંખોનું વર્ણન છે. વળી સાવિત્રી મહાકાવ્યના આરંભે The Issue = પ્રથમ સર્ગની આ પંક્તિઓ વાંચો – સાવિત્રીની દૃષ્ટિ અને હાસ્ય દિવ્યતાનો ભાવ જગાડતાં હતાં. – Her look, her smile awake celestial sense. (P. 15)

**(૫૫) निमेषोन्मेषाभ्यां .... दृशः ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ શ્રીમા ભગવતીનાં નેત્રોનું વર્ણન છે. સામાન્ય રીતે મનુષ્યનું વર્ણન નખ-શિખ હોય છે. દેવતાનું વર્ણન શિખ-નખ પર્યન્ત હોય છે. આપણે મસ્તકથી આરંભીને કવિએ કરેલું શ્રીમાનું = દેવતાનું અર્થાત્ ત્રિપુરસુંદરીનું વર્ણન અવલોકી રહ્યાં છીએ. એમાં શ્રીમાનાં નયનોના નિરૂપણમાં નયનોના વિવિધ આયામો, રંગો, કટાક્ષોનું નિરૂપણ છે. અહીં શ્રીમાની આંખોના ઉન્મેષો અને નિમેષોથી સર્જાતી પરિસ્થિતિનું ખૂબ સચોટ વર્ણન કરવામાં આવ્યું છે.

'હે હિમાલયની પુત્રી, તું નેત્રો બંધ કરે ત્યારે જગતનો પ્રલય થાય છે અને ખોલે ત્યારે ઉદ્‌ભવ થાય છે એમ સંતો કહે છે. આથી લાગે છે કે આ સમગ્ર જગત પ્રલય પછી તારાં નેત્રો ઊઘડવાથી ઉદ્‌ભવ પામ્યું છે અને જાણે એનું સંપૂર્ણ રક્ષણ કરવાની જવાબદારી તારી હોવાથી તારી આંખોએ મિચાઈ જવાનું બંધ કર્યું છે અર્થાત્ તારાં ત્રણેય નેત્રો સતત જાગ્રત રહે છે.'

'शङ्के' દ્વારા સ્પષ્ટ છે કે શ્રી શંકરાચાર્યે આ પદ્યમાં ઉત્પ્રેક્ષાલંકાર રચ્યો છે.

'લક્ષ્મીધરા' (પૃ. 70) ઉત્પ્રેક્ષાલંકાર માને છે. 'સૌભાગ્યવર્ધિની' પ્રમાણે અનિમેષનયના નિરતિશય આનન્દરૂપા બ્રહ્મની અવિનાભૂત ચિદ્‌શક્તિનું દેવતારૂપ શરીર ધારણ કરવું સ્વાભાવિક છે તેને અન્યથા બતાવવાથી અપહ્નુતિ અલંકાર થયો છે. (P. 71)

તો 'અરુણમોદિની' સ્વભાવોક્તિ જ માને છે. (P. 71) કારણ ભગવતીનાં લોચનનું સૃષ્ટિ, સ્થિતિ અને સંવરણ એ આગમપ્રસિદ્ધ છે એટલે સ્વભાવોક્તિ છે. તેથી કવિકલ્પિતા મિથ્યા કલ્પનારૂપ ઉત્પ્રેક્ષા નથી.

ડિણ્ડિમભાષ્ય (P. 72) પણ એમ જ કહે છે.

ટૂંકમાં આ બધાનો મત છે દેવતાના ઉન્મેષ-નિમેષ સ્વાભાવિક હોય છે. આથી સ્વભાવોક્તિ જ સ્વીકારવી જોઈએ.

પરંતુ 'લક્ષ્મીધરા' કવિકલ્પનાપ્રસૂત ઉત્પ્રેક્ષાલંકાર સ્વીકારે છે. (P. 71) વળી शङ्के શબ્દ પણ ઉત્પ્રેક્ષાનો પરિચાયક છે. (જુઓ દંડીકૃત કાવ્યાદર્શ. 2/234, मन्ये शङ्के ध्रुवं ....' ઇત્યાદિ)[1]

વાસ્તવમાં અહીં 'હેતૂત્પ્રેક્ષા' છે. કારણ કે, દેવીની આંખોનિ નિર્મેષ બની એમાં જગતને રક્ષવાનો હેતુ રહેલો છે.

'લક્ષ્મીધરા' વિશેષમાં સમજાવે છે કે અહીં ઉત્પ્રેક્ષાલંકાર થયો છે. દેવતાઓ પલક નીચે નથી પાડતા તેનું કારણ માત્ર જગતની રક્ષા છે. અહીં ફલોત્પ્રેક્ષા છે. કેવળ (શ્રીમાનાં) નિમેષ અને ઉન્મેષની દશા દ્વારા જગતની ઉત્પત્તિ અને પ્રલય બન્ને કાર્યો સંપન્ન થાય છે. અતઃ દેવીનો મહિમા વાણી અને મનથી પર છે. અહીં **वस्तुध्वनि** રચાયો છે અર્થાત્ અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના છે. (પૃ.71)

વળી ભગવતીની સતત જાગૃતિનું પણ વર્ણન છે જ એટલે જાગૃતિ - Vigilance - રૂપ વસ્તુધ્વનિની પણ વ્યંજના થાય છે. એ દ્વારા દેવીની જગત પ્રત્યેની અપાર કરુણા વ્યક્ત થાય છે.

કવિપક્ષે દેવાદિવિષયક રતિભાવ છે. ભાવકપક્ષે 'વસ્તુધ્વનિ'. આ સઘળું ભક્તિરસ અને ભાવને જ દર્શાવે છે.

'કુમારસંભવ'માં તપઃપૂત પાર્વતીએ પોતાની વિલાસચેષ્ટાઓ લતાઓને અને ચંચળદૃષ્ટિ હરિણીઓને જાણે કે થાપણરૂપે આપી દીધી હતી – विलोलदृष्टं हरिणाङ्गनासु । (कुमार० ५/१३) અર્થાત્ તપસ્યામાં યુક્ત થવાથી પાર્વતીની દૃષ્ટિ સ્થિર (અચંચળ) થઈ ગઈ હતી – આવું નિરૂપણ અહીં પણ આસ્વાદ્ય બની રહેશે.

**(૫૬) तवापर्णे कर्णे ..... प्रविशति ॥ ५६ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ શ્રીમાનાં નેત્રોની શોભાનું વર્ણન કવિસમયાનુસાર કરવામાં આવ્યું છે. પદ્યનો સાર આ પ્રમાણે છે : 'હે અપર્ણા (પાર્વતી), હમેશાં અનિમેષ નયનોવાળી માછલી પાણીમાં છુપાયેલી રહે છે. (કારણ) તેમને એવો ભય રહે છે કે તારાં નયનો ઈર્ષ્યાવશ થઈને તેમની ચાડી તારા કાનમાં ન ખાય અને આ શ્રી (લક્ષ્મી/શોભા) પ્રભાત થાય ત્યારે કબાટની જેમ બંધ થતા નીલકમલને છોડીને જતી રહે છે અને રાત્રે પુનઃ (નીલકમલને) ખોલીને પાછી ફરે છે.'

પ્રસ્તુત પદ્યમાં પૂર્વાર્ધમાં ઉત્પ્રેક્ષાલંકાર છે. 'લક્ષ્મીધરા' ટીકા (P. 74, 75) સમજાવે છે કે માછલી અને નીલકમલ નેત્ર જેવાં છે અને આ બે જેવાં નેત્રો છે. આમ બન્નેનું સામ્ય સુપ્રસિદ્ધ છે. કવિ અહીં કલ્પના કરે છે કે નેત્રસૌભાગ્ય માછલી અને નીલકમલમાં પણ છે (= તે બન્ને નેત્ર જેવાં જ છે.)

---

1. આચાર્ય દંડીકૃત કાવ્યાદર્શ - સંપા. ડૉ. જાગૃતિ પંડ્યા, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, ઈ.સ. 1994-95, પ્રથમ આવૃત્તિ.

પણ તે સૌભાગ્યને હરવા ઇચ્છતાં શ્રીમાનાં બે નયનો તેની ચાડી જાણે કે (શ્રીમાનાં) કાનમાં ખાશે એમ (માની) અનિમેષ નયનોવાળી માછલી પાણીમાં છુપાયેલી રહે છે અને નીલકમલની શ્રી દિવસે બિડાઈ જાય છે, રાત્રે પાછી આવે છે. એમાં ઉત્પ્રેક્ષા અલંકાર છે. પૂર્વાર્ધમાં અહીં માછલીનું પાણીમાં રહેવું અને અનિમેષત્વ સ્વભાવસિદ્ધ છે. તેને અન્યથા ઉત્પ્રેક્ષિત કર્યું છે. દ્વિતીયાર્ધમાં અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ છે. આ રીતે – નેત્રની શોભાનું રાત્રે નેત્ર છોડી (કમળની શોભામાં-ગર્ભમાં) ભક્તિની અતિશયતાને લીધે તેની રક્ષા કરવા નિવાસ અને દિવસે નેત્રમાં નિવાસ દર્શાવ્યો હોવાથી અસમ્ભવ સંબન્ધને સંબન્ધરૂપમાં સ્થાપિત કર્યો છે. ઈન્દીવરનો રાત્રિમાં વિકાસ અને દિવસમાં બિડાવું સ્વભાવસિદ્ધ છે. અહીં બન્નેનો લક્ષ્મી દ્વારા સંબન્ધ થતો નથી છતાં સંબન્ધ દર્શાવ્યો છે. આમ દ્વિતીયા અતિશયોક્તિ હોવાથી ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિની અનુસૃષ્ટિ - સંસૃષ્ટિ રચાઈ છે. વળી લોકમાં નેત્રોને જેની ઉપમા આપવામાં આવે છે તેવી માછલી ભગવતીનાં નેત્રો સાથે તુલનામાં આવી શકે નહીં આથી તેમનો નિવાસ જળમાં જ ઉચિત છે. આથી અહીં કાવ્યલિંગધ્વનિ છે અર્થાત્ અલંકારધ્વનિ છે. નયનોની શ્રેષ્ઠતામાં વ્યતિરેક ધ્વનિ પણ છે. આથી બે અલંકારો દ્વારા બે અલંકારધ્વનિની વ્યંજના છે.

સંક્ષેપમાં પાર્વતીના કર્ણપર્યન્ત દીર્ઘનેત્રોના ભયથી (ક્યાંક નેત્રો કાનમાં ચાડી ન કરી દે તેવા ભયથી) માછલીઓ અનિમેષ નેત્રથી પાણીની નીચે ચાલી જાય છે. દિવસ દરમ્યાન સૌન્દર્યશ્રી નીલકમલને છોડી જાય છે. કારણ શ્રીમાની આંખોની શોભા એવી છે. રાત્રે પુનઃ શ્રીમાનાં નેત્રો બંધ થતાં અને દલદ્વાર ખૂલી જતાં નીલકમલશ્રી પાછી નીલકમલમાં ફરે છે. અર્થાત્ શ્રીમાનાં નેત્રોના ભયથી કમલિનીશ્રી રાત્રિમાં ખીલે છે. દિવસ દરમ્યાન શ્રીમાની આંખો ખૂલતાં જ તે પલાયન કરી જાય છે, તેના પત્રો બંધ થઈ જાય છે.

અહીં સમાન્તરે શ્રી શંકરાચાર્યની જ એક સ્તુતિ - तवापर्णे कर्णे विशति मनुवर्णे फलमिदम् – 'દેવ્યપરાધક્ષમાપનસ્તોત્ર'ની[1] (-૬) પંક્તિ આસ્વાદ્ય બની રહે છે.

અપર્ણા એટલે ઉમા, જે પોતાના ભક્તો પર કૃપા વરસાવે છે અને બધી જ ઇચ્છા પૂર્ણ કરે છે, જેથી તેનું કોઈ ઋણ બાકી ન રહે, પાર્વતીએ પોતાના તપ દરમ્યાન કઠોર ઉપવાસો કર્યા હતા અને પાંદડાં પણ ખાતી ન હતી તેથી ઋષિઓએ 'અપર્ણા' નામ આપ્યું. કાલિદાસ કુમાર૦ ૫/૨૮ માં 'અપર્ણા'ને આ રીતે પ્રસ્તુત કરે છે :

**'स्वयंविशीर्णद्रुमपर्णवृत्तिता परा हि काष्ठा तपसस्तया पुनः ।**
**तदप्यपाकीर्णमतः प्रियंवदां वदन्त्यपर्णेति च तां पुराविदः ॥**

સ્વતઃચ્યુત થયેલાં વૃક્ષોનાં પાંદડાં પર તે જીવનનિર્વાહ કરતી હતી. (માત્ર ખરી પડેલાં પર્ણો જ

---

૧. देव्यपराधक्षमापनस्तोत्रम् - पद्य - ६, दुर्गासप्तशती , पृ. २२७. (પ્રકા. ગીતાપ્રેસ ગોરખપુર, સં. ૨૦૬૧ (પુનર્મુદ્રણ)

પાર્વતી ખાતી હતી) તે તેના તપની પરાકાષ્ઠા હતી. પછી તેણે તે પણ છોડી દીધું. (પર્ણો ખાવાનું પણ છોડી દીધું) આથી પુરાવિદોએ = ઋષિઓએ પ્રિયંવદા તેવી તેને (પાર્વતીને) 'અપર્ણા' એમ કહેવા માંડ્યું. (= અપર્ણા નામ આપ્યું)

આ રીતે પાર્વતીનું નામ 'અપર્ણા' (= પાંદડાં પણ નહિ ખાનારી) એમ પ્રસિદ્ધ થયું.

'સૌભાગ્યવર્ધિની' પ્રમાણે (P. 75) નયનોનું કર્ણાન્તવિશ્રાન્તત્વ - કર્ણ સુધી ખેંચાવું સ્વાભાવિક છે. માછલીઓનો જળમાં વાસ દર્શાવ્યો તેમાં અપહ્નુતિ છે. પરંતુ અહીં ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ જ છે. કારણ અપહ્નુતિમાં નિષેધનો કે ગોપનીયતાનો ભાવ હોય છે કે વ્યાજ કે છલ જેવા શબ્દો હોય છે. અહીં એવું નથી. નિષેધનો ભાવ પણ પ્રતીત થતો નથી.

**(૫૭) दृशा द्राघीयस्या ..... हिमकरः ॥ ૫૭ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ દેવીનાં નયનોનું સુંદર વર્ણન છે. કવિ અત્યંત ભક્તિભાવપૂર્વક શ્રીમા ભગવતીને પોતાના તરફ દૃષ્ટિપાત કરવા વિનંતી કરે છે – 'હે શિવે, જરાક વિકસેલા નીલકમલની કાંતિ જેવી (તારી) મનોહર દૃષ્ટિ વડે દૂર રહેલા મારા જેવા દીનને પણ કૃપા કરી સ્નાન કરાવ, કારણ હું (તેનાથી) ધન્ય બની જઈશ અને તને તો કોઈ હાનિ નથી કારણ કે, ચન્દ્રનાં કિરણો વનમાં કે મહેલમાં એકસરખાં જ પડે છે.'

અત્રે દૃષ્ટિની કાંતિને સહેજ ખીલેલા કમળના જેવી દર્શાવી છે તેમાં ઉપમા છે. दृशा, द्राघीयस्या – સમગ્ર પ્રથમ પંક્તિમાં અને દ્વિતીય અર્ધી પંક્તિમાં 'द' નો પ્રાસ ધ્યાનાર્હ છે. કર્ણપેશલ છે તેથી અનોખું નાદસૌન્દર્ય સરજાય છે. અંતમાં સુંદર અર્થાન્તરન્યાસ અલંકાર રચાયો છે. 'ચન્દ્રનાં કિરણો વનમાં કે મહેલમાં એકસરખાં જ પડે છે' – એ સામાન્ય વાક્યથી શ્રીમાની વિશિષ્ટ દૃષ્ટિનું સમર્થન કર્યું છે તેથી સામાન્યથી વિશેષના સમર્થનમાં સંભવતો અર્થાન્તરન્યાસ અલંકાર થયો છે.

શ્રીમાની દૃષ્ટિ ચન્દ્રરૂપ છે તેથી તેના માટે આવું કરવું ઉચિત જ છે એવો **વસ્તુધ્વનિ** પણ અત્રે નિહિત છે.

'લક્ષ્મીધરા' પરની 'સરલા' હિન્દી ટીકા અનુસાર (P. 211) અહીં પ્રકૃતમાં સામાન્યથી વિશેષનું સમર્થન કરવામાં આવ્યું છે. સર્વને સમાનરૂપે જોવાં એમાં જ સર્વોત્કૃષ્ટતા હેતુરૂપ છે. પોતાનું અને પરાયું એમ ભેદથી જોવામાં સર્વોત્કૃષ્ટતા હોતી નથી – એવો (અહીં) ધ્વનિ અર્થાત્ **વસ્તુધ્વનિ** પણ છે. આમ અર્થાન્તરન્યાસ અલંકાર દ્વારા સમાનદૃષ્ટિ સર્વોત્કૃષ્ટતામાં હેતુરૂપ છે એવો વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે. ટૂંકમાં અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના થઈ છે.

કુમાર૦ ૧/૪૯ માં પણ પાર્વતીના સમગ્ર દેહના સૌન્દર્યને વર્ણવતાં નયન માટે કમલની જ ઉપમા વિચારી છે. મલ્લિનાથ સ્પષ્ટ કરે છે – વિશ્વનું નિર્માણ કરનારા બ્રહ્માજીએ એક જ સ્થાને સકળ સૌન્દર્ય

જોવાની  ઇચ્છાથી શોધી શોધીને ચન્દ્ર, કમળ, ઇત્યાદિ પ્રસિદ્ધ સુંદર ઉપમાનોનો પાર્વતીના મુખ, નયનાદિ અવયવોમાં યથાયોગ્ય ઉપયોગ કર્યો અને તેના દેહની રચના કરી. (P. 27)

શ્રીમાનાં નયનનાં વર્ણન પછી આદિ શંકરાચાર્ય હવે ક્રમશઃ શ્રીમાનાં શ્રવણોનું વર્ણન કરે છે.

**(૫૮) अरालं ते पाली०.... शरसन्धानधिषणाम् ॥ ૫૮ ॥**

'હે પર્વતરાજ (= હિમાલય)ની પુત્રી, તારા બન્ને કાનની વાંકી બૂટ કામદેવનાં બાણ જેવું આકર્ષણ કોને નહીં કરે ? વળી તારા કાનના માર્ગને ઓળંગીને કાન સુધી ખેંચાયેલા તીરછા કટાક્ષ, સંધાન કરેલા બાણ જેવા દેખાય છે. (= બાણની ભ્રાંતિ ઉત્પન્ન કરે છે.)'

ખૂબ સુંદર કલ્પન છે. અપાંગમાં બાણસન્ધાનની ભ્રાન્તિ ઉત્પન્ન થવાથી ભ્રાન્તિમાન્ અલંકાર થયો છે. પાલીયુગલ[1] પર કામદેવનાં ધનુષ્યની બુદ્ધિ સંશયયુક્ત હોવાથી સન્દેહાલંકાર પણ છે. આથી ભ્રાન્તિમાન્ અને સન્દેહાલંકારનો અંગાંગિભાવ સંકર 'લક્ષ્મીધરા' સ્વીકારે છે. (P. 85)

ल, क, श ના પ્રાસો ધ્યાનાર્હ છે.

'આનન્દગિરીયા' ટીકા અહીં ઉપમા અને અપહ્નુતિનો સંકર માને છે. તેમના મત પ્રમાણે કવિએ કાનની બૂટને બાણની ઉપમા આપી છે તો આ નયનકટાક્ષો નહીં પણ કામદેવનાં બાણ છે એવો અપહ્નુતિ અલંકારધ્વનિ છે. (P. 86) આમ અત્રે અલંકાર દ્વારા અલંકારધ્વનિની વ્યંજના અર્થાત્ ઉપમા દ્વારા અપહ્નુતિધ્વનિની વ્યંજના સંકર કરતાં વધારે ઉપયુક્ત લાગે છે.

**(૫૯) स्फुरद्गण्डाभोग०.... सज्जितवते ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીનાં કાનનાં કુંડળો વિશે નિરૂપણ છે. અહીં ઉત્પ્રેક્ષાલંકાર છે. પદ્યનો ભાવ આ પ્રમાણે છે : 'તારા ચમકતા દર્પણ સમાન નિર્મળ ગાલ પરના તાટંક (કાનનાં બન્ને કુંડળો)નું જે પ્રતિબિંબ પડે છે તે જાણે કે તારું મુખ ચાર પૈડાંવાળો કામદેવનો રથ છે. એના પર બેસીને મહાન વીર કામદેવ સૂર્ય, ચન્દ્ર જેનાં પૈડાં છે એવા પૃથ્વીરૂપ રથ પર યુદ્ધ માટે સજ્જ થયેલા ભગવાન શંકરનો સામનો કરે છે.'

'લક્ષ્મીધરા' અનુસાર પૂર્વાર્ધમાં ઉત્પ્રેક્ષા, દ્વિતીયાર્ધમાં કાવ્યલિંગ અને અતિશયોક્તિ છે. (P. 89)

'લક્ષ્મીધરા' પરની 'સરલા' હિન્દી ટીકા આ પ્રમાણે સમજાવે છે : (1) ઉત્પ્રેક્ષા આ રીતે – ભગવતીનાં મુખની રથ દ્વારા ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. શ્રીમાનાં કર્ણકુંડલોનું દર્પણ જેવા નિર્મળ

---

1. પાલી એટલે કાનની બૂટ કેટલાક કર્ણાભરણ પણ કહે છે. ('લક્ષ્મીધરા' વગેરે ટીકા કાનની બૂટ અને આનન્દલહરી (P. 88) કર્ણાભરણવિશેષ. કેટલાક ભ્રમર પણ અર્થ કરે છે.पाली भ्रूरिति केचित् । (P. 86) ('આનન્દગિરીયા' - પૃ.86)

ગાલમાં પ્રતિબિંબ પડતાં જાણે ચાર કુંડળો પ્રતીત થાય છે અને તેથી કવિને તે જાણે કે ચાર ચક્રોવાળો કામદેવનો રથ લાગે છે. (2) દ્વિતીયાર્ધમાં આરોહણકર્તાના મહાવીરત્વના સંપાદકત્વ દ્વારા પદાર્થહેતુક 'કાવ્યલિંગ' અલંકાર છે. વળી ભગવાન શંકર સાથે કામદેવનાં યુદ્ધને કોઈ સંબન્ધ ન હોવા છતાં પણ સંબન્ધનું કથન હોવાથી અત્રે (3) અસંબન્ધે સંબન્ધમૂલા અતિશયોક્તિ છે. તેથી કાવ્યલિંગ અને અતિશયોક્તિનો અંગાંગિભાવ સંકર છે. ઉત્પ્રેક્ષાનું કાવ્યલિંગ પ્રત્યે અનુપ્રાણકત્વ છે. તેથી સંસૃષ્ટિ કે સંકર નથી પણ (બન્ને) પૃથક્ છે. એમા ઉત્પ્રેક્ષાનું ઉપકારકત્વ હોવાથી તે અનુપ્રાણક છે. અલંકારો પૃથક્ હોય તો પ્રયોજક અંગરૂપ હોય, અલંકારો અપૃથક્ હોય તો પ્રયોજક ઉપસર્જન હોય. આથી અહીં એક વિલક્ષણ સંસૃષ્ટિ સરજાઈ છે, એવું આલંકારિકોના મતનું રહસ્ય છે. (P. 215)

શ્રી ઉમાનું દિવ્ય સૌન્દર્ય (અહીં) ધ્વનિત થાય છે.

'અરુણામોદિની' અહીં आरुह्येति० માં દીપક માને છે. (P. 90) 'સૌભાગ્યવર્ધિની' અપહ્નુતિ માને છે. કારણ કે શ્રીમાનાં મુખનું પ્રકૃત સ્વરૂપ છુપાવીને તેને કામદેવનો રથ કહ્યો છે. (P. 90) પરંતુ અહીં નિષેધનો ભાવ નથી. વળી મુખને વિશે 'मन्ये' શબ્દ દ્વારા કવિએ ઉત્પ્રેક્ષા જ કરી છે તે સ્પષ્ટ છે.

'આનન્દગિરીયા' ટીકા અહીં इवार्थे ઉપમા માને છે પરંતુ અહીં इव શબ્દનો પ્રયોગ નથી. અને 'मन्ये' શબ્દ ઉત્પ્રેક્ષાનું જ સૂચન કરે છે તેથી 'આનન્દગિરીયા' ટીકા સાથે સહમત થવાય એવું નથી. વળી આરોપ પણ નથી તેથી રૂપક પણ ન માની શકાય. (P. 91) આનન્દગિરીયા અહીં ઉપમા, રૂપક અને અપહ્નુતિ અલંકારોનો સંકર માને છે. મુખરૂપી રથમાં રૂપક, આ મુખ નથી પણ મન્મથનો રથ છે એમ અહીં અપહ્નુતિ છે. પરંતુ આ અપહ્નુતિ અલંકાર નથી. અહીં અપહ્નુતિ ધ્વનિ માની શકાય, અલંકાર નહીં.

ભગવતીનું મુખારવિન્દ લોકોત્તર કાન્તિ ધરાવે છે એવી **વસ્તુવ્યંજના** પણ અત્રે નિહિત છે.

વળી કામદેવનો રથ શિવજીના પૃથ્વીરૂપી રથ, જેને સૂર્ય-ચન્દ્રરૂપી બે જ ચક્રો છે એટલે તેના કરતાં ચડિયાતો છે એટલે કે દેવીનાં મૂળ બે તાટંક અને ગાલ પર પડતાં તેનાં બે પ્રતિબિંબને લીધે કુલ ૪ ચક્રો કલ્પી, ચક્રોની કલ્પના કરવામાં આવી છે. આમ કામદેવનો રથ મહાદેવના રથથી વિશિષ્ટ હોવાથી અત્રે વ્યતિરેકઅલંકારધ્વનિ પણ થયો છે.

રથની કલ્પના એકદમ નવીન છે. તેથી ઉત્પ્રેક્ષા કવિપ્રૌઢોક્તિસિદ્ધ બની છે.

चतुः चक्रं, मुखमिदं, मन्मथरथं, आरुह्य द्रुह्य महावीरो मार અને प्रमथपतये માં च, म, र, ष, ह ના અનુપ્રાસો અનોખું શ્રવણપેશલત્વ દર્શાવે છે.

**(૬૦) सरस्वत्याः ..... इव ते ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીનાં કુંડળોનો રણકાર વર્ણવ્યો છે – 'હે શર્વાણી (= પાર્વતી), સરસ્વતીની સૂક્તિ એટલે કે મધુરવાણી અમૃતની લહરીનું (પણ) કૌશલ હરી લેનારી છે અર્થાત્ તેના કરતાં પણ શ્રેષ્ઠ છે. આ વાણીને તું કાનરૂપી પાત્રથી સતત પીએ છે (તેનું શ્રવણ કરે છે) વળી (વાણીની) ચમત્કૃતિની પ્રશંસા કરવા તું મસ્તક હલાવે છે એટલે તારાં કુંડળો ઝણઝણી ઊઠે છે જાણે કે, બરાબર છે, સરસ છે એમ કહેતાં હોય તેમ પડઘો પાડે છે.'

આદિ શંકરાચાર્યે પ્રસ્તુત પદ્યમાં શ્રીમાનાં કુંડળોના રણકારનું ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ તથા મનોહર કર્ણપ્રિય અનુપ્રાસોથી વર્ણન કર્યું છે.

અહીં પ્રતિવચનની સંભાવનામાં ઉત્પ્રેક્ષાલંકાર છે. शिरःकंपनમાં असंबन्धे संबन्धरूपा અતિશયોક્તિ 'લક્ષ્મીધરા' માને છે. બન્નેનો અંગાંગિભાવ સંકર પણ ખરો. (P. 94)

જો કે 'સૌભાગ્યવર્ધિની' અહીં કારણમાલા સમજાવે છે :– કાનનું ચુલુકરૂપે પ્યાવન, તેનું અમૃતાસ્વાદરૂપ શ્રવણમાં કારણ તે પ્રશંસાનું કારણ અને પ્રશંસા પ્રત્યુત્તરદાનનું કારણ તથા પ્રતિવચન ઉપમા દ્વારા પ્રાપ્ત થવું – એમાં કારણમાલા છે (P. 98)

વળી શ્રીમા પ્રશંસા જ કરતાં નથી, પરંતુ અચેતન એવાં તેમના કુંડળો પણ તેને અનુમોદન આપે છે. આવો વસ્તુધ્વનિ પણ નિહિત છે. આમ અલંકાર દ્વારા **વસ્તુધ્વનિ**ની વ્યંજના થઈ છે.

सरस्वत्याः સૂક્તીમાં 'स' નો અનુપ્રાસ, 'लहरी कौशलहरी' નો યમક અને चमत्कारः चलितમાં पुनः 'च' નો પ્રાસ કર્ણપેશલ બન્યો છે.

'લક્ષ્મીધરા' (P. 94) ટીકાનો અન્વય દૂરાત્કર્ષિત જણાય છે. આપણે 'સરલા' ટીકાનો એ અંગેનો અભિપ્રાય નોંધીએ પરંતુ ઉપર કહેલો શ્લોકાર્થ જ વધુ ઉપયુક્ત જણાય છે. 'લક્ષ્મીધરા'એ સરસ્વતીની સૂક્તિ અર્થ લેવાને બદલે શ્રીમાની સૂક્તિઓ એમ અર્થ લીધો છે અને શ્રીમાનાં કુંડળોને બદલે सरस्वत्याः कुण्डलगणोः એમ દૂરાન્વય કરી, સરસ્વતીનાં કુંડલો એવો અર્થ આપ્યો છે.

'સરલા' (P. 217) સમજાવે છે – 'હે શર્વાણી, અમૃતલહરીના સૌભાગ્યનું હરણ કરનારી આપની સૂક્તિઓને પોતાના શ્રવણરૂપ (કાનરૂપ) ચુલુકો (પાત્ર) દ્વારા નિરંતર પાન કરનારી, આશ્ચર્યાનુકરણ સંદોહમાં પોતાના મસ્તકને હલાવતી સરસ્વતીનાં કુંડળો, હવે ઝણઝણ અવાજ કરતાં જાણે કે ઊંચા સ્વરથી તેનું અનુમોદન કરે છે.'

વળી સ્વભાવસિદ્ધ નાકના અલંકારભૂત મોતીને છુપાવીને તેના એકદેશત્વનું પ્રતિપાદન કરવાને લીધે અપહ્નુતિ છે.

'પદાર્થચન્દ્રિકા' નાકરૂપી વંશની ઉત્પ્રેક્ષા માને છે. (પૃ. 101)

ટૂકમાં આ પદ્યમાં ઉત્પ્રેક્ષા, નાકરૂપી વંશમાં રૂપક, ઇચ્છિત ફળને તરત જ આપે તેમાં કાવ્યલિંગ અને નાસિકાની અંદર પણ ઘણાં મોતી છે તેવી અર્થાપત્તિ પણ છે.

**( ૬૨ ) प्रकृत्याऽऽरक्ताया ..... कलया ॥**

'હે સુંદર દાંતવાળી, સ્વાભાવિક રીતે જ લાલ એવા તારા હોઠની શોભાની તુલના કરે તેવા પદાર્થોનાં નામ કહું છું. જો પરવાળાંની (લાલ) લતાને ફળ આવે તો પણ એ ફળની આકૃતિ પૂરતી નથી કારણ કે એની લાલાશ તો તારા શરીરની લાલાશનું પ્રતિબિંબ છે. (તેથી) એ સહજપણે તુલના કરવામાં આવતાં શા માટે શરમાઈ ન જાય ?'

પ્રસ્તુત પદ્યમાં દેવીના હોઠની સુંદરતાનું અત્યંત મનોહર વર્ણન કરવામાં આવ્યું છે.

દેવીના હોઠ સ્વભાવથી જ અર્થાત્ પ્રકૃતિથી જ આરક્ત - તામ્રવર્ણા = લાલરંગના છે. કવિ પ્રકર્ષરૂપે તેની શોભા વિશે કહે છે હોઠની રક્તિમાને શેની ઉપમા આપવી ?

જો પરવાળાની લતા પર ફળ લાગે તો તેની સુંદરતા આપના હોઠ સાથે સમાનતા – સાદૃશ્ય રચી શકે પરંતુ બિંબફળે તો આપના અધરોષ્ઠરૂપ બિંબના પ્રતિબિંબરૂપ અરુણિમા પ્રાપ્ત કરી છે તો પછી શું તે લજ્જિત નહીં થાય ?

અહીં 'यद्यर्थोक्तौ च कल्पनम्' નામનો દ્વિતીયા અતિશયોક્તિ અલંકાર છે કારણ 'જો આમ હોત તો આમ થાત' તેવો ભાવ છે. દ્વિતીયાર્થમાં બિંબના પ્રતિબિંબસ્વરૂપ કથનમાં સંબન્ધ ન હોવા છતાં સંબન્ધનું કથન હોવાથી અભેદનું કથન કરવામાં આવ્યું છે. આથી અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ છે. બન્નેની સંસૃષ્ટિ છે.

દેવીના અધરોની લાલિમા બિંબફળની લાલિમાને લજ્જિત કરે છે. તેમાં વ્યતિરેકાલંકારધ્વનિ છે. અને એટલે અલંકાર દ્વારા અલંકારની વ્યંજના થઈ છે, જે દેવીના સૌન્દર્યરૂપી પ્રભાવાતિશયને વધારે નિખારે છે.

અથવા અનન્વય અલંકારધ્વનિ પણ કહી શકાય. કારણ કે દેવીના હોઠ દેવીના હોઠ જેવા જ છે એવો અર્થ અહીં વ્યક્ત થાય છે. (વિશેષ માટે 'લક્ષ્મીધરા', પૃ. 103 અને સૌભાગ્યવર્ધિની પૃ. 104)

કાલિદાસ કુમારસંભવમાં ૧/૪૪ દેવી પાર્વતીનું વર્ણન કરતાં જે કહે છે તે સમાન્તરે આસ્વાદી શકાય.

**पुष्पं प्रवालोपहितं यदि स्यान्मुक्ताफलं वा स्फुटविद्रुमस्थम् ।**
**ततोऽनुकुर्याद्विशदस्य तस्यास्ताम्रौष्ठपर्यस्तरुचः स्मितस्य ॥**

જો બાલપલ્લવો - નૂતન પલ્લવો પર શ્વેતપુષ્પ મૂકવામાં આવે અથવા મોતીને નિર્મળ એવા વિદ્રુમ પર જડવામાં આવે ત્યારે (આ બેમાંથી એક) તેના (પાર્વતીના) શુભ્ર અને તામ્રવર્ણા હોઠો પર રહેલા કાંતિયુક્ત સ્મિતનું અનુકરણ કરી શકે. (સમાનતા ધારણ કરી શકે)

અહીં કાલિદાસે પણ 'यद्यर्थोक्तौ च कल्पनम्' 'यदि' અર્થ દ્વારા કલ્પિત અતિશયોક્તિ દ્વારા પાર્વતીના હોઠ અને સ્મિતનું વર્ણન કર્યું છે. આને અસંબન્ધે સંબન્ધમૂલા અતિશયોક્તિ પણ કહે છે.

શંકરાચાર્યે દેવીના અધરને અનુપમ કહ્યા છે, જેની કોઈ તુલા નથી. કાલિદાસ અને શંકરાચાર્યનું ભાવસામ્ય સુસ્પષ્ટ છે.

એક વધુ સમાન્તર નોંધીએ. 'સાવિત્રી' મહાકાવ્યમાં શ્રી અરવિન્દ શ્રીમાનાં હાસ્ય અને અધરનું વર્ણન અત્યંત ઉચ્ચસ્તરેથી આવતી કવિતામાં કરે છે –

'A music of griefless things shall weave her charm,
The harps of the perfect shall attune her voice.
The streams of Heaven shall murmur in her laugh.
Her lips shall be the honeycombs of God,
Her limbs his golden jar of ecstasy' – P. 346

દિવ્યમાતાના અંશરૂપે સાવિત્રીનો જન્મ અશ્વપતિને ત્યાં થશે એટલે સ્વયં દિવ્યમાતા સાવિત્રી કેવી હશે ? તેનું સૌન્દર્ય કેવું હશે ? તેનું વર્ણન કરતાં કહે છે –

તેની સુંદરતા નિર્મેળ આનંદના સંગીત સમી હશે. તેનો સ્વર દિવ્ય વીણાના તારસમો ઝંકૃત થતો હશે. તેનું હાસ્ય સ્વર્ગના ઝરણાઓના કલકલ નિનાદ સમું હશે. તેના અધરો દેવતાના મધુકોષો જેવા હશે. એનાં અંગો ઈશના આનંદના સુવર્ણકલશો જેવાં બની રહેશે.

**( ૬૩ ) स्मितज्योत्स्नानालं.... काञ्जिकधिया ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના મુખારવિન્દનું વર્ણન છે.

કવિ રૂપકાદિ અલંકારોના સંગે, કલ્પનાની પાંખે ઉડાન ભરે છે.

'તારા ચન્દ્ર જેવા મુખમાંથી (અથવા રૂપક લેતાં) વદનચન્દ્રમાંથી વરસતી, વ્યાપક એવી સ્મિતરૂપી ચાંદની અત્યંત મધુર છે. તેથી ચકોર પક્ષીઓની ચાંચો (એ ચાંદનીનો વધુ પડતો રસ પીવાથી જડ થઈ ગઈ છે, આથી તેઓ ચન્દ્રના અમ્લસ્વાદવાળા અમૃતની લહરીઓને કાંજી સમજીને યથેચ્છ રીતે રોજ રાત્રે પીએ છે.'

પ્રસ્તુત પદ્યમાં રૂપક, ભ્રાંતિમાન્ અને વિસ્મયના ભાવ દ્વારા કવિએ દેવીના મુખમંડળનું મનહર અને મનભર વર્ણન કર્યું છે.

ચ, ચ, શ, શ અને ન, ન ના અનુપ્રાસો સુકોમળ છે એટલે આખું પદ્ય સદ્યોભોગ્ય બની રહ્યું છે.

'લક્ષ્મીધરા' યોગ્ય રીતે અતિશયોક્તિ સમજાવે છે ચકોરોની ચાંચ જડ થઈ ગઈ છે. તેની સાથે ચાંદનીના પાનને કોઈ સંબન્ધ નથી. છતાં સંબન્ધ દર્શાવ્યો છે. વળી અહીં માતાના અત્યંત મધુર સ્તનનું પાન કર્યા પછી જડ થઈ ગયેલી જીભને લીધે ખાટું ખાવાની ઇચ્છા રાખતાં બાળકોથી પણ અભેદ-પ્રતીતિ થાય છે. આ પણ અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ છે. અહીં દેખીતો કોઈ સંબન્ધ નથી પણ કવિપ્રૌઢોક્તિસિદ્ધ અભેદ સ્થાપવામાં આવ્યો છે.

વળી ચકોરોને ચન્દ્રની અમૃતલહરીની ખારાશને કારણે કાંજીની ભ્રાંતિ થાય છે એટલે ભ્રાંતિમાન્ અલંકાર પણ થયો; (પૃ. 109, 110)

'સરલા' ટીકામાં  એક વસ્તુધ્વનિ પ્રકટ કરવામાં આવ્યો છે જો કે 'વસ્તુધ્વનિ' એવું નામ આપવામાં આવ્યું નથી.

શ્રીમા ભગવતીનો કરુણામૃતનો પ્રવાહ નિત્ય વહે છે પણ વિશ્વના જીવો દુઃખી જ રહે છે. કારણ કે, પ્રકૃતિરૂપી મહામાયાના સ્મિતની ચાંદનીના સમૂહમાં અત્યંત સુખની કામના કરવાથી જીવો ફસાઈ જાય છે તથા દુઃખને પ્રાપ્ત કરે છે. આથી એમની ઔષધિ છે અમ્લસ્વાદની તપસ્યા (સરલા, P. 224)

'સૌભાગ્યવર્ધિની' વ્યતિરેકધ્વનિ સમજાવે છે. શ્રીમાનો મુખચન્દ્ર સ્મિતજયોત્સ્નાના પ્રસરવાથી હ્રાસહીન હોવાથી અર્થાત્ હંમેશાં સોળ કળાનો જ હોવાથી શ્રેષ્ઠ અને વળી નિષ્કલંક પણ છે. અહીં અતિશયોક્તિ અલંકાર દ્વારા વ્યતિરેક અલંકારધ્વનિ છે. અલંકાર દ્વારા અલંકારધ્વનિની વ્યંજના છે. વળી તારી સ્મિતરૂપી ચાંદનીનું સુધાત્વ છે તો જેનાં કિરણોમાં હ્રાસ, વૃદ્ધિ થાય છે અને માત્ર પૂર્ણિમાને દિવસે જ પૂર્ણ હોય તેવા ચન્દ્રની કિરણામૃતલહરી કાંજી માનીને ચકોરો પીએ છે એમાં શું આશ્ચર્ય છે એવો ધ્વનિ છે. (P. 109) આમ ઉપમેયરૂપી વદનનો ઉત્કર્ષ છે.

'અરુણામોદિની' ટીકા (P. 110) વદનચન્દ્રમાં રૂપક, અસંબન્ધે સંબન્ધમૂલા અતિશયોક્તિ દ્વારા અનુપ્રાણિત ચકોરની ચાંચની જડિમાની કલ્પનામાં ગમ્ય ઉત્પ્રેક્ષા માને છે. વળી ચકોરોને ચન્દ્રની અમૃતલહરીમાં અમ્લ સ્વાદને કારણે કાંજીની ભ્રાંતિ થાય છે. અહીં ઉત્પ્રેક્ષાનુપ્રાણિત ભ્રાંતિમાન્ અલંકાર થયો છે આથી દેવીના વદનચન્દ્રનું પ્રસિદ્ધચન્દ્રથી અતિ ઉત્તમત્વ વ્યંજિત થાય છે. આમ ઉત્પ્રેક્ષા અને ભ્રાંતિમાન્ અલંકારો દ્વારા વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે.

ડિંડિમભાષ્ય મુખચન્દ્રનું ચન્દ્ર કરતાં અને અંબિકાનું સ્મિતમાધુર્ય ચાંદનીના રસથી – ચન્દ્રકિરણોથી કોટિગુણાધિક્ય સ્વીકારે છે. (P. 111)

'આનન્દલહરી' ટીકા પ્રમાણે ચન્દ્રિકા કરતાં શ્રીમાનું સ્મિત અતિ મધુર છે, એવો ધ્વનિ છે. (P. 112)

કાલિદાસમાં આપણે પાર્વતીના અધર અને સ્મિતનું વર્ણન જોયું.

'સાવિત્રી'માં શ્રી અરવિન્દ અત્યંત કાવ્યમય રીતે સાવિત્રીના સ્મિતનું વર્ણન કરે છે.

– Suffering was lost in her immortal smile. P. 314

**( ૬૪ ) अविश्रान्तं पत्यु०..... माणिक्यवपुषा ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી શંકરાચાર્યે દેવીની જિહ્વાનું વર્ણન કર્યું છે. કવિ અત્યંત કવિત્વમય રચના કરતાં કહે છે, 'હે જનની, મા, પતિના અનેક ગુણોની કથા વારંવાર અને નિરંતર ગાનારી તારી જીભ જાસૂદના પુષ્પ જેવા રંગની છે. તે વિજય પામે છે. સ્ફટિકના પથ્થર જેવું સ્વચ્છ સ્વરૂપ (= ધવલ) ધરાવતી સરસ્વતીનું શરીર આ જીભના અગ્રભાગે રહેલું હોવાથી માણેકના શરીર જેવું (= લાલ) બની જાય છે.'

શ્રી શંકરાચાર્યે ઉપમા અને તદ્‌ગુણ અલંકારો વડે પાર્વતી તરફની ભક્તિસભર કવિતા રચી છે તેથી ખરેખર આ પદ્ય મધુર અને આસ્વાદ્ય બની ગયું છે.

શ્રીમાની જીભને જપાકુસુમની કાન્તિ જેવી કહી છે. લાલ ચટક રંગની – અહીં ઉપમાલંકાર છે. સરસ્વતીની કાન્તિ સ્ફટિક જેવી છે. એમાં પણ ઉપમા છે. આમ બે ઉપમાલંકારો અત્રે નિરૂપવામાં આવ્યા છે. વળી જીભની સ્વાભાવિક લાલાશને સરસ્વતીની મૂર્તિ પોતાની ધવલિમા ત્યજીને ધારણ કરે છે. તેથી સરસ્વતીનું સ્વરૂપ માણિક્યરૂપે બદલાઈ જાય છે. આ તદ્‌ગુણ અલંકાર છે. ('લક્ષ્મીધરા', P. 113)

'સરલા' ટીકા સમજાવે છે કે જિહ્વામાં કેવળ લાલિમા નથી પરંતુ આસપાસ રહેલી સર્વ વસ્તુઓને રક્તવર્ણમાં પરિવર્તિત કરવાની શક્તિ પણ છે એટલે 'जयति' પ્રયોગ છે. આનાથી સર્વોત્કૃષ્ટતા ધ્વનિત થાય છે. (P. 225)

તદ્‌ગુણ અલંકારમાં પદાર્થ પોતાના ગુણનો ત્યાગ કરીને પોતાનાથી ઉત્કૃષ્ટ પદાર્થના ઉત્કૃષ્ટ ગુણનું ગ્રહણ કરે છે. દેવીના મુખકમલમાં સર્વદા સરસ્વતીનો નિવાસ છે. એવું આગમરહસ્ય પણ ધ્વનિત થાય છે. આથી તદ્‌ગુણ દ્વારા વસ્તુધ્વનિની અર્થાત્ અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના થાય છે.

'અરુણામોદિની' ટીકા (P. 113, 114) અનુસાર વાગ્દેવતા પૂર્વરૂપમાંથી રૂપાન્તર પામે છે. જપાકુસુમના સાન્નિધ્યને કારણે સ્ફટિકમાં રક્તરંગનું પરિણામ જોવા મળે છે. એમાં વિરોધ નથી. સરસ્વતીનો નિવાસ દેવીની જિહ્વા પર છે, એવો ભાવ છે અહીં અરુણામોદિની असंबन्धे संबन्धातिशयोक्ति માને છે. अत्र असंबन्धे संबन्धातिशयोक्तिरलंकारः ॥ જો કે, આ લખનારના મતે અહીં ઉપમા અને તદ્‌ગુણની સંસૃષ્ટિ છે અને તદ્‌ગુણ દ્વારા વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે. વળી બે ઉપમાલંકારોની પણ સંસૃષ્ટિ છે.

**( ૬૫ ) रणे जित्वा दैत्यान् ..... कवला ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના તાંબૂલ અર્થાત્ પાનનો મહિમા બતાવ્યો છે. 'હે મા, યુદ્ધના મેદાનમાં રાક્ષસોને જીતી લઈને શિરસ્ત્રાણ ઇત્યાદિ સાધનો ઉતારી લઈને પાછા ફરેલા સ્કંદ, ઇન્દ્ર અને વિષ્ણુને શિવજીના નિર્માલ્યનો ભાગ ચંડનો હોવાથી મળતો નથી પરંતુ તારા મુખમાં રહેલા ચન્દ્ર જેવા સ્વચ્છ કપૂરના મિશ્રણ (ગલિત થાય તેવા) યુક્ત ટુકડાવાળા પાનના કટકા તેઓ ગ્રહણ કરે છે.'

'સરલા' પ્રમાણે સ્વભાવોક્તિ છે. (P. 227) કાર્તિકેય સેનાપતિ છે એટલે તેને આગળ કરીને યુદ્ધ જીત્યું છે તેવા ઇન્દ્ર, વિષ્ણુ જ્યારે કવચ વગેરે ઉતારીને શ્રીમાનાં ચરણમાં પ્રણામ કરે છે ત્યારે માએ જરાક ખાધેલા અને જેમાંથી કપૂરના ટુકડા વિલીન થઈ જાય ત્યાં સુધી ચાવેલા પાનના ગ્રાસ પ્રસાદરૂપે ગ્રહણ કરે છે.

પાન પ્રસાદ/કૃપાનું પ્રતીક છે. અલબત્ત આવી કૃપા કાર્તિકેય પર નિરંતર થતી રહે છે, પરંતુ વિષ્ણુ, ઇન્દ્ર ઇત્યાદિ દેવો પર ક્યારેક જ થાય છે. પરંતુ યુદ્ધ જીતીને પાછા ફરેલા દેવતાઓ પર આજે વિશિષ્ટ કૃપા થઈ છે.

તાંબૂલવર્ણનથી ભગવતીનાં વદનના સૌભાગ્યની સ્તુતિ કરવામાં આવી છે.

વળી ભગવતીનું ઉચ્છિષ્ટ પાન કૃપાનું સૂચક છે. એટલે કૃપારૂપી વસ્તુધ્વનિ પણ વ્યંજિત થાય છે. જુઓ ડિણ્ડિમભાષ્ય –

सर्वातिशायितया ब्रह्मादीनां संपदो भगवत्या उच्छिष्टोपभोगसंपत्त्यैव संपृक्ता जायन्ते ॥ (P. 313)

વિશાખેન્દ્રોપેન્દ્ર અને શશિશકલા – ઇત્યાદિમાં 'શ' ના અનુપ્રાસો ધ્યાનાર્હ છે.

**( ૬૬ ) विपञ्च्या गायन्ती ..... निभृतम् ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીની વાણીની વાત કરવામાં આવી છે. 'સરસ્વતી ભગવાન શંકરનાં વિવિધ પરાક્રમોનું ગાન વીણા સાથે કરે છે ત્યારે તું માથું હલાવીને 'સાધુવાદ' કરે છે. ત્યારે તારી વાણીની મધુરતા આગળ વીણાનો નાદ ઝંખવાઈ જાય છે તેથી સરસ્વતી પોતાની વીણાને દેખાય નહીં એ રીતે કપડામાં વીંટાળી લે છે.'

પ્રસ્તુત પદ્યમાં વિપञ્ચ્યા, વિવિધ, વીણાં, વાણી, નિચુલ, ચોલેન .... ઇત્યાદિમાં વ, ણ અને ચ, લ ના અનુપ્રાસો શ્રવણમધુર બન્યા છે. સરસ્વતીની વીણા કરતાં શ્રીમાની વાણી અત્યંત મધુર છે. માધુર્યથી તરબતર છે. એટલે જ સરસ્વતી પરાજય સ્વીકારતી હોય તેમ પોતાની વીણાને વસ્ત્રથી ઢાંકી દે છે. અહીં વીણાનો વસ્ત્ર સાથે અસંબન્ધ હોવા છતાં સંબન્ધ દર્શાવ્યો છે તેથી અતિશયોક્તિ છે કારણ પરાજિત વેણીક = વીણાવાદક પોતાની વીણાને વસ્ત્રથી ઢાંકી દે છે તેથી અભેદાધ્યવસાય પ્રતીત થાય છે. સાથે સાથે વ્યતિરેકાલંકાર ધ્વનિ પણ છે. કારણ કે, શ્રીમાની વાણી અત્યંત મધુર છે તેની શ્રેષ્ઠતા સ્વયં

વાગ્દેવી વીણાવાદિની સરસ્વતીને સ્વીકારવી પડી છે. એટલે અતિશયોક્તિ અલંકાર દ્વારા વ્યતિરેક અલંકારધ્વનિની વ્યંજના થઈ છે. ('લક્ષ્મીધરા', P. 122)

'સૌભાગ્યવર્ધિની' ટીકા સરસ્વતીની લજ્જાના નિરૂપણમાં સ્વભાવોક્તિ માને છે. (P. 122)

સંક્ષેપમાં શ્રીમાની વાણીના સ્વરનું માધુર્ય સરસ્વતીની વીણાના તારસ્વરને ફીકા પાડી દે છે તેનું અત્યંત રમ્ય વર્ણન શંકરાચાર્યે કર્યું છે.

સરસ્વતીની ચેષ્ટામાં તેમનો લજ્જાભાવ વ્યંજિત થાય છે. કવિની આ અપૂર્વ કલ્પના છે.

સમાન્તરે 'કુમારસંભવ' અને 'સાવિત્રી'માં પાર્વતી અને મા ભગવતી તથા સાવિત્રીના સ્વરનું વર્ણન આસ્વાદીએ.

કાલિદાસ કુમાર ૧/૪૫ માં કહે છે.

**स्वरेण तस्याममृतस्रुतेव प्रजल्पितायामभिजातवाचि ।**
**अप्यन्यपुष्टा प्रतिकूलशब्दा श्रोतुर्वितन्त्रीरिव ताड्यमाना ॥**

મધુરભાષિણી પાર્વતીના અમૃતઝરતા સ્વરની સમક્ષ મધુર આલાપ કરનારી કોયલનો મધુરસ્વર અને અજાણપણે (અજ્ઞાનીએ) વગાડેલી (= વિષમ સ્વરવાળી) વીણાના સ્વરની જેમ શ્રોતાના કાનને કઠોર લાગતો હતો.

અહીં કાલિદાસે કોયલના સ્વર કરતાં પાર્વતીના સ્વરને શ્રેષ્ઠ કહ્યો છે. એ માટે વિષમબદ્ધ વીણાના નાદની જેમ કોયલનો સ્વર સાંભળનારને કઠોર લાગતો હતો તેમ કહ્યું છે. કોઈ અજાણ વ્યક્તિ જેને વીણા વગાડતાં આવડતી ન હોય તે જ્યારે વીણા વગાડે અને વીણાનો નાદ વિષમ બની જાય અને શ્રોતાઓને કઠે તે રીતે કોયલ મધુરાલાપિની હોવા છતાં તેનો સ્વર શ્રોતાઓને કઠોર લાગતો હતો. ટૂંકમાં પાર્વતીનો સ્વર અત્યંત સુમધુર હતો.

અત્રે પાર્વતીનો સ્વર કોકિલાથી પણ મધુર હતો તેવો સૂચિતાર્થ છે. અહીં વ્યતિરેકઅલંકારધ્વનિ થયો છે.

આદિ શંકરે પણ વ્યતિરેકાલંકારધ્વનિ દ્વારા સાક્ષાત્ સરસ્વતીની વીણાથી પણ શ્રી મા ભગવતીની વાણીને મધુર કહી છે.

'સાવિત્રી' મહાકાવ્યમાં શ્રીમાનાં સ્વરનું વર્ણન બે-ત્રણ સ્થળે છે. શ્રીમાનો સ્વર ઓજસ્વી, મધુર અને પવિત્ર છે. P. 341 જે ઓજસ્વી સ્વરનું વર્ણન છે તે જોઈએ.

– August and sweet sank hushed that mighty voice.

મહાનુભાવ ને મિષ્ટ ઓજસ્વી સ્વર મૌને શમી ગયો.

શ્રીમાનો સ્વર મંગલ છે છતાં ઓજસ્વી છે, ભવ્ય છે પ્રભાવશાળી છે છતાં મધુર પણ છે. (શ્રી પૂજાલાલજીનો પદ્યાનુવાદ, સાવિત્રી શબ્દામૃત : ૫, પૃ. 323)

તો શ્રીમા અશ્વપતિને વરદાન આપતાં સાવિત્રી કેવી હશે તેનું નિરૂપણ કરે છે અને સાવિત્રીના સ્વરનું અદ્‌ભુત વર્ણન કરે છે.

A music of griefless things shall weave her charms;
The harps of the perfect shall attune her voice. – P. 346

અર્થાત્ શોકરહિત વસ્તુઓનું સંગીત એની મોહિની ગૂંથશે. એના સ્વર સાથે સિદ્ધોની વીણા સૂર મિલાવશે.

અહીં સાવિત્રીનો સ્વર શ્રેષ્ઠ છે કારણ કે સિદ્ધોની વીણા એના સ્વર સાથે સ્વર મેળવશે એવો નિર્દેશ છે. શ્રી અરવિન્દ પણ શ્રી શંકરની જેમ સાવિત્રીનો સ્વર વીણાથી શ્રેષ્ઠ છે એમ કહેવા માગે છે. ફરક એટલો કે શંકરાચાર્યે સરસ્વતીની વીણાના સ્વરની વાત કરી છે, શ્રી અરવિન્દે સ્વર્ગના સિદ્ધોની વીણાની. હવે સત્યવાનના શબ્દોમાં સાવિત્રીના સ્વરને પરખીએ – And hear her wisdom in thy sacred voice – તારા 'પવિત્ર' સ્વરમાં હું જગદંબાનાં જ્ઞાનવચનો સાંભળીશ.' (પૂજાલાલજીનો પદ્યાનુવાદ) – (સાવિત્રી P. 406, સાવિત્રીશબ્દામૃત-૬, P. 26)

**( ૬૭ ) करागेण स्पृष्टं ..... ०मौपम्यरहितम् ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીની ચિબુક કહેતાં હડપચીનું વર્ણન છે. 'તારી હડપચીને વાત્સલ્યથી હિમાલય આંગળીથી સ્પર્શતા હતા. (હવે) હોઠ પર ચુંબન કરવા માટે મહાદેવ તેને આકુળતાથી ઊંચી કરે છે. હે પર્વતની પુત્રી, તારા મુખરૂપી અરીસાનો (દર્પણનો) એ છેડો ભગવાન શંકરના હાથથી જ ઊંચો કરવા યોગ્ય છે. એ હડપચીને કશાની ઉપમા આપી શકાય તેમ નથી તો અમે તેનું વર્ણન કેવી રીતે કરી શકીએ ?'

અહીં મુખને દર્પણનું રૂપક આપ્યું છે અને ચિબુક એ દર્પણનો દંડ છે, જે સદાશિવના હાથથી જ ઊંચો કરવા યોગ્ય છે. એ ચિબુકને કોઈની ઉપમા આપી શકાય એવું નથી. આથી 'આપની હડપચી આપની હડપચી જેવી જ છે એવો અનન્વય અલંકારધ્વનિ અહીં સંભવે છે. (અહીં) દ્વિતીયસદૃશનો વ્યવચ્છેદ છે.

अत्रानन्वयालङ्कारोध्वन्यते, सर्वोपमानिषेधेन स्वस्य स्वयमेव सदृशमित्यनन्वयालङ्कारप्रतीतेः॥ ('લક્ષ્મીધરા', P. 126)

'સૌભાગ્યવર્ધિની' ટીકા અહીં ભગવાન શંકરની અધરપાન માટેની વ્યાકુળતા દોષરૂપ બતાવે છે. અને ભગવાન શંકરના અવતાર શંકરાચાર્ય માટે એવું વર્ણન અનુચિત છે એમ પણ આલોચના કરે છે. अत्र मुहुरधरपानाकुलतयेति पित्रोः सुरतवर्णनवदनुचितम्, भगवतः शङ्करावतारस्य शङ्कराचार्यस्य । वदनं

इति वा पाठो युक्तः । (P. 127) એટલે ટીકાકાર અહીં દોષનિવારણને માટે मुहुर्वदनपानाकुलतया એવો પાઠ સ્વીકાર્ય લેખતા લાગે છે. વળી ટીકાકાર અહીં અનન્વયધ્વનિને બદલે ઉપમાલંકાર માને છે. (P. 127) તે જો કે કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ ઉચિત નથી કારણ કે અહીં દેવીની ચિબુકને ચિબુકની જ ઉપમા આપી છે. આથી જ द्वितीयसदृशव्यवच्छेदरूप અનન્વય અલંકાર છે અને તે પણ વ્યંગ્ય છે. (= ધ્વનિત છે.)

'સૌભાગ્યવર્ધિની' ટીકાએ ઉપર્યુક્ત જે દોષ દર્શાવ્યો છે તે આનંદવર્ધનના મત પ્રમાણે જોવા જઈએ તો એ દોષ પ્રતિભાવાન કવિનો છે એટલે શક્તિથી અથવા કવિની પ્રતિભાને લીધે એ દોષ દબાઈ જાય છે. શ્રી શંકરચાર્ય પ્રતિભાવાન કવિ છે જ એમાં શંકા નથી.

આ સંદર્ભમાં વિશેષ સ્પષ્ટીકરણ આપણે આનંદવર્ધનના વિચારોને જ પ્રસ્તુત કરીને કરીએ છીએ.

આનંદવર્ધન શૃંગારનું વર્ણન કવિ જ્યારે કરે ત્યારે તેને સાવધ રહેવાનું કહે જ છે પરંતુ પ્રતિભાવાન કવિ પોતાની પ્રતિભાને બળે જ્યારે શૃંગારવર્ણન કરે ત્યારે તે દોષરૂપ બનતું નથી અથવા તો તે દોષરૂપ હોય = અવ્યુત્પત્તિથી થયેલો દોષ હોય તો પણ શક્તિ કે પ્રતિભાના બળે દબાઈ જાય છે જ્યારે અશક્તિથી થયેલો દોષ દોષરૂપ જ બને છે. વાંચો –

**अव्युत्पत्तिकृतो दोषः शक्त्या संव्रियते कवेः ।**
**यस्त्वशक्तिकृतस्तस्य झटित्येवावभासते ॥** (ધ્વન્યા૰ P. 220)[1]

આ સંદર્ભમાં આનંદવર્ધન નોંધે છે કે મહાકવિઓને વિશે પણ ઉત્તમ દેવતાઓની બાબતમાં જેનો પ્રતિષેધ કરાયો છે એવા પ્રસિદ્ધ એટલે પરંપરાગત શૃંગારવર્ણનથી અનૌચિત્ય ઉદ્‌ભવે છે પણ તે શક્તિને (= પ્રતિભાને) કારણે ઢંકાઈ જાય છે તેથી ત્યાં ગ્રામ્યરૂપે જણાતું નથી, જેમ કે કુમારસંભવમાં દેવીના સંભોગવર્ણનમાં.

આપણે 'સૌન્દર્યલહરી'ના પ્રસ્તુત પદ્યમાં પણ આ જ નિયમ યોજી શકીએ. 'સૌન્દર્યલહરી'ના આ 10 ટીકાના સંપાદનમાં માત્ર 'સૌભાગ્યવર્ધિની' ટીકા સિવાય કોઈએ આવી ટીકા કરી નથી એ પણ નોંધવું ઘટે.

વળી શંકરાચાર્ય સિદ્ધહસ્ત કવિ છે, પ્રતિભાવાન છે એટલે ઉપર્યુક્ત પદ્યમાં જો દોષ જણાતો હોય તો પણ શક્તિથી (= કવિપ્રતિભાથી) ઢંકાઈ જાય છે. વિશેષમાં જુઓ : ડૉ. કુલકર્ણી સાહેબનો આ અંગેનો લેખ.[2]

---

1. ધ્વન્યાલોક (લોચન સાથે) સંપાદક/અનુવાદક - ડૉ. તપસ્વી નાન્દી, સરસ્વતી ઓરિયન્ટલ રીસર્ચ સંસ્કૃત સીરીઝ - નં. 11, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, 1997-98

2. Rati-vilap, Devisaṁbhogvarṇanam And Alaṃkārikās, P- 140 - (Studies In Sanskrit Sāhityaśāstra- V. M. Kulkarni, Pub. B. L. Institute of Indology, Patan, I[st] Ed. 1983.

'પદાર્થચન્દ્રિકા' (P. 128) ટીકા અહીં કામવિરોધી મહાદેવમાં કામજનક એવું દેવીનું નિરૂપમ સૌન્દર્ય વ્યક્ત થાય છે. એવો વસ્તુધ્વનિ વ્યક્ત થાય છે એમ સમજાવે છે. એ જ રીતે હિમાલય પણ વાત્સલ્યભાવથી પાર્વતીની હડપચીને સ્પર્શતા હતા એમાં સ્નેહજનકત્વ અદ્‌ભુતત્વ વ્યંજિત થાય છે. અહીં પણ વસ્તુધ્વનિ છે. આ બધા ધ્વનિઓ દેવીવિષયક રતિભાવને વિશે ગૌણ છે.

પાર્વતીની બાલ્ય, નવોઢા અને પ્રૌઢા એમ ત્રણ દશાનું નિરૂપણ છે. (આનન્દલહરી, P. 129)

સમાન્તરે 'લલિતાસહસ્રનામસ્તોત્ર'માં પણ શ્રીમાની હડપચીનું સુંદર વર્ણન છે ત્યાં પણ તેનું સૌન્દર્ય નિરૂપમ છે એમ કહ્યું છે.

– अनाकलितसादृश्य-चिबुकश्री विराजिता । (પદ્ય - 12)

**( ૬૮ ) भुजाश्लेषान्नित्यं.... हारलतिका ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી મા ભગવતીની સુંદર ડોકનું વર્ણન કરે છે. સાર આવો છે : 'ભગવાન શંકરના બે હાથ વડે હંમેશાં આલિંગન કરવાને લીધે રોમાંચ અનુભવતી તારી ગ્રીવા (હે, મા) મુખરૂપી કમળની દાંડી જેવી શોભે છે. ડોક શ્વેત છે પરંતુ લાંબા સમય સુધી અગરુચંદનનો ગાઢો લેપ કરવાથી મલિન દેખાય છે અને તેના પર રહેલી (= તેં પહેરેલી) મોતીની માળા મૃણાલી (બિસલતા)નું સૌન્દર્ય ધારણ કરે છે.'

પ્રસ્તુત પદ્યમાં 'મુખકમલ'માં મુખરૂપી કમળ રૂપક છે. મુખ પર કમળનો આરોપ છે. શ્રીમાની ગ્રીવા મુખકમલ પરની નાલદંડની શોભા ધારણ કરે છે. જેની નીચે સ્વતઃ શ્વેતવર્ણી હોવાથી પરંતુ કાલાગરુના લેપથી શ્યામ બની હોવાથી મોતીઓની માળા મૃણાલી અર્થાત્ બિસલતાનું સૌન્દર્ય ધારણ કરે છે. અહીં ઉપમા છે. બન્નેનો અંગાંગિભાવે સંકર છે.

'લક્ષ્મીધરા' પરની 'સરલા' હિન્દી ટીકા આ પ્રમાણે સમજાવે છે : અહીં શ્રીસદૃશી શ્રી એમાં પ્રતિબિમ્બ દ્વારા આક્ષેપથી નિદર્શના અલંકાર છે. ઉત્તરાર્ધમાં પણ મૃણાલની માળાના જેવી સુંદરતામાં પણ પ્રતિબિંબ દ્વારા આક્ષેપ હોવાથી નિદર્શના અલંકાર છે. (P. 233) અહીં પણ બન્નેનો અંગાંગિભાવે સંકર છે.

'સૌભાગ્યવર્ધિની' ટીકા અહીં નિદર્શના ઉપરાંત રૂપક અને અપહ્નુતિ પણ માને છે.[1]

'અહો !' શબ્દથી વિસ્મયનો ભાવ પ્રકટ થાય છે. વળી મહાદેવની ભુજાના આલિંગનથી શ્રીમાનો રોમાંચ તેમનો સાત્ત્વિક ભાવ સૂચવે છે. આમ અલંકારો દ્વારા ભાવોના ધ્વનિ વ્યંજિત થાય છે.

શ્રીમાની ગ્રીવાની સુંદરતા આમ આશ્ચર્યોની પરંપરા સર્જે છે, એ રીતે પણ વસ્તુધ્વનિ વ્યક્ત થાય છે.

1. અત્રે અપહ્નુતિ ધ્વનિ કદાચ સ્વીકારી શકાય કે – 'મોતીની માળા નહીં પણ બિસતંતુ/મૃણાલની માળા છે.' છતાં નિદર્શના વધારે બંધ બેસે છે. (P. 131)

કંઠ સ્વતઃ શ્વેત છતાં કાળા અગરુના લેપથી જણાતા તેના શ્યામત્વથી તદ્‌ગુણ અલંકાર સરજાય છે.

ललितासहस्रनाममां શ્રીમાનાં ગળાને 'कामेशबद्धमाङ्गल्यसूत्रशोभितकंधरा' (પદ્ય : 11) કામેશે (શિવજીએ) બાંધેલા મંગલસૂત્રથી શોભતી ગ્રીવાયુક્ત' કહ્યું છે.

**( ૬૯ ) गले रेखास्तिस्रो ..... इव ते ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી મા ભગવતીના કંઠની ત્રણ રેખાઓનું વર્ણન છે. સંગીતની પરિભાષામાં મનોરમ્ય નિરૂપણ કરવામાં આવ્યું છે.

'ગતિ (સંગીતનો માર્ગ), ગમક (સ્વરનું કંપન) અને ગીત (સંગીતના શબ્દો, ગ્રામ-સ્વરો)માં સંપૂર્ણ નિપુણ એવી હે દેવી, તારા કંઠ પર (સૌભાગ્યશાળી) આ ત્રણ રેખાઓ પડેલી છે અને વિવાહના સમયે બાંધેલા અનેક દોરીઓવાળા સૌભાગ્યસૂત્ર જેવી છે. તે નાના પ્રકારના મધુર રાગના આશ્રયસ્થાન બનેલા ત્રણ ગ્રામ (ષડ્‌જ, મધ્યમ અને ગાન્ધાર એ ત્રણ સંગીતના સ્વરો)ની સ્થિતિ, નિયમ અને સીમા જેવી શોભે છે.'

અત્રે સંગીતની પરિભાષામાં રમ્ય એવો ઉપમાલંકાર રચાયો છે.

'લક્ષ્મીધરા' પ્રમાણે ત્રણ ભાગ્યરેખાઓ જે ગળામાં છે તેમાં ત્રણ સૂત્રવાળાં મંગલસૂત્રનું અનુમાન કર્યું હોવાથી અનુમાન અલંકાર છે. શ્લોકના ઉત્તરાર્ધમાં ભગવતીનાં કંઠની મધ્યમાં પણ ત્રણ સ્વર ગ્રામથી ચિહ્નિત ત્રણ વળની સંભાવના હોવાથી ઉત્પ્રેક્ષાલંકાર છે. (P. 135)

'સૌભાગ્યવર્ધિની' (P. 139) ઉપમા સ્વીકારે છે.

જો કે અહીં ઉત્પ્રેક્ષા વિશેષ ઉપયુક્ત જણાય છે. 'मधुररागाकर'માં મધુર રાગનો ખજાનો - રૂપક માની શકાય.

'સૌભાગ્યવર્ધિની'માં સ્પષ્ટ સમજાવ્યું નથી પરંતુ આ પદ્યમાં ઉપમા અને રૂપક પણ છે એમ કહ્યું છે. (P. 136) એટલે ગતિ, ગમક ઇત્યાદિમાં ઉપમા અને 'मधुररागाकर'માં રૂપક છે. ટૂંકમાં ઉપમા, અનુમાન, ઉત્પ્રેક્ષા અને રૂપકની મનોહર સંસૃષ્ટિ આ પદ્યમાં રચાઈ છે.

ભગવતીની સંગીતરસિકતા પણ વ્યંજિત થાય છે. આમ અલંકારો દ્વારા વસ્તુવ્યંજના પણ થઈ છે. (તાત્પર્યદીપિની, P. 138)

'आनन्दगिरीया' (P. 137) રહસ્યાર્થ કહેતાં એક બીજો વસ્તુધ્વનિ દર્શાવે છે. ગ્રામમાં અનેકવિધ રાગો ઉત્પન્ન થાય છે – એમાંથી જ ઉદ્‌ભવે છે. આથી બ્રહ્માનન્દ કરતાં પણ ગીતાનન્દ શ્રેષ્ઠ છે. – अनेन ब्रह्मानन्दादप्यधिको गीतानन्दः, तस्योन्नतेः स्वाभाविकस्त्वाकरः तव कण्ठः, तेन केवलनादब्रह्मरूपा त्वमिति । (P. 137) તારો કંઠ (= શ્રીમાનો કંઠ) તેની ઉન્નતિમાં (ગીતાનંદની)

સ્વાભાવિક રીતે જ 'આકર' છે. તેથી તું હે મા, કેવળ નાદબ્રહ્મરૂપા છે. આમ ઉત્પ્રેક્ષા દ્વારા આ **વસ્તુધ્વનિ** વ્યંજિત થાય છે. (તાત્પર્યદીપિની (P. 138) પ્રમાણે ભગવતીની સદાય સંગીતવિદ્યારસિકતા વર્ણવવામાં આવી છે.)

સીમા જાણે મર્યાદારૂપ છે. – 'આનન્દલહરી' ટીકા (P. 140) એ રીતે ઉત્પ્રેક્ષાને સમજાવે છે.

પ્રસ્તુત પદ્યમાં સંગીતનું માધુર્ય વર્ણવ્યું છે. શબ્દોમાં પણ નાદસૌન્દર્ય પ્રકટ થાય છે.

ગ, વ ના અનુપ્રાસો કર્ણપેશલ બન્યા છે. P. 79 પરના અંગ્રેજી અનુવાદકની નોંધ પ્રમાણે – 'વળી સામુદ્રિક લક્ષણ પ્રમાણે દેવીના કંઠ પરની ત્રણ રેખાઓ અત્યંત સૌભાગ્યની સૂચક છે.'

મા ભગવતી સર્વાકલાનિપુણા છે. સંગીતકળામાં પણ તેમનું નૈપૂણ્ય છે જ એવું પણ આ પદ્યમાં દર્શાવ્યું છે.

લલિતાસહસ્રનામમાં શ્રીમાને નાદરૂપા કહ્યાં છે.

नारायणी नादरूपा नामरूपविवर्जिता (પદ્ય - 70)

શ્રીમાની સંગીતમય મધુર વાણી સરસ્વતીની કચ્છપી વીણાની ભર્ત્સના કરે છે. (પદ્ય - 11)

निजसंलापमाधुर्यविनिर्भर्त्सितकच्छपी । 11 A (ललितासहस्रनाम)

**( ૭૦ ) मृणालीमृद्वीनां ..... ०धिया ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીની ચાર ભુજાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. કવિ કહે છે – 'પહેલાં અંધકના શત્રુ શિવજીએ નખો વડે (બ્રહ્માના પ્રથમ શિરનું) ઉચ્છેદન કર્યું ત્યારે ભયભીત થયેલા બ્રહ્માજીએ તારા અભયદાન આપનારી ચારભુજાના શરણમાં પોતાની બુદ્ધિ અર્પણ કરી હતી અને તેઓ કમળની નાલ જેવા કોમળ તારા ચારભુજાના સૌન્દર્યની સ્તુતિ ચાર વદન વડે કરે છે.'

અત્રે मृणालीमृद्वीनां – બિસલતા જેવા કોમળ બાહુઓમાં ઉપમા છે અને રક્ષણ માટેની હેતુરૂપ ભુજાઓમાં કાવ્યલિંગ પણ છે.

પ્રસ્તુત પદ્યમાં એક પુરાણકથાનો પણ નિર્દેશ છે. બ્રહ્માજીનું એક મસ્તક (= પ્રથમ મસ્તક) કહે છે કે વેદોની નિન્દા કરતું હતું. આથી અંધકરિપુ ભગવાન શિવજીએ તેને નખો વડે છેદી નાંખ્યું. આથી પાંચમુખવાળા બ્રહ્માજી હવે ચતુર્મુખવાળા બન્યા પરંતુ તેમને હજુ પણ એ ભય સતાવતો હતો કે ક્યાંક તેમના અન્ય ચાર મુખની પણ એવી દશા ન થાય ! આથી જાણે કે આપ ચારેય હાથોથી ચારેય મસ્તકોને અભય આપો એટલે બ્રહ્માજી ચારેય મુખકમળોથી આપની ચારભુજાના સૌન્દર્યની સ્તુતિ કરે છે. આપની ચારેય ભુજા કમળની દાંડી સમાન અત્યંત સુકોમળ છે. અહીં ઉપમાલંકાર છે.

અને જ્યાં હેતુ જણાવી વાક્યની પુષ્ટિ કરવામાં આવે તે કાવ્યલિંગ અલંકાર છે. અહીં બ્રહ્મા

દ્વારા કરવામાં આવતી સ્તુતિનું 'શિવજીના નખોથી ડરતા' એ વાક્ય દ્વારા સમર્થન કરવામાં આવ્યું છે અહીં કાવ્યલિંગ છે અને તે દ્વારા દેવીની ભુજાઓના વર્ણનમાં કેવળ બ્રહ્માનો જ અધિકાર છે, બીજા કોઈનો નહીં એવો વસ્તુધ્વનિ પણ વ્યંજિત થાય છે. આમ કાવ્યલિંગ અલંકાર દ્વારા **વસ્તુધ્વનિ**ની વ્યંજના થતાં અહીં અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના થઈ છે. ('લક્ષ્મીધરા', P. 142) – भुजलतावर्णने ब्रह्मण एवाधिकारो नान्येषामिति काव्यलिङ्गेन ध्वन्यते वस्त्विति अलंकारेण वस्तुध्वनिः ॥ (P. 142)

બ્રહ્માના સમર્પણભાવની વ્યંજના પણ થાય છે.

'સૌભાગ્યવર્ધિ'ની ટીકા પરિસંખ્યા અલંકાર માને છે. નિયત વસ્તુવર્ણનમાં પરિસંખ્યા થાય છે. પ્રસ્તુત ટીકા અનુસાર ચારમુખ વડે ચાર ભુજલતાના સૌન્દર્યની બ્રહ્મા સ્તુતિ કરે છે એમાં પરિસંખ્યા (P.142) અલંકાર છે. અર્થાત્ सरसिजभवः કમળમાંથી ઉદ્ભવેલ બ્રહ્માનો જ અધિકાર કમળ જેવી દાંડીવાળા બાહુઓની સ્તુતિનો હોઈ શકે અન્ય કોઈનો નહિ, એમ નિયત પરિસંખ્યા છે.

'આનન્દગિરીયા' (P. 143) પણ અહીં પરિસંખ્યા માને છે.

ટૂંકમાં કાવ્યલિંગ અને પરિસંખ્યાનો સંકર છે. બ્રહ્માના ભયભીત થવામાં અહીં ભય સ્થાયિભાવાત્મક ભયાનક રસની પ્રતીતિ પણ થાય છે અને એટલે અલંકારથી રસધ્વનિ વ્યંજિત થાય છે, એમ પણ ફલિત થાય છે.

બ્રહ્માના અન્ય ચાર મસ્તકોના ઉચ્છેદની સંભાવનારૂપ ઉત્પ્રેક્ષાલંકાર ધ્વનિ પણ છે.

'આનન્દલહરી' ટીકા (P. 145) અનુસાર અહીં અર્થપૌનરુક્ત્ય નામનો અને શબ્દપૌનરુકત્ય નામનો અલંકાર થાય છે. (રુય્યક પ્રમાણે અર્થાલંકાર અને મમ્મટાદિ પ્રમાણે શબ્દાલંકાર)

शिवपर्यायशब्दद्वयोपादाने शब्दपौनरुक्त्यात् । ....तथा शिवनखेभ्यो यस्त्रासः शिवादपि स एव त्रास इति अर्थे पौनरुक्त्यं च ।

'मृणालीमृद्वीनां' માં 'મ' નો પ્રાસ મનોહર નાદસૌન્દર્ય રચે છે. માધુર્ય ગુણને વ્યંજિત કરે છે તથા ત્રાસ નામનો વ્યભિચારી ભાવ બ્રહ્માના સંદર્ભમાં છે એ નોંધવું ઘટે.

**( ૭૧ ) नखानामुद्योतै ..... चरणम् ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના હાથની લાલાશનું ખૂબ જ કવિત્વમય અને દ્વિતીય અતિશયોક્તિ અલંકારથી યુક્ત એવું વર્ણન શ્રી શંકરાચાર્યે કર્યું છે –

'હે ઉમા, તારા (હાથના) નખોનો પ્રકાશ નવા ખીલેલા કમળની લાલિમાની હાંસી ઉડાવે છે. તારા આવા હાથની સુંદરતાને અમે કેવી રીતે કહીએ ? તે કહે, હા, જો ક્રીડા કરતી લક્ષ્મી પોતાના અળતાથી રંગેલાં ચરણ જો કમળ પર મૂકે તો તે કમળ સાથે (તારા હાથનું) કંઈક સામ્ય સંભવી શકે.'

અહીં 'यदि' અર્થની ઉક્તિની કલ્પના કરવામાં આવી છે. શ્રીમા પાર્વતીના હાથ અનુપમ છે.

તેનું સામ્ય જો કલ્પવું હોય તો કવિ એક કલ્પના કરે છે. જો ક્રીડા કરતી લક્ષ્મીનાં ચરણતલો જેમાં અળતો લગાવ્યો છે તે જો કમળ પર મૂકાય અને એનાથી લાલરંગના બનેલાં કમળો સાથે તારા હાથનું સામ્ય અર્થાત્ તુલના થઈ શકે.

આમ ઉત્તરાર્ધમાં 'यद्यर्थोक्तौ च कल्पनम्' એ 'यदि' અર્થવાળી અતિશયોક્તિ જેને દ્વિતીયા અતિશયોક્તિ પણ કહે છે તે અલંકાર છે, વળી પૂર્વાર્ધમાં 'લક્ષ્મીધરા' (P. 146) ઉપમા માને છે. તેના ઉપરની 'સરલા' ટીકા પણ (P. 240) તેને ઉપમાલંકાર કહે છે પરંતુ ખરેખર અહીં વ્યતિરેક છે. કારણ ઉમાના હાથની સુંદરતા તાજાં ખીલેલાં કમળની લાલિમાનો પણ ઉપહાસ કરે છે એટલે એ ઉપમાન કરતાં ઉપમેય (= હાથ) શ્રેષ્ઠ છે. તેથી વ્યતિરેક છે એટલે તો તુલના જ ન થઈ શકે એમાં 'અસમ' અલંકારધ્વનિ છે. વ્યતિરેક અને અતિશયોક્તિની સંસૃષ્ટિ છે તે બે અલંકાર દ્વારા અસમ અલંકારની વ્યંજના થાય છે. વળી નખની કાન્તિને લીધે = લાલ રંગને લીધે હાથ પણ લાલરંગના = રક્તવર્ણા પ્રતીત થાય છે. એમાં તદ્‌ગુણ અલંકાર છે. એ જ રીતે ક્રીડાલક્ષ્મીના ચરણમાં લગાડેલો અળતો લાલ છે અને એ જો કમળો પર રમતી ભમતી હોય ત્યારે તેના ચરણોના અળતાથી શ્વેત કમળોનો રંગ પણ રક્તવર્ણો બની જાય છે. અહીં પણ તદ્‌ગુણ છે.

'લક્ષ્મીધરા' એક જ તદ્‌ગુણ માને છે. પરંતુ ખરેખર વ્યતિરેક અને અતિશયોક્તિ અલંકારોની જેમ બન્ને તદ્‌ગુણ અલંકારોની મનોહર, સહૃદયોને આનંદ પમાડે તેવી સંસૃષ્ટિ રચાઈ છે અને તે પણ અનાયાસસિદ્ધ છે. એ બધાનો ફલિતાર્થ છે – શ્રીમાનાં હસ્ત અનુપમ છે, એ વસ્તુ વ્યંગ્ય છે તથા અસમ અલંકારનો ધ્વનિ પણ વ્યક્ત થાય છે. અર્થાત્ શ્રીમાનાં હાથની ઉપમાનો સંપૂર્ણ નિષેધ છે. – અસમમાં ઉપમાનનો નિષેધ હોય છે અહીં તે વ્યંગ્ય થયો છે.

'સૌભાગ્યવર્ધિની' સંભાવનાલંકાર કહે છે. (P. 147) ટીકાકારના મત પ્રમાણે અહીં કમલનો કદાચ દૈવયોગથી લક્ષ્મીના ચરણના અળતાની અરુણિમાનો સંપર્ક સંભાવ્ય છે તેથી સંભાવનાલંકાર છે. – अत्र कमलस्य कदाचिद्दैवयोगेन कमलालयायाः चरणालक्तकारुण्यसंपर्कः संभाव्य इति संभावनालङ्कारः॥

પરંતુ પદ્યમાં સ્પષ્ટ રીતે 'यदि' શબ્દનો પ્રયોગ છે અને એટલે જો 'આમ હોત તો, આમ થાત' એવું કલ્પન કરનારી દ્વિતીયા અતિશયોક્તિ જ છે.

'અરુણામોદિની' (P. 147) અતિશયોક્તિને જ વિશેષ અલંકાર માને છે, કઈ રીતે તે સમજાવ્યું નથી.

અહીં 'नखानां कराणां' માં પ્રાસ છે, જે શ્રુતિમધુર બન્યા છે 'हन्त' શબ્દ દ્વારા ભક્તોનો હર્ષરૂપી વ્યભિચારી ભાવ કે આશ્ચર્યરૂપી વ્યભિચારી ભાવ વ્યંજિત થાય છે.

અંતિમ પદ્યમાં 'લક્ષ્મી, લાક્ષારૂપ' ઇત્યાદિ 'લ' ના અનુપ્રાસો પણ એટલા જ શ્રવણપેશલ બન્યા છે. 'चरण चणम्' માં પણ 'च' ના સુંદર પ્રાસો સધાયા છે.

માધુર્ય ગુણ તો સમગ્ર કાવ્યમાં છે. અહીં પ્રસાદગુણ પણ છે જ.

સંક્ષેપમાં આદિ શંકરાચાર્યનું પ્રસ્તુત પદ્ય મનોરમ અલંકારો, ગુણો અને વ્યંજનાવિલાસથી પૂર્ણ છે.

'કુમારસંભવ'માં પણ પાર્વતીની તપસ્યાના વર્ણનમાં તેમના હસ્તનું નિરૂપણ પ્રાપ્ત થાય છે. અહીં તપસ્યાની વાત છે એટલે કાલિદાસે પાર્વતીના રુદ્રાક્ષમાળા ધારણ કરેલા હસ્તનું વર્ણન કર્યું છે. (પૃ.11)

**– कुशाङ्कुरादानपरिक्षताङ्गुलिः कृतोऽक्षसूत्रप्रणयी तथा करः ॥**

કુશઘાસ ઉખાડવાને લીધે જેની આંગળીઓ ચિરાઈ ગઈ હતી (તેવી પાર્વતીએ) હાથમાં અક્ષમાળાને ધારણ કરી.

'સાવિત્રી' મહાકાવ્યમાં નારદ સાવિત્રીના હસ્ત વિશે કહે છે –

The empty roses of thy hands are filled - P. 419.

'તારા હસ્તતણા ખાલી ગુલાબોમાં પોતાનું જ સૌન્દર્ય ભરાયેલું છે.' (પૂજાલાલજી કૃત પદ્યાનુવાદ, સાવિત્રીશબ્દામૃત : 6, પૃ. 39)

**( ૭૨ ) समं देवि.... झटिति ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રીમા ભગવતીનાં વક્ષસ્થળનું વર્ણન છે.

ભાવાર્થ છે : 'હે મા, તારા સદાય અમૃત ઝરતા બે સ્તન અમારો ખેદ હરી લો. કાર્તિકેય અને ગણેશ (તારા બન્ને પુત્રો) એક સાથે સ્તનપાન કરતા હોય ત્યારે આ બન્ને સ્તન જોઈ ન શકવાને કારણે આકુળ હૃદયવાળા ગણેશ પોતાના કુંભસ્થળને હાથ વડે જલ્દીથી શોધી રહ્યા છે. (અર્થાત્ ગણેશને દેવીનાં કુંભસ્થળ જેવાં સ્તનો જોઈને ભ્રાંતિ થાય છે કે આ મારું મસ્તક તો નથી ને ?)'

પ્રસ્તુત પદ્યમાં દેવીનો વાત્સલ્યભાવ ધ્વનિત થાય છે. દેવીના કુચકુંભનું સામ્ય ગણેશના જ બે કુંભસ્થળ સાથે થઈ શકે એવો અતિશયોક્તિ અલંકાર ધ્વનિત થાય છે. વસ્તુથી અલંકારધ્વનિની વ્યંજના થાય છે. વળી ગણેશજી પોતાના હાથથી દેવીના કુચકુંભ જેવા પોતાના કુંભસ્થળને શોધી રહ્યા છે એમાં ગણેશના કુંભસ્થળ અને દેવીના કુચકુંભ પરસ્પરના સાદૃશ્યને પ્રાપ્ત કરે છે. અહીં ઉપમેયોપમાલંકાર ધ્વનિ પણ છે. આમ વસ્તુ અને બે અલંકારધ્વનિઓનો એક વ્યંજક અનુપ્રવેશ છે, વળી ગણેશ કુંભસ્થળ શોધે છે એટલે દેવીનાં સ્તનયુગલમાં તેને પોતાના કુંભસ્થળની ભ્રાંતિ થાય છે. આમ ભ્રાંતિમાન્ અલંકાર પણ છે. ('લક્ષ્મીધરા', P. 150, સરલા, P. 243)

આ આખી પરિસ્થિતિ હાસ્યરસની નિષ્પત્તિ કરે છે એટલે અહીં હાસ્યરસ પણ છે.

ટૂંકમાં અહીં यद्यर्थोक्तौ च ... અતિશયોક્તિ અને ઉપમેયોપમા અલંકારધ્વનિની પ્રતીતિ થાય છે. દેવીનો 'સર્વાતિશયરૂપ' વસ્તુધ્વનિ પણ વ્યંજિત થાય છે અને ભ્રાંતિમાન્ દ્વારા ઉપમેયોપમા તથા અતિશયોક્તિ ધ્વનિ વ્યંજિત થાય છે. આમ અલંકાર દ્વારા અલંકારની વ્યંજના છે.

પરંતુ હાસ્યરસ ગુણીભૂત બન્યો છે. હાસ્યરસ અલંકારવ્યંગ્યને પુરસ્કારે છે.

બન્ને દૈવી બાળકોની માતા શ્રી મા ભગવતી છે અને તેમની કૃપા અપાર છે. આવો પણ ધ્વનિ વ્યંજિત થઈ શકે.

**( ૭૩ ) अमू ते ..... क्रोञ्चदलनौ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ દેવીના વક્ષસ્થળનું વર્ણન છે. 'હે હિમાલયની પતાકા, તારાં આ સ્તનો અમૃતરસના (ભરેલા) માણેકના (બનાવેલા) કુપ્પા છે. એ બાબતમાં અમારા મનમાં જરાય શંકા નથી. કારણ કે, તેમનું પાન કરવાથી ગણેશ અને કાર્તિકેય આજે પણ કુંવારા રહ્યા છે કારણ તેઓ વધૂના સંગની રસિકતાને જાણતા નથી !'

પ્રસ્તુત પદ્યમાં ભગવતીનાં સ્તનો પર માણિક્ય = માણેકના બનાવેલા કુંભનો આરોપ છે. આથી અહીં રૂપક અલંકાર છે. કુંપી તો ચર્મ કે અન્ય ધાતુ નિર્મિત પણ હોય છે. પરંતુ દેવીના સ્તનોને કોઈની ઉપમા આપી શકાય એમ નથી માટે તેમના સ્તનો ઉપર અહીં માણિક્ય કુંભનો આરોપ છે અથવા અત્રે (રૂપક સિવાય) નિશ્ચયાન્ત સંદેહ અલંકાર પણ છે.

અત્રે વાક્યાર્થહેતુ કાવ્યલિંગ અલંકાર પણ છે. કારણ કે, ગણેશ અને કાર્તિકેય હજી શિશુ અવસ્થામાં અથવા તો શિશુતુલ્ય જ છે તેઓ યુવાન થવા છતાં પરણ્યા નથી, હજી બાલ્યાવસ્થામાં જ રહ્યા છે. આ જ શું સ્તનો અમૃતરસના કુંભો છે ? એવા સંશયને દૂર કરવામાં પર્યાપ્ત પ્રમાણ છે. એ સ્તનોના પાનને કારણે જ હજી સુધી ગણેશ અને કાર્તિકેય - બન્ને બાળકો શિશુ અવસ્થામાં જ છે.

'લક્ષ્મીધરા' પ્રમાણે અહીં કવિકલ્પિત સંદેહની બન્ને કોટિનું અવાચ્યત્વ નથી. મંખુકનો મત છે તેવું તેઓ નોંધે છે. (P. 154) (સરલા, P. 244)'कविकल्पितकोटिद्वयस्यावाचकत्वं नास्ति इति मङ्खुकः ।'[1]

વિનાયક અને કાર્તિકેયનું હંમેશ માટેનું બાલકત્વ અમૃતપાનને કારણે જ છે. આ જ વિગત 'શ્રીમાનાં સ્તન અમૃતકૂપ જ છે' એવા સંદેહને દૂર કરવા માટે સાધક પ્રમાણ છે. કારણ દ્વિતીયાર્થ પ્રમેય છે આથી 'નિશ્ચયાન્ત સંદેહ'ને જ સારી રીતે કહી શકાયો છે.

---

1. લક્ષ્મીધર 'મંખુક'નો ઉલ્લેખ કરે છે, જેઓ રુય્યકના શિષ્ય હતા. કેટલાકે અલંકારસર્વસ્વ, જે રુય્યકની કૃતિ છે તેને સમગ્ર રીતે અથવા તો તેની વૃત્તિને મંખુકકૃત માની છે. મૂળ 'અલંકારસર્વસ્વ'માં ઉપર્યુક્ત પંક્તિ નથી. ટીકાકારે મંખુકની કૃતિના નામનો નિર્દેશ કર્યો નથી. પ્રસ્તુત સંદર્ભ – 'कविकल्पितकोटिद्वयस्यावाचकत्वं नास्ति' એ મંખુકનો છે એવું 'લક્ષ્મીધરા' કહે છે પરંતુ મંખક અથવા રુય્યકને નામે આરોપિત કૃતિ સાહિત્યમીમાંસામાં સંદેહ કે સંશયનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ઊલટાનું વિતર્ક સંશયમાં અંતર્ભાવિત છે. वितर्काख्यस्योहस्य संशयानुवेशः । P. 62 (પ્રકા. સા. મી. સંપૂર્ણાનન્દ સંસ્કૃત મહાવિદ્યાલય, સંપા. - ગૌરીનાથ શાસ્ત્રી, ઈ.સ. 1984.) के साम्बशिवशास्त्री સંપાદિત સાહિત્યમીમાંસામાં પણ P. 52 પર સંપૂર્ણાનન્દ દ્વારા પ્રકાશિત સા. મી. જેવો જ પાઠ છે. અનન્તશયન સંસ્કૃત ગ્રંથાવલિ - 1934 – પરંતુ બન્ને સંપાદનોમાં 'લક્ષ્મીધરા'એ (P. 154) ઉદ્ધરેલી પંક્તિ પ્રાપ્ત થતી નથી.

'સૌભાગ્યવર્ધિની' પ્રમાણે (P. 155) અત્રે ગણેશ અને કાર્તિકેયના કુમારરૂપનું કારણ અમૃતરસપૂર્ણ દેવીના સ્તનપાનનું જ છે એમ અનુમાન થઈ શકે છે. તેથી 'અનુમાનાલંકાર' થયો છે.

તો 'અરુણામોદિની' ટીકા પ્રમાણે અહીં 'કાવ્યલિંગ' અને અનુમાનથી સંકીર્ણ કુતુપત્વના અધ્યવસાયથી યુક્ત ઉત્પ્રેક્ષાલંકાર છે. તેથી આ બે અલંકારો દ્વારા ભગવતીનાં સ્તનની બધા જ અભીપ્સિતાર્થના વિતરણની શક્તિની પ્રતીતિ થાય છે અને એ રૂપ વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે એમ આપણે ઉમેરી શકીએ.

'આનન્દગિરીયા' – (P. 156) અત્રે અનુમાન અને સંદેહાલંકાર માને છે – 'હે પર્વતરાજની પતાકા, તારાં સ્તનો અમૃતરસપૂર્ણ બે માણિક્યકુંભ કેમ ન હોય ?' એવો સંદેહરૂપ સ્પન્દ છે. બન્ને કોટિમાં અવગાહન કરતો જ્ઞાનાત્મા હોવા છતાં અમારા માનસમાં તો ઉત્કટકોટિ સંદેહ (જ) છે.

આમ 'આનન્દગિરીયા' અહીં અનુમાન અને સંદેહ બન્ને અલંકારોની સંસૃષ્ટિ માનતી જણાય છે. (P. 156)

સ્તનોમાં અમૃતકુંભનું અનુમાન કરવામાં આવ્યું છે અને વળી 'આ સ્તનો અમૃતરસ પૂર્ણ માણિક્યના કુંભો છે કે નહીં ? એવો ઉત્કોટિ સંદેહ (પણ) છે – એમ સમજવાનું છે.

આ લખનારના મતે અહીં સ્તનને અમૃતકુંભ કલ્પવામાં રૂપક, સ્તનો અમૃતકુંભ જ છે એની કલ્પનામાં નિશ્ચયાન્ત સંદેહ અને કાર્તિકેય તથા ગણેશનું આજ સુધી કુમારાવસ્થામાં જ રહેવું એમાં અમૃતની કુંપી સમાન શ્રીમાનાં સ્તનપાનનું જ પરિણામ છે એમ અનુમાન અલંકાર થયો છે.

કાવ્યલિંગ પણ સ્વીકારી શકાય.

ઉપરાંત શ્રીમા ભગવતીનાં અમૃત ઝરતા સ્તનકૂપ સર્વશ્રેષ્ઠ છે, જે કાર્તિકેય અને ગણેશને કદાચ યુવાવસ્થા સુધી પહોંચવા જ દેતા નથી અથવા યુવાન થવા છતાં પણ તેમનો બાલભાવ યથાવત્ રહે છે. આમાં વ્યતિરેકધ્વનિ છે.

શ્રી સદાનન્દ બ્રહ્મચારીના[1] મતે ગણેશ અને કાર્તિકેય શ્રીમાનાં અમૃતકુંભરૂપ કુચકલશના આસ્વાદનથી બ્રહ્માનન્દનો જ આસ્વાદ કરે છે. તેમણે વધૂસંગમરૂપ લૌકિક આનંદ ભલે ભોગવ્યો નથી. (અથવા) શૈશવાવસ્થા પછી યૌવનાવસ્થા આવે છે પરંતુ ગણેશ-કાર્તિકેય અમૃતપાનના લોભમાં પત્ની હોવા છતાં શિશુ જ રહેવા ઇચ્છે છે. (P. 176ના અંતિમ પેરાનો સાર) વિશેષમાં પરમાત્માની અનેક મૂર્તિઓ છે. શ્રીરામના રૂપમાં એકપત્નીવ્રત તો શ્રીકૃષ્ણના રૂપમાં અનેક સ્ત્રીઓના સ્વામીરૂપે લીલા કરે છે. અતઃ ગણેશ અને કાર્તિકેય પણ એમનું એકરૂપ છે.

'સાવિત્રી' મહાકાવ્યમાં સાવિત્રીના સ્વર્ણિમ અંગો અને વક્ષસ્થળનું અત્યંત લાઘવપૂર્ણ છતાં કવિત્વભર્યું વર્ણન કરતાં શ્રીઅરવિન્દ કહે છે –

1. સૌન્દર્યલહરી – સંપા. – સદાનન્દ બ્રહ્મચારી પ્રકા. શારદાપીઠ વિદ્યાસભા, દ્વારકા, સં. 2057

'Her limbs his golden jars of ecstasy,

Her breasts the rapture - flowers of Paradise.' – Savitri, P - 346.

સાવિત્રીનાં અંગો સુવર્ણપાત્ર જેવાં, જે પ્રભુના આનંદને ધારણ કરતાં હશે, તેનું વક્ષસ્થળ સ્વર્ગીય આનંદનાં પુષ્પો જેવું હશે.

અને વળી P - 397 પર

This golden figure given to his grasp

Hid in its breast the key of all his aims.

'મૂર્તિ સોનલ આ એના સમાશ્લેષે સમર્પિતા,
એના સકલ લક્ષ્યોની ચાવી હૈયે પોતાના ગુપ્ત રાખતી'

(આ સુવર્ણમૂર્તિ એને આશ્લેષમાં અર્પવામાં આવી છે. સત્યવાનના સર્વ ધ્યેયોની ચાવી એણે પોતાના હૈયામાં ગુપ્ત રાખી છે.) (સાવિત્રીશબ્દામૃત- ૬, P - 20)

સાવિત્રીના હૃદય વિશે પુનઃ નારદના શબ્દો

A heavenly jar, thy firm deep-honied heart (P - 419)

'ને તારામાં પ્રકાશે છે કુંભ કો દિવ્યધામનો,

ને એ છે સારથી સજ્જ હૈયું તારું ગૂઢ માધુર્યથી ભર્યું' (સાવિત્રીશબ્દામૃત - 6, P - 39)

'સાવિત્રી' મહાકાવ્યમાં જગન્માતા બાળકને પોતાના હૈયાસરસું ચાંપે છે, તે નિર્દેશ કરતી પંક્તિઓ જોઈએ. ગણેશ-કાર્તિકેય તેનાં બાળકો ખરા પણ મા ભગવતી તો વિશ્વજનની છે. જગદંબા છે એટલે તે તેના બાળકને અરે સમગ્ર પ્રકૃતિને બાહુઓમાં સમાવી લે છે.

Even as a mother draws her child to her arms,
Took to her breast Nature and World and Soul. (P - 312) પર

આમ જેમ એક મા બાળકને તેના બાહુઓમાં લે છે તેમ પરમ ચેતના સમગ્ર પ્રકૃતિ, વિશ્વ અને આત્માને આશ્લેષમાં લે છે.

અને વળી પ્રથમ સર્ગમાં સાવિત્રીના હૃદયના વૈશ્વિક પ્રેમનું અધિકાલંકાર દ્વારા નિરૂપણ –

Love in her was wider than the universe.

The whole world could take refuge in her single heart. (P - 15)

**( ૭૪ ) वहत्यम्ब स्तम्बेरम् ..... कीर्तिमिव ते ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના વક્ષસ્થળ પર ઝૂલતા હારનું મનોરમ વર્ણન છે.

કવિએ મનોહર અલંકારો અને વ્યંજનાઓના નિરૂપણથી સુરમ્ય કવિતા રચી છે. 'હે માતા, તારા વક્ષ પર તેં ગજાસુરના કુંભસ્થળમાંથી નીકળેલા મોતીઓની નિર્મળ માળા પહેરી છે (શ્વેતમાળા) તેના પર તારા બિંબફળ જેવા હોઠનો (લાલ) પ્રકાશ પડવાથી તે લાલ રંગની દેખાય છે. આને લીધે તારી માળા જાણે ભગવાન શિવની પરાક્રમયુક્ત કીર્તિ જેવી પ્રતીત થાય છે.'

પ્રસ્તુત પદ્યમાં હારલતિકામાં પ્રતાપમિશ્ર કીર્તિની સંભાવનામાં ઉત્પ્રેક્ષા છે. શ્વેત હારલતા શ્રીમાનાં બિંબફળ જેવા હોઠના લાલ પ્રકાશથી લાલ લાગે છે તેમાં તદ્‌ગુણ છે. આમ ઉત્પ્રેક્ષા અને તદ્‌ગુણાલંકારનો સંકર છે. બિંબફળ જેવા હોઠમાં ઉપમા છે.

આ બન્ને અલંકારો દ્વારા શિવજીનો પ્રતાપાતિશય પણ વ્યક્ત થયો છે. કવિ સમયાનુસાર પરાક્રમનો રંગ લાલ છે. આમ અલંકાર દ્વારા વસ્તુવ્યંજના થાય છે. ('લક્ષ્મીધરા', P. 159)

પતિએ (= શિવજીએ) પરાક્રમથી ગજાસુરને હણ્યો એના મોતીની માળા શ્રીમાએ ધારણ કરી છે. તેમાં પાતિવ્રત્યભાવ અથવા પતિ પ્રત્યેનો ગાઢ સ્નેહ વ્યંજિત થાય છે. આ રીતે એક બીજો **વસ્તુધ્વનિ** પણ વિચારી શકાય. કવિસમયાનુસાર યશ કે કીર્તિનો રંગ શ્વેત અને પરાક્રમનો લાલ હોય છે.

'અમ્બ, સ્તમ્બેરમ્' માં જોડાક્ષર હોવા છતાં સુંદર પ્રાસ રચાયો છે. હારલતિકા અને શબલતા માં અંત્યાનુપ્રાસ છે. છેલ્લે 'ત' નો અનુપ્રાસ છે, જેનું નાદચારુત્વ અનોખું છે.

સમાંતરે 'કુમારસંભવ'માં પાર્વતીના કંઠ અને હારનું વર્ણન પણ આસ્વાદીએ,

**कण्ठस्य तस्याः स्तनबन्धुरस्य मुक्ताकलापस्य च निस्तलस्य ।**
**अन्योन्यशोभाजननाद्बभूव साधारणो भूषणभूष्यभावः ॥ १/४२**

અર્થાત્ ઉન્નત વક્ષસ્થળવાળી પાર્વતીના કંઠ તથા ગોળ (આકૃતિવાળી) મોતીઓની માળાની શોભા એકબીજાની શોભા વધારવાને કારણે પરસ્પર ભૂષણભૂષ્યભાવ સમાન છે. અર્થાત્ કંઠની શોભા મોતીની માલાથી અને મોતીની માલાની શોભા કંઠથી થતી હતી.

**( ૭૫ ) तव स्तन्यं मन्ये ..... कवयिता ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના સ્તન્ય = દુગ્ધનો મહિમા છે.

'હે ધરણિધરની કન્યા, તારા સ્તન્યને હું હૃદયથી સાક્ષાત્ જ્ઞાનરૂપ માનું છું. જે દૂધના સાગરરૂપ છે તેં દયાળુ બનીને આ દ્રવિડશિશુને દૂધ પાયું હતું તેથી પ્રૌઢ કવિઓની માફક (એણે) મનોહર કાવ્ય રચ્યું છે.'

દેવીનું દૂધ જાણે કે હૃદયમાંથી નીકળેલા અને વહેતા અમૃતના સાગર જેવું છે, જે સારસ્વત જ્ઞાનની જેમ હંમેશાં વહેતું રહે છે. જેનો આસ્વાદ દ્રવિડ જાતિમાં ઉત્પન્ન આ બાળકે = શંકરાચાર્યે કર્યો છે. તેથી પ્રૌઢ કવીશ્વરોની મધ્યમાં તેનું નિર્ધારણ થયું છે. આ શિશુ તે દૂધના આસ્વાદથી કમનીય કવિતા રચી શકે છે. ('લક્ષ્મીધરા', P. 164)

દૂધ જાણે કે વહેતો સાગર એમાં ઉત્પ્રેક્ષા છે. વળી (આ સાગર) જાણે કે સરસ્વતીમય છે તેમાં પણ ઉત્પ્રેક્ષા છે. બન્ને ઉત્પ્રેક્ષાની સંસૃષ્ટિ છે. દ્રવિડ શિશુએ એ દૂધ પીને કમનીય કાવ્યની રચના કરી એમાં શ્રીમાનાં વરદાનની અને શ્રી શંકર પર થયેલી કૃપાની પણ વ્યંજના રહેલી છે.

આ સંદર્ભમાં 'અરુણામોદિની' વાક્યાર્થહેતુ કાવ્યલિંગાનુપ્રણીત ઉત્પ્રેક્ષા માને છે. (P. 165)

આમ શ્રીમાનાં વરદાનથી શું શું શક્ય નથી બનતું ? શ્રીમાએ શંકરને અમૃતસાગરતુલ્ય પોતાનું દૂધ પાયું અને વરદાન આપ્યું કે તેની ખ્યાતિ કવિ તરીકે થાઓ – એ રૂપ વસ્તુધ્વનિ પણ છે.

આ સંદર્ભમાં એક આખ્યાયિકા છે. 'સૌભાગ્યવર્ધિની' અને 'અરુણામોદિની' ટીકા તેની નોંધ લે છે. તેનો સાર પાદટીપમાં આપ્યો છે.[1]

**( ૭૬ ) हरक्रोधज्वाला० ..... रोमावलिरिति ॥**

પ્રસ્તુત પદ્ય દેવીની રોમાવલિનું કાવ્યાત્મક નિરૂપણ કરે છે. 'હે પર્વતરાજ, હિમાલયની પુત્રી, હે માતા, (કામદહન વખતે) ભગવાન શંકરના ક્રોધની જ્વાળાઓથી લપેટાયેલા શરીરવાળા કામદેવે

---

૧. શ્રી શંકરાચાર્યના સંદર્ભમાં જે અનુશ્રુતિ છે તેને 'સૌભાગ્યવર્ધિની' (P. 164) જ વિસ્તારથી સમજાવે છે. ભગવાન શંકરાચાર્યના પિતા પરમેશ્વરીના અનન્ય ભક્ત હતા. તેમના ગામથી બહાર પરમેશ્વરીનું મંદિર હતું. ત્યાં જઈ તેઓ શ્રીમાને દૂધથી સ્નાન કરાવી, પૂજા કરી, પ્રણામ કરી અને બચેલું કેટલુંક દૂધ ખોળામાં રહેલા બાળક શંકરને આપતા હતા. બાળકના મનમાં એમ જ હતું કે હરરોજ પરમેશ્વરી સ્વયં દૂધ પીએ છે અને તેમણે પીતાં વધેલું દૂધ મને પિતા આપે છે. ક્યારેક પિતાને બીજા ગામમાં જવાનું થતાં બાળકની માતાને તેમાં યોજી કહેતા ગયા કે 'મારાં આવતાં સુધી દરરોજ તારે મા ભગવતીને દૂધથી સ્નાન કરાવવું અને સારી રીતે માની પૂજા કરવી.' હવે ઘરમાં કોઈ (બીજું) ન હતું. તેથી માતાએ પુત્રને મોકલ્યો કે 'દૂધથી ભગવતીને સ્નાન કરાવવાથી અને તેમની પૂજા કરવાથી (તને) વિદ્યા પ્રાપ્ત થશે' – એમ કહી બાળક શંકરને પરમેશ્વરીના મંદિરે મોકલ્યો. બાળકે જઈને પૂજા કરીને દૂધ સામે મૂકી 'મા ભગવતી પીઓ' તેમ બોલ્યો. વિલંબ થતાં 'ભગવતી દૂધ પીતાં નથી એમ (કહી) તેણે તો રડવાનું શરૂ કર્યું. પછી મા ભગવતીએ દયા કરી. તેઓ પ્રકટ થયાં અને દૂધ પીધું. (પરંતુ) ફરી પાત્ર ખાલી જોઈને પોતાના માટે માએ દૂધ ન રાખ્યું એમ વિચારી બાળક રડવા લાગ્યો. ત્યારે હસીને બાળકને ખોળામાં બેસાડી માએ સ્તનપાન કરાવ્યું. જગદંબાનું સ્તનપાન કરવાથી બાળકમાં સર્વ વિદ્યાઓ સ્ફુરિત થઈ. બાળક કવિતા કરતો જ ઘેર ગયો એટલામાં પિતા આવી પહોંચ્યા. બાળકની આકૃતિ અને ખીલેલી વાણી જોઈ આશ્ચર્ય પામ્યા. સ્વપ્નમાં ભગવતીએ (પિતાને) કહ્યું 'આ બાળક શંકરાંશ છે' આનાથી લોકોનો ઉદ્ધાર થશે તારે ચિંતા ન કરવી. આ મારો બાળક છે.' ત્યારથી હજારો નિર્દોષ, કાવ્યની જેણે રચના કરી એ કાંચી દેશનો આ 'બ્રાહ્મણ બાળક' એમ કહેવાય છે – અસ્તુ, 'અરુણામોદિની' થોડા ફેરફાર સાથે આ કથા કહે છે. (જુઓ P. 165 )

તારી નાભિરૂપી ખૂબ ઊંડા સરોવરમાં ડૂબકી મારી અને મનુષ્ય એમ જાણે છે કે આને લીધે જ ધુમાડાની સેર નીકળી એ જ તારી રોમાવલિ છે.'

અત્રે ગમ્ય અપહ્નુતિ અલંકાર છે. વળી રોમાવલિની ધુમાડાની સેરરૂપે ઉત્પ્રેક્ષા કરી છે, એમાં ઉત્પ્રેક્ષા પણ ગમ્ય છે અથવા તો લોકોને રોમરાજિમાં ધૂમરેખાની ભ્રાંતિ થઈ છે. તેથી ભ્રાંતિમાન્, અતિશયોક્તિ આ રીતે – લોકો તેને રોમાવલિરૂપે અધ્યવસિત થઈ છે તેમ માને છે. આ રીતે અપહ્નુતિ, ઉત્પ્રેક્ષા (ગમ્ય), ભ્રાંતિમાન્ અને અતિશયોક્તિ ઉપરાંત અંતે 'આ રોમાવલિ જ છે' એવો નિશ્ચય થતાં નિશ્ચયાન્ત સંદેહ થયો છે – એમ પાંચ અલંકારોનો 'એકવાચકાનુપ્રવેશસંકર' સંભવે છે. 'जानीते' પદ દ્વારા આમ સૂચવાયું છે. ('લક્ષ્મીધરા', P. 170)

ज्वालावलि, जनस्तां, जानीते, तव जननि માં 'જ' ના અનુપ્રાસો અત્યંત રમ્ય બન્યા છે. તેમાંથી પદ્યની ગેયતા અને સ્વરમાધુર્ય પણ વ્યંજિત થયું છે.

કામદેવને તારા સિવાય કોઈ બચાવી શકે નહીં તેવો ભાવ પણ ધ્વનિત થાય છે. 'जननि' શબ્દથી એ સૂચન છે કે દોષ દેખાતાં પિતાથી તાડિત પુત્ર માતાના શરણે જાય છે અને માતાને તો અનુકંપા જાગે જ.

'અરુણામોદિની' ટીકા પ્રમાણે (P. 171) રોમાવલિ અને ધૂમલતિકાના અધ્યવસાયરૂપ અતિશયોક્તિ અને ઉત્પ્રેક્ષાનો સંકર છે તેથી રોમાવલિની અતિશય રમણીયતારૂપ વસ્તુધ્વનિ વ્યક્ત થાય છે એટલે કે ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ અલંકાર દ્વારા **વસ્તુવ્યંજના** સધાઈ છે.

આમ અત્રે શ્રીમા પ્રત્યેનો દેવાદિવિષયક રતિભાવ સુપેરે વ્યંજિત થયો છે, જે શાન્ત રસને પુરસ્કારે છે. અંગ્રેજી અનુવાદક પ્રમાણે દેવી એમનો પણ આશ્રય બને છે, જેમણે 'હર' = નાશકનો (શિવનો) કોપ વહોરી લીધો હોય. (P. 85)

**( ૭૭ ) यदेतत्कालिन्दी० ..... कुहरिणीम् ॥**

આ પદ્યમાં પણ દેવીની રોમાવલિનું જ નિરૂપણ છે. સાર છે - 'હે શિવે, હે માતા, યમુનાના પાતળા તરંગો જેવી આકૃતિવાળી આ તારી રોમાવલિ પાતળી કેડના ભાગમાં જરાક દેખાય છે. તે સદ્બુદ્ધિ ધરાવનારાઓને એવી લાગે છે કે, જાણે કે તારા સ્તનરૂપી કલશો એકબીજા સાથે ઘસાવાથી એમની વચ્ચેનું આકાશ પાતળું પડી જવાથી નાભિરૂપી ગુફામાં પ્રવેશે છે.'

અહીં ઉત્પ્રેક્ષા અને રૂપકાલંકાર છે.

રોમાવલિ જાણે કે આકાશલતા છે. વળી 'तरंगाकृति' પદમાં બિંબપ્રતિબિંબભાવના આક્ષેપથી નિદર્શના અલંકાર થયો છે. 'યમુનાના પાતળા તરંગો જેવી' – એમાં ઉપમા છે. 'કુચકલશ'માં રૂપક છે.

'લક્ષ્મીધરા' (P. 174) નિદર્શના અને ઉત્પ્રેક્ષાની સંસૃષ્ટિ માને છે. જો કે ઉપમા અને ઉત્પ્રેક્ષાની

સંસૃષ્ટિ પણ માની શકાય કારણ કે કાલિન્દીના પાતળા પ્રવાહ જેવી એમાં ઉપમા છે અને રોમાવલિ જાણે કે આકાશલતા - એમાં ઉત્પ્રેક્ષા છે.

'અરુણામોદિની' (P. 175) અનુસાર ઉત્પ્રેક્ષા અને નિદર્શનાની સહકૃતિ દ્વારા દેવીના કુચકલશનું અતિશ્લિષ્ટત્વ તેમના ભાગ્યનું સૂચન કરે છે અને રોમાવલિનું અતિસૂક્ષ્મત્વ પ્રકાશમાનતા સૂચવે છે. એટલે કે અલંકારો દ્વારા બે **वस्तुव्यंग्य**ની વ્યંજના છે.

વિશેષમાં અત્રે ઉપમા એકદમ વ્યવસ્થિત છે. યમુના શ્યામ છે અને રોમાવલિને પણ નીલ = શ્યામ - એમ કવિસમયાનુસાર કલ્પી છે.

અંગ્રેજી અનુવાદકના વિવેચનનો સાર નીચે મુજબ છે : કાલિન્દી એટલે યમુના નદી જેનું જળ કવિઓ શ્યામરંગનું હોવાથી ક્યારેક નીલ એટલે કે આકાશ જેવા ઘેરા ભૂરા રંગનું કલ્પે છે. દેવીની રોમાવલિ પણ શ્યામ રંગની છે તથા બન્ને કુચકલશ પરસ્પર શ્લિષ્ટ હોતાં જાણે કે નાભિરૂપી ગુફામાં પ્રવેશે છે. બન્ને પર્વતો વચ્ચેની પાતળી જગ્યા દૂરથી નીલરંગની જણાય છે તેથી તે અવકાશ જાણે બે પર્વતો વચ્ચે રહેલી ગુફામાં પ્રવેશતો હોય તેમ લાગે છે (P. 84).

અંગ્રેજી અનુવાદકે નામોલ્લેખ વિના જ ઉપમા, રૂપક અને ઉત્પ્રેક્ષા અલંકારો વિશદ રીતે સમજાવ્યા છે, તે નોંધવું ઘટે.

**( ૭૮ ) स्थिरो गङ्गावर्तः ..... विजयते ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી મા ભગવતીની નાભિનું વર્ણન કરવામાં આવ્યું છે. 'હે પર્વતરાજની પુત્રી, તારી નાભિ વિજય પામે છે (તેને આટલી ઉપમા આપી શકાય) ગંગાના સ્થિર વમળ, સ્તનરૂપી વિકસેલાં પુષ્પો ધારણ કરનારી રોમાવલિરૂપી લતાનું રેખાંકિત પાત્ર, કામદેવના તેજરૂપી અગ્નિને ધારણ કરનાર હવનકુંડ, રતિનું લીલાસ્થળ અથવા ભગવાન શંકરના નેત્રોની સિદ્ધિ પ્રાપ્ત કરવાનું ગુફાદ્વાર'.

અત્રે 'एकस्यानेकधा उल्लेखः' (अलं स. सू. २० પ્રમાણે - 'एकस्यापि निमित्तवशादनेकधा ग्रहणमुल्लेखः') અર્થાત્ એક જ વસ્તુનું કોઈ નિમિત્તને લઈને અનેક પ્રકારે જે ઉલ્લેખન તે રૂપ ઉલ્લેખ અલંકાર થયો છે – એક જ નાભિનો અનેક પ્રકારે ઉલ્લેખ થયો છે. પરંતુ વચ્ચે વચ્ચે ઉપમા, રૂપક અલંકારોનો 'સંકર' પણ થયો છે.

નાભિને ગંગાના વમળની ઉપમા આપી છે વળી સ્તનરૂપી મુકુલમાં રૂપકાલંકાર છે.

'किमपि' અહીં અનિર્વાચ્ય અર્થમાં છે. અર્થાત્ અતિસુંદર છે તેથી અવર્ણનીય છે. આલવાલં કહેતાં ક્યારો અર્થ થાય એટલે પરંપરિત રૂપકની પણ છાયા છે – આ રીતે – 'આનંદરૂપી વિકસેલાં પુષ્પો માટે રોમાવલિની લતા - પાત્રરૂપ = ક્યારો છે.' – એમ પરંપરિત રૂપક અલંકાર પણ સ્વીકારી શકાય. અને આ રીતે ઉલ્લેખ સાથે ઉપમા તથા રૂપક અલંકારોનો સંકર માની શકાય.

વળી મહાદેવના અન્ય નેત્રનું અવિષયત્વ વ્યક્ત થતું હોવાથી 'અરુણામોદિની' (P. 179) અત્રે અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના કહે છે તે તો બરાબર છે પરંતુ સૌભાગ્યવર્ધિની (P. 178) અત્રે માલારૂપક માને છે તે બરાબર નથી. અહીં માલારૂપક નથી પરંપરિત છે પણ ઉલ્લેખનું તો પ્રાધાન્ય જ છે. તેની સાથે ઉપમા-રૂપકનો સંકર છે.

અને 'શંકરનાં નેત્રોની સિદ્ધિ માટે ગુફાનું દ્વાર - એમાંથી એવું સમજવાનું કે દેવીની નાભિ એકમાત્ર શંકર સિવાય કોઈ જોઈ શકે નહીં. – આ **વસ્તુધ્વનિ** છે.

વળી ગંગાનાં વમળો સ્થિર ન હોય (એટલે) જ્યારે દેવીની નાભિ સ્થિર છે એટલે સ્થિર એવાં ગંગાનાં વમળ જેવી એમ કહ્યું છે.

સ, સ, ક, ક, ર, ર ના પ્રાસો પ્રથમ, દ્વિતીય પંક્તિમાં સુંદર રીતે આયોજિત થયા છે. લીલાગાર અને બિલદ્વારમાં ઉત્પ્રેક્ષા ધ્વનિત થાય છે.

શ્રી 'લલિતાસહસ્રનામ'માં પણ દેવીની રોમાવલિ અને નાભિનું 'સૌન્દર્યલહરી'ને મળતું અને તેના જેવું જ કવિત્વમય વર્ણન છે.

**कामेश्वरप्रेमरत्नमणिप्रतिपणस्तनी ।**
**नाभ्यालवालरोमालिलताफलकुचद्वयी ॥ १४ ॥**

**लक्ष्यरोमलताधारतासमन्नेयमध्यमा ।**
**स्तनभारदलन्मध्यपट्टबन्धवलित्रया ॥ १५ ॥**

'શ્રીમાનાં સ્તનો જાણે કે કામેશ્વર-શિવના અમૂલ્ય પ્રેમને અર્પણ કરવામાં આવ્યાં હોય અને જાણે કે તેની ઊંડી નાભિરૂપી ક્યારામાં ઊગેલી રોમાવલિરૂપી લતાનાં બે ફળ ન હોય !'

રોમાવલિરૂપી લતાના આધારે જેનું અનુમાન થઈ શકે તેવી (પાતળી) કેડ (શ્રીમાની) છે.

**( ૭૯ ) निसर्गक्षीणस्य .... शैलतनये ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના પેટના મધ્યભાગનું નિરૂપણ છે. 'હે શૈલતનયા, તારા મધ્યભાગ (= કેડ)ની અવસ્થા કુશલ રહો. (એકસરખી = સારી સ્થિતિમાં રહો). તારો મધ્યભાગ કુદરતી રીતે જ પાતળો છે, સ્તનરૂપી કિનારાના ભારથી થાકી જવાથી (ત્યાંથી) તારું શરીર ઝૂકી જાય છે, તેને લીધે તારા નાભિના ભાગ પાસે (= તારી કેડ) રેખાઓ પર ધીમે ધીમે નદી તટ પર તૂટતાં વૃક્ષો માફક ઝૂકી પડતી દેખાય છે.'

અહીં 'લક્ષ્મીધરા' પ્રમાણે 'મધ્યસ્થ' ઇત્યાદિ પ્રયોગ સહૃદયના હૃદયમાં આહ્લાદ ઉત્પન્ન કરનારો છે, જેને મહાકવિઓએ શિક્ષા અને અભ્યાસથી પ્રાપ્ત કર્યો છે. આ રીતના પ્રયોગમાં નિપુણ વ્યક્તિ જ મહાકવિ કહેવાય છે. (P. 182, સરલા, P. 254)

અહીં નદીના તટ પરનાં તૂટી પડતાં વૃક્ષની ડાળીઓ અને મૂળ દ્વારા શ્રીમાની કેડને ઉપમા આપી હોવાથી ઉપમાલંકાર થયો છે.

કેડની કુશળતાની કામના **કવિપ્રૌઢોક્તિસિદ્ધ** ધ્વનિ છે. 'સૌભાગ્યવર્ધિની' ટીકાએ શ્રીમાનાં મધ્યના નિરૂપણમાં (P. 182) આશ્ચર્ય અને હાસ્યરસધ્વનિ માન્યા છે. શ્રી શંકરાચાર્યની/ભક્તની ભક્તિભાવે તેવી શંકા છે કે ક્યાંક શ્રીમાની પાતળી કેડ વક્ષના ભારથી તૂટી ન પડે તેથી તેનું કુશળ ચાહે છે. આવો મધ્યભાગ ભક્ત પર કૃપા કરવા માટે જ જાણે કે શરીર ધારણ કરતો હોવા છતાં તૂટતો નથી એમાં આશ્ચર્યરૂપ વસ્તુધ્વનિ છે. અને વળી આવો મધ્યભાગ-મહાદેવના ભાગ્યને લીધે ટકી રહ્યો છે એમાં પણ ભક્તિરસનો ઉન્મેષ અને હાસ્યની ઉક્તિ છે.

આ રીતે શ્રીમાનાં મધ્યભાગનું અતિસૂક્ષ્મત્વ વ્યંજિત થાય છે. જે અતિસારવત્ત્વનું પણ સૂચન છે. આમ અલંકાર દ્વારા વસ્તુધ્વનિ - (= કેડની સુંદરતા) વ્યક્ત થાય છે.

**( ૮૦ ) कुचौ ..... ०वल्लिभिरिव ॥**

દેવીના પેટની ત્રણ રેખાઓનું = ત્રિવલીઓનું નિરૂપણ પ્રસ્તુત 80માં પદ્યમાં છે.

'હે દેવી, તારી બગલ ઘસાવાને લીધે ત્વરિત થતા પ્રસ્વેદથી કિનારી પરથી ચોળીના છેડા ફાટી જાય છે, તેથી સુવર્ણકલશ જેવાં ચમકતાં સ્તનોના હાલવાથી તૂટી જતા જોડાણને બચાવવાની જરૂર લાગતાં કામદેવે (પેટ પર) એક મનોહર વેલને ત્રેવડી કરીને બાંધી દીધી હોય તેમ જણાય છે.'

અત્રે ક્રિયોત્પ્રેક્ષાલંકાર છે.

કારણ ત્રિવલીમાં લવલી લતાની સંભાવના છે. વળી અતિશયોક્તિ અલંકાર પણ છે. આ રીતે – શ્રીમાનાં સ્તનોના નિર્માણકાર્યનો એકલા કામદેવનો જ અધિકાર છે. વૃદ્ધ બ્રહ્માનો નહીં આથી વૃદ્ધ બ્રહ્માના કાર્ય સાથે સંબન્ધ હોવા છતાં પણ અસંબન્ધ બતાવ્યો છે. આથી સંબન્ધે અસંબન્ધમૂલા અતિશયોક્તિ છે. ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિનો અંગાંગિભાવ સંકર છે. ('સરલા' ટીકા, પૃ. 257નો સાર)

ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ અલંકારો દ્વારા શ્રીમાનાં સુવર્ણમય સ્તનકલશ અને ત્રિવલીરૂપ લતાનું નિરૂપણ સૌન્દર્યરૂપ **વસ્તુધ્વનિ**ને વ્યંજિત કરે છે.

'અરુણામોદિની' અહીં સમાસોક્તિ રૂપ વ્યંજના એટલે કે અલંકારની વ્યંજના સ્વીકારે છે. (P.187) અત્રે વાતાદિ ઉપદ્રવને સહન ન કરી શકતાં બાલતરુના સ્થૈર્ય માટે લતાઓ વડે તેની મધ્ય તેને બાંધતા વનપાલોનું વૃત્તાન્ત પ્રતીત થાય છે. એ રીતે વનપાલોના વ્યવહાર સમારોપરૂપ સમાસોકિત છે.

**( ૮૧ ) गुरुत्वं विस्तारं .... नयति च ॥**

પ્રસ્તુત પદ્ય દેવીની જંઘા વિશે વર્ણન કરે છે. 'હે પાર્વતી, પર્વતરાજ હિમાલયે પોતાની

સાથળમાંથી ભારે વિસ્તાર કાપીને તને દાયજારૂપે આપ્યો છે. આથી તારા સાથળના વિશાળ વિસ્તારનો ભાર આખી પૃથ્વીની ગતિને (જાણે કે) રોકી રાખે છે. તથા પૃથ્વી (તેના વિસ્તારની સરખામણીમાં) નાની લાગે છે.'

પ્રસ્તુત પદ્યમાં ઉત્પ્રેક્ષા છે. તે કવિપ્રૌઢોક્તિસિદ્ધ છે ક્રિયોત્પ્રેક્ષા દ્વારા પૃથ્વીના સાદૃશ્યપણા અને લાઘવીકરણરૂપ વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે તેથી આ પદ્યમાં અલંકાર દ્વારા **વસ્તુધ્વનિની** વ્યંજના છે.

'લક્ષ્મીધરા' પ્રમાણે હિમાલયમાં રહેલા ગુરુત્વ અને વિસ્તારનો પાર્વતીના નિતમ્બના ગુરુત્વ અને વિસ્તાર સાથે ભેદ હોવા છતાં અભેદ દર્શાવ્યો છે તેથી અભેદાધ્યવસાય થયો અને એટલે અતિશયોક્તિ અલંકાર થયો. (સરલા, P. 260) ('લક્ષ્મીધરા', P. 191) એ રીતે ગુરુત્વ અને વિસ્તારરૂપ વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે.

વળી અહીં નિતંબ પોતાના વિસ્તારને લીધે પૃથ્વીની શોભાને પણ તિરસ્કૃત કરે છે એમાં વ્યતિરેક અલંકાર છે. કારણ કે, પૃથ્વીને નાની ઠરાવે છે.

'અરુણામોદિની' (P. 192) અતિશયોક્તિ અને ઉત્પ્રેક્ષાને આ રીતે સમજાવે છે –

अत्र आगमप्रसिद्धवसुमतीव्याप्तभगवतीनितम्बवैपुल्यादेः हिमाद्रिप्रदत्तहरणत्वाध्यवसायात् अतिशयोक्तिसहकृतेयमुत्प्रेक्षा ॥ तया च देव्याः सर्वतः परिपूर्णता प्रतीयते ॥

પૃથ્વી સુધી વ્યાપ્ત આગમપ્રસિદ્ધ શ્રીમા ભગવતીનું નિતમ્બવૈપુલ્ય વગેરેનું હિમાલયે આપેલ દહેજ (હરણ) સાથે અધ્યવસાયને કારણે પ્રસ્તુત પદ્યમાં અતિશયોક્તિ સાથે ઉત્પ્રેક્ષા પણ રચાઈ છે.

સંભાવના પણ છે જ.

આમ દેવીની સર્વતઃ પરિપૂર્ણતા છે એવો વસ્તુધ્વનિ છે અથવા 'તાત્પર્યદીપિની' કહે છે કે (P.193) આ પ્રકારે તારા નિતંબથી ભૂમિ સારયુક્ત બની તે નિશ્ચિત છે એવી પણ **વસ્તુવ્યંજના** માની શકાય.

પૃથ્વીના ભારપણાને પાર્વતીના નિતંબે ઢાંકી દીધું છે એટલે તેનું વજન પણ છે અને વિસ્તાર પણ છે.

સમાન્તરે લલિતાસહસ્રનામમાં કટિતટનું વર્ણન :–

**अरुणारुणकौसुम्भवस्त्रभास्वत्कटीतटी ।**
**रत्नकिङ्किणिकारम्यरशनादामभूषिता ॥ १६ ॥**

શ્રી લલિતાની કટિ લાલ અને કુસુમ્ભ વસ્ત્રથી ચમકે છે અને રત્નની ઘૂઘરીઓના ઝણકારથી યુક્ત કંદોરાથી શોભે છે.

**( ૮૨ ) करीन्द्राणां शुण्डान् ..... द्वयमसि ॥**

પ્રસ્તુત પદ્ય દેવીનાં ઉન્નત ઊરુ તથા ઘૂંટણનું નિરૂપણ કરે છે.

'હે ગિરિસુતા, હે વેદોને જાણનારી, તું મોટા હાથીઓની સૂંઢને અને સુવર્ણની કેળના સ્તંભના સમૂહને તારા બન્ને ઊરુઓ વડે જીતી લે છે. પતિને પ્રણામ કરતાં કરતાં સખત બની ગયેલાં તારાં બન્ને ગોળાકાર ઘૂંટણો (જાણે) બીજા દિક્પાલરૂપી હાથીના બે કુંભસ્થળ છે. (विबुधकरि - ઐરાવત ?)'

અત્રે બન્ને વ્યતિરેકની સંસૃષ્ટિ છે. શ્રીમાનાં ઊરુ ઉત્તમ હાથીઓની સૂંઢ અને સુવર્ણની કેળના સ્તંભ (દંડ) બન્નેને જીતી લે છે. આ વ્યતિરેક થયો. ઘૂંટણો 'विबुधकरि' - દેવોના હાથી - ઐરાવતના બન્ને કુંભસ્થળોને જીતી લે છે. એ રીતે અહીં પણ વ્યતિરેક થયો. એ દ્વારા ઊરુ અને ઘૂંટણની શ્રેષ્ઠતારૂપ વસ્તુની વ્યંજના થાય છે.

विधिज्ञे અને विजिग्ये બન્ને પાઠ છે. મોટેભાગે 'જીતી લે છે.' એ અર્થમાં પાઠને ટીકાકારો સ્વીકારે છે.

'લક્ષ્મીધરા' ઉપમાલંકાર માને છે. 'લક્ષ્મીધરા' અને 'સરલા' (P. 196, 261) આ પદ્યમાં ઊરુ અને જાનુ એમ બન્નેને સાથે જ કવિ વર્ણવે છે એવું જણાવે છે. 'લક્ષ્મીધરા' ઉપમા અહીં સ્પષ્ટ છે એમ કહે છે પરંતુ निर्जित्य भवति - તું જીતી લે છે એ પદથી પ્રસ્તુત પદ્યમાં બન્ને ઉપમેયો - ઊરુ અને ઘૂંટણ - ઉપમાન - મોટા હાથીઓ - કદલીસ્તંભ અને ઐરાવતથી શ્રેષ્ઠ છે. કારણ કે, તેમને જીતી લે છે. આથી અહીં વ્યતિરેકાલંકાર માનવો જ યોગ્ય છે.

'અરુણામોદિની' વ્યતિરેકાલંકાર માને છે, જે ઉચિત છે. (P. 197) વ્યતિરેકાલંકાર દ્વારા ઊરુ અને જાનુનું ઔત્કટ્ય ધ્વનિત થાય છે. તેથી અલંકારો દ્વારા ઔત્કટ્યરૂપી વસ્તુની વ્યંજના થઈ છે.

**विबुधकरिणः** એટલે દેવોનો અર્થાત્ ઈન્દ્રનો હાથી, ઐરાવત, બીજો અર્થ છે વિદ્વાન એટલે હાથી અને વિદ્વાનોના મસ્તક એવો છે. આમ કુંભસ્થળો એટલે મસ્તકદ્વય પણ તેણે-શ્રીમાએ જીતી લીધાં છે. આવો ગૂઢાર્થ અર્થાત્ વસ્તુધ્વનિ નિષ્પન્ન થાય છે. (વિશેષ માટે ગોપાલસુંદરી અને કૈવલ્યવર્ધિની, P. 199)

સમાન્તરે કાલિદાસ પણ કુમાર૦ ૧/૩૬ માં ઉમાના ઊરુને ઉપમાનબાહ્ય જણાવે છે.

**नागेन्द्रहस्तास्त्वचिकर्कशत्वादेकान्तशैत्यात्कदलीविशेषाः ।**
**लब्ध्वाऽपि लोके परिणाहि रूपं जातास्तदूर्वोरुपमानबाह्याः ॥**

''ઐરાવતની (= હાથીની) સૂંઢની ત્વચા કર્કશ હોવાથી અને કદલી - રંભાફળ એકાન્તશીતલ (ખૂબ શીતલ) હોવાથી લોકમાં વૈપુલ્યયુક્ત વિશાળ હોવા છતાં પાર્વતીના ઊરુ ઉપમાનબાહ્ય છે.'' અર્થાત્ કોઈની ઉપમા આપી શકાય તેવાં નથી – અનન્ય છે.

આમ કાલિદાસે પણ દેવીના ઊરુને હાથીની સૂંઢ અને કદલીફળની ઉપમા ન આપી શકાય તેમ કહ્યું છે, કારણ કે, હાથીની સૂંઢની ત્વચા ખરબચડી છે, દેવીના ઊરુ સુકોમળ છે, જ્યારે કદલીમાં વધારે પડતી શીતલતા છે, દેવીના ઊરુ સમશીતોષ્ણ છે. આ રીતે કાલિદાસે અનન્વયાલંકાર દ્વારા દેવીના ઊરુની શ્રેષ્ઠતા સિદ્ધ કરી છે, જ્યારે શ્રી શંકરાચાર્યે વ્યતિરેક અલંકાર દ્વારા.

બન્નેનો ધ્વનિ કહેતાં વ્યંજના સમાન છે. દેવીના જાનુ અને ઊરુ સર્વશ્રેષ્ઠ છે. કોઈની ઉપમા આપી શકાય એવાં નથી.

'અરુણામોદિની' કાલિદાસને ઉદ્ધરે છે. (P. 197)

લલિતાસહસ્રનામમાં પણ સુંદર વર્ણન છે.

**कामेशज्ञानसौभाग्यमार्दवोरुद्वयान्विता ।**
**माणिक्यमुकुटाकारजानुद्वयविराजिता ॥ ३७ ॥**

શ્રીમા જેનું સૌભાગ્ય અને સૌકુમાર્ય કેવળ મહાદેવ જ જાણે છે તેવા બન્ને ઊરુથી શોભે છે અને શ્રીમાનાં ઘૂંટણ માણેકના મુગટના આકાર જેવા શોભે (ચમકતાં) છે. શ્રી સદાનન્દજી પણ કાલિદાસ અને 'લલિતાસહસ્રનામનાં' જ પદ્યો ઉદ્ધરે છે. (P. 164)

**( ૮૩ ) पराजेतुं रुद्रं ..... ०निशिताः ॥**

'હે હિમાલયની પુત્રી, કામદેવ માટે રુદ્રને પરાજિત કરવા વાસ્તે તારી બન્ને જંઘાઓ બમણા તીરથી ભરેલાં ભાથા જેવી લાગે છે. (= પાંચને બદલે દસ બાણથી ભરેલી) આમાં તારા બન્ને પગના નખના આગળના ભાગને ઢાંકેલા હોય તેમ બાણના ભાથામાં દસ બાણના આગળના ભાગ જેવા પ્રતીત થાય છે અને દેવોના મુગટરૂપી સરાણ પર ચડાવીને (જાણે નખોને) અણીદાર બનાવ્યા છે.'

પ્રસ્તુત પદ્યમાં દેવીની બન્ને જંઘાઓની ઉત્પ્રેક્ષાદિ અલંકારોથી મનોહર નિરૂપણા છે.

પ્રસ્તુત પદ્યમાં બન્ને જંઘાઓની બાણના ભાથાં તરીકે કલ્પના કરી હોવાથી ઉત્પ્રેક્ષાલંકાર છે. નખાગ્રોને બાણના ફળરૂપે કહ્યા છે એટલે અપહ્નુતિ છે. બન્ને અલંકારોની રમણીય સંસૃષ્ટિ રચાઈ છે. 'विषमविशिखो बाढमकृत' માં અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ છે. કારણ કે સાધારણ બ્રહ્મસૃષ્ટિથી ભિન્નરૂપે જંઘાને બાણો મૂકવાનું સ્થાન દર્શાવી છે. તેથી કવિપ્રૌઢોક્તિસિદ્ધ ધ્વનિ પણ અહીં છે. શ્રીમાની પાદાંગુલિઓમાં શરો - બાણોનો અભેધાધ્યવસાય વ્યંજિત થાય છે તેથી અલંકારો દ્વારા અલંકારધ્વનિની વ્યંજના થાય છે અર્થાત્ ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ દ્વારા, પુનઃ અતિશયોક્તિની વ્યંજના થાય છે. ('લક્ષ્મીધરા', પૃ. 200)

દેવતાઓના મુગટના ઘર્ષણથી નખોની ધાર તીક્ષ્ણ બનતી હોવાથી પદાર્થહેતુ કાવ્યલિંગ પણ છે, કારણ કે નખોની ધારના તીક્ષ્ણ બનવા માટે કાવ્યમય કારણ આપ્યું છે.

ટૂંકમાં પ્રસ્તુત પદ્યમાં ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ, અતિશયોક્તિ (અલંકાર અને ધ્વનિ બન્ને) અલંકારો સુચારુરૂપે નિરૂપાયા છે.

'સૌભાગ્યવર્ધિની' આ નખો નથી પણ બાણને દ્વિગુણિત કરનારાં તીક્ષ્ણ તીર છે એમ અપહ્નુતિ સ્વીકારે છે. (P. 201)

જ્યારે 'અરુણામોદિની' દ્વિતીયાર્ધમાં સાપહ્નવોત્પ્રેક્ષા સ્વીકારે છે. કારણ બાણને મૂકવાનો હેતુ હોવાથી ઉભયનો સંકર છે. વળી દેવીએ જન્માવેલા મદનના બાણમાં અતિરમ્યત્વ જણાય છે. (P. 201)

અત્રે કામદેવ તારા ચરણોના બળથી જ વિશ્વવિજેતા બન્યો છે એવો 'વસ્તુધ્વનિ' પણ છે.

અંગ્રેજી અનુવાદક અનુસાર (P. 87) શિવજીને જીતવા માટે કામદેવે બાણોની સંખ્યા દ્વિગુણિત કરી દીધી છે અને તેને જે તીક્ષ્ણતા અર્પે છે તે દેવીના દસ નખો છે, જે દેવતાઓના પ્રણામ કરવાને લીધે શિરસ્ત્રાણથી ઘસાવાને લીધે તીક્ષ્ણ બન્યા છે એવી વ્યંજના પણ સંભવે છે.

**( ૮૪ ) શ્રુતીનાં મૂર્ધાનો ..... હરિચૂડામણિરુચિઃ ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીનાં શ્રીચરણોની ખૂબ કવિત્વભરી અને ભક્તિભાવથી પૂર્ણ એવી નિરૂપણા છે.

'હે માતા, તારાં શ્રીચરણો ઊંચાં હોવાથી વેદોના મસ્તક પર રહેલાં છે. મારા મસ્તક પર પણ હે મા, દયા કરીને એ બે ચરણોને મૂક. તારાં (એ) ચરણ પૂજવાથી ઝરતું પાદ્યજળ જાણે કે ભગવાન શંકરની જટામાંથી નીકળતી ગંગાનદી છે અને એ ચરણના નીચેના ભાગમાં લગાડેલા અળતાની ચમક શ્રી વિષ્ણુના વાળમાં રહેલા ચૂડામણિ = લાલરંગના મણિ જેવી છે.'

અત્રે શ્રીમાનાં ચરણોનું પાદ્ય-ચરણામૃત જાણે કે ભગવાન શંકરની જટામાંથી નીકળતી ગંગા જેવું છે એ રીતે ઉત્પ્રેક્ષા છે અને શ્રીમાનાં ચરણે લાગેલા અલતાની ચમક શ્રીવિષ્ણુના વાળમાં જડેલા લાલરંગના મણિ જેવી છે એમાં ઉપમા અલંકાર છે. બન્નેની મનોહર સંસૃષ્ટિ રચાઈ છે. શ્રીમાનાં ચરણો વેદોથી પણ શ્રેષ્ઠ છે કારણ કે વેદના મસ્તક પર છે એવો 'વસ્તુધ્વનિ' પણ સંભવે છે.

'લક્ષ્મીધરા' (P. 205) અહીં રૂપકાલંકાર સ્વીકારે છે પરંતુ અહીં આરોપની વાત ક્યાંય નથી.

દેવીનાં શ્રીચરણોનો મહિમા અપરંપાર છે કારણ કે, વેદ, બ્રહ્મા, વિષ્ણુ, સદાશિવ તેને પૂજે છે. વળી અહીં તદ્‌ગુણ અલંકારધ્વનિ પણ સંભવે છે કારણ કે, વિષ્ણુના મુગટમાં રહેલો કૌસ્તુભમણિ જો કે શ્વેતવર્ણયુક્ત છે છતાં દેવીને પ્રણામ કરતી વખતે દેવીના ચરણના અળતાનો પ્રસાદ તેને લાગતાં તે લાલ રંગનો બની જાય છે. – આવું અર્થઘટન 'લક્ષ્મીધરા'નું છે. (P. 204) આથી આપણે તદ્‌ગુણાલંકારધ્વનિનું અનુમાન કરી શકીએ વાંચો – प्रतिदिनं सायम्प्रातः सेवार्थं नमस्कुर्वाणस्य विष्णोः मुकुटघटितकौस्तुभमणेः श्वेतवर्णस्य लाक्षारसप्रसादजन्योऽरुणिमेति ध्येयम् । (P. 204)

શ્રીમાનું ચરણામૃત જાણે કે ગંગા જેવું છે તેમ ગમ્ય ઉત્પ્રેક્ષા લઈ શકાય અથવા લક્ષ્મીધરે અહીં 'पशुपतिजटाजूटतटिनी' એમ સમાસ હોવાથી ચરણપાદ્ય પર ગંગાનો આરોપ માની રૂપકાલંકાર માન્યો હોય તેમ લાગે છે. (P. 205)

'અરુણામોદિની' ટીકા (P. 206) રૂપકાલંકાર દ્વારા દેવીના ચરણોના સર્વોત્કર્ષરૂપ (વસ્તુ) ધ્વનિ માને છે. અર્થાત્ રૂપકાલંકાર દ્વારા **વસ્તુવ્યંજના** છે.

આ લખનારના નમ્ર મત પ્રમાણે 'શ્રીમાનું ચરણપાદ્ય જાણે કે હરની જટામાંથી નીસરતું ગંગાજળ'માં ઉત્પ્રેક્ષા અને શ્રીહરિના મસ્તક પર રહેલા ચૂડામણિ જેવી 'શ્રીમાનાં અળતાની આભા' એમાં ઉપમા છે અને આ ઉભયાલંકારોની સંસૃષ્ટિ દ્વારા 'શ્રીમાનાં' શ્રીચરણોની પવિત્રતા અને રક્તિમારૂપી વસ્તુધ્વનિની વ્યંજના થાય છે.

'આનન્દગિરીયા' પ્રમાણે (P. 206) શ્રીમાનાં ચરણોનો આવો સ્વભાવ જ છે એમ સ્વભાવોક્તિ પણ સમજવી. શ્રીમાનું ચરણપાદ્ય જો મસ્તક પર સ્પર્શે તો વેદસહિત વિષ્ણુ, મહેશ ઇત્યાદિની અલ્પતા દર્શાવે છે.

'તાત્પર્યદીપિની' ટીકા અનુસાર (P. 207) 'હરિચૂડામણિ' ને સ્થાને 'हरचूडामणि' પાઠ સ્વીકાર્ય છે તો એનો અર્થ થશે લાલ એવો હરનો ચૂડામણિ એટલે કે બાલચન્દ્ર-બીજનો ચન્દ્ર તેના જેવી શ્રીમાનાં ચરણના અળતાની કાંતિ છે એમ અર્થ થશે – તો ઉપમાલંકાર થશે.

સંક્ષેપમાં શ્રીમાનાં પાદ્યનો અપૂર્વ મહિમા છે 'ડિણ્ડિમભાષ્ય' (P. 208) પર જણાવે છે કે, શ્રીમાને કેવળ મહાદેવ જ પ્રણામ નથી કરતા પણ 'सर्वदेवनमस्कारः केशवं प्रति गच्छति' એ પુરાણપ્રામાણ્ય ધરાવતી ઉક્તિ અનુસાર વિષ્ણુ (= કૃષ્ણ) જે 'સર્વલોકનમસ્કાર્ય' છે – તેઓ પણ પોતાના કાર્યની સંપન્નતા માટે શ્રી મા ભગવતીને પ્રણામ કરે છે. અહીં 'વ્યતિરેકાલંકારધ્વનિ' પણ છે.

અંગ્રેજી અનુવાદક નોંધે છે કે (P. 87) શ્રીમાનાં શ્રીચરણો અજ્ઞાનનાશક, પવિત્ર કરનાર અને કલ્યાણ વરસાવનાર છે. આ પ્રાર્થના આદિશંકરે નિઃસ્વાર્થભાવે આપણા જેવા ભક્તો વતી કરી છે. જેથી દેવી આપણા પર પણ તેમની કૃપા વરસાવે.

**( ૮૫ ) નમો વાકં બ્રૂમો ..... ખે ॥ ૮૫ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ દેવીનાં શ્રીચરણોનું કવિસમયના પરિપ્રેક્ષ્યમાં સુંદર વર્ણન છે.

'નયનને રમણીય લાગતા અને અળતાની પારદર્શક કાન્તિથી તેજસ્વી લાગતાં તારાં બન્ને શ્રીચરણોને પ્રણામ હો, એમ અમે કહીએ છીએ (જ્યારે ઉદ્યાનમાં તું આ ચરણો વડે અશોકવૃક્ષને પ્રહાર કરે છે ત્યારે) પશુપતિ ભગવાન શંકર તારા ચરણોના સ્પર્શને પામવા માટે ઉદ્યાનમાં (પ્રમદવનમાં) અશોકવૃક્ષની ઈર્ષા કરે છે.'

કવિઓનો એવો સમય (સિદ્ધાંત) છે કે સુંદર યુવતી જો એના ચરણથી અશોક વૃક્ષને પાદપ્રહાર કરે તો એ ફળવંતું બને છે.[1]

---

૧. મલ્લિનાથ કુમાર ૩/૨૬ ની ટીકામાં નોંધે છે – 'सनूपुररवेण-स्त्रीचरणेनाभिताडनम् । दोहदं यदशोकस्य ततः पुष्पोद्गमो भवेत् । तथाहि - पादाहतः प्रमदया विकसत्यशोकः शोकं जहाति बकुला मुखसीधुसिक्तः । ' (શ્રી બાપાલાલ વૈદ્ય પૃ. 32 પર પાદટીપમાં આ સંદર્ભ આપે છે.) काव्यमीमांसा - કવિરહસ્ય અધ્યાય-18, પૃ.106 પર પણ આની નોંધ છે. नो ताडितश्च चरणैः सुहृशामशोकः ।

પ્રસ્તુત પદ્યમાં આદિ શંકર  શ્રી મા ભગવતીનાં શ્રીચરણોનો મહિમા વર્ણવતાં ઉપર્યુક્ત કવિસમયનું નિરૂપણ કરે છે. વળી અહીં સામાન્ય સુંદર સ્ત્રીની વાત નથી, આ તો પરમ સૌન્દર્યરૂપા સાક્ષાત્ જગદંબા છે. જેમનાં શ્રીચરણો અળતાથી રંગાયેલાં છે. અને તેથી તે તેજસ્વી લાગે છે. હવે આવા નેત્રરમણીય - નયનોને રમ્ય લાગતાં પોતાનાં ચરણો વડે જગત્જનની જ્યારે પોતાના ઉદ્યાનમાં રહેલા અશોકવૃક્ષ પર પ્રહાર કરે ત્યારે અશોક ખીલી ઊઠે છે તે જોઈ પશુઓના પતિ હોવા છતાં મહાદેવને અશોકવૃક્ષની ઈર્ષા થાય છે અને શ્રીમાનાં આ ચરણો પોતાના પર પણ પ્રહાર કરે તેવી સ્પૃહા નિઃસ્પૃહ યોગીને જાગે છે એમ કવિએ વક્રોક્તિ પણ કરી છે.

હું નમસ્કારની વાણી કહું છું અર્થાત્ નમસ્કાર કરું છું એવો અર્થ પ્રાપ્ત થાય છે. અશોકવૃક્ષનું દોહદ હોય છે કે પતિવ્રતા સ્ત્રી પાદપ્રહાર કરે તો તે વિકસિત થઈ જાય છે.

અહીં પશુપતિમાં ઈર્ષ્યાનો સંબન્ધ ન હોવા છતાં સંબન્ધ દર્શાવી અભેદાધ્યવસાય પ્રતીત થતો બતાવ્યો છે. તેથી અસંબન્ધે સંબન્ધમૂલા અતિશયોક્તિ અલંકાર થયો તે દ્વારા ભગવતીનાં પાતિવ્રત્યનો મહિમા કર્યો છે. આવું પાતિવ્રત્ય લક્ષ્મી કે સરસ્વતી બન્નેમાં નથી એવો ધ્વનિ નીકળે છે. (સરલા, P.270)

પ્રણયકલહ સમયે શિવજી પર પણ શ્રીમાનો પાદાઘાત થતો નથી અને કોઈ અન્ય વૃક્ષ (કે કદાચ ભક્ત) પર પણ અનુગ્રહાત્મક પાદાઘાત થતા નથી. તો આ અશોકવૃક્ષ પર શ્રીમાએ અનુગ્રહાત્મક પાદપ્રહાર કેવી રીતે કર્યો ? જેની શિવજી ઇચ્છા રાખે છે. આથી તેમને અશોકવૃક્ષ પર ઈર્ષા થાય છે, બીજાં વૃક્ષો પર નહીં કારણ કે, આ જ વૃક્ષને ભગવતીનાં પાદપ્રહારનું સૌભાગ્ય મળ્યું છે.

અહીં ભગવાન શિવનો ઈર્ષ્યારૂપી વ્યભિચારી ભાવ અતિશયોક્તિ અલંકાર વિશે ગુણીભૂત થયો છે.

અતિશયોક્તિ દ્વારા દેવીના પાતિવ્રત્યરૂપ વસ્તુ ધ્વનિત થાય છે એમ 'અરુણામોદિની' જણાવે છે. વળી તદનુસાર પોતાની પત્ની અન્ય પુરુષને પાદપ્રહાર કરે તે વૃત્તાન્તને સહન ન કરતા પુરુષ-વૃત્તાન્તની પ્રતીતિ થાય છે. તેથી સમાસોક્તિ અલંકારની વ્યંજના થાય છે. અલંકાર દ્વારા આમ વસ્તુ અને અલંકાર બન્ને ધ્વનિ વ્યક્ત થાય છે. (P. 210, 211)

ડિણ્ડિમભાષ્યનું અવલોકન પણ કવિત્વમય અને કાવ્યશાસ્ત્રીય સિદ્ધાન્તોને અનુમોદન આપતું છે – अशोकवृक्षः खलु उत्तमाङ्गनानां चरणाघातेन बहुतरकुसुमसमृद्धिमान् भवतीति कविसमयः । (P. 213)★ ઉત્તમ સ્ત્રીના પાદાઘાતથી અશોકવૃક્ષ ખરેખર પુષ્કળ પુષ્પોથી સમૃદ્ધ બને છે - લચી પડે છે એવો કવિસમય છે. તેમના 'અલંકારચૂડામણિ' નામના ગ્રંથનો સંદર્ભ પણ એમણે આપ્યો છે. 'पादाहत्या तु अशोको' .... ઇત્યાદિ

---

★. 'ડિણ્ડિમભાષ્યકાર' રામકવિએ પોતે 'અલંકારચૂડામણિ' નામનો ગ્રંથ રચ્યો છે. (P. 213)

અને આમ અગાઉ નોંધ્યું તેમ અન્ય ઉત્તમ અંગનાઓ કરતાં પણ ભગવતીનું ચરણસૌન્દર્ય અસાધારણ છે. જેથી પશુના ઈશ-પશુપતિ હોવા છતાં અને વળી જેમનામાંથી સમસ્ત દુર્ગુણોનો નાશ થયો છે = સર્વગુણસંપન્ન છે તેવા શિવજીમાં માત્સર્યદોષ સંભવ્યો છે. (કારણ)' આ ચરણના (= શ્રીમાનાં) સૌભાગ્યનો અતિશય તો મને જ ખબર છે. અચેતન એવા અશોકનું જાણવું તો નિરર્થક છે. એવું પરમેશ્વરનું અશોક પ્રતિ માત્સર્ય છે, તેથી જ તેનું સૌભાગ્ય ધ્વનિત થાય છે. (વિશેષ માટે જુઓ ડિણ્ડિમભાષ્ય, P. 213) સમાન્તરે કાલિદાસનું સ્મરણ થયા વિના રહેતું નથી. (विभुमपि तं यदमी स्पृशन्ति भावाः। કુમાર૦ ૬/૯૫) અત્રે અને પ્રસ્તુત સંદર્ભમાં અર્થાપત્તિ અલંકાર રહેલો છે.

**( ૮૬ ) मृषा कृत्वा गोत्र .... रिपुणा ॥ ૮૫ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ શ્રીમાનાં શ્રીચરણોનું જ વર્ણન છે. 'આપનું નામ ખોટી રીતે ઉચ્ચારીને (ગોત્રસ્ખલન) કરીને પછી શરમથી નમેલા મુખવાળા આપના પતિને જ્યારે આપે ચરણકમળથી પ્રહાર કર્યો ત્યારે અગાઉ કામદેવને ભસ્મીભૂત કરી નાખવાથી લાંબા સમયના હૃદયનું શૂલ ઉન્મૂલિત કરતા ઈશાનના શત્રુ કામદેવે જાણે ઝાંઝરની ઘૂઘરીઓના રણકારો વડે વિજયઘોષ કર્યો.'

પ્રસ્તુત પદ્યમાં ભેદમાં અભેદ પ્રદર્શિત કરનારી અતિશયોક્તિ છે. ઝાંઝરની ઘૂઘરીઓના રણકારમાં ઝણઝણ ધ્વનિનો અધ્યવસાય થવાથી અતિશયોક્તિ અલંકાર થયો છે. વળી કામદેવે વિજયઘોષ કર્યો એમાં ઉત્પ્રેક્ષા પણ છે. બન્નેનો સંકર છે.

'લક્ષ્મીધરા' (P. 215) પ્રમાણે 'चरणकमले ताडयति ते' ઉક્તિ રમણીય છે. આવા પ્રયોગો મહાકવિઓના શિક્ષાભ્યાસથી થાય છે, જે સહૃદયહૃદયસંવેદ્ય છે.

'સૌભાગ્યવર્ધિની' અહીં 'કામદેવનો વિજયઘોષ છે. ઝાંઝરનો ઝણઝણ ધ્વનિ નહીં' એવી અપહ્નુતિ માને છે. અહીં 'ईशानरिपुः' માં બહુવ્રીહિ સમાસ છે. શિવજી જેના શત્રુ છે તેવો કામદેવ, નહીં કે ईशानरिपुः શિવનો શત્રુ એમ તત્પુરુષ સમાસ કારણ કે, નહીં તો કામદેવનો ઉત્કર્ષ થાય, અહીં તો શિવજી જગદંબાના પાદતાડનની ઈચ્છાથી ખોટું ખોટું ગોત્રસ્ખલન કરે છે. આથી આપણને પણ પુણ્ય વિના પરાદેવતા શ્રીમાની ચરણસેવા પ્રાપ્ત થતી નથી એવો વસ્તુધ્વનિ છે. (P. 215) આમ અહીં અલંકાર દ્વારા **વસ્તુધ્વનિની** વ્યંજના છે.

'અરુણામોદિની' (P. 216) અનુસાર અહીં સાપહ્નવા ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ અલંકારો દ્વારા દેવીના આશ્રિત ભક્તજનનું લાઘવ અસહનીય છે એવો વસ્તુધ્વનિ પ્રતીત થાય છે.

અલબત્ત આ ધ્વનિ કવિપ્રૌઢોક્તિસિદ્ધ છે.

વળી અહીં શિવનો લજ્જાભાવ, પાર્વતીનો ક્રોધ, કામદેવનો ગર્વ ઇત્યાદિ વ્યભિચારી ભાવો પણ અલંકારો દ્વારા વ્યંજિત થાય છે.

સંક્ષેપમાં પાર્વતીનાં શ્રીચરણ અને ઝાંઝરનું કવિત્વભર્યું નિરૂપણ છે.

**( ૮૭ ) हिमानी हन्तव्यं ..... चित्रमिह किम् ?**

પ્રસ્તુત પદ્ય પણ વ્યતિરેક અલંકાર દ્વારા શ્રીમાનાં શ્રીચરણોની પ્રશંસા કરે છે.

પદ્યનો સાર છે – 'હે જનની ! તારાં બન્ને ચરણકમળો જય પામે છે એમાં શું આશ્ચર્ય ? (કારણ) તારાં ચરણકમળો તો હિમાલયમાં પણ કુશળતાપૂર્વક નિવાસ કરે છે. જ્યારે (સામાન્ય) કમળ હિમથી હણાય છે. (નાશ પામે છે.) રાત્રે બિડાઈ જાય છે. જ્યારે તારાં ચરણકમળ દિવસરાત ખીલેલાં રહે છે તે ઇષ્ટલક્ષ્મીનું પ્રિયપાત્ર છે. આ ચરણકમળ તારા ભક્તોને અત્યંત લક્ષ્મી પ્રદાન કરે છે.'

અહીં ઉપમાન કમળોને ઉપમેય એવાં શ્રીમાનાં ચરણ જીતી લે છે એટલે અત્રે વ્યતિરેકાલંકાર સંપન્ન થયો છે.

'લક્ષ્મીધરા' (P. 221) એવી નોંધ આપે છે કે (ઉપમેયનું) આધિક્ય સ્પષ્ટ હોવાથી અહીં સ્ફુટ રીતે વ્યતિરેકાલંકાર છે.

અહીં 'સૌભાગ્યવર્ધિની' અને 'આનંદગિરીયાં' ટીકા (P. 221, 223) દેવીનાં ચરણોની અતિશયતાના પ્રતિપાદનને લીધે અતિશયોક્તિ અલંકાર માને છે. 'સૌભાગ્યવર્ધિની' અનુસાર અહીં ઉપમાનનું તુચ્છીકરણ છે તો 'આનન્દગિરીયા' અહીં શ્રી માના ચરણોનો સર્વપ્રકારે અતિશય માને છે. પરંતુ ખરેખર તો વ્યતિરેકાલંકાર દ્વારા શ્રીમાનાં શ્રીચરણોનું અતિશયત્વ ધ્વનિત થાય છે એટલે અલંકાર દ્વારા અલંકારની વ્યંજના થાય છે એટલું જ નહીં પણ (1) દેવી ચરણોનું સર્વદા ખીલેલું રહેવું (2) ભક્તજનોને શ્રીનું પ્રદાન - એ રૂપે સ્પષ્ટ ફલદાયિત્વ અને (3) તેથી સર્વદા તેમનું ભજનીયત્વ એમ ત્રણ વસ્તુધ્વનિ વ્યંજિત થાય છે.

વળી 'हिमानी हन्तव्य' માં 'ह'નો हिमगरि निशायां निद्राणां 'न'નો, श्रियम् .... सरोज મા 'स' નો जननि जयत માં 'ज' નો મનહર પ્રાસ ચિત્તાકર્ષક બની રહે છે અને પદ્ય માધુર્યગુણથી ભરપૂર છે.

રાત્રિ અંધકારના બાહુલ્યથી શ્યામ છે શ્રીમાનાં ચરણો પોતાની સહજ પાટલ (લાલ) કાન્તિથી વિરુદ્ધવર્ણવિન્યાસને કારણે વિશિષ્ટ કાન્તિયુક્ત છે.

**( ૮૮ ) पदं ते कीर्तीनां .... दयमानेन मनसा ॥**

પ્રસ્તુત પદ્ય પણ શ્રીમાનાં શ્રીચરણોનું વર્ણન કરે છે 'હે દેવી, તારાં ચરણો કીર્તિઓનાં[1] વિશિષ્ટ સ્થાનરૂપ છે અને ત્યાં આપત્તિ રહેતી નથી. એને કાચબાની પીઠની ઉપમા કવિઓએ-સજ્જનોએ શા માટે આપી હશે ? કારણ કે આ ચરણો એટલાં કોમળ છે કે વિવાહ સમયે ભગવાન શંકરે દયામય મનથી

1. આમ દેવીના ચરણોની કાંતિ-તેજસ્વિતા અભિવ્યક્ત થાય છે. પરાયણ એટલે રાત્રિમાં પણ વિરુદ્ધકાન્તિના સંસર્ગથી કમનીય લાગે છે. (વિશેષ માટે જુઓ ડિણ્ડિમભાષ્ય, P. 224)

મુશ્કેલીથી ગ્રહણ કરીને પથ્થર પર મૂક્યાં હતાં ('कान्तिनाम्' પાઠ લેતાં તારાં ચરણોની કાંતિ - અર્થ થશે.)[1]

'લક્ષ્મીધરા/સરલા' (P. 227, 275) પ્રમાણે અત્રે અનન્વય અલંકારધ્વનિ છે. શ્રીમાનાં ચરણોના સાદશ્યનો નિષેધ હોવાથી. કારણ કે, શ્રીમાનાં પદામ્બુજની તુલના શ્રીમાનાં પદામ્બુજ સાથે જ થઈ શકે. એટલે તો શ્રી શંકરાચાર્ય શંકાનો ભાવ વ્યક્ત કરતાં કહે છે કે આવાં કોમળ ચરણોને સજ્જનોએ કાચબાની પીઠની ઉપમા શી રીતે આપી હશે ?

'સૌભાગ્યવર્ધિની' ટીકા ચિરંતન કવિ અને શિવજીનો પણ અવિવેક છે, એમ નોંધે છે કારણ શિવજીના હાથ પરશુ અને ધનુષ્યની પણછથી ઘસાઈને કઠોર બની ગયા છે એમણે શ્રીમાનાં ચરણો ગ્રહીને પથ્થર પર કેવી રીતે મૂક્યાં ? (P. 227)

શ્રીમાનાં ચરણોનું અતિસૌકુમાર્ય સૂચિત થાય છે. અહીં અતિશયોક્તિ અને અનુપ્રાસની સંસૃષ્ટિ છે. (અરુણામોદિની, P. 228)

'આનન્દલહરી' ટીકા (P. 230) આક્ષેપ અલંકાર માને છે.

पदं, प्रपदमपदं, विपदां માં 'प' નો कथं कठिनकमठीकर्पर માં 'क' નો અને दृषदि दयमानेन માં 'द' નો અનુપ્રાસ ધ્યાનાર્હ છે.

'આનન્દલહરી' સ્પષ્ટ કરતી નથી પણ અત્રે ઉક્ત વિષયક આક્ષેપ છે . ઉક્તવિષય = ઉપમાનો આક્ષેપ દ્વારા નિષેધ કરવામાં આવ્યો છે.

**( ૮૯ ) नखैर्नाकस्त्रीणां .... ददतौ ॥**

પ્રસ્તુત પદ્યમાં પણ શ્રીમાનાં શ્રીચરણોનું નિરૂપણ છે.

'હે ચંડી, તારાં ચરણો (પોતાના) નખ વડે કલ્પવૃક્ષની હાંસી ઉડાવે છે. (કારણ) આ નખો દેવાંગનાઓના હાથરૂપી કમળોને (નમસ્કારથી) બંધ કરવા માટે ચંદ્ર જેવા છે. કલ્પવૃક્ષ તો પોતાના કળીઓરૂપી હાથથી - આગળના ભાગથી ફળ આપે છે. પરંતુ તારાં ચરણો દરિદ્રોને હંમેશાં તરત પુષ્કળ ધન આપે છે.'

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાનાં ચરણોનું વ્યતિરેક, રૂપક આદિ અલંકારો દ્વારા નિરૂપણ છે.

અહીં વ્યતિરેકાલંકાર સ્પષ્ટ છે. 'લક્ષ્મીધરા' અનુસાર 'स्वस्थेभ्यः' એ પદમાં શ્લેષ અનુપ્રાણિત છે એટલે કે શ્લેષાનુપ્રાણિત વ્યતિરેક અલંકાર થયો છે. (૧) स्वस्थेभ्यः અર્થાત્ સ્વર્ગમાં રહેતા લોકોને = દેવોને, જ્યારે (૨) स्वस्थेभ्यः સ્વસ્થ એવા દરિદ્રોને (P. 232)

---

૧. અંગ્રેજી અનુવાદક (P. 89)ની નોંધ પ્રમાણે કૈવલ્યાશ્રમ ટીકા પ્રમાણે અહીં 'कान्तीनाम्' પાઠ પણ છે. પરંતુ 'સૌન્દર્યલહરી'ની મલયાલમ લિપિવાળી હસ્તપ્રતોમાં પ્રસ્તુત શ્લોક નથી, દક્ષિણભારતની પ્રતોમાં પણ નથી તેથી 'કૈવલ્યાશ્રમ' ટીકા એને પ્રક્ષિપ્ત માને છે.

'किसलय कराग्रेण' = પલ્લવોરૂપી નખ વડે એમાં રૂપક છે. રૂપક અને વ્યતિરેકની સંસૃષ્ટિ છે.

नखैर्नाक० માં 'न' નો करकमल० માં 'क' નો, किसलयकराग्रेण માં 'क' નો दरिद्रेभ्यो માં 'द' નો - આ અનુપ્રાસો ધ્યાનાર્હ છે. હાસનો ભાવ પણ છે.

વળી દેવાંગનાઓ નમસ્કારની મુદ્રા કરે ત્યારે તેમના હસ્તરૂપી કમળ બિડાઈ જાય છે, તેથી જાણે હસે છે, એમાં ઉત્પ્રેક્ષા છે.

'करकमल' અને 'किसलयकरान्' માં રૂપક છે.

'અરુણામોદિની' (P. 233) અહીં રૂપકદ્વય અનુપ્રાણિત (હાસ્યની) ઉત્પ્રેક્ષા સ્વીકારે છે. સકળ લોકને માટે સાધારણ ઈષ્ટાર્થનું વિતરણ કરનાર ચરણો વડે સ્વર્ગવાસીઓ (સ્વર્ગમાં નિવાસ કરનારા) હોય એ રીતે કલ્પવૃક્ષ વડે કેટલાક દિવસ સુધી ચાલનારી એવી (એટલે કે નશ્વર) શ્રીપ્રદાન કરનાર હોઈ કલ્પવૃક્ષની ન્યૂનતા વ્યક્ત થાય છે - એમ બન્ને વડે વ્યતિરેક ગમ્ય બને છે. આથી રૂપક અને ઉત્પ્રેક્ષા બન્ને અલંકારો વડે અલંકારોની વ્યંજના થઈ છે.

બન્ને વ્યતિરેક આ રીતે –

(1) સ્વર્ગની સ્ત્રીઓનાં હસ્તકમળ બિડાઈ જવાને કારણે

(2) દેવીના ચરણો જાણે હસે છે – એમાં કલ્પતરુ કરતાં (થયેલાં) શ્રેષ્ઠતાના પ્રતિપાદનને કારણે.

જ્યારે 'આનન્દગિરીયા' (P. 233, 34) ઉત્પ્રેક્ષા સ્વીકારે છે. અને 'તારાં' ચરણો ઐહિક અને આમુષ્મિક એમ ઉભય ફળ આપવાને કારણે સમર્થ છે તેથી તેમને હસે છે. એમાં સમાસોક્તિ અલંકાર માને છે.

આનન્દગિરીયા એ સમાસોક્તિ સ્પષ્ટ કરી નથી પરંતુ આપણે એમ સમજાવી શકીએ કે શ્રીમાનાં ચરણો પર ચાંદનીના વ્યવહારનો સમારોપ છે. અહીં તારા ચરણના નખો સકળ દિશાઓ અને ચક્રવાલોના અંધકારનો નાશ કરનારી ચન્દ્રિકાની (= ચન્દ્રિકા જેવી) ચાતુરીને ધારણ કરે છે. – એમ સમજવાનું છે.

અંગ્રેજી અનુવાદકની નોંધ (P. 89) ધ્વન્યાલોકના મંગલશ્લોક[1]નું સ્મરણ કરાવે છે. 'જ્યારે દેવાંગનાઓ તેમના હસ્તરૂપી કમળને દેવી સમક્ષ બીડી દે છે ત્યારે દેવીના દસેય આંગળીઓના નખ ઘણા બધા ચન્દ્ર જેવા લાગે છે. આવા ચન્દ્રોની હાજરીમાં દેવાંગનાઓનાં હસ્તકમળ બિડાઈ જાય છે.'

---

૧. 'ધ્વન્યાલોક'ના મંગલશ્લોકમાં આનંદવર્ધન નરસિંહના નખોનું નિરૂપણ વ્યતિરેક અલંકાર દ્વારા કરે છે. વાંચો :

**स्वेच्छाकेसरिणः स्वच्छस्वच्छायायासितेन्दवः ।**
**त्रायन्तां वो मधुरिपोः प्रपन्नार्तिच्छदो नखाः ॥ १/१**

પોતાની મરજીથી સિંહનું રૂપ ધારણ કરનાર મધુ (દાનવ)ના વેરી (એવા) વિષ્ણુના, પોતાની નિર્મળ કાંતિથી ચન્દ્રમાને ઝાંખો પાડનાર અને શરણે આવેલાંનાં દુઃખો દૂર કરનાર નખો તમારું રક્ષણ કરો.

કુમાર૦ 1/33માં કાલિદાસ પણ કહે છે કે પાર્વતીનાં શ્રીચરણો અનન્ય છે.

**अभ्युन्नताङ्गुष्ठनखप्रभाभिर्निक्षेपणाद्रागमिवोद्गिरन्तौ ।**
**आजह्नतुस्तच्चरणौ पृथिव्यां स्थलारविन्दश्रियमव्यवस्थाम् ॥**

'ઊંચા કરેલા અંગૂઠાના નખની પ્રભા વડે (ચરણ મૂકતાં) જાણે રાગ અર્થાત્ અંતર્ગત લાલાશ બહાર ફેલાવતાં ચરણો પૃથ્વી પર સ્થળકમળોની શોભાને હરાવતાં(અવ્યવસ્થિત) બનાવતાં હતાં.

અહીં સંબન્ધે અસંબન્ધમૂલા સુંદર અતિશયોક્તિથી અનુપ્રાણિત નિદર્શના અલંકાર થયો છે. 'લલિતાસહસ્રનામ' - ૧૯ - पदद्वयप्रभाजालपराकृतसरोरुह । પણ સમાન્તરે નોંધપાત્ર છે.

**( ૯૦ ) ददाने दीनेभ्यः श्रियमनिश... चरणताम् ॥ ૯૦ ॥**

પ્રસ્તુત પદ્ય પણ શ્રીચરણમહિમા ગાય છે.

'હે મા, તારાં (આ) ચરણો મંદારવૃક્ષના પુષ્પગચ્છ જેવાં સુંદર છે. મારો (પાંચ જ્ઞાનેન્દ્રિય અને દૃઢું મન એમ) ૬ ચરણવાળો (ષટ્પદ) જીવરૂપી ભ્રમર તારા ચરણોમાં ડૂબી જાઓ. તારાં આ ચરણો, જે સૌન્દર્યના પરાગને ખૂબ ફેલાવે છે તે દીનોને એમની આશા પ્રમાણે ધન આપ્યા કરો.'

પ્રસ્તુત પદ્યની. આદિ શંકરે અતિશયોક્તિ, ઉપમા, પરિણામ, રૂપક, અલંકારોની સંસૃષ્ટિ અને સંકર રચીને અત્યંત કવિત્વભરી રચના કરી છે.

આપણે એક પછી એક અલંકાર 'સરલા' અને 'લક્ષ્મીધરા'ની (P. 278, 237) સહાયથી સમજીએ.

અહીં શ્રીમાનાં ચરણોનું કમળના રૂપમાં નિગીર્યાધ્યવસાન (= ઉપમેયનું ઉપમાન દ્વારા ગળી જવું) થયું છે એટલે કે પ્રથમા અતિશયોક્તિ છે. શ્રીમાનાં ચરણો ઉપમેય છે અને કમળ ઉપમાન છે. પરંતુ અહીં ચરણનું, ઉપમેયનું નિગરણ થયું હોવાથી 'આ તો કમળ જ છે' એમ સમજી જીવરૂપી ભ્રમર તેમાં નિમગ્ન થઈ જાય છે.

મન્દારપુષ્પના ગુચ્છ જેવાં ચરણો એમાં ઉપમાલંકારની મનોહર સંસૃષ્ટિ રચાઈ છે.

'करचरण' માં રૂપક છે. કરોનું ચરણરૂપે આરોપણ છે.

'મારો જીવ ષટ્ચરણતાને પામો - ભ્રમરરૂપને પામો એમાં પરિણામ અલંકાર છે. રૂપક અને પરિણામનો અંગાંગિભાવસંકર છે.

વળી અહીં સૌન્દર્યરાશિરૂપ પરાગનું પ્રસરણ – એમાં રૂપકાલંકાર નિગીર્યાધ્યવસાનરૂપ અતિશયોક્તિમાં નિમિત્ત બનતો હોવાથી એકદેશરૂપક નથી, કારણ કે અવયવોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આથી આ ચરણ અંગે જેટલા આરોપવિષય છે તેમાં ચરણનું ઉપાદાન કરી કમળમાં

આરોપ્યમાણ બુદ્ધિથી નિગરણ કરવામાં આવ્યું છે. વળી પરિણામ અને અતિશયોક્તિનો તો સંકર જ છે, સંસૃષ્ટિ નથી - એમ જાણવું (P. 236, 237)

'અરુણામોદિની' પરિણામ માને છે પરંતુ રૂપકાનુપ્રાણિત (P. 237).

શ્રી શંકરાચાર્યના પ્રસ્તુત પદ્યમાં અદ્‌ભુત સમર્પણ ભાવ છે. જીવરૂપી ભ્રમરને શ્રીમાનાં ચરણમાં બિડાઈ જવું છે, ડૂબી જવું છે. સમાન્તરે શ્રીકૃષ્ણ ભક્તિનો મહિમા ગાતું એક પદ્ય સ્મરણમાં આવે છે. જેમાં ભક્ત ભગવાનને કહે છે 'वीक्ष्य वामनयनेन निजपदाभ्याम्' - તારા ડાબાનેત્રથી શ્રીચરણોને જો ભગવાનના ડાબાનેત્રમાં ચન્દ્ર છે, ચન્દ્ર ઊગે ત્યારે કમળ બિડાઈ જાય એટલે મારો મનરૂપી ભ્રમર સંસારમાં ભટકી ભટકીને હવે તારા ચરણકમળનો આશ્રય કરવા માગે છે.

અહીં જીવરૂપી ભ્રમરનું ડૂબી જવું તે દ્વારા નિર્વાણ અથવા મોક્ષનો ધ્વનિ પણ સમજી શકાય એટલે અલંકારો દ્વારા નિમજ્જન શબ્દ દ્વારા નિર્વાણ કે મોક્ષરૂપી વસ્તુની વ્યંજના થઈ છે.

ददाने दीनेभ्य માં 'द' નો 'अमन्दं', 'सौन्दर्यं, मकरन्द'માં म, न નો અનુપ્રાસ અને 'करचरण' તથા षट्चरणता માં र, ण અને च નો પ્રાસ અત્યંત શ્રુતિમધુર બની રહ્યો છે. પદ્યની ગેયતા સ્વયં સ્પષ્ટ છે. માધુર્ય અને પ્રસાદ ગુણ સુપેરે અભિવ્યક્ત થયા છે.

અંગ્રેજી અનુવાદક તેમની નોંધમાં કહે છે (P. 89) કે, દેવીનાં ચરણ પ્રિય, સુંદર, દૈવી મંદારવૃક્ષના પુષ્પના જેવાં = પ્રિય, ચમકતાં અને સુંદર છે. કલ્પવૃક્ષ આશીર્વાદ આપતાં = બધી જ ઇચ્છાઓ પૂર્ણ કરતાં હોય છે. પરંતુ તેમના કરતાં પણ શ્રીમાનાં ચરણોની સુંદરતા અસાધારણ છે, જેથી ચારે બાજુ પ્રસરતું તેજ જાણે પુષ્પોમાંથી પ્રસરતા મકરન્દ જેવું છે. શ્રીમાનાં ચરણો દીનજનો, ભક્તજનોને હૃદય ભરી દેતી અતિશય દૈવી સંપદા-કૃપા (Vouchsafe) આપે છે. ભક્ત પ્રાર્થે છે કે, દેવીનાં ચરણો હંમેશાં તેના હૃદયમાં રહે અને તે સતત તેના પર ધ્યાન ધરે.

સમાન્તરે 'સાવિત્રી' માં 'The book of The Divine Mother' - P. 314 માં મા ભગવતીનાં શ્રીચરણો વિશે કવિ કહે છે – To heal with her feet the aching throb of life.

સત્યવાનના શબ્દોમાં –

But now gold link comes to me with thy feet

'પરંતુ પગલે તારે મારી પાસે આવી હેમ-કડી હવે. (P. 406/7) P. 408 પર સાવિત્રીના હેમચન્દ્રી ચરણો વિશે કવિ કહે છે.

'Desend, O happiness, with thy moon-gold feet.'

'ઓ મહાસુખ ! નીચે તું આવ તારા હેમચન્દ્રી પદો લઈ.

એ જ રીતે સમય સાવિત્રીનાં ચરણો તળે છે

– Time lies below thy feet (P. 718)

અને વળી (P. 376) Her moonbeam feet tinged not the lucent floors.

**( ૯૧ ) पदन्यासक्रीडा० .... चारुचरिते ॥ ૯૧ ॥**

પ્રસ્તુત પદ્ય પણ દેવીનાં શ્રીચરણોની વાત હંસોની ચાલના મિષે કરે છે.

'હે મનોહર ચરિત્રવાળી તારા ભવનમાં રહેલા રાજહંસો ચાલતી વખતે તારી ચાલનો પરિચય મેળવવા તારી ગતિનો ત્યાગ કરતા નથી. (= તારી પાછળ પાછળ તારી ચાલનું અનુકરણ કરતા ફરે છે.) આથી તું ચાલે છે ત્યારે ચરણકમળો પરના મણિથી જડેલાં ઝાંઝરો ઝણકાર કરતાં હોવાથી એ અવાજ જાણે કે તેમને ચાલવાનું શિક્ષણ આપી રહ્યો છે.'

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાનાં ચરણો સાથે શ્રીમાનાં ભવનનું અને તેમાં રહેલા હંસોનું વર્ણન છે. આ હંસો માનો પીછો છોડતા નથી, કારણ કે, શ્રીમાની ચાલ અત્યંત કમનીય છે. ગતિ અનુકરણીય હોવાથી હંસો જાણે કે પદ્મરાગમણિજડિત નૂપુરના રણન દ્વારા શિક્ષા મેળવે છે. અહીં નૂપુરના રણનમાં શિક્ષાની સંભાવના ઉત્પ્રેક્ષાલંકાર દર્શાવે છે.

શ્રીમાનાં ભવનમાં જેમનું પાલનપોષણ થયું છે એવા હંસો સ્વાભાવિક રીતે જ પોષકનું અનુકરણ કરે છે. અસમ્બન્ધમાં સંબન્ધરૂપે અતિશયોક્તિ પણ રહેલી છે. ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિનો અંગાંગિભાવ સંકર છે.

અહીં ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ દ્વારા = બન્ને અલંકારો દ્વારા શ્રીમાનાં શ્રીચરણોની વિશેષતારૂપ **वस्तुध्वनि** વ્યક્ત થાય છે. વળી કલહંસો માનસરોવર સમીપમાં હોવા છતાં ત્યાં જતા નથી પણ દેવીના ભવનમાં જ રહે છે તેવો **वस्तुध्वनि** પણ નિહિત છે.

'અરુણામોદિની' (P. 243) પદ્યના ઉત્તરાર્ધમાં છલાદિ શબ્દોથી અસત્યપ્રતિપાદનરૂપ અપહ્નુતિ સહિત ઉત્પ્રેક્ષા હેતુરૂપ છે. તેથી બન્નેનો સંકર છે એમ કહે છે. વળી વિદ્યાભ્યાસ માટે નિરંતર ગુરુચરણકમળને સેવતા શિષ્યનો વૃત્તાન્ત પ્રતીત થાય છે. તેથી અલંકાર દ્વારા સમાસોક્તિ અલંકાર ધ્વનિ પણ વ્યક્ત થાય છે. આમ અલંકારો દ્વારા અલંકારની વ્યંજના થાય છે.

હંસો દેવીની ગતિને અનુસરતાં ક્યારેક સ્ખલદ્ગતિ થઈ જાય છે. આમ છતાં આ કલહંસો દેવીની ગતિનું ચુસ્ત અનુસરણ કરે છે. લાગે છે કે દેવીની છટાદાર ચાલને શીખવાનો સખત પ્રયત્ન કરે છે. દેવીના ઝાંઝર મણિજડિત છે તેમાં ઝણકાર જાણે હંસોને બોલીને શિક્ષાસૂચના આપતો ન હોય તેવો છે.

સમાંતરે ललितासहस्रनामની પંક્તિ –

**शिञ्जानमणिमञ्जीरमण्डितश्रीपदाम्बुजा ।**
**मरालीमन्दगमना महालावण्यशेवधिः ॥ ૨૦ ॥**

શ્રીમાનાં ચરણકમળ રણકતા મણિજડિત ઝાંઝરથી યુક્ત છે અને તેમની ગતિ હંસીની મંદગતિ જેવી છે અને સ્વયં મા સૌન્દર્યનો ખજાનો છે.

સંસ્કૃત કવિઓની આ પ્રિય ઉપમા છે. નાયિકાની ચાલના વર્ણનમાં હંસગતિની વાત સહજ હોય છે.[1]

અહીં જરા જુદી રીતે અને આ તો મા ભગવતીની વાત છે એટલે શંકરાચાર્યે કહ્યું છે શ્રીમાની ચાલનું/ગતિનું અનુકરણ હંસો કરે છે એટલે એમની ગતિ શ્રેષ્ઠ છે.

પદન્યાસ, પરિચય, સ્ખલન્ત, ખેલં, મણિમञ્જીર, च्छलादाचक्षाणं, चरणकमलं, चारुचरितं માં પ, ખ, મ, છ, ચ ના અનુપ્રાસો ધ્યાનાર્હ છે.

ટૂંકમાં પ્રસ્તુત પદ્ય શ્રીમાની ગતિનું ચારુતાભર્યું નિરૂપણ કરે છે. માધુર્યગુણની ભાવસભર અભિવ્યક્તિ છે. હંસથી પરમહંસ મહાપુરુષોનો ધ્વનિ સમજવાનો છે. પરામ્બાશક્તિની ક્રીડાયુક્ત ચાલનો આભાસ તેમની ઉન્મત્ત ગતિવિધિમાં થાય છે.

**( ૯૨ ) गतास्ते मञ्चत्वं ..... कुतुकम् ॥ ૯૨ ॥**

પ્રસ્તુત પદ્ય દેવીના પલંગ અને ગાત્રોનું રૂપકાત્મક શૈલીમાં નિરૂપણ કરે છે.

પદ્યનો ભાવાર્થ છે : 'બ્રહ્મા, હરિ, રુદ્ર અને ઈશ્વર વડે તારા પલંગના ચાર પાયા ધારણ કરવામાં આવ્યા છે (= મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર અને અનાહતચક્ર) એના ઉપર શિવના પ્રકાશવાળી કપટરૂપી માયાની ચાદર છે તે તારા પ્રકાશની ઝલકને લીધે લાલાશ પડતી લાગે છે. લાગે છે કે, જાણે સાક્ષાત્ શૃંગારરસ દૃષ્ટિમાં કુતૂહલ ઉત્પન્ન કરી રહ્યો છે.'

પ્રસ્તુત પદ્યમાં દેવીના પર્યંકનું વર્ણન કલિકલ્પનાપ્રસૂત છે રૂપક, ઉત્પ્રેક્ષા અને તદ્‌ગુણ અલંકારથી સંપન્ન છે. કઈ રીતે તે હવે જોઈએ.

'લક્ષ્મીધરા' તદ્‌ગુણાલંકારાનુપ્રાણિત ઉત્પ્રેક્ષાલંકાર માને છે. શિવની કાંતિ અતિ ધવલ છે, પણ કામેશ્વરી શ્રીમાની શરીરકાન્તિ રક્તવર્ણી છે. આથી સાક્ષાત્ શૃંગારરસ જાણે કે દેહધારી બન્યો હોય તેમ પ્રતીત થાય છે. (P. 250)

શૃંગારરસ અનુરાગપ્રધાન હોઈ તેનો રંગ કવિસમયાનુસાર લાલ છે. 'અરુણામોદિની' (P.251) અહીં ભાવિકાનુપ્રાણિત ઉત્પ્રેક્ષાલંકાર માને છે. અહીં ઉત્પ્રેક્ષા તો છે જ પણ કવિ ભૂત અને ભવિષ્યના પદાર્થોનું સાક્ષાત્ દર્શન કરાવે છે. એટલે ભાવિક અલંકાર પણ ખરો. સાક્ષાત્કૃત કરવાની આ શક્તિ કવિપ્રતિભાની દ્યોતક છે.

---

૧. विक्रमोर्वशीयम् 4/17માં કાલિદાસ પુરૂરવામુખે કહે છે કે 'હે હંસ તેં મારી પ્રિયાની ચાલ ચોરી છે, તે પાછી આપી દે.' हंस प्रयच्छ मे कान्तां० ઇત્યાદિ (કાલિદાસગ્રંથાવલિ, P. 498)

અહીં રાગ તારા ચરણ તળે છે. (રક્તતા) તે બ્રહ્માદિથી પણ ઉપર છે. તારી કૃપાથી જ વીતરાગ બની જશે તેથી તેનો ઉચ્છેદ કરવા રાગ તારા ચરણતલમાં રહે છે. બ્રહ્માદિ ભૂતપતિઓ છે તેથી પલંગના ચાર પાયારૂપ છે અને પાંચમા શિવજી ચાદરરૂપ છે. સંવિત્ = ચૈતન્યના પ્રકાશરૂપ શિવ વડે અભિન્નવિગ્રહા નિર્ભરાનન્દરૂપિણી શ્રીમા તે આસન પર બેઠી છે.

શ્રી મા અનિર્વચનીયા શક્તિ છે એવો **વસ્તુધ્વનિ** પણ પ્રાપ્ત થાય છે.

શિવ-શક્તિનું સામરસ્ય પ્રકટ થાય છે. શિવ જો સ્વચ્છ છાયાઘટિત માયાવી ચાદર છે તો શક્તિ તે ચાદરમાં સ્ફટિક સમાન ઝળકતી અરુણિમા છે. (સૌન્દર્યલહરી-દ્વારકા આવૃત્તિ, પૃ. 184)

'લલિતાસહસ્રનામમાં પણ શ્રીમાને શિવના અંકમાં બિરાજેલી કહી છે.[1]

'સાવિત્રી'માં શિવશક્તિના સામરસ્યની વાત આ રીતે કરવામાં આવી છે :

'The Mother was she of Beauty and Dilight,
The Word in Brahma's vast creating clasp.
The World-Puissance on almighty shiva's lap.
The Master and the Mother of all lives ઇત્યાદિ. (P. 525)[2]

આમ આ પદ્ય-ક્રમાંક 92 પર્યન્ત શ્રીમા ભગવતીનાં આંગિક સૌન્દર્યનું નિરૂપણ છે.

**( ૯૩ ) अराला केशेषु ..... काचिदरुणा ॥ ૯૩ ॥**

પુનઃ પ્રસ્તુત પદ્યમાં દેવીના સંપૂર્ણ સૌન્દર્યનું નિરૂપણ છે. પદ્યનો સાર છે : '(હે મા) તારા કેશ કુદરતી રીતે જ વાંકડિયા છે. સ્વભાવથી સરળ અને મુખ પર મંદસ્મિતવાળી છો. શિરીષપુષ્પની આભાવાળું ચિત્ત છે. કુચો પથ્થર જેવી શોભા ધારણ કરે છે. મધ્ય (= કેડ) પાતળી છે. સાથળો વિશાળ છે. જાણે કે શિવજીની આછી લાલ એવી કરુણા જગતને રક્ષવા માટે જય પામે છે. (અથવા અલૌકિક અરુણા અર્થાત્ કામેશ્વરી દેવી જય પામે છે.)'

પ્રસ્તુત પદ્યમાં ઉલ્લેખ અને ઉપમાલંકારની સંસૃષ્ટિ છે.

શિવજીની કોઈ અલૌકિક શક્તિ એટલે કે જગદંબાનું નિરૂપણ છે. શ્રીમા એક છે એમનો અનેકધા ઉલ્લેખ થયો છે. જે કેશમાં વક્ર, મંદહાસ્યમાં સ્વભાવતઃ સરળ ઇત્યાદિ પરંતુ અહીં નિગરણ દ્વારા કરુણામય અરુણાશક્તિનું = કામેશ્વરીનું નિરૂપણ કર્યું છે.

---

1. सर्वारुणाऽनवद्याङ्गी सर्वाभरणभूषिता ।
   शिवकामेश्वराङ्कस्था शिवा स्वाधीनवल्लभा ॥ - २१ ॥

2. સૌન્દર્ય ને મુદા કેરી હતી માતા સ્વયમેવ,
   વિરાટ સર્જનાશ્લેષે બ્રહ્મા કેરા હતી પોતે સરસ્વતી,
   વિશ્વશક્તિ વિરાજતી અંકે સર્વસમર્થ શિવ-શંભુના,
   પિતાગુરુ અને માતા છે જે સૌ જીવનો તણા' – શ્રી પૂજાલાલનો અનુવાદ, સાવિત્રીશબ્દામૃત-૭, પૃ. 80

અર્થાત્ અહીં અરુણા, કરુણારૂપ ધારણ કરે છે. - અરુણા - કરુણા દ્વારા 'કામેશ્વરીનું નિગરણ થયું હોવાથી નિગરણમૂલા અતિશયોક્તિ અલંકાર છે. ('સરલા', પૃ. 285)

વળી અલંકાર દ્વારા શિવથી અભિન્ન એવી ચિદ્‌શક્તિનું મૂર્તિધારણ કરવું એ જગતના રક્ષણને માટે છે. – આવી દેવી મને પ્રસન્ન થાઓ ઇત્યાદિ વસ્તુની વ્યંજના થાય છે. આ શાન્તિ અનિર્વચનીય હોવાથી સર્વોત્કર્ષરૂપ છે.

સમાન્તરે 'મહિમ્નસ્તોત્ર'નું પદ્ય त्रयाणां रक्षायै त्रिपुरहर जागर्ति जगताम् ઇત્યાદિ. (19)[1]

અને વળી શંકરાચાર્યના 'દેવ્યપરાધક્ષમાપન' સ્તોત્રમાં 'परिपूर्णा करुणास्ति चेन्मयि' । (11)[2]

'काचिद्' શબ્દથી પણ અનિર્વચનીયા અર્થ દ્વારા આ શક્તિ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ – ત્રિદેવો કરતાં પણ શ્રેષ્ઠ છે એવો **વસ્તુધ્વનિ** પણ અત્રે નિહિત છે, એમ માની શકાય.

વળી આનાથી દેવીનાં બન્ને રૂપોનું પરસ્પર વિરોધી યુગ્મ - કઠોરતા અને વક્રતા, કોમળતા-કઠિનતા જોવા મળે છે.

આ રહસ્ય વિચાર કે શબ્દ દ્વારા અવર્ણનીય છે. અનુવાદક (P. 91) આ રીતે નોંધે છે :

(૧) Crookedness and artlessness

(૨) Slenderness and Prodigiousness

(૩) Softness and hardness.

શ્રી સદાનન્દ બ્રહ્મચારી અનુસાર શિરીષ પુષ્પ કલ્યાણનું સૂચન કરે છે. (વિશેષ માટે જુઓ P.186, દ્વારકા આવૃત્તિ)

'આનન્દગિરીયા' ટીકા પ્રમાણે જો કે પરમેશ્વરી ચિદાનન્દ રૂપ શિવથી અભિન્ન છે. તેથી નિરાકાર છે છતાં પણ શરીરથી (જ) સાધ્ય બને તેવી જગતરક્ષા કાજે તે પ્રકારનું શરીર ધારણ કરે છે એવો ભાવ છે. (P. 257)

વળી अराला केशेषु અને प्रकृतिसरला ઇત્યાદિમાં વિરોધાલંકાર પણ રહેલો છે.

**( ૯૪ ) कलङ्क कस्तूरी .... नूनं तव कृते ॥ ૯૪ ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના શૃંગારના કરંડિયાનું અત્યંત ચમત્કૃતિભર્યું નિરૂપણ છે.

'હે દેવી, (તારા સાજશણગાર માટે) ચન્દ્રનું બિંબ જાણે કે મરકતમણિના બનાવેલા કરંડિયા જેવું

1. બૃહત્સ્તોત્રરત્નાકર : ભાગ : 1, P. 227

2. એજન, P. 11

છે. કલંક એ કસ્તૂરી છે એની ચમકતી કળાઓ જાણે કે કપૂર છે. બન્નેને પાણીમાં પીસીને તારા શૃંગાર માટે રાખેલ છે. તારા ભોગ/આનંદને માટે દરરોજ ઉપયોગ થતો હોવાથી બ્રહ્મા તે ખાલી ઊંડાણને રોજરોજ વારંવાર તારા માટે ભરે છે.'

અત્રે મુખ્યતયા રૂપકાનુપ્રાણિત ઉત્પ્રેક્ષા જણાય છે.

આમ છતાં પ્રસ્તુત પદ્યમાં અલગ-અલગ અલંકારો આ રીતે વિચારી શકાય. ચન્દ્રમંડલ અને મરકતમણિના કરંડિયાનું અભેદાધ્યવસાન કરવામાં આવ્યું હોવાથી અતિશયોક્તિ છે. વળી કલંક નહીં પણ કસ્તૂરી છે, કલાઓ નહીં પણ કપૂરની ગોટીઓ છે. ચન્દ્રમંડલની અંદર રહેવાથી પીતવર્ણ જણાય છે. ખરેખર શ્વેતવર્ણ છે એમ માલા અપહ્નુતિ પણ જણાય છે.

છતાં ગમ્ય ઉત્પ્રેક્ષા પણ લઈ શકાય કે કલંક જાણે કે કસ્તૂરી છે. કલાઓ જાણે કે કર્પૂરની ગોટીઓ છે, ચન્દ્રબિંબ જાણે નીલમનો દાબડો છે.

ચન્દ્રમાના ક્ષય અને વૃદ્ધિ સાથે કસ્તૂરી આદિ દ્રવ્યોનું ઈષદ્ રિક્તત્વ અને પૂર્ણત્વની સંભાવના કરવામાં આવી છે આથી અતિશયોક્તિ, અપહ્નુતિ અને ઉત્પ્રેક્ષાનો અંગાંગિભાવ છે પણ પૃથક્સ્થિત હોવાથી સંકર નહીં, સંસૃષ્ટિ છે.

'સરલા' (P. 287 ) ટીકા ચન્દ્રને નીલમના દાબડાની ઉપમા આપી છે તેમ કહે છે. પરંતુ સંભાવના અથવા સાધ્યવસાનની અવસ્થા વિશેષ બલવત્તર જણાતી હોવાથી ઉત્પ્રેક્ષા માનવી વધુ ઉપયુક્ત લેખાશે.

कलङ्क, कस्तूरी, कलाभिः, कर्पूरैः માં 'क' અઘોષ વ્યંજન હોવા છતાં 'क' વર્ણનો અનુપ્રાસ મનોહર બન્યો છે.

અંગ્રેજી અનુવાદક (P. 91) એક ગર્ભિતાર્થ તરફ ધ્યાન દોરે છે. જેને આપણે ગૂઢવ્યંગ્ય કહી શકીએ. ચન્દ્રકળાની વૃદ્ધિ અને ક્ષીણતા અનુક્રમે શુક્લપક્ષ અને કૃષ્ણપક્ષ દરમ્યાન રહે છે. આ ચન્દ્રમાસ દિવ્ય માતાજીના દિવસ તરીકે છે, જે દેવીએ ઉપયોગમાં લીધેલા સુગંધી જળથી પ્રભાવિત છે કે જે જળ બ્રહ્મા દરરોજ ભરતા રહે છે. (Replenishment of the water)

**( ૯૫ ) पुरारातेरन्तःपुरमसि ... तरलकरणा ...० भिरमराः ॥ ૯૫ ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાનાં ચરણોની પૂજાની મહત્તાનું નિરૂપણ છે.

ભાવાર્થ છે : (હે મા) તું પુરારિ ભગવાન શંકરની પટ્ટરાણી છે તેથી તારા ચરણોની સેવા/પૂજા (અમારા જેવા) ચંચળ ઈન્દ્રિયોવાળા મનુષ્યો માટે સહેલી નથી અને ઈન્દ્ર જેમની આગળ છે તેવા દેવોનો સમૂહ તારા દ્વારની પાસે રહેલી અણિમા ઇત્યાદિ અતુલ સિદ્ધિ સુધી જ પહોંચી (પાછો ફરી) જાય છે.'

કવિ કહે છે કે જેઓ જિતેન્દ્રિય છે તેઓ જ તારી પૂજા કરી શકે છે. ચંચળ ઈન્દ્રિયવાળો મનુષ્ય

પણ નહીં અને દેવો જેમાં ઇન્દ્ર મુખ્ય છે - આગળ છે તેઓ પણ તારા દ્વાર સુધી જ પહોંચે છે ત્યાંથી અણિમાદિ અતુલ્ય સિદ્ધિ મેળવીને પાછા ફરી જાય છે. તેમને પણ તારી પૂજાનું સૌભાગ્ય મળતું નથી તો અમારા જેવા મનુષ્યોની તો શું વિસાત ?

પ્રસ્તુત પદ્યનો વ્યંગ્યાર્થ નીચે પ્રમાણે છે : શ્રીમાની ચરણપૂજાનો અધિકાર માત્ર મોક્ષાર્થી જિતેન્દ્રિય એવા સાધકનો જ છે. સામાન્ય ચંચળ ઇન્દ્રિયવાળા મનુષ્યનો નહીં, અરે ભોગ-ઉપભોગ કરનારા ઇન્દ્રાદિ દેવોનો પણ નહીં. કારણ ઇન્દ્રાદિ દેવો પણ શ્રીમાનાં દ્વારે ઊભેલી અણિમાદિ સિદ્ધિઓ જે ભૌતિક સુખ આપે છે તેને લઈને પાછા ફરી જાય છે. તેમને પણ શ્રીમાની સમીપ જઈને શ્રીચરણપૂજાનો અધિકાર નથી. આથી જે ભક્ત આત્મસાક્ષાત્કાર માટેની સાધના અને ભક્તિ કરતો હોય તેને જ શ્રી માના અંતઃપુરમાં અર્થાત્ મોક્ષમાં પ્રવેશ મળે છે. અન્યથા જો તે અણિમાદિ સિદ્ધિની ચમકથી દોરવાઈ જાય તો તેને દેવીના ભવનના દ્વાર સુધી જ જવાનો અધિકાર મળે છે. આથી સાચો સાધક ઇન્દ્રિયોની ચંચળતાનો ત્યાગ કરી આત્મસાક્ષાત્કાર અને મોક્ષ માટેની સાધના કરે છે. શ્રી સદાનન્દ બ્રહ્મચારી વિશેષમાં નોંધે છે કે જેમ ચંચળ જળમાં ચન્દ્રનું પ્રતિબિંબ પડતું નથી તેમ સહસ્રારની સ્વામિની ચંચળ ચિત્તમાં જોઈ શકાતી નથી. આથી સિદ્ધિઓના ચક્કરમાં નહીં ફસાતા નિતાન્ત નિર્મળ ચિત્તવાળા શ્રદ્ધામય સાધકને જ શ્રીમાનાં દર્શન સુલભ થાય છે. (દ્વારકા આવૃત્તિ P. 190 નો સાર)

**( ૯૬ ) कलत्रं वैधात्रं .... कुरबकतरोरप्यसुलभः ॥ ૯૬ ॥**

પ્રસ્તુત પદ્યમાં દેવીના પાતિવ્રત્યનું વર્ણન છે. 'વિધાતાની પત્નીને શું અનેક કવિજનો ભજતા નથી ? અથવા થોડાક ધનથી પણ કોણ ધનવાન લક્ષ્મીનો પતિ બની જતો નથી ? પણ હે સતીઓમાં શ્રેષ્ઠ સતી ! મહાદેવ સિવાય તારા કુચસ્થળનો સંગ કુરબક પુષ્પને પણ દુર્લભ છે.'

અત્રે મનોહર પરિસંખ્યા અલંકાર અને આશ્ચર્યનો ભાવ વ્યક્ત થયો છે. સતીના પાતિવ્રતનો મહિમા 'अवाङ्मनसगोचर' છે એવું 'લક્ષ્મીધરા' અને 'સરલા' ટીકા સમજાવે છે. (P. 272, 290)

'કૈવલ્યવર્ધિની' અનુસાર પાર્વતીનું પાતિવ્રત્ય ચરમ છે કે જેણે અનસૂયા અને અરુન્ધતીને આ ધર્મ સમજાવ્યો હતો. સરસ્વતી અને લક્ષ્મીના ઉપાસકો મધુર કવિત્વ અને ધન-ધાન્યાદિ પ્રાપ્ત કરે છે અર્થાત્ ભૌતિક સુખની અનુભૂતિ કરે છે. (P. 273) પરંતુ તારી કૃપાથી તો પરમાનન્દરૂપ અક્ષયસુખની = મોક્ષની અનુભૂતિ કરે છે. આવો વ્યતિરેકધ્વનિ છે. શિવ-શક્તિનું શાશ્વત સાયુજ્ય જય પામે છે.

વળી કાવ્યશાસ્ત્રના અનુષંગે અહીં એક કવિસમયનો પણ નિર્દેશ છે. કુરબક નામનું વૃક્ષ છે, તેનું દોહદ છે જો કોઈ સ્ત્રીના વક્ષસ્થળનું આલિંગન તેને પ્રાપ્ત થાય તો તે વૃક્ષ પુષ્પોથી ખીલી ઊઠે છે.[1] અત્રે

---

૧. શ્રી બાપાલાલ વૈદ્યકૃત 'સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ' પુસ્તક, પૃ.176 પર રાજશેખરની કા.મી. (કાવ્યમીમાંસા) માંથી એક પદ્ય ઉદ્ધૃત કરવામાં આવ્યું છે, જેમાં કુરબક વૃક્ષનું દોહદ સ્ત્રીનું આલિંગન બતાવ્યું છે.
नालिङ्गितः कुरबकस्तिलको न दृष्टो
नो ताडितश्च चरणैः सुदृशामशोकः ।
(પ્રકા. ગુજરાત વિદ્યાસભા, દ્વિતીય આવૃત્તિ, 2008) (काव्यमीमांसा, अध्याय-१८ (कविरहस्ये) P. 106 संपा.सी.डी.दलाल, आर.એ.शास्त्री, G. O. S. ઈ.સ. 1934, તૃતીય આવૃત્તિ, વડોદરા.

એવો નિર્દેશ છે કે આ કુરબક વૃક્ષને પણ શ્રીમાનાં કુચપ્રદેશનું આલિંગન દુર્લભ છે એટલે महादेवं हित्वा.... માં परिसंख्या અલંકાર પ્રતીત થાય છે. (किञ्चित् पृष्ठं ઇત્યાદિ का प्र. ૧૦/૧૧૯ અને अलं.स. सूत्र. ૬૩ एकत्रं नियमनं ... परिसंख्या ।)

અહીં આસંગથી શક્તિનું જાગરણ સમજવાનું છે. જે શિવતુલ્ય બને છે તેને શક્તિ/આવેશનો અનુભવ થાય છે. બાકીના कुरबक – કુતર્કી, કુવાદિઓને આ અનુભૂતિ સુલભ નથી. આવો ગર્ભિત ધ્વનિ પણ છે. (P. 192, દ્વારકા આવૃત્તિ)

**( ૯૭ ) गिरामाहुर्देवी ..... परब्रह्ममहिषि ॥ ૯૭ ॥**

પ્રસ્તુત પદ્ય શ્રી મા ભગવતીને પરબ્રહ્મમહિષી = પરબ્રહ્મની પટ્ટરાણી તરીકે ઘોષિત કરે છે.

'હે પરબ્રહ્મની પટ્ટરાણી, શાસ્ત્રોને જાણનારાઓ બ્રહ્માની પત્નીને સરસ્વતી-વાગ્દેવી કહે છે. વિષ્ણુની પત્નીને પદ્મા = લક્ષ્મી કહે છે. મહાદેવની પત્નીને પાર્વતી પરંતુ તું તો મહામાયા કોઈ ચોથી જ છે. તારો મહિમા અસીમ છે. દુઃખથી પ્રાપ્ત થાય તેવી તું છે. (અને) તેં સારાયે વિશ્વને ભ્રમમાં નાખી દીધું છે.'

પ્રસ્તુત પદ્યમાં શ્રીમાનાં વિવિધ સ્વરૂપોનો ઉલ્લેખ છે અને મહામાયાત્વનો આરોપ છે. ઉલ્લેખાનુપ્રાણિત રૂપક અલંકાર છે. આદ્યશક્તિ સર્વશ્રેષ્ઠ છે એવો ધ્વનિ પણ પ્રતિફલિત થાય છે. આમ અલંકાર દ્વારા **વસ્તુધ્વનિ**ની વ્યંજના છે.

જીવ સત્ત્વ, રજસ્ અને તમસ્ની અવસ્થામાં જ હોય છે એટલે સુખદુઃખથી યુક્ત છે પરંતુ મહામાયાની જે ચોથી તુરીયા અવસ્થા છે તે આનન્દમય છે ત્યાં જીવ પહોંચે છે પછી જ કેવળ આનંદ પ્રાપ્ત કરી શકે આ માટે અનુવાદક (P. 95) નોંધે છે તેમ બહુ જ કલેશથી થાય તેવી અર્થાત્ કઠોર સાધનાથી જ જીવ તેને પામી શકે.

દુર્ગાસપ્તશતી રાત્રિસૂક્તમાં પણ મહામાયાનો નિર્દેશ છે.

महाविद्या महामाया महामेधा महास्मृतिः ।
महामोहा च भवती महादेवी महासुरी ।
प्रकृतिस्त्वं च सर्वस्य गुणत्रयविभाविनी ॥ १/७७-७८ (P. 71)

દ્વારકા આવૃત્તિમાં સદાનન્દ બ્રહ્મચારીજી અને આનન્દલહરી ટીકા (પૃ. અનુક્રમે 194/285) આ મહામાયાને આદ્યા લલિતા કહે છે જે જગતને અનેક રૂપો ધારણ કરી ભમાવે છે.

कदाचिदाद्या ललिता पुंरूपा कृष्णविग्रहा ।
वेणुनादसमारम्भादकरोद्विवशं जगत् ॥

વિશેષમાં શ્રી સદાનન્દ નોંધે છે : 'आनन्दकी आह्लादिनि श्यामा । आह्लादिनि के आनन्द श्याम।'

**( ૯૮ ) कदा काले मातः कथय .... ताम्बूलरसताम् ॥ ૯૮ ॥**

પ્રસ્તુત પદ્ય પણ શ્રી મા ભગવતીનાં ચરણજળ-ચરણામૃતનો મહિમા કરે છે.

સાર છે – 'હે મા, કહે એવો (ધન્ય) સમય ક્યારે આવશે કે હું એક વિદ્યાર્થી તારા ચરણ પૂજવાથી ઝરેલું, અળતાથી મિશ્રિત રક્તવર્ણનું જળ (= પાદોદક) પીશ (કારણ) આ ચરણોદક જાણે કે સરસ્વતીના મુખમાંથી નીકળેલા પાનના રસ જેવું છે જે (પીવાથી) જન્મથી-સ્વભાવથી જ મૂંગાને પણ કવિતા રચવાની શક્તિ પ્રદાન કરે છે.'

પ્રસ્તુત પદ્ય ઉત્પ્રેક્ષાદિ અલંકારો તથા 'क' ના અનુપ્રાસોથી મનોરમ બન્યું છે.

અહીં 'લક્ષ્મીધરા' અનુસાર ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિનો સંકર છે. (P. 286) આ રીતે ચરણપ્રક્ષાલનના અળતાવાળા જળનું સરસ્વતીના તાંબૂલરસ સાથે અધ્યવસાન થયું છે. જાણે કે સરસ્વતીના પાનના રસ જેવું છે એમ ઉત્પ્રેક્ષા છે. સમયમાર્ગના અનુસારકો માટે સાક્ષાત્ સરસ્વતીસ્વરૂપરૂપે અધ્યવસાન થયું હોવાથી અહીં ઉત્પ્રેક્ષા અને અતિશયોક્તિ અલંકારનો સંકર સંભવ્યો છે.

વળી મુખકમળમાં રૂપક છે.

અહીં કાવ્યલિંગ પણ વિચારી શકાય કારણ કે જન્મથી જ મૂઢ અને મૂંગા એવા મનુષ્યો પણ કવિતા કરતા થઈ જાય છે એમાં શ્રીમાનું નિર્હેજનજળ હેતુરૂપ છે એટલે કાવ્યલિંગ અલંકાર પણ અત્રે શોભી રહ્યો છે.

'અરુણામોદિની' 'હું ક્યારે એ જળ પીશ' એમાં ચિન્તાનો ભાવ દર્શાવે છે અને 'પ્રેયોલંકાર' છે એમ કહે છે. ઉત્તરાર્ધમાં પ્રેયસ્ કાવ્યલિંગથી અનુપ્રાણિત છે. તેથી દેવીનું પાદોદક સકળ વિદ્યામાં નૈપુણ્ય પ્રદાન કરે છે એવું વસ્તુ વ્યંજિત થતું હોવાથી અલંકાર દ્વારા વસ્તુની વ્યંજના છે. (P. 287-288)

'તાત્પર્યદીપિની' પ્રમાણે મૂંગાઓને જીભ હોતી નથી તેથી તેને માની કૃપાથી રાગયુક્ત વાણી પ્રાપ્ત થાય છે એટલે 'नेयं वाणी रसनैवेत्युत्प्रेक्षा' – આ વાણી નથી રસના, જીભ છે – એમ ઉત્પ્રેક્ષા છે. (P. 288), જો કે ઉત્પ્રેક્ષા નથી પણ અપહ્નુતિ છે. 'તાત્પર્યદીપિની' એ ભૂલથી ઉત્પ્રેક્ષા માની છે. ('रसना' પાઠ માનતાં – એટલે કે 'ताम्बूलरसताम्' ને બદલે 'ताम्बूलरसनाम्')

અંગ્રેજી અનુવાદક (P. 94) કાલિદાસ અને મૂકકવિની અનુશ્રુતિઓ તરફ નિર્દેશ કરે છે. કાલિદાસે પણ દેવીનું ચરણોદક પીધું અને મહાકવિ બન્યા. એ રીતે ભગવદ્પાદ શ્રી શંકરાચાર્યે જન્મથી જ બહેરા-મૂંગાને શ્રીમાનાં ચરણપાથેયની કૃપાથી 'લઘુ' અને 'ચર્યા' સ્તોત્રોની રચના તેમના મસ્તકે હાથ મૂકીને કરતા કર્યા હતા.

શ્રી શંકરાચાર્યની ચરણોદક માટેની પ્રાર્થના તે સામીપ્યમુક્તિ માટેની છે જેમાં ભક્ત સદૈવ દેવીની સમીપ જ રહે છે.

'ગીતાધ્યાન'ની પંક્તિનું સહેજે સ્મરણ થયા વિના રહેતું નથી.

**मूकं करोति वाचालं पङ्गुं लङ्घयते गिरिम् ।**
**यत्कृपा तमहं वन्दे परमानन्दं माधवम् ॥**

શ્રી સદાનન્દજી વિશેષમાં નોંધે છે કે વિદ્યા ચૌદ, અઢાર અથવા ચોસઠ છે, જેની કામના કરનારને વિદ્યાર્થી કહેવાય છે. વિદ્યાર્થી એવા શ્રી શંકરે શૈશવમાં શ્રીમાનાં સ્તન્યનું પાન કર્યું અને કવિતા રચવા લાગ્યા તેમને હવે શ્રીમાનાં ચરણપાથેયની અભીપ્સા છે. (P. 196)

**( ૯૯ ) सरस्वत्या० ..... त्वद्भजनवान् ॥ ૯૯ ॥**

પ્રસ્તુત પદ્યમાં શ્રી માની ભક્તિનો મહિમા દર્શાવ્યો છે. 'હે મા, તારી ભક્તિને પ્રાપ્ત કરીને બ્રહ્મા અને વિષ્ણુની માફક ભક્ત સરસ્વતી અને લક્ષ્મીનો સ્વામી બની જાય છે અને વિહાર કરે છે. વળી સુંદર દેહ પ્રાપ્ત કરીને રતિનું પાતિવ્રત્ય શિથિલ કરી નાખે છે. તે પોતાના સાંસારિક બંધનમાંથી (પશુના (પશુચેતનાના) પાશમાંથી) મુક્ત બનીને, લાંબા સમય સુધી પરમ આનંદનો રસાસ્વાદ લે છે.'

ક્ષપિત પશુપાશ-માં પશુ અને પાશ બન્નેનો નાશ થાય છે અને અવિદ્યાથી બદ્ધ જીવ શ્રીમાની ભક્તિથી મુક્તિ પામે છે એવો વ્યંગ્યાર્થ છે.

ભક્ત જ્ઞાન અને સમૃદ્ધિમાં બ્રહ્મા-વિષ્ણુથી પણ અધિક અને સુંદરતામાં કામદેવથી પણ અધિક બની જાય છે એમાં વ્યતિરેકાલંકારધ્વનિ છે.

**( ૧૦૦ ) प्रदीपज्वाला .... स्तुतिरियम् ॥ ૧૦૦ ॥**

શ્રીમાની સ્તુતિ કરવાની શક્તિ સામાન્ય વ્યક્તિમાં નથી એવા ભાવ સાથે સ્તોત્રનો ઉપસંહાર કરવામાં આવ્યો છે. ભાવાર્થ છે : 'હે માતા, તારી આપેલી વાણી વડે જ (તારી વાણીની શક્તિથી) આ સ્તુતિ કરવામાં આવી છે. (બાકી) એ દીવાની જ્યોતથી સૂરજની આરતી ઉતારવા જેવું છે, ચન્દ્રકાન્ત મણિમાંથી ટપકતાં જલબિન્દુઓથી ચન્દ્રને અર્ઘ્ય આપવા જેવું છે અને પોતાના જ જળથી સમુદ્રનો સત્કાર કરવા જેવું છે.'

અહીં પ્રતિવસ્તૂપમા અને દૃષ્ટાન્ત અલંકાર છે તથા નિદર્શના અલંકારધ્વનિ છે.

इयं स्तुति - પૂર્વોક્ત प्रदीपज्वालाभिः એ વાક્યપ્રતિપાદિત અર્થની સાથે સામ્ય થવાથી પ્રતિવસ્તૂપમા અલંકાર છે. તારી સ્તુતિકાવ્ય ઉપમેય છે તે દીવાની જ્યોતથી સૂર્યની આરતી ઉતારવા જેવું છે એ ઉપમાન છે બન્ને વચ્ચે વસ્તુ-પ્રતિવસ્તુ ભાવ છે પણ સ્તુતિને સ્વરૂપ માત્ર સમજવામાં આવે તો બધાં ઉપમાનો સાથે બિંબપ્રતિબિંબભાવ છે તેથી દૃષ્ટાંત અલંકાર છે. બન્ને અલગ રીતે સમજી શકાતા હોવાથી સંસૃષ્ટિ અલંકાર છે. ('સરલા' ('લક્ષ્મીધરા' પરની) હિન્દી ટીકા, P. 306)

सुधासूते - चन्द्रोपलजललवैः માં સ, લ, स्वकीयै, सलिल - सौहित्यकरणं - માં સ, લ, ના અનુપ્રાસો ધ્યાનાર્હ છે.

કવિ આદિ શંકરે અહીં સમર્પણની ચરમ સીમા દર્શાવી છે. પ્રસ્તુત પદ્યમાં અહંકારનું સંપૂર્ણ વિસર્જન છે. પોતે સ્તુતિ રચી હોવા છતાં શ્રીમાની જ શક્તિ/વાણી વડે રચાઈ છે એમ પ્રતિપાદન કરે છે એમ શાન્તરસ પણ સર્વત્ર (આ પદ્યમાં) આસ્વાદ્ય બન્યો છે. સંપૂર્ણ શરણાગતિનો આવો ભાવ દુર્લભ છે.

હવે અંતિમ ત્રણ પદ્યો કેટલાક પ્રક્ષિપ્ત માને છે. છતાં ઘણી હ.પ્ર.માં પ્રાપ્ત છે અને લક્ષ્મીધર સિવાયના ટીકાકારોએ ટીકા પણ રચી છે. તેથી એ પ્રક્ષિપ્ત મનાતા ત્રણ પદ્યોનુ પણ કાવ્યશાસ્ત્રીય અધ્યયન કરી લઈએ. એ પદ્યોમાં શ્રીમાની સ્તુતિ જ છે અને શ્રીમાના મુખની, ભક્તના સાધર્મ્યભાવની અને અંતે પુનઃ શરણાગતભાવની પ્રસ્તુતિ છે.

**( ૧૦૧ ) समानीतः पद्भ्यां ..... हृदयपङ्केरुहमिव ॥ ૧૦૧ ॥**

પ્રસ્તુત પદ્યમાં સૂર્યને શ્રીમા ભગવતીનાં દર્પણ તરીકે ગણાવ્યો છે. જેમ કે, 'આકાશનો મણિ અથવા સૂર્ય તારાં ચરણો પાસે હોવાથી દર્પણ તરીકે કામ કરે છે. તારા મુખના ભયથી એણે પોતાના કિરણ-સમૂહોને અંદર છુપાવ્યો છે તેથી સ્વચ્છ છે અને એમાં તારા મુખનું પ્રતિબિંબ એના હૃદયકમળની માફક હંમેશાં વિકસિત રહે છે અને તેથી એને ચન્દ્રનો ભય લાગતો નથી.'

પ્રસ્તુત પદ્યમાં સૂર્ય પર મણિના આરોપણથી રૂપક છે. જાણે કે દર્પણ તરીકે કામ કરે છે. તેમાં ઉત્પ્રેક્ષા છે. સૂર્યના હૃદયમાં મા ભગવતીનો નિવાસ હોવાથી હૃદયકમળમાં રૂપક અને હૃદય કમળની જેમ (हृदयपङ्केरुहमिव) ખીલેલું રહે છે. એમાં ઉપમા છે. બન્નેનો સંકર છે.

વસ્તુતઃ ભગવતીનાં આ મુખ-કમળની છાયા સૂર્યના હૃદયમાં હોવાથી સૂર્યનું હૃદયસ્થ કમળ સદૈવ ખીલેલું રહે છે – આવો **વસ્તુધ્વનિ** પણ વ્યંજિત થાય છે.

સૂર્યને હવે ચન્દ્રનો ભય લાગતો નથી અર્થાત્ અસ્ત થવાનો ભય લાગતો નથી. સૂર્યનું શ્રી મા ભગવતીનું મુખ આકરા તાપથી દાઝે નહીં તેથી કિરણસમૂહનું જે અંદર છુપાવી લેવું – એ રૂપ કાર્ય છે તેમાં નમ્રતારૂપ વ્યભિચારી ભાવ પણ વ્યંજિત થાય છે.

मणिमुकुर, किरणश्रेणि, निरातंकं, चन्द्र માં म, क, न, च ના અનુપ્રાસો ધ્યાનાર્હ છે, જે નાદસૌન્દર્યને ઉત્પન્ન કરે છે.

**( ૧૦૨ ) समुद्रभूतस्थल .... ०मियमुमे ॥ ૧૦૨ ॥**

પ્રસ્તુત પદ્ય દેવીની વ્યાપકતા વિશે વાત કરે છે. 'હે ઉમા, ઉપર રહેલા સ્થૂળ સ્તનોના ભારવાળો છાતીનો ભાગ, સુંદર હાસ્ય, કટાક્ષમાં કામદેવ અને કદંબની અવર્ણનીય શોભાવાળું (ભક્તોનું) શરીર (આ ચિહ્નોને જોતા) શિવના મનમાં તારી ભ્રાંતિ ઉત્પન્ન કરે છે, કારણ કે તારા પવિત્ર ભક્તોના હૃદયમાં જ તારું જ પ્રતિબિંબ પડે છે તેથી (તેઓ) તારા જેવા જ દેખાય છે.'

પ્રસ્તુત પદ્યમાં દેવીની ઉપાસનાથી સારૂપ્યની પ્રાપ્તિ થાય છે એ વિશે નિરૂપણ કરવામાં આવ્યું છે. કહે છે કે, કીટ ભ્રમરનું ચિંતન કરતાં ભ્રમર જેવો જ બની જાય છે તેમ ભક્ત હરહંમેશ દેવીનું જ ચિંતન કરતાં દેવીનું જ રૂપ દેવીના સદશ રૂપ જાણે ધારણ કરે છે એટલે શિવજીને 'ઉમા' હોવાની ભ્રાંતિ થાય છે એમાં ભ્રાન્તિમાન્ અલંકાર થયો છે.

સાધકભક્ત જ્યારે પોતાના આરાધ્યનું ધ્યાન કરે છે ત્યારે તદ્રૂપ થઈ જતાં તદાકારતા પણ સ્વાભાવિક રીતે જ ધારણ કરે છે, કહે છે કે ઉદ્ધવ શ્રીકૃષ્ણ જેવા જ લાગતા હતા.

'આનન્દગિરીયા' (P. 312) અનુસાર પ્રથમ તો ભગવતી પાર્વતીના સ્વરૂપનું અહીં વર્ણન છે એમ સમજાવે છે. જેમાં પ્રિયતમ મહાદેવને જોઈને તેમનું શરીર કદમ્બની જેમ રોમાંચિત થતું દર્શાવ્યું છે. અહીં સાત્ત્વિક ભાવોનો ઉદય દર્શાવ્યો છે. પછી એવા જ શરીરનું સાદશ્ય ભક્ત કઈ રીતે ધારણ કરે છે તે સમજાવ્યું છે અર્થાત્ તે શ્રીમાનાં જેવું જે સ્વરૂપ પામે છે એથી મહાદેવને પણ મોહ થાય છે. મનમાં ઉલ્લાસ થાય છે. આ ઉપાસનાનું ફળ છે. સારૂપ્યની પ્રાપ્તિરૂપ વસ્તુધ્વનિ પણ અહીં છે, એમ વિચારી શકાય. મીરાંબાઈ કહે છે – लाली देखन मैं चली, मैं भी हो गइ लाल । – ચરમકક્ષાની આ પ્રાપ્તિ છે. સારૂપ્ય મુક્તિ પણ કહી શકાય. વૈષ્ણવમાર્ગ પ્રમાણે સાધક ભગવાનનું સાધર્મ્ય પામે છે તેથી સાધર્મ્ય મુક્તિ કહેવાય છે.

**( १०३ ) निधे नित्ये स्मेरे .... स्तुतिमिमाम् ॥ १०३ ॥**

'હે સદાય હસમુખી, અનંત ગુણસાગર, નીતિમાં નિપુણ, નિરતિશય (અથવા અખંડ) જ્ઞાનયુક્ત, નિયમપરાયણ ભક્તોના ચિત્તમાં જ વસનારી, વિધિના નિયમોથી પર, સર્વ શાસ્ત્રો જેના પદની સ્તુતિ કરે છે, અભય દેનારી (આતંક રહિત), નિત્ય મારી આ સ્તુતિનો સ્વીકાર કરી મને તારા નિગમમાં સ્થાન આપ.'

પ્રસ્તુત પદ્યમાં અંતે કવિએ સમર્પણ કર્યું છે અને શ્રીમાને વિવિધ સંબોધનો કરી સ્તુતિ કરી છે.

અત્રે બહુ કારણોમાં એક ક્રિયાનો યોગ થયો છે. તેથી માલાદીપક અલંકાર થયો છે.

શ્રીમાનાં સંબોધનો દ્વારા તેમની અવર્ણનીય શક્તિ અને ગુણોનો પરિચય થાય છે.

શ્રી મા જગતના એકમાત્ર આધારરૂપ છે. આમ શ્રીમાની સર્વજ્ઞતા, સર્વશક્તિમત્તા અને સર્વવ્યાપકતારૂપ વસ્તુધ્વનિ પ્રતીત થાય છે.

ટૂંકમાં યોગીઓ માટે ચિત્તશક્તિ-બ્રહ્મન્ની સામર્થ્યશક્તિ, ઉપનિષદનો સાર (Purport), સામાન્ય ભક્ત માટે દયાનો સાગર, જે હંમેશાં શ્રીમાની અનંત કૃપા અને ઉદારતાથી લાભાન્વિત થાય છે, નિયમપરાયણ સેવકોના હૃદયમાં હંમેશ રહેનારી, મંગલકારી છે. નિગમોએ શ્રીમાને નિત્ય, શાશ્વત કહી છે. કવિ અંતે કહે છે કે તારી કૃપાથી તે નિગમાદિતુલ્ય બનો – આવી આકાંક્ષા સાથે કવિ વિરમે છે.

ન, ન, ના અનુપ્રાસો અંત સુધી જકડી રાખે છે. પદ્યના નાદમાધુર્ય અને ગેયતાને અભિવ્યક્ત કરે છે.



૧. तंत्र संबन्धी चर्चा आपणो विषय न होई अत्रे निर्देश करीने छोडी दईए छीए.

# ઉપસંહાર

આમ આદિ શંકરાચાર્યવિરચિત અનુપમા કૃતિ 'સૌન્દર્યલહરી'નું કાવ્યશાસ્ત્રીય અધ્યયન અત્રે પૂર્ણ થાય છે. પ્રસ્તુત કાવ્ય શતશ્લોકી છે અને જો ત્રણ પ્રક્ષિપ્ત કહેવાતાં પદ્યોને સ્વીકારીએ તો પ્રસ્તુત કાવ્યનાં કુલ 103 પદ્યો છે એમાં 'આનંદલહરી'ના 41 પદ્યો અને બાકીનાં 62 પદ્યો 'સૌન્દર્યલહરી'નાં. પરંતુ પરંપરામાં સમગ્ર કાવ્ય 'સૌન્દર્યલહરી' નામે પ્રસિદ્ધ છે.

શ્રી શંકરાચાર્યના આ કાવ્યનો પ્રકાર લઘુકાવ્ય અને તેની અંતર્ગત આવતા 'સ્તોત્રકાવ્ય'નો કહી શકાય.[1] વળી આ કવિતાને 'લહરીકાવ્ય' પણ કહી શકાય, જેને ઊર્મિકાવ્ય પણ કહે છે.

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં પદ્યના દૃશ્ય અને શ્રાવ્ય એમ બે મુખ્ય ભેદો છે. એમાં નાટક દૃશ્યકાવ્ય અંતર્ગત આવે છે. જ્યારે શ્રવ્યકાવ્ય અંતર્ગત મહાકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય ઇત્યાદિનો સમાવેશ કરી શકાય. પ્રસ્તુત કાવ્યપ્રકારમાં લહરી એટલે કે કવિને જે ઇષ્ટદેવતા પ્રત્યે ભાવોર્મિ અનુભવાય અને એને જો પદ્યરૂપે/શ્લોકરૂપે રચે તે કવિતાને 'લહરી' કહેવાય. સમુદ્રમાં ઉદ્‌ભવતી લહરોની જેમ કવિચિત્તમાં ભાવોની કે રસોની જે લહેરો ઉદ્‌ભવે તેને તે કવિતારૂપે પ્રસ્તુત કરે છે. પાછળથી પંડિતરાજ જગન્નાથે 'ગંગાલહરી', 'યમુનાલહરી', 'લક્ષ્મીલહરી', 'સુધાલહરી' અને 'કરુણાલહરી' એમ પાંચ લહરીકાવ્યો રચ્યાં છે. એમણે આદિ શંકરાચાર્યની 'સૌન્દર્યલહરી'માંથી પ્રેરણા મેળવી હોય એ શક્ય છે.

કાવ્યનું વિષયવસ્તુ 'આનંદલહરી' અને 'સૌન્દર્યલહરી' એમ બે વિભાગમાં વિભાજિત છે. 'આનંદલહરી'માં (1 થી 41 પદ્યો) આશીર્વચન, પૂજાપદ્ધતિ, પૂજાનું મહત્ત્વ, સમર્પણ, આજ્ઞાદિ ષટ્‌ચક્રો તથા સહસ્રકમલનું વિસ્તારથી વર્ણન છે. જ્યારે પદ્ય 42 થી 100માં દેવીના મુકુટ, અલક, સીમન્ત, લલાટ, ભ્રમર, નેત્ર, કર્ણ, મુખ, નાસિકા, ગ્રીવા, ચિબુક, ચિકુર, વક્ષસ્થળ, કટિ, જંઘા અને ચરણપર્યન્ત દૈવી સૌન્દર્યનું અદ્‌ભુત વર્ણન છે.

મહદંશે દેવતાઓના સ્તોત્રની રચના ભૌતિક કામનાઓની પૂર્તિ માટે અથવા માત્ર મોક્ષ કે નિર્વાણપ્રાપ્તિ માટે એટલે કે કેવળ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી થતી હોય છે. જ્યારે શ્રી શંકરાચાર્યરચિત 'સૌન્દર્યલહરી' ભુક્તિમુક્તિપ્રદાયિની છે. અર્થાત્ ઉભય ધ્યેયને સાધી આપે છે. કહ્યું પણ છે :

**यत्रास्ति भोगो न च तत्र मोक्षः, यत्रास्ति मोक्षो न च तत्र भोगः ।**
**श्रीसुन्दरीसाधनतत्पराणां, भोगश्च मोक्षश्च करस्थ एव ॥**[2]

આમ શ્રીસુન્દરી અથવા ત્રિપુરસુન્દરીની ઉપાસના-સાધના કરનારને માટે ભોગ અને મોક્ષને કરકમલવત્ કરાવે છે.

---

1. History of Classical Sanskrit Literature – M. Krishnamachariar - Motilal Banarasidas, Delhi, P- 320. Third, Ed. 1974
2. 'સૌન્દર્યલહરી' – દ્વારકા આવૃત્તિ, શ્રી સદાનન્દજીકૃત પ્રસ્તાવના

'સૌન્દર્યલહરી' માં ત્રિપુરસુંદરી જગદંબાની સ્તુતિ અને ઉપાસનાનું જ નિરૂપણ છે.

'આનન્દલહરી'માં શ્રીમા જગદંબાના આનન્દમય સ્વરૂપનું નિરૂપણ છે. પ્રથમ પદ્યમાં જ શિવ-શક્તિનું અભિન્નત્વ છતાં શક્તિનો મહિમા ગવાયો છે – જો શિવ શક્તિયુક્ત ન હોય તો શવવત્ બની જાય એમ કવિ કહે છે. કારણ કે સ્પંદ (= સ્પંદન) મા ભગવતીનું જ હોય છે. અને એટલે જ શક્તિરૂપા મા ભગવતી અહીં = કાવ્યમાં નાયિકારૂપે પ્રસ્તુત છે. શ્રીમાનાં ચરણની રજનો મહિમા, દેવતાઓ પર વરસેલી કૃપા, વરદાનો, કૃપાકટાક્ષો, દેવતાઓની સાધના, ચક્રોનું નિરૂપણ, શ્રીમાની પ્રાજ્ઞસ્વરૂપતા, સારસ્વતપ્રયોગ, ઇત્યાદિ નિરૂપણ અન્ય પદ્યોમાં પ્રાપ્ત થાય છે. વળી અર્ધનારીશ્વરરૂપ, પ્રલયવર્ણન, ભવ્યસ્વરૂપવર્ણન, શિવજીની મૃત્યુંજયતા, માનસી પૂજા, દેવીના તાટંક કહેતાં કુંડળનો મહિમા, શિવજી અને પાર્વતીનો પરસ્પર પ્રેમાવેશ, અષ્ટસિદ્ધિરૂપ કિરણો, દેવીનું સર્વતંત્રસ્વતંત્ર તંત્રનું નિરૂપણ, શિવશક્તિનું સામરસ્ય, સર્વવ્યાપકતા, વિશુદ્ધિચક્ર, હૃદયકેન્દ્ર ઇત્યાદિનું વિસ્તારથી નિરૂપણ, હંસયુગલનું રૂપકાત્મક વર્ણન અને અંતે આધાર (root) ચક્રના નિરૂપણમાં લાસ્ય અને તાંડવ નૃત્યનું વર્ણન છે.

આમ પ્રથમ ભાગમાં (= 41 પદ્યમાં) સાધનાનો જેણે પ્રારંભ કર્યો છે એવા ભક્તોને માટે 'આનંદલહરી'ની રચના છે. આમાં નિરૂપિત ધ્યાન-સાધનાની તેમને આવશ્યકતા છે. આથી અહીં શ્રીમાનાં સ્વરૂપની સર્વતંત્રસ્વતંત્ર એવા તંત્રની અને ચક્રોની વિગતે નિરૂપણા કરવામાં આવી છે. આમ છતાં શ્રીમાનાં ચરણકમળનો મહિમા અહીં પણ કાવ્યાત્મક શૈલીમાં વર્ણવ્યો છે. તેમના પરાશક્તિના સ્વરૂપને પણ વર્ણવ્યું છે. ખરેખર આ પદ્યો નિષ્ઠાવાન સાધક જે પ્રગતિના પંથે વિહરી રહ્યો છે તેના હૃદયમાં આનંદની લહેરો જન્માવે છે. જે આનન્દરૂપ પરાચેતનામાંથી તેની ઉત્પત્તિ થઈ છે તેમજ તેણે પ્રાપ્ત કરવાની છે તેની ચાવી અત્રે દર્શાવવામાં આવી છે અને એટલે સાધનાકાળ દરમ્યાન ભક્તને આનંદઘન અનુભૂતિ થાય છે. આથી 'આનંદલહરી' એવું પ્રથમ વિભાગનું શીર્ષક પણ ઉચિત છે. ભક્તના તન, મન અને હૃદય કહો કે સર્વાંગે આનંદરૂપી હરિચંદન વ્યાપી વળે છે.

દ્વિતીય વિભાગને 'સૌન્દર્યલહરી' કહેવામાં આવે છે. આધ્યાત્મિક અથવા સાત્ત્વિક અને વિશુદ્ધ આનંદની પ્રાપ્તિ પછી જ સાધક શ્રીમાની સૌન્દર્યલહરીની ઝલક મેળવવાનો અધિકારી બને છે. દર્શનનો હકદાર બને છે. આનંદોર્મિઓની જેમ જ સૌન્દર્યની આ ઊર્મિઓ અર્થાત્ શ્રીમાનાં નખ-શિખ સૌન્દર્યનું વર્ણન પ્રવાહરૂપે ઉછાળા મારે છે. માટે આ કાવ્ય અધિકારી = પ્રગત (= advance) સાધક માટે છે. આ વિભાગમાં પદ્ય 43 થી 100 અથવા અન્ય ત્રણ (જેને લક્ષ્મીધર પ્રક્ષિપ્ત માને છે) મળીને 103 એટલેકે 59 અથવા 62 પદ્યો થવા જાય છે. આ પદ્યોમાં આદિ શંકરે આદ્યશક્તિ માતૃસ્વરૂપા મા ભગવતીનું અત્યંત કવિત્વમય વૈદર્ભીરીતિમાં, રસ-ભાવથી છલકાતું સહૃદયોને આનંદમાં ઝબોળી દેતું સૌન્દર્યવર્ણન કર્યું છે. એક પછી એક મસ્તકથી માંડીને શ્રીચરણપર્યન્તના સૌન્દર્યની લહર સાધકને આકંઠ ભીંજવી દે છે. દેહ અને મનને શાતા બક્ષે છે. હૃદયને સમર્પણભાવથી ભરી દે છે, તે એટલે સુધી કે અંતે સાધકને પોતાનો અને શ્રીમા ભગવતીનો ભેદ ભુલાઈ જાય છે 'તું હું'ના સ્થાને 'તુંહી તુંહી' થઈ જાય છે. કહો કે સાધકનો સાક્ષાત્કાર પરાશક્તિ સાથેના સાયુજ્યમાં પરિણમે છે. તેમની સાથેના અદ્વૈતની સિદ્ધિ

પ્રાપ્ત થાય છે. 'પરા' ચેતનાનું અપાર રહસ્ય સાધકને કરકમલવત્ લાધે છે અને શ્રીમાનાં અવર્ણનીય, અનિર્વચનીય અનંત સૌન્દર્યના દર્શન-સાક્ષાત્કારના અધિકારની પ્રાપ્તિ, સિદ્ધિની નિધિની સંપ્રાપ્તિ સંભવે છે. આમ આવી સંતૃપ્તિ જ સાધનાની સિદ્ધિ છે. બીજી રિદ્ધિ સિદ્ધિ અર્થાત્ નવનિધિ કે અષ્ટસિદ્ધિ તો આની સામે નગણ્ય છે. આ સત્યનો આવિષ્કાર સાધક/ભક્તનો જન્મારો સફળ કરે છે.

'સૌન્દર્યલહરી' પદ્ય 42 દેવીના મસ્તકનું અને તેમની પર રહેલા મુગટનું નિરૂપણ ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ ઇત્યાદિ અલંકારોથી યુક્ત કવિત્વભર્યું છે.

મુગટના 12 પ્રકાશિત મણિઓ દ્વારા 12 સૂર્યોની વ્યંજના નિહિત છે. પદ્ય 43, 44 થી 46માં શ્રીમાનાં કેશ અને સેંથા તથા લલાટનું વર્ણન છે. જેમાં શંકરાચાર્યે મસ્તકનું અર્ધચન્દ્રરૂપે ઉત્પ્રેક્ષણ કર્યું છે. જે મુગટ પરની ચન્દ્રરેખા સાથે યુક્ત થતાં પૂર્ણચન્દ્રનું સૌન્દર્ય પ્રકટ કરે છે.

શ્રીમાની ભ્રમર, આંખો અને દૃષ્ટિનું નિરૂપણ 47, 48, 49માં છે, જેમાં દૃષ્ટિને વિશાલા ઇત્યાદિ પ્રસિદ્ધ પવિત્ર નગરીઓની ઉપમા આપી કવિએ નવીન કલ્પન રચ્યું છે. અયોધ્યાસમી શ્રી માની દૃષ્ટિ સાથે કમળો યુદ્ધ કરી શકતાં નથી, સ્પર્ધા કરી શકતાં નથી એમાં રમ્ય વ્યતિરેક અલંકાર રચ્યો છે.

50મા પદ્યમાં શ્રવણ અને નેત્રનું સુચારુ વર્ણન છે. જેમાં કવિપ્રૌઢોક્તિસિદ્ધ ઉત્પ્રેક્ષાલંકાર છે. 51મા પદ્યમાં દેવીની વિવિધ રસભાવોને અભિવ્યક્ત કરતી દૃષ્ટિનું નિરૂપણ છે. આકર્ણદીર્ઘનયના શ્રીમાનું ચાક્ષુષ થતું વર્ણન 52મા પદ્યમાં છે. તો 53માં અંજનયુક્ત નેત્રોનું. 54મા પદ્યમાં ત્રિનેત્રોના વર્ણનમાં શોણ, ગંગા અને યમુના એ મહાનદીઓના સંગમની કલ્પના મિષે રમ્ય ઉત્પ્રેક્ષા છે. 55માં તેમના નેત્રોના ઉન્મેષ, નિમેષો, 56માં નેત્રોની શોભા માછલી અને નીલકમલથી પણ ચડિયાતી કહી છે. 56માં શ્રીમાની દૃષ્ટિની કાંતિ ઇષદ્ – વિકસિત કમળ જેવી વર્ણવી છે. પાર્વતીને 'અપર્ણા' કહી સમાંતરે કાલિદાસની 'જેણે પર્ણો પણ ખાવાના છોડી દીધાં હતાં' તે કુમારસંભવની પાર્વતી અને શંકરાચાર્યના જ દેવ્યપરાધક્ષમાપન સ્તોત્રની 'કરુણામયી અપર્ણા' સહજ રીતે જ સ્મરણીય બની રહે છે. વળી શ્રીમાની દૃષ્ટિનું સુંદર વર્ણન 57મા પદ્યમાં છે. કવિ પોતાના તરફ શ્રીમાને નજર નાખવાનું કહે છે કારણ કે જેમ ચન્દ્રકિરણોને વન કે મહેલનો કોઈ ભેદભાવ હોતો નથી અને તેથી બન્ને પર એકસરખાં જ પડે છે બરાબર તેવી જ રીતે શ્રીમાની દૃષ્ટિ બધા ભક્તો પર સમાન રીતે જ પડતી હોય છે. આ સમાનદૃષ્ટિ જ તેમની સર્વોત્કૃષ્ટતામાં હેતુરૂપ છે.

59મા પદ્યમાં શ્રીમાનાં શ્રવણનું વર્ણન છે. શ્રીમાની પાલી અર્થાત્ કાનની બૂટને કામદેવના બાણ સાથે સરખાવી છે અને એ રીતે નવીન કલ્પન રચ્યું છે. 59મા પદ્યમાં માતાજીના કુંડળોના વર્ણનમાં કામદેવના રથનું કલ્પન પણ નૂતન છે. તો 60મા પદ્યમાં સુરમ્ય કુંડળોનો મીઠો રણકાર વર્ણવ્યો છે. 61મા પદ્યમાં મા ભગવતીની નાસિકાનું, 62માં અધરનું, 63માં સ્મિતનું, ૬૪માં જિહ્વાનું, મુખમાં રહેલા તાંબૂલનું એમ સમગ્ર મુખનું અતિમનોહર વર્ણન ઉપમાદિ સાદૃશ્યમૂલક અને તદ્ગુણાદિ લોકન્યાયમૂલક અલંકારોના નિરૂપણ દ્વારા કર્યું છે.

તો 66મા પદ્યમાં દેવીની વાણીની મધુરતા; સરસ્વતીના પરાજય દ્વારા વર્ણવવામાં આવી છે. એ સ્વરમાધુર્ય આગળ સરસ્વતીની વીણાના ઝંકારની કોઈ વિસાત નથી એટલે સાક્ષાત્ શારદા પણ પોતાનો પરાજય વીણા પર વસ્ત્ર ઢાંકીને સ્વીકાર કરી લે છે. 67મા પદ્યમાં દેવીની ચિબુકનું મનોહર વર્ણન છે, જે અનન્વયાલંકારધ્વનિના માધ્યમથી કર્યું છે. 68માં શ્રીમાની સુંદર નમણી ગ્રીવાનું તો 69માં કંઠની ત્રણ રેખાઓનું નિરૂપણ જેને સંગીતના ગતિ, ગમક, અને ગીતની સાથે સરખાવી સંગીતમય ઉપમા આપીને કર્યું છે.

ઉપર્યુક્ત પદ્યોમાં દેવીના સંપૂર્ણ વદનકમલના વર્ણન પછી 70માં દેવીની ભુજાઓનું સુંદર વર્ણન પુરાણકથાના નિર્દેશ દ્વારા કરવામાં આવ્યું છે.

71મા પદ્યમાં હાથના નખની લાલાશનું વર્ણન છે.

72મા પદ્યમાં ભગવતીનાં વક્ષસ્થળનું, જે સદાય અમૃત ઝરાવે છે – વર્ણન છે અને એટલે એમાં દેવીના બન્ને પુત્રો કાર્તિકેય તથા ગણેશ પરત્વેનો વાત્સલ્યભાવ વ્યંજિત થાય છે અને હાસ્યરસની પણ ઝલક દૃષ્ટિગત થાય છે.

73મા પદ્યમાં પણ દેવીના કુચકુંભ પર માણેકના કુંભનો આરોપ છે અને રૂપક તથા નિશ્ચયાન્ત સંદેહ અલંકાર દ્વારા આ પદ્ય સુચારુ બન્યું છે.

74મા પદ્યમાં દેવીના વક્ષસ્થલ પર ઝૂલતા હારનું મનોહર વર્ણન છે, જેમાં પતિએ (=શિવજીએ) ગજાસુરને હણ્યો, તેના મસ્તક પરના મોતીની માળા શ્રીમાએ પ્રેમપૂર્વક ધારણ કરી છે તેનું નિરૂપણ છે.

75મા પદ્યમાં દેવીના સ્તન્ય = દુગ્ધની મહત્તાનું નિરૂપણ છે અને એમાં બાળક શંકર પર થયેલી કૃપાવૃષ્ટિની આખ્યાયિકાનું (= દ્રવિડ શિશુને શ્રીમાએ સ્વયં સ્તનપાન કરાવ્યું હતું) કદાચ સૂચન જોઈ શકાય.

76મા પદ્યમાં શ્રીમાની નાભિ પરની રોમાવલિનું અપહ્નુતિ, ઉત્પ્રેક્ષા અને ભ્રાંતિમાન્ જેવા વિવિધ અલંકારો દ્વારા ચમત્કૃતિભર્યું વર્ણન કરવામાં આવ્યું છે.

77 અને 78માં દેવીની ઊંડી નાભિનું પુનઃ નિરૂપણ છે. ઊંડી નાભિ ગંગાના સ્થિર આવર્તનો જેવી અને રોમાવલિ યમુનાના પાતળા તરંગો જેવી છે – એમ બન્ને પદ્યો ઉપમા-ઉત્પ્રેક્ષાથી વિભૂષિત છે.

79માં દેવીના મધ્યભાગનું અને 80માં ત્રિવલીનું સુચારુ વર્ણન છે.

81માં દેવીની જંઘા વિશે - ઉન્નત ઊરુ અને 82માં ઘૂંટણ વિશે નિરૂપણ છે.

કાલિદાસની જેમ (कुमार० १/३६) શંકરાચાર્ય પણ દેવીના જાનુ અને ઊરુ સર્વશ્રેષ્ઠ છે, તેને કોઈની ઉપમા આપી શકાય તેમ નથી તેમ કહે છે.

83માં જંઘાનું નિરૂપણ બાણના ભાથાં તરીકે કર્યું છે. દેવીના તીક્ષ્ણ નખોની વાત પણ કવિ કવિત્વમય રીતે કરે છે.

84માં  પુનઃ શ્રીમાનાં શ્રીચરણોની ભાવભરી નિરૂપણા છે.

શ્રીમાનાં ચરણપાદ્યને ભગવાન શિવજીની જટામાંથી નીકળતી ગંગા જેવું કહ્યું છે તો શ્રીમાનાં ચરણને લાગેલા અળતાની ચમક શ્રીહરિ વિષ્ણુના કેશમાં જડેલા લાલરંગના ચૂડામણિ જેવી છે.

ટૂંકમાં ચરણ અને ચરણામૃતના અપરંપાર મહિમાના ગાનથી 84મું પદ્ય દીપી ઊઠે છે. વિશેષ માહાત્મ્ય તો એટલે કે 'सर्वदेवनमस्कार केशवं प्रति गच्छति' જેને માટે એમ કહેવાય છે એ જ કેશવ-શ્રીકૃષ્ણ અથવા શ્રીવિષ્ણુ સ્વયં શ્રીમાનાં ચરણોમાં પ્રણામ કરે છે. એટલે અહીં વ્યતિરેકાલંકારધ્વનિ થયો છે. વળી શ્રીમા પ્રત્યેના કવિના રતિભાવની પણ સુપેરે અભિવ્યક્તિ થઈ છે.

85 મા પદ્યમાં શ્રીમાનાં શ્રીચરણોનું સુંદર નિરૂપણ કવિસમયને લક્ષિત કરીને કર્યું છે.

ચરમ સુંદરતાની મૂરત શ્રીમા ભગવતીનાં અળતાથી રંગાયેલાં ચરણો ઉદ્યાનના અશોકવૃક્ષ પર પ્રહાર કરે ત્યારે અશોક ખીલી ઊઠે છે તે જોઈ પશુપતિ મહાદેવને વૃક્ષની ઈર્ષા થાય તે સ્વાભાવિક છે. એમાં મહાદેવનો 'આ ચરણો મારા પર પણ પ્રહાર કરે' એવો સ્પૃહાભાવ વ્યંજિત થયો છે.

આથી 86મા પદ્યમાં કવિ મહાદેવ 'શ્રીમાનો ચરણપ્રહાર પામવા ગોત્રસ્ખલન (મિથ્યા નામોચ્ચારણ) કરે છે' તેનું વર્ણન કરે છે. અત્રે ઈષદ્ હાસ્યરસ પણ નિષ્પન્ન થાય છે.

અહીં સુધી શ્રીમાનાં ચરણોની સુંદરતાનું નિરૂપણ છે.

પદ્ય 87માં શ્રીમાનાં ચરણકમળનો પૂર્ણ મહિમા છે, જેમાં એ ચરણો ભક્તોને લક્ષ્મી પ્રદાન કરે છે એમ તેમના સામર્થ્યની વાત કરવામાં આવી છે.

88મા પદ્યમાં 'સજ્જનોએ તારાં કોમળ ચરણોને કાચબાની પીઠની ઉપમા શા માટે આપી હશે ? તેમ કવિએ કટાક્ષ પણ કર્યો છે.

89માં દેવાંગનાઓના હાથરૂપી કમળને બંધ કરવા ચન્દ્ર જેવાં શ્રીમાનાં ચરણોનું વ્યતિરેક, રૂપકાદિ અલંકારો દ્વારા નિરૂપણ છે. 90મા પદ્યમાં કવિ શંકરાચાર્ય શ્રીમાનાં ચરણોમાં પોતાનો જીવરૂપી ભ્રમર ડૂબી જાય તેવી અભીપ્સા સેવે છે.

91મું પદ્ય અત્યંત મનોહર છે. સંસ્કૃત ભાષાના કવિઓ ઉત્તમ નાયિકાની ચાલની તુલના હંસોની મનહર ચાલ સાથે કરતા હોય છે. મા ભગવતી 'સૌન્દર્યલહરી'ની ઉત્તમ નાયિકા છે અને વળી સાક્ષાત્ જગદંબા હોઈ તેઓ તો સર્વોત્તમ નાયિકા છે એટલે અત્રે શ્રીમાની ચાલનું = ગતિનું હંસો અનુકરણ કરે છે. જાણે શ્રીમા તેમને શિક્ષા આપે છે તેથી માનસરોવર સમીપમાં હોવા છતાં હંસો શ્રીમાને છોડતા નથી એવો વસ્તુધ્વનિ પણ અહીં પ્રાપ્ત થાય છે.

92મા પદ્યમાં દેવીના પલંગનું વર્ણન છે. જેમાં શિવ-શક્તિના સામરસ્યની વાત છે.

93માં દેવીના સંપૂર્ણ સૌન્દર્યનું અને અરુણા કરુણા અર્થાત્ કામેશ્વરીનું નિગરણમૂલક અતિશયોક્તિ દ્વારા વર્ણન છે.

94માં શૃંગારના કરંડિયાનું અને 95માં શ્રીમાની ચરણસપર્યાનું માહાત્મ્ય છે. શ્રીમાનાં દર્શન તો નિતાન્ત નિર્મળ ચિત્તવાળા સાધકને થાય છે અન્યથા દેવો તો સિદ્ધિ મેળવી પાછા ફરી જાય છે.

96માં કુરબકવૃક્ષને મિષે દેવીના પાતિવ્રત્યનું નિરૂપણ છે. 97માં પરબ્રહ્મની મહિષી તરીકે શ્રીમાનું વર્ણન, 98માં શ્રીમાનું ચરણામૃત જે બુદ્ધિનું પ્રદાન કરે છે, સાધકને કવિ બનાવે છે, તેનું નિરૂપણ છે. 99માં ભુક્તિ-મુક્તિનું અંતે મુક્તિનું માહાત્મ્ય વર્ણિત છે.

100માં ઉપસંહાર કરતાં શ્રી શંકરાચાર્ય નમ્રભાવે કહે છે કે પ્રસ્તુત રચના શ્રીમાની શક્તિથી જ થઈ છે બાકી તો જગત્જનની વિશે કશું પણ કહેવું તે સૂરજની દીવાની જ્યોતથી આરતી ઉતારવા જેવું છે.

અંતિમ ત્રણ પદ્યો પ્રક્ષિપ્ત મનાયાં છે (101 થી 103) જેમાં 101માં સૂર્યને શ્રીમાનું દર્પણ કહ્યો છે, 102માં દેવીની ઉપાસના કરનારા સાધકો શ્રીમાનું સાદૃશ્ય પામે છે એમ વર્ણન છે અને 103માં કવિ શ્રીમાનાં 'નિગમમાં' સ્થાન પ્રાપ્ત કરવા પ્રાર્થે છે.

આમ 'સૌન્દર્યલહરી' દ્વિતીય વિભાગમાં 42 થી 100 કે 103 પદ્યોમાં શ્રી શંકરાચાર્યે અમૃતમયી સંસ્કૃત ભાષામાં અદ્ભુત, મનોહર કાવ્ય રચ્યું છે. એ રીતે 'આનંદલહરી'નું (1 થી 41 પદ્યો) પણ વિશિષ્ટ સ્થાન છે જ. ટૂંકમાં સમગ્ર શતશ્લોકી કાવ્ય વિદ્વદ્જનો માટે જ્ઞાનવૃદ્ધિ કરનારું, સાધક ભક્તો માટે પથપ્રદર્શક તથા સહૃદયો માટે કવિતાના રસપાનસમું બની ગયું છે. ટૂંકમાં કાવ્ય અનોખી મુદાનો અનુભવ કરાવે છે.

શ્રી શંકરાચાર્યે પ્રસ્તુત કાવ્યમાં અલંકારોનો અનાયાસ પ્રયોગ કર્યો છે, જે કાવ્યના મુખ્ય ભાવ દેવાદિવિષયક રતિને પુરસ્કારે છે. રૂપગોસ્વામી અનુસાર આ કાવ્યમાં ભક્તિરસ માની શકાય પરંતુ પ્રાચીન કાવ્યશાસ્ત્ર અનુસાર પ્રસ્તુત કાવ્યમાં દેવીના સૌન્દર્યવર્ણનમાં શૃંગાર છે. જો કે તે પણ દેવી વિશેના પ્રધાન રતિભાવને ગૌણ છે. આનંદલહરીમાં ભક્તિભાવ અને અંતે મોક્ષની કામના હોવાથી શાન્તરસ પ્રતીત થાય છે. ગણેશ-કાર્તિકેયના નિરૂપણમાં હાસ્યરસ પણ વ્યક્ત થાય છે. વચ્ચે વચ્ચે હાસ, ક્રોધ, ગર્વ, વિસ્મય, ભય ઇત્યાદિ સંચારી ભાવોની પણ સુચારુ અભિવ્યક્તિ જોવા મળે છે.

આદિ શંકરાચાર્યે ઉપમાદિ સાદૃશ્યમૂલક અલંકારોનો પ્રયોગ વિશેષ પ્રમાણમાં કર્યો છે. સાથે સાથે અનુમાન, કાવ્યલિંગ ઇત્યાદિ તર્કન્યામૂલક અલંકારો અને પરિસંખ્યા જેવા વાકન્યાયમૂલક અને તદ્ગુણ ઇત્યાદિ લોકન્યાયમૂલક અલંકારોનો પણ સુરમ્ય પ્રયોગ કર્યો છે. રસાદિ, પ્રેય વગેરે અલંકારો પણ ખરા જ અને આ સર્વ અલંકારપ્રયોગ અત્યંત સહજ છે. આનંદવર્ધનના શબ્દોમાં કહીએ તો 'अपृथक्यत्ननिर्वर्त्य' અલંકારપ્રયોગ પ્રસ્તુત કાવ્યને ધ્વનિ = ઉત્તમ કાવ્ય સિદ્ધ કરે છે. પ્રસ્તુત કૃતિ

ધ્વનિકાવ્ય હોવાથી આપણે અત્રે ધ્વનિમાર્ગ અનુસાર કાવ્યના માધુર્યાદિ ગુણોની ચર્ચા કરી છે. એમ કહી શકાય કે શંકરાચાર્ય માધુર્ય ગુણ વિશેષ પ્રયોજે છે. જો કે ઓજસ્ ગુણના ચમકારા પણ દૃશ્યમાન્ થાય છે અને પ્રસાદગુણ તો મહદંશે સમગ્ર કાવ્યને આવરી લે છે તેમ કહીએ તો અતિશયોક્તિ નહીં જણાય.

આપણે પરિશિષ્ટમાં અલંકાર અને અલંકારધ્વનિનો પ્રયોગ 'સૌન્દર્યલહરી'નાં કયાં પદ્યોમાં થયો છે તેની તાલિકા પ્રસ્તુત કરી છે. વળી આ કાવ્યમાં નિરૂપિત અલંકારોનાં લક્ષણો મમ્મટ અને રુય્યક અનુસાર જિજ્ઞાસુઓ માટે અનુવાદ સાથે આપી એક બીજું પરિશિષ્ટ પણ યોજયું છે.

ત્રીજા પરિશિષ્ટમાં વ્યંજના, ધ્વનિ, ગુણ ઇત્યાદિનો પરિચય પણ આપ્યો છે.

અંતે ચતુર્થ પરિશિષ્ટમાં સંદર્ભગ્રંથોની યાદી આપી છે. વળી પ્રસ્તુત આલેખમાં જે સંસ્કૃત-અંગ્રેજી-હિન્દી સંપાદનો અને ટીકાનો ઉપયોગ કર્યો છે તેની પણ યાદી આપી છે.

આમ પરમકૃપાળુ મા ભગવતીની પરમ કૃપાથી સંપન્ન થયેલ પ્રસ્તુત કાર્ય તેમનાં જ શ્રીચરણોમાં અર્પણ કરી તેમને વંદન કરી વિરમીએ.

અસ્તુ, इति शिवम् ।

# પરિશિષ્ટ : 1 (અ)

## 'સૌન્દર્યલહરી'માં પ્રયુક્ત અલંકારો અને અલંકારધ્વનિ

| સૌન્દર્યલહરી પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 1. | સમાસોક્તિ, કાવ્યલિંગ દીપક | વ્યતિરેક અલંકારધ્વનિ(2) | મંગલશ્લોક |
| 2. | રૂપક, યમક | અધિકાલંકાર ધ્વનિ ભાવિક ધ્વનિ | |
| 3. | પરિણામ, ઉલ્લેખ, રૂપક, અનુપ્રાસ, અંત્યાનુપ્રાસ | – | માધુર્યગુણ |
| 4. | વ્યતિરેક, કાવ્યલિંગ | વિશેષોક્તિ અને સંદેહ સંકરધ્વનિ | હાસ્યરસ, ભક્તિરસ |
| 5. | અનુપ્રાસ | – | – |
| 6. | વિભાવના, યમક, | – | – |
| 7. | ઉપમા | વ્યતિરેકધ્વનિ | માધુર્યગુણ |
| 8. | ઉદાત્ત, રૂપક, યથાસંખ્ય, ઉદાત્ત અને ક્રમની સંસૃષ્ટિ | કાકુની વ્યંજના ભક્તની મહાનતારૂપ વ્યંગ્ય ઉદાત્ત અલંકાર વિશે ગુણીભૂત છે. | |
| 9. | યથાસંખ્ય, અનુપ્રાસ, | – | – |
| 10. | રૂપક, અનુપ્રાસ | – | – |
| 11. | યથાસંખ્ય | અનન્વયધ્વનિ | |
| 12. | વિરોધ, કાવ્યલિંગ, અસમ, વ્યતિરેક | | |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 13. | પ્રેયોલંકાર } બન્નેની<br>વિચિત્ર } સંસૃષ્ટિ | વસ્તુધ્વનિ,<br>વિભાવનાધ્વનિ | |
| 14. | રૂપક, યથાસંખ્ય | વ્યતિરેકધ્વનિ | |
| 15. | ઉપમા, રૂપક,<br>માલોપમા સંસૃષ્ટિ | વ્યતિરેકધ્વનિ<br>સમાધિધ્વનિ | |
| 16. | રૂપક, ઉપમાની સંસૃષ્ટિ<br>રૂપક, પરંપરિત રૂપક | – | |
| 17. | ઉપમા, રૂપક, અનુપ્રાસ | | વસ્તુધ્વનિ |
| 18. | બન્ને ઉપમાની સંસૃષ્ટિ,<br>વિતર્કાલંકાર | કાકુ વ્યંજના<br>વ્યતિરેકધ્વનિ | |
| 19. | રૂપક | – | |
| 20. | અનુપ્રાસ, ઉપમા,<br>ઉત્પ્રેક્ષા | ઉલ્લેખધ્વનિ | |
| 21. | ઉપમા, રૂપક<br>(બન્નેનો સંસૃષ્ટિ) | – | |
| 22. | સમાધિ, અનુપ્રાસ | વ્યતિરેકધ્વનિ | સતિ, સપ્તમીનો<br>કાવ્યાત્મક પ્રયોગ |
| 23. | ઉત્પ્રેક્ષા, કાવ્યલિંગ<br>(બન્નેની સંકર) | અપહ્નુતિધ્વનિ | – |
| 24. | યથાસંખ્ય, રૂપક, | વ્યતિરેકધ્વનિ | – |
| 25. | કાવ્યલિંગ<br>દ્વિતીય ઉદાત્ત<br>અનુપ્રાસો | – | – |
| 26. | – | વિશેષોક્તિ ધ્વનિ<br>વ્યતિરેકધ્વનિ | ભાવધ્વનિ<br>વસ્તુધ્વનિ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 27. | ઉલ્લેખ, રૂપક યથાસંખ્યનો સંકર અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ |
| 28. | વિચિત્ર | વિભાવના-વિશેષોક્તિ - સંકરનો વ્યંગ્ય | લક્ષણામૂલક ધ્વનિ |
| 29. | પ્રેયસ્, ઉદાત્ત | રસવદ્ અલંકારની વ્યંજના | વસ્તુધ્વનિ |
| 30. | ઉપમા | – | વસ્તુધ્વનિ |
| 31. | – | – | વસ્તુધ્વનિ |
| 32. | યથાસંખ્ય | – | વસ્તુધ્વનિ |
| 33. | સ્વાભાવોક્તિ, રૂપક ઋદ્ધિમત્ ઉદાત્ત, અનુપ્રાસ | વ્યતિરેકધ્વનિ | |
| 34. | પર્યાય | – | વસ્તુધ્વનિ |
| 35. | ઉલ્લેખ | અધિકધ્વનિ | વસ્તુધ્વનિ |
| 36. | વ્યતિરેક | – | – |
| 37. | ૪ ઉપમાલંકારોની સંસૃષ્ટિ, શ્લેષમૂલક ઉપમા, યમક | | વસ્તુધ્વનિ અને રતિ-ભાવધ્વનિ |
| 38. | રૂપક, ઉપમા, (બન્નેની સંસૃષ્ટિ), અપહ્નુતિ, અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ |
| 39. | વિરોધ, કાવ્યલિંગ | – | વસ્તુધ્વનિ |
| 40. | રૂપક, નિગરણમૂલક અતિશયોક્તિ | – | – |
| 41. | કાવ્યલિંગ | પરિણામધ્વનિ | ‘આનંદલહરી’ સમાપ્ત |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 42. (ભાગ-2) | ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ, સંદેહ (આ ત્રણેયનો સંદેહ સંકર) મિશ્રાલંકારો-પ્રથમા અતિશયોક્તિ ('લક્ષ્મીધરા') અનુપ્રાસ, રસવત્ | | વિસ્મયનો ભાવ |
| 43. | ઉપમા, વિરોધાભાસ, ઉત્પ્રેક્ષા, અનુપ્રાસ | વ્યતિરેકધ્વનિ | વિસ્મયનો ભાવ |
| 44. | ઉત્પ્રેક્ષા, રૂપક | – | જગદંબાવિષયક રતિભાવ અને વસ્તુધ્વનિ |
| 45. | સ્વભાવોક્તિ, ઉપમા, રૂપક, વ્યતિરેક, વક્રોક્તિ (સંકર) | તદ્‌ગુણ ધ્વનિ વિરોધધ્વનિ | વસ્તુધ્વનિ |
| 46. | ૨ ઉત્પ્રેક્ષાલંકારનો સંકર-ઉત્પ્રેક્ષા અતિશયોક્તિનો અંગાંગિભાવ સંકર | – | વસ્તુધ્વનિ |
| 47. | ઉપમા-રૂપકની સંસૃષ્ટિ | – | વસ્તુધ્વનિ |
| 48. | યથાસંખ્ય સ્વભાવોક્તિ | – | વસ્તુધ્વનિ, ગુણીભૂતવ્યંગ્ય |
| 49. | ઉલ્લેખ, પરિકર, શ્લેષ, ઉત્પ્રેક્ષા, પરિકરનો સંકર (અરુણામોદિની) | વ્યતિરેકધ્વનિ | – |

**સૌન્દર્યલહરી**

| **પદ્યક્રમાંક** | **અલંકાર** | **અલંકારધ્વનિ** | **વિશેષ** |
|---|---|---|---|
| 50. | ઉપમા, ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, | અપહ્નુતિધ્વનિ (અરુણામોદિની અનુસાર, P. 43 ) | ઈર્ષારૂપી વ્યભિચારી ભાવ |
| | અપહ્નુતિ, રૂપક | | ઉત્સુક્તાનો ભાવ |
| | ગમ્યા હેતૂત્પ્રેક્ષા, રૂપક | – | વસ્તુધ્વનિ |
| 51. | વિરોધાભાસ ઉલ્લેખ | – | રતિ, વિસ્મય, રોષ, ભાવો શૃંગારાદિ આઠ રસો |
| 52. | નિદર્શના, ઉપમા | વ્યતિરેકધ્વનિ | વસ્તુધ્વનિ |
| 53. | ઉત્પ્રેક્ષા, વ્યતિરેક (ગોપાલસુંદરી) | – | વિસ્મયનો ભાવ |
| 54. | ઉત્પ્રેક્ષા અનુપ્રાસ | – | દેવાદિવિષયક રતિભાવધ્વનિ |
| 55. | ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ સ્વભાવોક્તિ | | વાત્સલ્યભાવધ્વનિ વસ્તુધ્વનિ |
| 56. | ઉત્પ્રેક્ષા } સંસૃષ્ટિ<br>અતિશયોક્તિ } | કાવ્યલિંગધ્વનિ વ્યતિરેકધ્વનિ | 'અપર્ણા' શબ્દપ્રયોગ |
| 57. | ઉપમા, અનુપ્રાસ, અર્થાન્તરન્યાસ | – | વસ્તુધ્વનિ |
| 58. | ભ્રાંતિમાન્, સંદેહ (બન્નેનો અંગાંગિભાવ સંકર) | અપહ્નુતિધ્વનિ | – |
| 59. | ઉત્પ્રેક્ષા, કાવ્યલિંગ અતિશયોક્તિ, દીપક અપહ્નુતિ | વ્યતિરેકાલંકાર ધ્વનિ | વસ્તુધ્વનિ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 60. | ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, અનુપ્રાસ, કારણમાલા, યમક | – | વસ્તુધ્વનિ |
| 61. | રૂપક, અર્થાપત્તિ, અનુપ્રાસો, અપહ્નુતિ, અનુમાન, શ્લેષ, ઉત્પ્રેક્ષા | | – |
| 62. | દ્વિતીયા અતિશયોક્તિ અને અસંબન્ધે સંબન્ધરૂપાની સંસૃષ્ટિ | વ્યતિરેકધ્વનિ<br>અનન્વયધ્વનિ | –<br>– |
| 63. | રૂપક, ભ્રાંતિમાન્, અનુપ્રાસ, અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ ઉત્પ્રેક્ષા | વ્યતિરેકધ્વનિ, | વિસ્મયનો ભાવ |
| 64. | ઉપમા, તદ્‌ગુણ (બે) અસંબન્ધે સંબન્ધરૂપા અતિશયોક્તિ - (અરુણામોદિની) | – | વસ્તુધ્વનિ |
| 65. | સ્વભાવોક્તિ, અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ |
| 66. | અનુપ્રાસ, અતિશયોક્તિ સ્વભાવોક્તિ | વ્યતિરેકધ્વનિ | સરસ્વતીના લજ્જાભાવની વ્યંજના |
| 67. | રૂપક | અનન્વયધ્વનિ | અદ્‌ભુત તત્ત્વરૂપ વસ્તુધ્વનિ, દેવતાવિષયક રતિભાવ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 68. | રૂપક, ઉપમા, નિદર્શના, અપહ્નુતિ, તદ્‌ગુણ | – | વિસ્મયરૂપભાવ, રોમાંચરૂપી સાત્ત્વિકભાવ, વસ્તુધ્વનિ |
| 69. | ઉપમા, અનુમાન, ઉત્પ્રેક્ષા, રૂપક (આની સંસૃષ્ટિ) અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ (૨) |
| 70. | ઉપમા, કાવ્યલિંગ અને પરિસંખ્યાનો સંકર, અનુપ્રાસ પુનરુક્તવદાભાસ (અર્થ પૌનરુક્ત્ય, શબ્દપૌનરુક્ત્ય) (આનન્દલહરી ટીકા, P. 145) | ઉત્પ્રેક્ષાધ્વનિ | વસ્તુધ્વનિ, ભયાનકરસ, ત્રાસરૂપી વ્યભિચારી |
| 71. | દ્વિતીય અતિશયોક્તિ ('यदि' અર્થવાળી) ઉપમા અને વ્યતિરેક (સંસૃષ્ટિ) તદ્‌ગુણ (બે), સંભાવના (સૌભાગ્યવર્ધિની), અનુપ્રાસ | અસમધ્વનિ | વસ્તુધ્વનિ, હર્ષ, આશ્ચર્ય રૂપી વ્યભિચારી ભાવો, પ્રસાદગુણ |
| 72. | ભ્રાંતિમાન્ | અતિશયોક્તિધ્વનિ, ઉપમેયોપમાધ્વનિ | હાસ્યરસ વસ્તુધ્વનિ |
| 73. | રૂપક, નિશ્ચયાન્ત સંદેહ, વાક્યાર્થહેતુ કાવ્યલિંગ, અનુમાન, ઉત્પ્રેક્ષા | વ્યતિરેકધ્વનિ | વસ્તુધ્વનિ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 74. | ઉત્પ્રેક્ષા, તદ્‌ગુણ ઉત્પ્રેક્ષા, તદ્‌ગુણ (બન્નેનો સંકર) અનુપ્રાસ | – | શિવજીનો પ્રભાવાતિશય, શ્રીમાનોં પાતિ-વ્રત્યભાવ વસ્તુધ્વનિ |
| 75. | ઉત્પ્રેક્ષા (૨) વાક્યાર્થહેતુ કાવ્યલિંગપ્રણીત ઉત્પ્રેક્ષા (અરુણામોદિની) | – | કૃપાની વસ્તુવ્યંજના આખ્યાયિકાનું સૂચન |
| 76. | ગમ્ય અપહ્નુતિ, ઉત્પ્રેક્ષા ભ્રાંતિમાન્, અતિશયોક્તિ, નિશ્ચયાન્તસંદેહ, અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ દેવાદિવિષયક રતિભાવ, શાંતરસ |
| 77. | ઉત્પ્રેક્ષા. રૂપક, નિદર્શના, ઉપમા, નિદર્શના અને ઉત્પ્રેક્ષાની સંસૃષ્ટિ | – | વસ્તુવ્યંગ્ય |
| 78. | ઉલ્લેખ, ઉપમા, રૂપક સંકર, પરંપરિતરૂપકની છાયા, અનુપ્રાસ | – | – |
| 79. | ઉપમા | – | કવિ પ્રૌઢોક્તિ-સિદ્ધ ધ્વનિ, આશ્ચર્યભાવ, હાસ્યરસ, કેડના અતિસૂક્ષ્મત્વની અભિવ્યક્તિ |
| 80. | ક્રિયોત્પ્રેક્ષા અતિશયોક્તિ | સમાસોક્તિધ્વનિ | વસ્તુધ્વનિ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 81. | ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ વ્યતિરેક | – | વસ્તુધ્વનિ |
| 82. | વ્યતિરેક અલંકારોની સંસૃષ્ટિ, ઉપમા (‘લક્ષ્મીધરા’ પ્રમાણે) | – | સૌન્દર્યરૂપ વસ્તુની વ્યંજના |
| 83. | ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ, અતિશયોક્તિ, પદાર્થહેતુ કાવ્યલિંગ | અતિશયોક્તિ-અલંકારધ્વનિ | કવિપ્રૌઢોક્તિસિદ્ધ વસ્તુધ્વનિ |
| 84. | ઉત્પ્રેક્ષા, ઉપમાની સંસૃષ્ટિ, રૂપક (‘લક્ષ્મીધરા’) સ્વભાવોક્તિ | તદ્‌ગુણ અલંકારધ્વનિ વ્યતિરેકધ્વનિ | વસ્તુધ્વનિ |
| 85. | વક્રોક્તિ, અતિશયોક્તિ | સમાસોક્તિધ્વનિ | કવિસમય ઈર્ષાભાવની અભિવ્યક્તિ |
| 86. | અર્થાપત્તિ, અતિશયોક્તિ ઉત્પ્રેક્ષાનો(સંકર), અપહ્નુતિ | – | કવિ પ્રૌઢોક્તિ-સિદ્ધ વસ્તુધ્વનિ, ક્રોધભાવ, લજ્જા, ગર્વરૂપી વ્યભિચારી ભાવો |
| 87. | વ્યતિરેક, અનુપ્રાસ | અતિશયોક્તિ ધ્વનિ | વસ્તુધ્વનિ માધુર્યગુણ |
| 88. | અતિશયોક્તિ, અનુપ્રાસની સંસૃષ્ટિ આક્ષેપ | અનન્વયધ્વનિ | વસ્તુધ્વનિ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 89. | વ્યતિરેક, રૂપક, શ્લેષાનુપ્રાણિત વ્યતિરેક (‘લક્ષ્મીધરા’) અનુપ્રાસ, ઉત્પ્રેક્ષા, સમાસોક્તિ | વ્યતિરેકધ્વનિ | હાસનો ભાવ સમાન્તરે ધ્વન્યાલોકનો મંગલશ્લોક આસ્વાદ્ય |
| 90. | અતિશયોક્તિ ઉપમા, પરિણામ, રૂપકની સંસૃષ્ટિ અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ, માધુર્ય અને પ્રસાદ ગુણ |
| 91. | ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિનો અંગાંગિભાવ સંકર, અપહ્નુતિ, અનુપ્રાસ | સમાસોક્તિધ્વનિ | વસ્તુધ્વનિ |
| 92 | રૂપક, ઉત્પ્રેક્ષા, તદ્‌ગુણ | – | વસ્તુધ્વનિ |
| 93. | ઉલ્લેખ, ઉપમાની સંસૃષ્ટિ નિગરણમૂલા અતિશયોક્તિ, વિરોધાલંકાર | – | વસ્તુધ્વનિ |
| 94. | રૂપકાનુપ્રાણિત ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિ, માલા અપહ્નુતિ, ગમ્ય ઉત્પ્રેક્ષા, અનુપ્રાસ | | ગૂઢવ્યંગ્ય વસ્તુવ્યંગ્ય |
| 95. | | વ્યતિરેકધ્વનિ | આશ્ચર્યનો ભાવ |
| 96. | પરિસંખ્યા | – | કવિસમય કુરબકનું દોહદ આશ્ચર્યભાવ વસ્તુધ્વનિ |
| 97. | ઉલ્લેખાનુપ્રાણિત રૂપક | – | વસ્તુધ્વનિ |

**સૌન્દર્યલહરી**

| પદ્યક્રમાંક | અલંકાર | અલંકારધ્વનિ | વિશેષ |
|---|---|---|---|
| 98. | ઉત્પ્રેક્ષા, અતિશયોક્તિનો સંકર, અનુપ્રાસ, રૂપક, કાવ્યલિંગ, પ્રેયોલંકાર | – | ચિંતારૂપી વ્યભિચારી |
| 99. | – | વ્યતિરેકધ્વનિ | વસ્તુધ્વનિ |
| 100. | પ્રતિવસ્તૂપમા, દૃષ્ટાંત } (સંસૃષ્ટિ) અનુપ્રાસ | – | શાન્તરસ |
| 101. | રૂપક, ઉત્પ્રેક્ષા, રૂપક અને ઉપમાનો સંકર, અનુપ્રાસ | | વસ્તુધ્વનિ નમ્રતારૂપ વ્યભિચારી |
| 102. | ભ્રાંતિમાન્ | – | વસ્તુધ્વનિ |
| 103. | માલાદીપક, અનુપ્રાસ | – | વસ્તુધ્વનિ |

# પરિશિષ્ટ : 1 (બ)

## 'સૌન્દર્યલહરી'માં પ્રયુક્ત અલંકારો
## અકારાદિ ક્રમ પ્રમાણે

| ક્રમાંક | અલંકાર | સૌન્દર્યલહરી પદ્યક્રમાંક |
|---|---|---|
| 1. | અંત્યાનુપ્રાસ | 3 |
| 2. | અનુપ્રાસ | 9, 10, 17, 20, 22, 25, 27, 33, 38, 42, 43, 54, 57, 58, 60, 61, 63, 65, 66, 69, 70, 71, 74, 76, 78, 87, 88, 89, 90, 93, 94, 98, 100, 101, 103, |
| 3. | અતિશયોક્તિ | 40, 42, 56, 50, |
| | (નિગરણમૂલા) | 56, 59, 60, 91 |
| | અસંબન્ધ સંબન્ધે-(અરુણામોદિની) | 62-64, 63, 66, 81, 86, 94 |
| | દ્વિતીયા = યદિ | 71, 88, 90 |
| | અર્થવાળી અતિશયોક્તિ | |
| | નિગરણમૂલક | 76, 83 |
| | સંબન્ધે અસંબન્ધમૂલા | 80 |
| | અભેદાધ્યવસાયરૂપ | 81, 93 |
| | ઉત્પ્રેક્ષા સાથે સંકર | 98 |
| 4. | અનુમાન | 61, 69, 73 |
| 5. | અપહ્નુતિ, | 38, 42, 50, 55, 56 (સૌભાગ્યવર્ધિની), 59, 61, 68 76, 83, 86 |
| | ગમ્યા | 76 |
| | માલા અપહ્નુતિ | 94 |
| 6. | અર્થાન્તરન્યાસ | 57 |
| 7. | અર્થાપત્તિ | 61, 85, 86 |

| ક્રમાંક | અલંકાર | સૌન્દર્યલહરી પદ્યક્રમાંક |
|---|---|---|
| 8. | અસમ | 12 |
| 9. | આક્ષેપ | 88 |
| 10. | ઉત્પ્રેક્ષા | 20, 23, 42, 43, 44, 46, 49, 50 |
| 11. | ગમ્ય હેતૂત્પ્રેક્ષા | 50, 53, 54, 55, 56, 59, 61, 63 |
| | ગમ્ય | 63, 68, 69, 94 |
| | ક્રિયોત્પ્રેક્ષા | 80, 83, 84 (રૂપકાનુપ્રાણિત), 91, 92, 98 |
| | સંભાવના (સૌભાગ્યવર્ધિની) | 71, 73 |
| | ભાવિકાનુપ્રાણિત ઉત્પ્રેક્ષા (અરુણામોદિની) | 74, 75, 76, 77, 80, 89 |
| | ઉત્પ્રેક્ષા | 81, 98 |
| 12. | ઉદાત્ત (દ્વિતીય) (ઋદ્ધિમત્ વર્ણન) | 25, 29, 33 |
| 13. | ઉપમા | 7, 15 |
| | માલોપમા | 15 |
| | ઉપમા (૨) | 18, 20 |
| | ઉપમા | 21, 30, 37, 38, 43, 45, 47 |
| | ઉપમા - | 50, 51, 57 |
| | ઉપમા (૨) | 64, 68, 69 |
| | ઉપમા - | 70, 71, 77, 78, 79, 82 ('લક્ષ્મીધરા' પ્રમાણે) 84, 90, 93, 101 |
| 14. | ઉલ્લેખ | 3, 27, 35, 49, 51, 78, 93 |
| | ઉલ્લેખાનુપ્રાણિત રૂપક | 97 |
| 15. | કારણમાલા | 60, |
| 16. | કાવ્યલિંગ | 1, 4, 23, 25, 39, 41, 59, 70 |
| | વાક્યાર્થ હેતુ કાવ્યલિંગ | 73 |
| | વાક્યાર્થ હેતુ કાવ્યલિંગ-પ્રણીત ઉલ્લેખ | 75 |
| | પદાર્થહેતુ કાવ્યલિંગ | 83, 98 |

| ક્રમાંક | અલંકાર | સૌન્દર્યલહરી પદ્યક્રમાંક |
|---|---|---|
| 17. | તદ્‌ગુણ | 64, 68 |
| | તદ્‌ગુણ (બે) | 71, |
| | તદ્‌ગુણ | 74, 92 |
| 18. | દીપક | 1, 59 (અરુણામોદિની) |
| | માલાદીપક | 103 |
| 19. | દૃષ્ટાંત | 100 |
| 20. | નિદર્શના | 52, 68, 71 |
| 21. | પરિકર | 49 |
| 22. | પરિણામ | 3, 90 |
| 23. | પરિસંખ્યા | 70, 96 |
| 24. | પર્યાય | 34 |
| 25. | પુનરુક્તવદાભાસ<br>શબ્દ અને અર્થપૌનરુક્ત્ય<br>(આનન્દલહરી ટીકા, P. 145) | 70 |
| 26. | પ્રતિવસ્તૂપમા | 100 |
| 27. | પ્રેયોલંકાર | 13, 29, 98 |
| 28. | ભ્રાંતિમાન્ | 58, 63 |
| | ઉત્પ્રેક્ષાનુપ્રાણિત ભ્રાંતિમાન્ | 63, 72, 76, 102 |
| 29. | યથાસંખ્ય | 8, 9, 11, 14, 24, 27, 32, 48 |
| 30. | યમક | 2, 6, 37, 60 |
| 31. | રસવત્ | 42 |
| | રૂપક | 2, 3, 8, 10, 14, 15, 16, 33 |
| | પરંપરિત રૂપક | 16, 17, 19, 21, 24, 33 |
| | રૂપક | 38, 40, 44, 45, 48, 50 |
| | રૂપક (૨) | 61 |

| ક્રમાંક | અલંકાર | સૌન્દર્યલહરી પદ્યક્રમાંક |
|---|---|---|
| | રૂપક | 63, 67, 68, 69, 73 |
| | રૂપક | 77, 78, 101 |
| | પરંપરિત રૂપકની છાયા | 84, ('લક્ષ્મીધરા') |
| | રૂપક | 89, 90, 92, 98 |
| 33. | વક્રોક્તિ | 45, 80 |
| 34. | વિચિત્ર | 13, 28 |
| 35. | વિતર્કાલંકાર | 18 |
| 36. | વિભાવના | 6 |
| 37. | વિરોધ | 12, 39, 43, 51, 93 |
| 38. | વ્યતિરેક | 4, 12, 36, 45, 51 (ગોપાલસુંદરી) 71 |
| | વ્યતિરેક (2) | 81, 82, 87 |
| | શ્લેષાનુપ્રાણીત ('લક્ષ્મીધરા') | 89 |
| 39. | શ્લેષ | 49, 61 (આનંદગિરીયા) |
| | શ્લેષમૂલક ઉપમા | 37 |
| 40. | સંકર | |
| | (ઉત્પ્રેક્ષા અને કાવ્યલિંગનો) | 23 |
| | ઉલ્લેખ, રૂપક, યથાસંખ્યનો | 27 |
| | ઉપમા, વ્યતિરેક, રૂપક | 45 |
| | બે ઉત્પ્રેક્ષાનો અને અતિશયોક્તિ સાથેનો અંગાંગિભાવ | 46 |
| | ઉત્પ્રેક્ષા અને પરિકરનો | 47 |
| | ભ્રાંતિમાન્ } અંગાંગિભાવ<br>સંદેહનો } સંકર | 58 |
| | ઉપમા-રૂપકનો | 78 |
| | અતિશયોક્તિ-ઉત્પ્રેક્ષાનો | 86 |
| | સંકર-ઉત્પ્રેક્ષા અતિશયોક્તિ | 98 |
| | રૂપક - ઉપમા | 101 |

| ક્રમાંક | અલંકાર | સૌન્દર્યલહરી પદ્યક્રમાંક |
|---|---|---|
| 41. | સંદેહ | 42, 58 |
| | નિશ્ચયાન્ત સંદેહ | 73, 76 |
| 42. | સંદેહ સંકર – | 42 |
| | ઉત્પ્રેક્ષા, અપહ્નુતિ અને સંદેહ | |
| | રૂપક + પરિણામ | |
| | અંગાંગિભાવ સંકર | |
| 43. | સંસૃષ્ટિ – | |
| | ઉદાત્ત અને ક્રમની | 8 |
| | પ્રેયોલંકાર - વિચિત્ર | 13 |
| | ઉપમા - માલોપમા | 15 |
| | રૂપક - ઉપમા | 16 |
| | ઉપમા (2) | 18 |
| | ઉપમા - રૂપકની | 20, 47 |
| | 4 ઉપમાલંકારોની સંસૃષ્ટિ | 37 |
| | રૂપક અને ઉપમાની | 38 |
| | ઉત્પ્રેક્ષા - અતિશયોક્તિ | 56 |
| | દ્વિતીયા અતિશયોક્તિ અને | 62 |
| | અસંબન્ધે સંબન્ધમૂલાની | |
| | ઉપમા, અનુમાન, ઉત્પ્રેક્ષા, રૂપકની | 69 |
| | કાવ્યલિંગ અને પરિસંખ્યા | 70 |
| | ઉપમા - વ્યતિરેકની | 71 |
| | તદ્‌ગુણ (2)ની | 71 |
| | ઉત્પ્રેક્ષા અને તદ્‌ગુણની | 74 |
| | નિદર્શના અને ઉત્પ્રેક્ષાની | 77 |
| | બે વ્યતિરેકની | 82 |
| | ઉત્પ્રેક્ષા અને ઉપમાની | 84 |
| | અતિશયોક્તિ અને અનુપ્રાસ | 88 |
| | અતિશયોક્તિ, ઉપમા, | 90 |
| | પરિણામ, રૂપક (અંગાંગિભાવ) | |
| | ઉત્પેક્ષા અને અતિશયોક્તિ | 91 |
| | ઉલ્લેખ અને ઉપમા | 93 |

| ક્રમાંક | અલંકાર | સૌન્દર્યલહરી પદ્યક્રમાંક |
|---|---|---|
| | અતિશયોક્તિ, અપહ્નુતિ | 94 |
| | અને ઉત્પ્રેક્ષાની અંગાંગિભાવ રૂપ સંસૃષ્ટિ | 94 |
| | પ્રતિવસ્તૂપમા અને દૃષ્ટાંત | 100 |
| 44. | સમાધિ | 22 |
| 45. | સમાસોક્તિ | 1, 89 |
| 46. | સ્વભાવોક્તિ | 33, 45, 48, 55, 65, 66, 84 |

# પરિશિષ્ટ : 2

**'સૌન્દર્યલહરી'માં પ્રયુક્ત અલંકારોનાં લક્ષણો**

'સૌન્દર્યલહરી'માં આદિ શંકરાચાર્યે વિવિધ અલંકારોનો પ્રયોગ કર્યો છે. ઉપમા, રૂપક જેવા પ્રસિદ્ધ અલંકારોથી સૌ વાકેફ હોય, છતાં સંસ્કૃત કાવ્યશાસ્ત્રીઓએ કવિઓએ પ્રયુક્ત કરેલા અન્ય અલંકારોનાં પણ લક્ષણો નિરૂપ્યાં છે. અલંકારપ્રયોગ પારિભાષિક છે તેથી જિજ્ઞાસુઓ માટે અત્રે મૂળ સંસ્કૃતમાં લક્ષણો, તેનો અનુવાદ અને આવશ્યક જણાય ત્યાં સમજૂતી પણ આપવામાં આવી છે. જેથી જે, તે અલંકારોનું સ્વરૂપ સુપેરે આત્મસાત્ થાય. રુય્યકની શૈલી સૂત્રાત્મક હોવાથી રુય્યકના ગ્રંથને આધારે અલંકાર-લક્ષણો વિશેષ પ્રમાણમાં આપવામાં આવ્યાં છે.

પરિશિષ્ટ : 3 માં અલંકારશાસ્ત્રની ખાસ કરીને રસધ્વનિવ્યંજના સિદ્ધાંતની પરિભાષાઓ સમજાવવામાં આવશે તેમાં 'અલંકાર' શબ્દના બન્ને અર્થોની સમજૂતી આપવામાં આવશે. અહીં આપણે એટલું નોંધીએ કે પ્રસ્તુત અલંકારો શબ્દાર્થના અલંકારો છે અને કાવ્યશાસ્ત્રની પરિભાષામાં તે કાવ્યના શોભાકર ધર્મો છે. શબ્દ અને અર્થનું સૌન્દર્ય તેમાં નિહિત છે.

(1) **અંત્યાનુપ્રાસ –** આ શબ્દાલંકારનો એક પ્રકાર છે. અનુપ્રાસનો પ્રકાર. આમાં પદ્યની પંક્તિના અંતે સમાન વર્ણોની આવૃત્તિ રચવામાં આવે છે. અનુપ્રાસના લક્ષણ દ્વારા વિશેષ સ્પષ્ટતા કરીએ.

(2) **અનુપ્રાસ –** वर्णसाम्यमनुप्रासः । का० प्र० 9/79 (सू. 103) વર્ણોનું સામ્ય તે અનુપ્રાસ. સ્વર જુદા હોય પણ વ્યંજન સમાન હોય તો તે અનુપ્રાસ કહેવાય.

(આ બન્ને શબ્દાલંકારો છે.)

(3) **અતિશયોક્તિ –** આ સાદૃશ્યમૂલક અભેદપ્રધાન અધ્યવસાયમૂલક અલંકાર છે. અત્રે રુય્યકે આનું સામાન્ય લક્ષણ આપ્યું હોઈ એનું નિરૂપણ કરીએ.

अध्यवसितप्राधान्ये त्वतिशयोक्तिः ॥ अलं. स. सूत्र - २३ ॥

અર્થાત્ અધ્યવસિત (= વિષયી = ઉપમાન)ના પ્રાધાન્યમાં અતિશયોક્તિ થાય છે.

અતિશયોક્તિમાં વિષયી-ઉપમાન દ્વારા વિષય-ઉપમેયનું અન્તઃનિગરણ (વિષયીનું વિષયને પોતાની અંદર ગળી જવું) કરવામાં આવે છે. ત્યારે અધ્યવસાયના સ્વરૂપની નિષ્પત્તિ થાય છે. નિગરણ સાધ્ય હોય તો સ્વરૂપનું (અધ્યવસાયનું) પ્રાધાન્ય રહે જે ઉત્પ્રેક્ષામાં હોય છે. નિગરણ સિદ્ધ હોય અને સિદ્ધત્વ હોય (નિગરણનું) તો અધ્યવસિત વિષયી = ઉપમાનનું પ્રાધાન્ય રહે છે.

અતિશયોક્તિના ભેદો ટૂંકમાં નોંધીએ, કારણ કે સૌન્દર્યલહરીમાં આ પાંચમાંથી ચાર ભેદોનું નિરૂપણ વિવિધ પદ્યોમાં પ્રાપ્ત થાય છે. (1) ભેદમાં અભેદ (ઉપમેય-ઉપમાનનો અભેદ) (2) અભેદમાં

ભેદ - આ કંઈ અન્ય જ છે એમ કહીને (3) સંબન્ધમાં અસંબન્ધ (4) અસંબન્ધમાં સંબન્ધ (यदि શબ્દ દ્વારા) આને यद्यर्थोक्तौ च-યદિ અર્થવાળી અતિશયોક્તિ પણ કહે છે. (5) કાર્યકારણમૂલક અતિશયોક્તિ.

**(4) અનુમાન –** પ્રસ્તુત અલંકાર તર્કન્યાયમૂલક છે.

साध्यसाधननिर्देशोऽनुमानम् ॥ अलं. स. सूत्र ५९ ॥

સાધ્યની સિદ્ધિ માટે સાધનનો નિર્દેશ કરવામાં આવે તો અનુમાન અલંકાર થાય છે.

આમાં કવિકલ્પનાશ્રિત ચમત્કાર હોવો અનિવાર્ય છે, નહીં તો કેવળ તર્કાનુમાન બની રહે.

**(5) અપહ્નુતિ** - અપહ્નુતિ અભેદપ્રધાન સાદૃશ્યમૂલક અલંકાર છે.

प्रकृतं यन्निषिध्यान्यत्साध्यते सात्वपह्नुति ॥ (का. प्र. १०/९६)

પ્રકૃતનો (= ઉપમેયનો) નિષેધ કરીને અન્ય (ઉપમાનની) સ્થાપના કરવામાં આવે તે અપહ્નુતિ અલંકાર છે. રુય્યક વિષય - ઉપમેયના અપહ્નવમાં અપહ્નુતિ માને છે. (अलं. स. सूत्र. ७/२१)

આના ગમ્યા, માલા ઇત્યાદિ પ્રકારો છે.

(વિશેષ માટે જુઓ - આ લખનારનો અપ્રકાશિત મહાનિબંધ)

**(6) અર્થાન્તરન્યાસ –** અર્થાન્તરન્યાસ અલંકાર ગમ્ય ઔપમ્યમૂલક અલંકારોના વર્ગની અંતર્ગત સમાવિષ્ટ થાય છે. રુય્યકની પરિભાષા સૂત્રાત્મક હોઈ અત્રે अलं. स. નું લક્ષણ પ્રસ્તુત છે.

सामान्यविशेषकार्यकारणभावाभ्यां निर्दिष्टप्रकृतसमर्थनमर्थान्तरन्यासः ॥ अलं. स. सूत्र. ३६ ॥

નિર્દિષ્ટ (= શબ્દતઃ કથિત) પ્રકૃત અર્થનું સમર્થન સામાન્યવિશેષભાવ અને કાર્યકારણભાવ દ્વારા થાય તો તેને અર્થાન્તરન્યાસ કહે છે.

પ્રકૃત અર્થાત્ વર્ણનીય અર્થ તેનું સમર્થન પહેલાં કે પછી શબ્દતઃ નિર્દેશ કરીને - સમર્થન કરવામાં આવે તેને અર્થાન્તરન્યાસ કહે છે. મમ્મટ કહે છે તેમ આ સમર્થન સાધર્મ્ય કે વૈધર્મ્યને કારણે થતું હોય છે. (का. प्र. 10/109)

**(7) અર્થાપત્તિ –** પ્રસ્તુત અલંકાર વાક્ય (અર્થાત્ મીમાંસાના) ન્યાયમૂલક છે. સંભવતઃ આ અલંકારના ઉદ્ભાવક આચાર્ય રુય્યક છે.

दण्डापूपिकयार्थान्तरापतनमर्थापत्तिः ॥ अलं. स. सूत्र. ६४ ॥

દંડાપૂપિકા (દંડ અને પૂડાનો ભાવ) એ ન્યાય દ્વારા અન્ય અર્થની આપત્તિ (સિદ્ધિ) તે અર્થાપત્તિ અલંકાર કહેવાય છે.

દંડાપૂપિકા શબ્દનો અર્થ એ છે કે મૂષકે (= ઉંદરે) દંડ ખાધો છે એટલે તેમાં લટકાવેલ અપૂપ એટલે પૂડો ખાધો હોય એ સ્વયંસિદ્ધ છે. આમ દંડભક્ષણથી અપૂપભક્ષણ આપોઆપ સિદ્ધ થઈ જાય છે તેમ કોઈ અર્થની સિદ્ધિ થવાથી સ્થિતિસામ્યના આધારે અન્ય અર્થની પણ જ્યાં સિદ્ધિ થાય ત્યાં અર્થાપત્તિ અલંકાર થાય છે.

**(8) અસમ –** અસમ સાદૃશ્યમૂલક અલંકાર છે. અનન્વયને મળતો છે. ઉપમેય જેવું બીજું કશું જ હશે નહિ એવો નિષેધ કરવામાં આવે ત્યારે અસમ અલંકાર થાય છે.

શોભાકરમિત્ર અને જગન્નાથ અસમને સ્વીકારે છે. જગન્નાથનું લક્ષણ જોઈએ.

सर्वथैवोपमा निषेधोऽसमाख्योऽलङ्कारः । (र-गं, भाग : २, P. 433)

જેમાં સંપૂર્ણપણે ઉપમાનો (સાદૃશ્યનો) નિષેધ થાય તે અસમ નામનો અલંકાર છે.

જગન્નાથના મતે આ અલંકાર અનન્વયમાં વ્યંગ્ય રહે છે. પણ વાચ્ય બને ત્યારે સ્વતંત્ર રીતે ચમત્કાર ઉત્પન્ન કરી શકે છે.

**(9) આક્ષેપ –** આક્ષેપ સાદૃશ્યમૂલક ગમ્યૌપમ્યમૂલક અલંકારોની અંતર્ગત સમાવિષ્ટ થાય છે.

મમ્મટનું લક્ષણ જોઈએ.

निषेधो वक्तुमिष्टस्य यो विशेषोभिधित्सया ।
वक्ष्यमाणोक्तविषयः स आक्षेपो द्विधा मतः ॥ (का. प्र. १०/१०६.१०७)

જે કહેવાને ઇચ્છયું હોય તેનો વિશેષ (વિશેષતા) કહેવા માટે નિષેધ કરવો તે આક્ષેપ અલંકાર છે. એના (1) વક્ષ્યમાણ - કહેવાનું હોય તેનો (2) અને ઉક્તવિષય - કહેવાઈ ગયું હોય તેનો નિષેધ - એમ બે પ્રકાર છે.

આમાંનો નિષેધ વાસ્તવિક નથી, કવિકલ્પિત છે. એનો જ ચમત્કાર છે.

**(10) ઉત્પ્રેક્ષા –** ઉત્પ્રેક્ષા અભેદપ્રધાન અધ્યવસાયમૂલક અલંકારોની અંતર્ગત સમાવિષ્ટ થાય છે.

सम्भावनमथोत्प्रेक्षा प्रकृतस्य समेन यत् । (का. प्र-१०/९२ A)

પ્રકૃત અર્થાત્ વર્ણ્ય (= ઉપમેય) વસ્તુની એના જેવી જ કોઈ બીજી વસ્તુ (= ઉપમાન) તરીકે સંભાવના કરવી તે ઉત્પ્રેક્ષા.

મમ્મટ આને સંભાવનામૂલક ગણે છે જ્યારે રુય્યક અધ્યવસાનમૂલક અલંકાર માને છે.

अध्यवसाये व्यापारप्राधान्ये उत्प्रेक्षा ॥ अलं. स. सूत्र. २२ ॥

અધ્યવસાયમાં જો વ્યાપારની પ્રધાનતા હોય તો ઉત્પ્રેક્ષા અલંકાર થાય છે. અહીં સાધ્યાધ્યવસાય હોય છે.

ઉત્પ્રેક્ષાના જાતિ, ક્રિયા, ગુણ અને દ્રવ્ય મુખ્ય ચાર પ્રકારો છે. ઉપરાંત પદાર્થના હેતુરૂપ હેતૂત્પ્રેક્ષા, ફલોત્પ્રેક્ષા, ગમ્યોત્પ્રેક્ષા ઇત્યાદિ અનેક ભેદો છે. રુય્યકાનુસાર ૯૬ ભેદો થવા જાય છે.

**(11) ઉદાત્ત –** ઉદાત્ત ગૂઢાર્થપ્રતીતિમૂલક અલંકાર છે.

તેના બે ભેદ છે.

(1) समृद्धिमद्वस्तुवर्णनमुदात्तम् । (अलं. स. सूत्र. ८१)
સમૃદ્ધિશાળી વસ્તુ/પદાર્થનું વર્ણન ઉદાત્તાલંકાર છે.

(2) अङ्गभूतमहापुरुषचरितं च । (अलं. स. सूत्र ४२)

અંગભૂત એવા મહાપુરુષનું ચરિતવર્ણન તે (દ્વિતીય) ઉદાત્ત.

સૌન્દર્યલહરીમાં બન્ને ઉદાત્ત દૃષ્ટિગોચર થાય છે.

**(12) ઉપમા –** અત્યંત પ્રસિદ્ધ અલંકાર

સાદૃશ્યમૂલક ભેદાભેદપ્રધાન અલંકાર

उपमानोपमेययोः साधर्म्ये भेदाभेदतुल्यत्वे उपमा ॥ (अलं. स. सूत्र. १२ ॥)

ઉપમાન-ઉપમેયના ભેદ અને અભેદની તુલ્યતાવાળા સાધર્મ્યને ઉપમા કહે છે.

ઉપમા સર્વાલંકારબીજભૂતા છે.

મુખ્યત્વે આમાં 4 વિગતો હોય છે. (1) ઉપમેય (2) ઉપમાન (3) સાધારણધર્મ (4) સાદૃશ્યમૂલક 'इवादि' શબ્દો.

ઉપમાના માલોપમા ઇત્યાદિ અનેક પ્રકારો છે. (વિશેષ માટે જુઓ લેખિકાનો અપ્રકાશિત શોધપ્રબન્ધ)

**(13) ઉલ્લેખ –** ઉલ્લેખ અભેદપ્રધાન સાદૃશ્યમૂલક અલંકાર છે. સંભવતઃ રુય્યકે તેની પ્રથમ ઉદ્ભાવના કરી છે.

एकस्यापि निमित्तवशादनेकधा ग्रहणमुल्लेखः ॥ (अलं. स. सूत्र. २०)

કોઈ નિમિત્તને લીધે એક જ વસ્તુનું અનેક પ્રકારે ગ્રહણ થાય તેને ઉલ્લેખ કહેવામાં આવે છે.

આમાં રુચિ, અર્થિતા, વ્યુત્પત્તિ વિવિધ ધર્મત્વમાં કારણરૂપ છે.

**(14) કારણમાલા –** કારણમાલા શૃંખલામૂલક અલંકાર છે.

पूर्वस्य पूर्वस्योत्तरोत्तरहेतुत्वे कारणमाला ॥ (अलं. स. सूत्र. ५४ )

પૂર્વ પૂર્વ પદાર્થોના ઉત્તર ઉત્તર પદાર્થ પ્રત્યે હેતુરૂપ એટલે કે કારણરૂપ થવામાં કારણમાલા અલંકાર થાય છે.

આ અલંકારમાં કાર્યકારણનો ક્રમ જ અહીં ચારુત્વનો હેતુ છે. 'માલા' શબ્દ અહીં શૃંખલાનો હેતુ છે.

**(15) કાવ્યલિંગ –** કાવ્યલિંગ તર્કન્યાયમૂલક અલંકાર છે.

काव्यलिङ्गं हेतोर्वाक्यपदार्थता ॥ (का. प्र. १०/११८)

હેતુ અર્થાત્ કારણ જ્યારે વાક્યના, પદના અથવા પદોના અર્થ દ્વારા કહ્યું હોય ત્યારે કાવ્યલિંગ અલંકાર થાય છે.

રુય્યક हेतोर्वाक्यपदार्थता काव्यलिङ्गम् ॥ (अलं. स. सू. ५८) એમ કહે છે.

રુય્યક હેતુ એટલે કારણરૂપ હેતુ એમ સમજાવે છે. 'કાવ્ય'નો પ્રયોગ તર્કથી કાવ્યલિંગનો ભેદ કરવા થયો છે.

**(16) તદ્‌ગુણ –** તદ્‌ગુણ વાક્યન્યાયમૂલક અલંકાર છે.

स्वगुणत्यागादत्युत्कृष्टगुणस्वीकारस्तद्‌गुणः ॥ अलं. स. सूत्र. ७३ ॥

પોતાના ગુણના ત્યાગથી અત્યંત ઉત્કૃષ્ટ વસ્તુના ગુણોનો સ્વીકાર કરવામાં આવે તેને તદ્‌ગુણ કહે છે.

'तद्' એટલે તે ઉત્કૃષ્ટ વસ્તુનો ગુણ જેમાં છે તે તદ્‌ગુણ.

મમ્મટ ઉજ્જવલગુણ શબ્દ પ્રયોજે છે. (का. प्र. 10/137)

**(17) દીપક –** દીપક ગમ્ય ઔપમ્યમૂલક અલંકાર છે.

प्रस्तुताप्रस्तुतानां तु दीपकम् ॥ अलं. स. सूत्र. २५ ॥

પ્રસ્તુત અને અપ્રસ્તુત (અર્થાત્ ઉપમેય અને ઉપમાનનો) એક સાથે (અન્ય પદાર્થ સાથે) સંબન્ધ હોવો તેને દીપક કહે છે. આમાં પણ ઔપમ્ય ગમ્ય હોય છે.

દીવો જેમ અંદર બહાર પ્રકાશ આપે તેમ પ્રકૃત-અપ્રકૃત બન્નેમાંથી કોઈ નિર્દિષ્ટ સમાનધર્મ પ્રસંગને આધારે બીજાનો ઉપકાર કરે છે.

તેના આદિદીપક, મધ્યદીપક, અંતદીપક એવા ત્રણ પ્રકારો છે.

**(18) માલાદીપક –** શૃંખલામૂલક અલંકાર છે. મમ્મટ તેને સ્વતંત્ર અલંકાર તરીકે સ્વીકારતા નથી. જ્યારે રુય્યક સ્વીકારે છે.

पूर्वस्य पूर्वस्योत्तरोत्तरगुणावहत्वे मालादीपकम् ॥ अलं. स. सूत्र. ५६ ॥

પૂર્વ પૂર્વ પદાર્થ દ્વારા ઉત્તર ઉત્તર પદાર્થોમાં ગુણોનું નિબંધન કરવામાં આવે તેને 'માલાદીપક' કહે છે.

**(19) દૃષ્ટાન્ત –** दृष्टान्तः पुनरेतेषां सर्वेषां प्रतिबिम्बनम् ॥ (का. प्र. १०/१०२)

એ બધાનું = સાધારણધર્મ વગેરેનું જ્યારે પ્રતિબિંબન થાય ત્યારે દૃષ્ટાન્ત અલંકાર થાય.

दृष्टोऽन्तो निश्चयो यत्र स दृष्टान्तः । (का.प्र. 10/102 પરની વૃત્તિ)

જ્યાં અંત = નિશ્ચય જેવો છે અર્થાત્ કરાયો છે તે દૃષ્ટાંત

तस्यापि बिम्बप्रतिबिम्बभावतया निर्देशे दृष्टान्तः ॥ (अलं. स. सूत्र. २७)

તેનો પણ – ઉપમેય, ઉપમાન અને સાધારણધર્મનો પણ બિંબપ્રતિબિંબભાવ દ્વારા નિર્દેશ કરવામાં આવે તે દૃષ્ટાન્ત.

**(20) નિદર્શના –**

संभवताऽसंभवता वा वस्तुसंबन्धेन गम्यमानं प्रतिबिम्बकरणं निदर्शना ॥ अलं. स. सूत्र. २८ ॥

વસ્તુઓ (પદાર્થ = પદાર્થ અથવા વાક્યાર્થ) વચ્ચેના સંભવ અથવા અસંભવ સંબન્ધોથી પ્રતીયમાન પ્રતિબિંબન એટલે કે બિંબપ્રતિબિંબભાવ તે થયો નિદર્શના અલંકાર તેનો અસંભવવસ્તુસંબન્ધા પણ એક પ્રકાર છે. ક્યારેક માલાનિદર્શના પણ સંભવે છે. ક્યારેક નિષેધથી પણ નિદર્શના સંભવે છે.

**(21) પરિકર –** રુય્યક પ્રમાણે પરિકર વિશેષણવિચ્છિત્તિમૂલક અલંકાર છે. સાદૃશ્યમૂલકના પેટાવર્ગ 'ભેદપ્રધાન' વિભાગમાં એનો સમાવેશ થાય છે.

विशेषणसाभिप्रायत्वं परिकरः ॥ (अलं. स. सूत्र. ३३)

વિશેષણની સાભિપ્રાયતા એટલે પરિકર.

આમાં વિશેષણો પ્રતીયમાનાર્થથી ગર્ભિત રહે છે. તેઓ પ્રસન્ન પણ હોય છે.

**(22) પરિણામ –** પરિણામ રુય્યકની ઉદ્ભાવના છે. સાદૃશ્યમૂલક ભેદ-અભેદપ્રધાન અલંકારોમાં તેનો સમાવેશ થાય છે.

आरोप्यमाणस्य प्रकृतोपयोगित्वे परिणामः ॥ (अलं. स. सूत्र १७)

આરોપ્યમાણનું (= ઉપમાનનું) પ્રકૃતના ઉપયોગી હોવું એને પરિણામ અલંકાર કહે છે.

રૂપકમાં ઉપમાન પ્રકૃત અર્થનું કેવળ ઉપરંજક હોય છે. જ્યારે અહીં ઉપમાનનો પ્રકૃતરૂપમાં ઉપયોગ થાય છે.

**(23) પરિસંખ્યા –** પરિસંખ્યા વાક્યન્યાયમૂલક અલંકાર છે.

एकस्यानेकप्राप्तावेकत्र नियमनं परिसंख्या ॥ (अलं. स. सूत्र. ६३)

એકની અનેક સ્થાનોમાં પ્રાપ્તિ થવાથી તેનું એક જ સ્થળે નિયમન તે પરિસંખ્યા.

પરિસંખ્યામાં શ્લેષનું મિશ્રણ તેમાં ચારુતા લાવવા માટે જ થાય છે.

**(24) પર્યાય –** પર્યાય પણ વાક્યન્યાયમૂલક અલંકાર છે.

एकमनेकस्मिन्ननेकमेकस्मिन् क्रमेण पर्यायः ॥ (अलं. स. सूत्र. ६१)

એક વસ્તુનું અનેક આધારમાં અને અનેક વસ્તુનું એક આધારમાં ક્રમથી રહેવું તે પર્યાય અલંકાર છે.

**(25) પુનરુક્તવદાભાસ –** પ્રસ્તુત શબ્દાલંકાર પૌનરુક્ત્ય વર્ગમાં આવે છે. તેના શબ્દ અને અર્થ પૌનરુકત્ય એમ બે પ્રકાર છે વળી શબ્દાર્થપૌનરુક્ત્ય પણ તેનો ત્રીજો પ્રકાર છે.

आमुखावभासनं पुनः पुनरुक्तवदाभासम् ॥ (अलं. स. सूत्र. ३)

માત્ર આરંભમાં જ ભાસિત થતું (અર્થપૌનરુક્ત્ય) પુનરુક્તવદાભાસ છે.

શબ્દપૌનરુક્ત્ય વ્યંજનમાત્રનું અને સ્વર-વ્યંજન બન્નેના સમુદાયનું છે. મમ્મટાદિ આને શબ્દાલંકાર માને છે, રુય્યક અર્થાલંકાર.

**(26) પ્રતિવસ્તૂપમા –** પ્રતિવસ્તૂપમા ગમ્યૌપમ્યમૂલક અલંકાર છે. મમ્મટ અને રુય્યકે પ્રતિવસ્તૂપમાનો સ્વતંત્ર અલંકાર તરીકે સ્વીકાર કર્યો છે.

प्रतिवस्तूपमा तु सा ॥
सामान्यस्य द्विरेकस्य यत्र वाक्यद्वये स्थितिः । (का. प्र. १०/१०१, B, १०२ A)

એક જ સાધારણધર્મ બે વાક્યોમાં બે વાર (જુદા જુદા શબ્દોમાં) કહેવાયો હોય તેને પ્રતિવસ્તૂપમા કહેવાય.

રુય્યક સૂત્રાત્મક શૈલીમાં આમ જ કહે છે.

वाक्यार्थगतत्वेन सामान्यस्य वाक्यद्वये पृथङ्निर्देशे प्रतिवस्तूपमा ॥ अलं. स. सूत्र - २६ ॥

(ઉપમા) વાક્યાર્થોમાં હોય તો સાધારણધર્મનો બે વાક્યોમાં ભિન્ન ભિન્ન શબ્દોથી નિર્દેશ કરવામાં આવ્યો હોય તો તે પ્રતિવસ્તૂપમા અલંકાર કહેવાય છે.

**(27) પ્રેયસ્ અથવા પ્રેયોલંકાર –** પ્રેયસ્ ચિત્તવૃત્તિમૂલક અલંકાર છે. રસવત્ આદિ અલંકારોની સાથે પ્રેયસ્નો નિર્દેશ કરતાં રુય્યક કહે છે.

रसभावतदाभासतत्प्रशमानां निबन्धनेन रसवत्प्रेयऊर्जस्विसमाहितानि । (अलं. स. सूत्र -८३)

રસ, ભાવ અને તેમના આભાસો (= રસાભાસ અને ભાવાભાસ)નો પ્રશમ નિરૂપવામાં આવે તો અનુક્રમે રસવત્, પ્રેયસ્, ઊર્જસ્વિ અને સમાહિત નામના અલંકારો સંભવે છે.

પ્રેય એટલે પ્રિયતર એવું નિબન્ધન. પ્રેયસ્માં દેવાદિવિષયક રતિભાવ હોય છે. પ્રાચીન આલંકારિકોને મતે આ અલંકારોમાં રસ, ભાવ, ઇત્યાદિ પ્રધાન હોય છે જ્યારે ધ્વનિવાદીઓને મતે રસ કે ભાવ ઇત્યાદિ, કોઈ પ્રધાન વાક્યાર્થને વિશે ગૌણ હોય છે. પ્રધાન 'રસાદિ' અહીં 'ધ્વનિ' કહેવાય છે.

**(28) ભ્રાન્તિમાન્ –** ભ્રાન્તિમાન્ સાદૃશ્યમૂલક અભેદપ્રધાન અલંકાર છે.

सादृश्याद् वस्त्वन्तरप्रतीतिर्भ्रान्तिमान् ॥ अलं. स. १९ ॥

સાદૃશ્યને કારણે (એક વસ્તુમાં) બીજી વસ્તુની પ્રતીતિ થવી તેને ભ્રાન્તિમાન્ કહે છે.

સાદૃશ્યથી અને કવિપ્રતિભાથી નિર્મિત ભ્રાંતિને જ ભ્રાન્તિમાન્ અલંકાર કહેવાય.

**(29) યથાસંખ્ય –** યથાસંખ્ય વાક્યન્યાયમૂલક અલંકાર છે. તેને 'ક્રમ' કે 'સંખ્યાન' નામે પણ ઓળખવામાં આવે છે.

उद्दिष्टानामर्थानां क्रमेणानुनिर्देशो यथासंख्यम् ॥ (अलं. स. सूत्र ६०)

પહેલાં કહેલા અર્થોના ક્રમથી પુનઃ (અન્ય અર્થોનું) કથન તે યથાસંખ્ય અલંકાર છે.

તેના શાબ્દ અને આર્થ બે પ્રકારો છે.

**(30) યમક –** યમક શબ્દાલંકાર છે.

स्वरव्यञ्जनसमुदायपौनरुक्त्यं यमकम् ॥ (अलं. स. सूत्र - ७)

સ્વર અને વ્યંજન બન્નેનું પૌનરુક્ત્ય યમક અલંકાર કહેવાય છે.

આમાં અર્થ ભિન્ન અને અભિન્ન બન્ને પ્રકારે હોય છે. પદ ક્યારેક અર્થરહિત હોય છે તો બીજું પદ સાર્થક હોય છે.

**(31) રસવત્ –** રસવત્ ચિત્તવૃત્તિમૂલક અલંકાર છે.

પૂર્વાચાર્યો પ્રમાણે પ્રધાન શૃંગારાદિ રસો જ રસવત્ અલંકાર છે જ્યારે ધ્વનિવાદી આચાર્યો પ્રમાણે જ્યારે કોઈ પ્રધાન વાક્યાર્થ વિશે શૃંગારાદિ રસો ગૌણ થયા હોય ત્યારે રસવત્ અલંકાર સર્જાય છે. પ્રેયસ્ અલંકારના લક્ષણ વખતે સૂત્ર આપ્યું છે. (અલં. સ. સૂત્ર ૮૩)

**(32) રૂપક –** રૂપક સાદૃશ્યમૂલક અભેદપ્રધાન અલંકાર છે. મમ્મટ કહે છે –

तद्रूपकमभेदो य उपमानोपमेययोः । (का. प्र. १०/९३ A)

ઉપમાન અને ઉપમેયનો જે અભેદ તે થયો રૂપક અલંકાર.

રુય્યક પ્રમાણે –

अभेदप्राधान्ये आरोपे आरोपविषयानपह्नवे रूपकम् ॥ (अलं. स. सूत्र. १६)

અર્થાત્ અભેદની પ્રધાનતા હોતાં (ઉપમેય પર ઉપમાનનો) આરોપ થાય, (પરંતુ) આરોપવિષયનો (= ઉપમેયનો) અનપહ્નવ હોય (= અપહ્નવ ન હોય) તો રૂપકાલંકાર થાય છે.

રૂપકના મુખ્યત્વે ત્રણ પ્રકાર છે. (૧) નિરવયવ (૨) સાવયવ (૩) પરંપરિત. માલારૂપક પણ છે.

રૂપક વૈધર્મ્ય દ્વારા પણ થાય છે.

**(33) વક્રોક્તિ –** વક્રોક્તિ મમ્મટને મતે શબ્દાલંકાર છે, રુય્યકને મતે અર્થાલંકાર. તેઓ તેને ગૂઢાર્થપ્રતીતિમૂલક વર્ગમાં સમાવિષ્ટ કરે છે.

अन्यथोक्तस्य वाक्यस्य काकुश्लेषाभ्यामन्यथा योजनं वक्रोक्तिः ॥ (अलं. स. सूत्र. ७८)

અન્યથા કથિત વાક્યની કાકુ અને શ્લેષ દ્વારા અન્યથા યોજના એટલે વક્રોક્તિ અલંકાર.

કાકુ વિશે વિગતે ચર્ચા પરિશિષ્ટ : 3માં કરવામાં આવશે.

**(34) વિચિત્ર –** વિચિત્ર અલંકાર વિરોધમૂલક છે. સંભવતઃ રુય્યકની ઉદ્ભાવના છે.

स्वविपरीतफलनिष्पत्तये प्रयत्नो विचित्रम् ॥ (अलं. स. सूत्र. ४८)

પોતાના વિરુદ્ધ ફળની નિષ્પત્તિ માટે કરવામાં આવેલો પ્રયત્ન વિચિત્ર અલંકાર કહેવાય છે.

આમાં કર્તા ઉદ્દિષ્ટ ફળને જ પામવા ઇચ્છે છે પણ તેનો પ્રયત્ન વિપરીત ફળ જેવો લાગે છે. પણ યત્ન જો કે ઇષ્ટસિદ્ધિમાં સહાયક હોય છે.

**(35) વિતર્ક –** મમ્મટ - રુય્યક આને સ્વતંત્ર અલંકાર માનતા નથી, પરંતુ ભોજ અને શોભાકરે આનો સ્વતંત્ર અલંકાર તરીકે સ્વીકાર કર્યો છે.

શોભાકરમિત્રનું લક્ષણ જોઈએ.

सम्भावितसम्भाव्यमानापोहो वितर्कः । (अलं. र. सूत्र. ३१)

સંભવિતને વિશે સંભાવનાનો નિષેધ તે 'વિતર્ક' અલંકાર अयं मार्तण्ड. ઇત્યાદિ નિશ્ચયગર્ભ સંદેહના પ્રસિદ્ધ ઉદાહરણને શોભાકરે વિતર્કનું માન્યું છે.

**(36) વિભાવના –** વિભાવના વિરોધમૂલક અલંકાર છે.

મમ્મટ નીચે મુજબ લક્ષણ આપે છે.

क्रियायाः प्रतिषेधेऽपि फलव्यक्तिर्विभावना ॥ (का. प्र० १०/१०७ B)

ક્રિયા (=કારણ)ના પ્રતિષેધ છતાં (કાર્યરૂપ) ફળનું થવું તે વિભાવના અલંકાર થયો.

રુય્યક પ્રમાણે –

कारणाभावे कार्यस्योत्पत्तिर्विभावना ॥ (अलं. स. सूत्र. ४२)

કારણના અભાવમાં કાર્યની ઉત્પત્તિ (દર્શાવાય) તે થયો વિભાવના અલંકાર.

**(37) વિરોધ –** विरुद्धाभासत्वं विरोधः ॥ अलं. स. सूत्र. ४१ ॥

વિરુદ્ધ વિગતનો આભાસ તે વિરોધાલંકાર.

**(38) વ્યતિરેક –** વ્યતિરેક સાદૃશ્યમૂલક ભેદપ્રધાન અલંકાર છે.

भेदप्राधान्ये उपमानादुपमेयस्याधिक्ये विपर्यये वा व्यतिरेकः ॥ (अलं. स. सूत्र. २९)

ભેદનું પ્રાધાન્ય હોય અને જો ઉપમાનની અપેક્ષાએ ઉપમેયમાં (ગુણોનું) આધિક્ય અથવા ન્યૂનતાનું પ્રતિપાદન કરવામાં આવે ત્યારે વ્યતિરેક અલંકાર થાય છે.

મમ્મટ માત્ર ઉપમેયના આધિક્યમાં જ વ્યતિરેક સ્વીકારે છે જ્યારે રુય્યક ઉપમાનના આધિક્યમાં પણ.

**(39) શ્લેષ –** મમ્મટ કા. પ્ર. માં શ્લેષને અર્થાલંકાર તરીકે નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરે છે.

श्लेषः स वाक्य एकस्मिन् यत्रानेकार्थता भवेत् ॥ ( का. प्र. १०/९६ B)

એક વાક્યમાં અનેક અર્થ થતા હોય ત્યારે શ્લેષ કહેવાય.

રુય્યક વિશેષણ અને વિશેષ્ય બન્નેના સામ્યમાં શ્લેષ માને છે.

विशेषस्यापि साम्ये द्वयोर्वोपादाने श्लेषः ॥ (अलं. स. सूत्र. ३४ ॥)

શ્લેષના શબ્દ અને અર્થ એમ બે પ્રકારો છે. શ્લેષ ઉપમામૂલક પણ હોઈ શકે.

**(40) સંકર –** સંકર મિશ્રાલંકાર છે. શબ્દ અને અર્થના કે બે કે તેથી વધારે અર્થના અલંકારોનું મિશ્રણ થાય ત્યારે સંકર અલંકાર સંભવે છે.

क्षीरनीरन्यायेन तु संकरः ॥ अलं. स. सूत्र. ८६ ॥

ક્ષીરનીર = દૂધ અને પાણીના ન્યાયથી અલંકારોનું મિશ્રણ એટલે સંકરાલંકાર.

અત્રે અલંકારો અનુત્કટ એટલે અસ્ફુટ હોય છે અર્થાત્ અલંકારો સમવાયન્યાયે સંભવે છે.

સંકર (1) અંગાંગિભાવ (2) સંશય = સંદેહ વડે (3) એકવાચકાનુપ્રવેશ દ્વારા સંભવે છે.

અંગાંગિભાવમાં એક અલંકાર મુખ્ય બીજો ગૌણ હોય છે. સંદેહ સંકરમાં એક ને સ્વીકારવામાં સાધક પ્રમાણ મળતું નથી તો બીજાના ત્યાગમાં બાધક પ્રમાણ મળતું નથી. એકવાચકાનુપ્રવેશમાં એક જ વાચકમાં અનેક અલંકારો રહે છે પણ તેમાં સંદેહ હોતો નથી.

સૌન્દર્યલહરીમાં સંકરાલંકારો ઉપમા, ઉત્પ્રેક્ષા, ઉલ્લેખ, રૂપક યથાસંખ્ય, ભ્રાંતિમાન્ એમ અનેક અલંકારો દ્વારા સંભવ્યા છે.

**(41) સંદેહ –** સંદેહાલંકાર સાદૃશ્યમૂલક અભેદપ્રધાન અલંકાર છે.

विषयस्य संदिह्यमानत्वे संदेहः ॥ (अलं. स. सूत्र. १८)

વિષય એટલે કે ઉપમેયને સંદેહાસ્પદ દર્શાવવામાં આવે તો સંદેહ અલંકાર થાય છે.

કવિપ્રતિભા દ્વારા ઉદ્ભવેલ સંદેહ જ અલંકારની કોટિમાં આવે છે.

સંદેહ (1) શુદ્ધ (2) મધ્યમાં નિશ્ચય હોય તેવો અને (3) નિશ્ચયાન્ત એમ ત્રણ પ્રકારનો છે.

**(42) સંદેહ સંકર –** જુઓ સંકર

**(43) સંસૃષ્ટિ –** સંસૃષ્ટિ મિશ્રાલંકાર છે.

एषां तिलतण्डुलन्यायेन मिश्रत्वं संसृष्टिः ॥ (अलं. स. सूत्र. ८५)

આ અલંકારોનું તિલતંડુલન્યાયથી થતું મિશ્રણ તે સંસૃષ્ટિ અલંકાર છે.

જ્યાં બે અલંકારો વચ્ચે સ્ફુટ સંબન્ધ હોય ત્યાં સંયોગન્યાયે સંસૃષ્ટિ અલંકાર સંભવશે.

સંસૃષ્ટિના ત્રણ પ્રકારો છે. (1) શબ્દાલંકારગત (2) અર્થાલંકારગત અને (3) ઉભયાલંકારગત.

**(44) સમાધિ –** સમાધિ વાક્યન્યાયમૂલક અલંકાર છે.

મમ્મટ પ્રમાણે

समाधिः सुकरं कार्यं कारणान्तरयोगतः । (का. प्र. १०/१२५ A)

અન્ય કારણ આવી પડતાં કાર્ય સહેલું બની જાય ત્યાં સમાધિ અલંકાર થાય છે.

રુય્યક પણ સુકર થતા કાર્યને સમાધિ કહે છે.

कारणान्तरयोगात्कार्यस्य सुकरत्वं समाधिः ॥ (अलं. स. सूत्र. ६८) ॥

અન્ય કારણના યોગથી કાર્યની સુકરતા અર્થાત્ સુગમતાપૂર્વક સિદ્ધિ થવી તે થયો સમાધિ અલંકાર.

પ્રસ્તુત અલંકારમાં કાકતાલીયન્યાય લાગુ પડે છે. = કાર્યનું અચાનક થઈ જવું. એક કારણ હોય જ છે, જે સાધક છે પણ બીજું કારણ કાર્યની સરળતા માટે કાકતાલીયન્યાયે આવી પડે છે.

**(45) સમાસોક્તિ –** સમાસોક્તિ સાદૃશ્યમૂલક વિશેષણવિચ્છિત્તિમૂલક અલંકાર છે.

विशेषणानां साम्यादप्रस्तुतस्य गम्यत्वे समासोक्तिः ॥ (अलं. स. सूत्र. ३२ ) ॥

(કેવળ) વિશેષણના સામ્યથી જો અપ્રસ્તુત ગમ્ય હોય તો સમાસોક્તિ અલંકાર થાય છે.

વિશેષણોની સમાનતાને કારણે અપ્રસ્તુત અર્થ ગમ્ય બને છે. તે પ્રસ્તુતનો અવચ્છેદક બનીને પ્રતીત થાય છે. અવચ્છેદક એટલે વ્યવહારસમારોપ. વ્યવહારસમારોપ સમાસોક્તિના પ્રાણરૂપ હોય છે.

**(46) સ્વભાવોક્તિ –** પહેલાં મમ્મટનું લક્ષણ જોઈએ.

स्वभावोक्तिस्तु डिम्भादेः स्वक्रियारूपवर्णनम् ॥ (का. प्र. १०/१११ B)

બાળક વગેરેની પોતાની (આગવી) ક્રિયાનું અથવા રૂપનું વર્ણન તે સ્વભાવોક્તિ અલંકાર.

રુય્યક સ્વભાવોક્તિને ગૂઢાર્થપ્રતીતિમૂલક અલંકાર વર્ગમાં ગોઠવે છે.

सूक्ष्मवस्तुस्वभावयथावद्वर्णनं स्वभावोक्तिः ॥ (अलं. स. सूत्र. ७९)

વસ્તુના સૂક્ષ્મ સ્વભાવનું યથાવત્ વર્ણન એટલે સ્વભાવોક્તિ અલંકાર.

'સૂક્ષ્મ' એટલે એકમાત્ર કવિત્વ = કવિપ્રતિભાનો વિષય. ટૂંકમાં કવિપ્રતિભાથી નિષ્પન્ન વસ્તુસ્વભાવનું અન્યૂનાતિરિક્ત = યથાવત્ કોઈપણ અંશ છોડ્યા કે જોડ્યા સિવાય કરેલું નિરૂપણ તે સ્વભાવોક્તિ અલંકાર.

# પરિશિષ્ટ : 3
## કાવ્યશાસ્ત્ર (અલંકારશાસ્ત્ર)ની પારિભાષિક શબ્દાવલિ

'સૌન્દર્યલહરી'નું આપણે કાવ્યશાસ્ત્રીય અધ્યયન કર્યું છે આથી સ્વાભાવિકપણે જ એમાં કાવ્યશાસ્ત્રના/અલંકારશાસ્ત્રના પારિભાષિક શબ્દોનો પ્રયોગ આવવાનો; આથી તેની ટૂંકી સમજ અકારાદિક્રમ પ્રમાણે (પારિભાષિક શબ્દો ગોઠવીને) અત્રે આપવામાં આવી છે.

કાવ્યશાસ્ત્રને અલંકારશાસ્ત્ર અને સાહિત્યશાસ્ત્ર પણ કહેવામાં આવે છે. શબ્દ અને અર્થનો સહભાવ એટલે સાહિત્ય. સંસ્કૃતમાં ગદ્ય અને પદ્ય બન્નેને 'કાવ્ય' કહેવાય છે. કાવ્ય અંગેની સર્વાંગ વિવેચના કરતા શાસ્ત્રને કાવ્યનું શાસ્ત્ર કહેવામાં આવે છે. વળી 'અલંકાર' શબ્દ પ્રસ્તુત શાસ્ત્રમાં ઉભય અર્થમાં પ્રયોજાયો છે. अलंम्, બસ, બહુ, સુંદર, અદ્‌ભુત એવા ઉદ્‌ગારો કે એવા ભાવો સહૃદયમાં ઉદ્‌ભવે છે તો એ રીતે 'અલંકાર' શબ્દ અહીં 'સૌન્દર્ય'ના બૃહદ્ અર્થમાં છે અને કાવ્યની અંદર કવિ તેની શોભાર્થે જે શબ્દ અને અર્થના અલંકારો પ્રયોજે તેને પણ 'અલંકાર' કહેવાય છે. અત્રે આ શબ્દ સીમિત અર્થમાં છે. વ્યાકરણની દૃષ્ટિએ આની પરિભાષા પણ આગળ પ્રસ્તુત કરવામાં આવશે. પ્રસ્તુત પારિભાષિક શબ્દોની સમજૂતી માટે અત્રે આધારગ્રંથ તરીકે ડૉ. તપસ્વી નાન્દીના પુસ્તક 'ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ'નો ઉપયોગ મહદંશે કરવામાં આવ્યો છે. ક્યાંક આ લખનારના અપ્રકાશિત મહાનિબંધની સહાય પણ લેવામાં આવી છે.

પ્રસ્તુત આલેખમાં નાટ્યશાસ્ત્ર (ના.શા.)ની પણ કેટલીક પરિભાષાઓ યોજી છે. 'દૃશ્યકાવ્ય'ની એટલે કે રૂપક અથવા નાટકની સમાલોચના કરતા શાસ્ત્રને નાટ્યશાસ્ત્ર કહેવામાં આવે છે. અન્ય નાટ્યશાસ્ત્રો પણ છે, પરંતુ ઉપલબ્ધ સામગ્રી અનુસાર આપણને ભરતમુનિનું 'નાટ્યશાસ્ત્ર' (અભિનવગુપ્ત'ની ટીકા જેના પર છે) પ્રાપ્ત થાય છે. પાછળથી રચાયેલા, દશરૂપક, નાટ્યદર્પણ, ભાવપ્રકાશ ઇત્યાદિ ગ્રંથો ભરતના ના.શા. ને જ અનુસરે છે. જો કે તેમાં અન્ય નાટ્યશાસ્ત્રીય પરંપરાઓના નિર્દેશ પણ છે.

**(1) અપૃથક્‌યત્નનિર્વર્ત્ય –** ધ્વનિપરંપરાનો પારિભાષિક શબ્દ

આચાર્ય આનંદવર્ધન ધ્વનિપરંપરાના પ્રસ્થાપક આચાર્ય છે અને તેમનો 'અલંકાર' કહેતાં શબ્દ અને અર્થના અલંકારો વિશેનો આ ક્રાંતિકારી વિચાર છે. તેમના ગ્રંથ 2/16માં નોંધે છે. ''રસ વડે આક્ષિપ્ત થાય અને એ રીતે જેનું નિરૂપણ શક્ય હોય અને જેને નિષ્પન્ન કરવા પૃથક્ પ્રયત્ન ન કરવો પડે તેને અપૃથક્‌યત્નનિર્વર્ત્ય કહેવાય અને તે જ ધ્વનિમાર્ગમાં 'અલંકાર' કહેવાય છે' રસના સૃજનની સાથે સાથે સ્વાભાવિક રીતે જ એનું સૃજન થઈ જાય (ભા.સા. વિ.- P. 477) આને અનાયાસપ્રયુક્ત અલંકાર પણ કહેવાય છે.

**(2) અલંકાર –** અલંકારશાસ્ત્રની ૭ પરંપરાઓમાંની એક અલંકારપરંપરા, જે ભામહાદિ પ્રાચીન

આચાર્યો સ્વીકારે છે. અહીં 'અલંકાર' શબ્દ કાવ્યસૌન્દર્યના 'સામાન્ય' અર્થમાં છે. પ્રસ્તુત શાસ્ત્ર (= કાવ્યશાસ્ત્ર) અલંકારશાસ્ત્ર કહેવાયું એટલા માટે જ કે તે કાવ્યસૌન્દર્યની મીમાંસા કરતું શાસ્ત્ર છે. કારણ વ્યાપક રીતે તે સૌન્દર્યશાસ્ત્ર (aesthetics)નો અંશ છે.

'અલંકાર' શબ્દ બે અર્થમાં પ્રયોજાયો છે. 'अलम्' અને 'कार' એ બે પદોના યોગથી તે પ્રાપ્ત થાય છે. 'अलं करोति इति अलंकारः' આ વ્યુત્પત્તિ પ્રમાણે अलम् + कृ ને ભાવપ્રત્યય घञ् લાગે છે અને 'અલંકાર' શબ્દ બને છે. તેનો અર્થ થાય છે આભૂષણ - સૌન્દર્ય - આ સામાન્ય અર્થ છે.

બીજો અર્થ अलं करोति इति अलंकारः જેનાથી કાવ્યશોભા - સૌન્દર્ય સર્જાય છે તે આ વ્યુત્પત્તિ અનુસાર કાવ્યના શોભાકારક ધર્મો તે = શબ્દાર્થના અલંકારો એવો અર્થ પ્રાપ્ત થાય છે. અત્રે અલંકાર શબ્દ મર્યાદિત બની જાય છે.

પ્રથમ અર્થમાં 'કાવ્યસૌન્દર્ય'નો પર્યાય બની રહે છે, બીજા અર્થમાં કાવ્યસૌન્દર્યનો 'હેતુ' બની જાય છે. (ભા. સા. વિ. ૫. P. 467 ને આધારે)

કાવ્યાલંકાર અર્થાત્ સૌન્દર્યવાદીઓએ 'सौन्दर्यम् अलंकारः' અને 'सालंकारस्य काव्यता' કહ્યું જ છે. (P. 466)

**(3) અલંકારધ્વનિ –** જુઓ ત્રિરૂપધ્વનિ

**(4) અલંકારશાસ્ત્રની પરંપરાઓ –** મુખ્ય ૭ પરંપરાઓ છે.

**(1) અલંકારપરંપરા –** ભામહ, વામન આદિ પ્રાચીન કાવ્યસૌન્દર્યવાદી આલંકારિકોની પરંપરા. જેઓ અલંકારનો વ્યાપક અર્થમાં પ્રયોગ કરે છે અને કાવ્યનાં સઘળાં તત્ત્વો = ગુણ, રીતિ, રસ, અલંકાર, ઇત્યાદિનો તેમાં સમાવેશ કરે છે.

**(2) રીતિપરંપરા –** કાવ્યના આત્માને 'રીતિ' કહે છે. રીતિ ગુણરૂપી વિશેષવાળી છે. આ પરંપરાના પ્રસ્થાપક આચાર્ય વામન છે.

**(3) રસપરંપરા –** રસપરંપરાનો સ્વીકાર પ્રત્યેક અલંકારિકે કર્યો છે. ભરતમુનિથી આ પરંપરાનો પ્રારંભ થયો છે. આમ તો ઉપનિષદમાં रसो वै सः પરમાત્માને 'રસરૂપ' કહ્યા છે એટલે રસપરંપરા અતિપ્રાચીન છે. પાછળથી ધ્વનિવાદી આલંકારિકોએ તો 'રસધ્વનિ'ને જ કાવ્યનો આત્મા કહ્યો છે.

**(4) ધ્વનિપરંપરા –** ધ્વનિપરંપરાના પ્રસ્થાપક આચાર્ય આનંદવર્ધન છે. તેમણે કાવ્યનાં સઘળાં તત્ત્વો ગુણ, અલંકાર, રીતિ અથવા સંઘટના – ને તેમના 'રસધ્વનિવ્યંજના' સિદ્ધાન્તમાં સમાવી લીધાં છે.

**(5) વક્રોક્તિપરંપરા –** ભામહમાં અતિશયોક્તિને વક્રોક્તિ કહી છે અને એના વિના કોઈ

અલંકાર અલંકાર બનતો નથી એમ પણ કહ્યું છે. (કાવ્યાલંકાર ૨/૮૫) ભામહમાં બીજરૂપે પડેલો આ વિચાર આચાર્ય કુંતકના ગ્રંથ વક્રોક્તિજીવિતમાં 'અંકુરિત, કોરકિત' અને 'વિકસિત' થયેલો જોવા મળે છે. કુંતક 'વક્રોક્તિ'ને કાવ્યસર્વસ્વ માને છે.

**(6) ઔચિત્યપરંપરા –** આચાર્ય ક્ષેમેન્દ્ર પ્રસ્તુત પરંપરાના પ્રસ્થાપક છે. મૂળ રસૌચિત્યના સંદર્ભમાં આનંદવર્ધને આ વાત કરેલી જ છે. તેમના મતે 'ઔચિત્ય' જ કાવ્યનું સ્થિર, અવિનશ્વર જીવિતભૂત છે. રસસિદ્ધ કાવ્યનું જીવિત ઔચિત્ય છે. (વિશેષ માટે જુઓ ભા. સા. વિ.પ. ઉલ્લાસ, 12, 14, 18, 19, 20, 21, 22)

**(7) અનુમિતિપરંપરા –** મહિમભટ્ટ આના પુરસ્કર્તા છે. આમ તો શ્રીશંકુક રસને અનુમાનથી વ્યક્ત થતો દર્શાવે છે પણ મહિમભટ્ટે ધ્વનિવાદનું ખંડન કરી અનુમિતિવાદની વ્યવસ્થિત સ્થાપના કરી છે. જો કે પ્રતીયમાન તત્ત્વને તો કુંતક અને મહિમભટ્ટ બન્ને સ્વીકારે છે. (ભા. સા. વિ. ૫. P. 359)

**(5) અસમાસા સંઘટના –** જુઓ સંઘટના

**(6) આરોપ –** રૂપકાદિ અલંકારોમાં આવતો પારિભાષિક શબ્દ છે. રૂપકમાં ઉપમેય પર ઉપમાનનો આરોપ કરવામાં આવે છે. સમાસોક્તિમાં આર્થ આરોપ હોય છે, રૂપકમાં શાબ્દ આરોપ હોય છે.

**(7) આશ્ચર્ય –** વ્યભિચારી ભાવ છે.

**(8) આંગિક –** ભરત, ના.શા. પ્રમાણેના ચાર પ્રકારના અભિનયો - આંગિક, વાચિક, આહાર્ય તથા સાત્ત્વિકમાંનો એક અભિનયપ્રકાર.

**(9) ઈર્ષા –** વ્યભિચારી ભાવ છે.

**(9A) કવિપ્રૌઢોક્તિસિદ્ધધ્વનિ –** અર્થશક્તિમૂલક ધ્વનિનો પેટા પ્રકાર. આ અર્થશક્તિ ઉદ્ભવધ્વનિમાં એવો અર્થ પ્રતીત થાય છે જે શબ્દવ્યાપાર વિના (= ધ્વનિવ્યાપારથી પોતે જ અર્થાન્તરને વ્યંજિત કરે છે. તેમાં પાછા (1) સ્વતઃસંભવી અને (2) પ્રૌઢોક્તિસિદ્ધ એવા બે ભેદો છે. પ્રૌઢોક્તિસિદ્ધમાં (1) કવિપ્રૌઢોક્તિસિદ્ધ અને (2) કવિનિબદ્ધપાત્રપ્રૌઢોક્તિસિદ્ધ બન્નેનું ગ્રહણ થાય છે. (ભા.સા.વિ.પ. P.221) (ધ્વન્યા 2/22). કવિપ્રૌઢોક્તિસિદ્ધ વસ્તુ-વ્યંગ્ય અને વ્યંજક કેવળ કવિની પ્રતિભાથી જ સિદ્ધ થાય છે.

**(10) કવિસમય –** કવિસમય એટલે કવિઓનો સિદ્ધાંત. કવિશિક્ષાના ગ્રંથોમાં આની ચર્ચા આવે છે. કાવ્યમીમાંસાના 14 અને 15મા અધ્યાયમાં કવિસમયની ચર્ચા આવે છે. 'કવિસમય' એટલે અશાસ્ત્રીય અને અલૌકિક એવી જે વિગતો પરંપરા અનુસાર કવિઓ નિરૂપિત કરે તે. સ્વર્ગ, પૃથ્વી અને પાતાલ એમ ત્રણ પ્રકારના વિષયોને અનુલક્ષીને મુખ્યત્વે કવિસમય ત્રણ પ્રકારનો છે. (ભા.સા.વિ.પ. P.561)

સૌન્દર્યલહરીમાં વૃક્ષને લગતા કવિસમયનો નિર્દેશ છે. જુદાં જુદાં વૃક્ષોના જુદાં જુદાં દોહદ હોય છે. જેમકે,

**(1) અશોક –** અશોકનું દોહદ સુંદર સ્ત્રીના વામચરણનું તાડન મનાય છે – કા.મી. P. 106 સૌન્દર્યલહરી-પદ્ય ૮૫.

**(2) કુરબક –** સુંદર સ્ત્રીના આલિંગનથી ખીલે છે.

**(3) તિલક –** દૃષ્ટિથી.

કુરબકનો નિર્દેશ. સૌન્દર્યલહરી - પદ્ય ૯૬માં છે.

રાજશેખરકૃત કાવ્યમીમાંસામાં – P.106 ૫૨ (આનો નિર્દેશ છે.) આ સિવાય બાપાલાલ વૈદ્યકૃત 'સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ'માં અશોક અને કુરબકના દોહદનો નિર્દેશ છે. અનુક્રમે P. 32 અને P. 176

**(10A) કાકુ –** કાકુ અથવા ધ્વનિવિશેષ દ્વારા પ્રાપ્ત થતા વ્યંગ્યાંતરના ગુણીભાવમાં ગુણીભૂતવ્યંગ્યનો છઠ્ઠો પ્રકાર પ્રાપ્ત થાય છે. (ભા.સા.વિ.૫. P. 225)

મમ્મટ કાક્વાક્ષિપ્ત વ્યંગ્ય નામે આ પ્રકાર દર્શાવે છે જેમાં વ્યંગ્યાર્થ કાકુ દ્વારા આક્ષિપ્ત થતો હોવાથી ગૌણ રહે છે. (કા.પ્ર. ૫/૪૫)

કાકુ એટલે સ્વરના વિકારથી એકદમ પ્રગટ થતું હોય તેવું

એમાં વ્યંગ્યાર્થ વિધિરૂપ હોય તો વાચ્યાર્થ નિષેધરૂપ હોઈ શકે અને વાચ્યાર્થ સાથે જ વ્યંગ્યાર્થ સમજાય છે.

(કા. પ્ર. સંપા/અનુ. નગીનદાસ પારેખ, પ્રકા. ગુજ. સાહિત્યપરિષદ અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1987)

**(11) કાવ્યશાસ્ત્ર/સાહિત્યશાસ્ત્ર/અલંકારશાસ્ત્ર**

સાહિત્ય એટલે શબ્દ અને અર્થના સહભાવનું સાહિત્ય પરંતુ આ સાહિત્ય કવિત્વમય હોવું ઘટે. કોરું નહીં પણ રસથી છલોછલ, અનાયાસપ્રયુક્ત અલંકારોથી યુક્ત. સૌન્દર્યમય તેથી તેને અલંકારશાસ્ત્ર પણ કહેવાયું. વેદાન્ત, ન્યાય વગેરેની જેમ આ પણ શાસ્ત્ર છે. અને વેદાન્તી અને નૈયાયિકની જેમ કાવ્યશાસ્ત્ર કે સાહિત્યશાસ્ત્રના રચયિતાઓને કાવ્યશાસ્ત્રી, અલંકારશાસ્ત્રી કે સાહિત્યશાસ્ત્રી કહેવાય છે. એ જ રીતે એના અધિકારીને અર્થાત્ કાવ્ય કે નાટકના મર્મજ્ઞને 'સહૃદય' કહે છે. જેનું હૃદય નિર્મળ પ્રતિભાથી પ્રકાશિત છે તેવો ભાવક-કાવ્યશાસ્ત્રનો અધિકારી 'સહૃદય' કહેવાય છે.

**(12) કાવ્યના પ્રકારો –** 'કાવ્ય' શબ્દ સંસ્કૃતમાં ગદ્ય માટે પણ પ્રયોજાય છે. પદ્યકાવ્ય અને ગદ્યકાવ્ય એ બે મુખ્ય પ્રકારો એમાં પણ શ્રવ્યકાવ્ય અને દૃશ્યકાવ્ય પણ પાછા બે પ્રકારો છે. શ્રવ્યમાં મહાકાવ્ય, ખંડકાવ્ય, ઊર્મિકાવ્ય, ઈત્યાદિ, દૃશ્યમાં રૂપકના નાટકાદિ દસ પ્રકારોનો સમાવેશ થાય છે.

આ સિવાય આનંદવર્ધને ધ્વનિવાદની સ્થાપના કરી પછી ધ્વનિવાદી આલંકારિકોએ પણ ધ્વનિકાવ્યના અસંખ્ય પ્રકારો આપ્યા છે પરંતુ તેમાં મુખ્ય ત્રણ છે.

**(1) ધ્વનિકાવ્ય –** આને ઉત્તમ કાવ્ય પણ કહે છે. જેમાં વ્યંગ્યાર્થ પ્રધાન હોય છે. આમાં વ્યંગ્યાર્થનો બોધ વ્યંજનાવૃત્તિ કે વ્યંજનાવ્યાપારથી થાય છે. વ્યંજનાવ્યાપાર કાં તો અભિધાને આધારે અથવા લક્ષણાને આધારે પ્રવર્તિત થાય છે તેના અનુસંધાનમાં આનંદવર્ધને અભિધામૂલક અને લક્ષણામૂલક ધ્વનિ એમ બે પ્રકારો આપ્યા છે. વાચ્યની સ્થિતિને આધારે અભિધામૂલક ધ્વનિને વિવક્ષિતાન્યપરવાચ્ય અને લક્ષણામૂલકને અવિવક્ષિતવાચ્યધ્વનિ કહે છે. (વિશેષ માટે જુઓ કોઠો – ભા. સા. વિ. ૫. P. 215) અભિધામૂલક ધ્વનિમાં અસંલક્ષ્યક્રમધ્વનિ જેમાં સમગ્ર રસાદિ ધ્વનિનો સમાવેશ થાય છે – એક પ્રકાર છે.

**(2) ગુણીભૂતવ્યંગ્ય –** ધ્વન્યા. ૩/૩૪ પ્રમાણે જ્યાં વ્યંગ્ય કરતાં વાચ્યનું ચારુત્વ પ્રકર્ષવાળું હોય ત્યાં ગુણીભૂતવ્યંગ્ય નામનો બીજો પ્રકાર સંભવે છે રૂપક વગેરે અલંકારોમાં આનો સંસ્પર્શ રહેલો છે. (ભા. સા. વિ. ૫. P. 224)

**(3) ચિત્રકાવ્ય –** ચિત્રકાવ્યના શબ્દચિત્ર અને અર્થચિત્ર બે પ્રકારો છે. આ કાવ્ય રસ, ભાવ વગેરેના તાત્પર્યરહિત છે. તથા વિશિષ્ટ એવા વ્યંગ્યાર્થના પ્રકાશની શક્તિથી રહિત છે. (ધ્વન્યા. 3/41) આલેખ્ય = ચિત્ર જેવું હોવાથી 'ચિત્રકાવ્ય' કહે છે. તે કેવળ વાચ્ય-વાચકની વિચિત્રતાને = શોભાને આધારે રચાય છે.

(વિશેષ પ્રકારોની નોંધ માટે જુઓ ભા. સા. વિ. ૫. – P. 234)

**(13) ખંડકાવ્ય –** મહાકાવ્યથી વ્યાપ ઓછો હોય છે. એક વિષયને લઈને તેનું સર્જન થાય છે. એમાં ઊર્મિઓ હોય છે, રસભાવ પણ મહાકાવ્યની જેમ હોય છે પરંતુ તેનું ફલક નાનું હોય છે. મેઘદૂત, ઋતુસંહાર ઇત્યાદિ ઊર્મિકાવ્ય કે ખંડકાવ્ય કહી શકાય. એમાં સર્ગ હોતા નથી.

**(14) ગુણીભૂતવ્યંગ્ય –** વાચ્યસિદ્ધ્યંગ – ગુણીભૂતવ્યંગ્ય આપણે જોયું તેમ ધ્વનિ જેમાં ગૌણ હોય તે પ્રકારનું કાવ્ય જે ધ્વનિવાદીઓ પ્રમાણે કાવ્યનો મધ્યમ અથવા દ્વિતીય પ્રકાર છે. આમાં વાચ્યાર્થની સિદ્ધિ માટે વ્યંગ્યાર્થ તેના અંગભૂત થાય છે. સાપેક્ષ એવા વાચ્યાર્થની સિદ્ધિને માટે વ્યંગ્યાર્થ ગૌણ બને છે. (ભા. સા. વિ. ૫. P. 226 ને આધારે)

**(15) તાંડવ –** નૃત્યનો પ્રકાર. શિવજીના નૃત્યને તાંડવ કહે છે. પાર્વતીજીના નૃત્યને લાસ્ય.

તાંડવ એટલે તંડુએ કહેલાં કરણો અને અંગહારો વડે ઉદ્ધત રીતે કરવામાં આવતું, મુખ્યત્વે આરભટીવૃત્તિ ધરાવતું અને કાવ્યના કે ગીતના અર્થને અનુસરીને કરવામાં આવતું નૃત્ય તાંડવનૃત્ય છે. ('નાટ્યશાસ્ત્રમાં નૃત્ય અને સંગીતનિરૂપણ' P. 2 – ડૉ. પી. યુ. શાસ્ત્રી, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 2012)

**(16) ત્રાસ –** ત્રાસ નામનો વ્યભિચારી ભાવ છે.

**(17) ત્રિરૂપધ્વનિ –** ધ્વનિના ત્રણ મુખ્ય પ્રકારોમાં વસ્તુધ્વનિ (વસ્તુવ્યંગ્ય પણ કહેવાય), અલંકારધ્વનિ અને રસધ્વનિને ત્રિરૂપધ્વનિ કહે છે. આને 'પ્રતીયમાનાર્થ' પણ કહે છે. ત્રણેય ધ્વનિ વાચ્યથી સર્વથા ભિન્ન છે. વસ્તુરૂપ વ્યંગ્ય અથવા ધ્વનિ કે પ્રતીયમાનાર્થ વાચ્યથી સાવ, સર્વથા ભિન્ન છે. જેમકે વાચ્ય વિધિરૂપ હોય ત્યારે પ્રતીયમાનાર્થ પ્રતિષેધરૂપ હોય, વાચ્ય પ્રતિષેધરૂપ હોય ત્યારે પ્રતીયમાનાર્થ વિધિરૂપ હોય છે. ક્યારેક વિધિ કે નિષેધથી અનુભયરૂપ પણ જણાય છે.

વ્યંગ્ય અલંકાર અથવા અલંકારધ્વનિ પણ વાચ્યથી જુદો છે. પહેલાં ઉપમા વગેરેરૂપ અલંકારતાને પામ્યો હોય છે પણ હવે અનલંકારરૂપ છે કારણ કે બીજાને વિશે ગૌણ બન્યો છે, એ પ્રતીયમાનાર્થ અર્થાત્ અલંકારરૂપ અર્થ પહેલાંની પ્રત્યભિજ્ઞાને બળે હાલ પણ બ્રાહ્મણશ્રમણન્યાયથી 'અલંકારધ્વનિ' કહેવાય છે.

ત્રીજો છે રસાદિધ્વનિ જે સ્વપ્નમાં પણ 'સ્વશબ્દવાચ્ય' બનતો નથી અને લૌકિક વ્યવહારનો પણ વિષય બનતો નથી તે 'રસ' છે, જે કાવ્યવ્યાપારમાં જ જોવા મળે છે. તે જ મુખ્યત્વે 'આત્મા' છે. અભિનવગુપ્ત આગ્રહપૂર્વક માને છે કે, વસ્તુધ્વનિ અને અલંકારધ્વનિ છેવટે તો 'રસાદિધ્વનિ'માં જ પર્યવસાન પામે છે (ભા.સા.વિ.પ. P. 259, 260, વિશેષ ચર્ચા માટે જુઓ : P. 261)

**(18) દ્રાક્ષાપાક –** કવિશિક્ષાનો વિષય છે. 'કાવ્યપાક'ની ચર્ચા અંતર્ગત પિચુમન્દ આદિ 9 પાક આવે છે. તેમાં આદિ અને અંત બન્નેમાં સ્વાદુ તે દ્રાક્ષાપાક છે, જેને મૃદ્વીકાપાક પણ કહે છે.

સતત અભ્યાસથી સુકવિના કાવ્યમાં પરિપાક આવે છે. જેના વગર વાઙ્મધુનું શ્રવણ ન થાય તે છે પાક. (ભા. સા. વિ. ૫. P. 555) પાક શબ્દ વડે નિવેદિત થતો આ ધર્મ તેના કાર્ય ઉપરથી અનુમિત કરવાનો છે. રાજશેખરનું વલણ કાવ્યપાકને સહૃદયહૃદયગ્રાહ્ય ગણવાનું છે. વામન का. लं. सू. १/३/१५ માં શબ્દપાક અને અર્થપાકની ચર્ચા કરે છે. પરંતુ 'કાવ્યપાક' સાથે તેને ખાસ નિસબત નથી. અવન્તીસુંદરી આનું ખંડન કરે છે. (काव्यमीमांसा, अध्याय –५) વિશેષ માટે જુઓ : भारतीय साहित्यशास्त्र कोश, पृ. 387

**(19) દેવાદિવિષયક રતિભાવ –** ધ્વનિમાર્ગ અનુસાર આને દેવાદિવિષયક રતિભાવધ્વનિ પણ કહેવાય, વળી કોઈ અલંકાર વિશે આ ભાવ ગુણીભૂત પણ થયો હોય. કાવ્યશાસ્ત્રમાં રતિ સ્થાયી શૃંગારરસનો હોય છે. પરંતુ દેવાદિવિષયક પ્રેમભક્તિ કે રતિ હોય તો તે ભાવકક્ષાએ જ રહે છે. રસની કોટિએ નાયક-નાયિકાનો રતિસ્થાયી પહોંચે છે. જ્યારે દેવતા વિશેનો રતિભાવ ભાવકક્ષાએ રહેતો હોઈ તે જ્યારે મુખ્ય હોય - ધ્વનિત થતો હોય ત્યારે ભાવધ્વનિ કહેવાય છે. પ્રાચીન આલંકારિકો (ભામહાદિ) અત્રે પ્રેયસ્ અલંકાર માને છે જ્યારે આનંદવર્ધન, રુય્યક ઇત્યાદિ આને રતિભાવધ્વનિ કહે છે.

**(20) ધ્વનિ –** કાવ્યમાં પરિસ્ફુરિત થતા પ્રતીયમાન તત્ત્વની સવિશેષ નોંધ લઈને તેનું પ્રતિપાદન વ્યંજનાવૃત્તિ કે વ્યાપારથી થાય છે અને વ્યવસ્થિત રીતે આ પ્રતીયમાન તત્ત્વને ઓળખીને એનું વસ્તુ,

અલંકાર અને રસાદિરૂપ ત્રિવિધ સ્વરૂપ આલેખી, એ વ્યંજનાથી જ સંભવે એવું શાસ્ત્રીય સમર્થન ઉપલબ્ધ સામગ્રીના સંદર્ભમાં આપણને સહુપ્રથમ આનંદવર્ધનના 'ધ્વન્યાલોક'માં જોવા મળે છે. આ પ્રતીયમાન તત્ત્વ પ્રધાન અર્થાત્ ચમત્કારનું મુખ્ય પ્રેરક બળ બને ત્યારે 'ધ્વનિ' સંજ્ઞા પામે છે. આ પરંપરા પહેલાં કોઈ ખાસ ગ્રંથમાં વિનિવેશ કર્યા વગર મૌખિક રીતે પ્રચલિત હતી. તેવું ધ્વન્યાલોકના ટીકાકાર અભિનવગુપ્ત 'લોચન'માં કહે છે. (ભા.સા.વિ.૫. P. 257, 258) આ 'ધ્વનિ' તત્ત્વને કાવ્યના આત્મા તરીકે સ્થાપિત કરવામાં આવ્યું છે. સહૃદયો વડે શ્લાઘ્ય અર્થ છે અને તે આદિ કવિ વાલ્મીકિના કાવ્યમાં ક્રૌંચદ્વન્દ્વના વિયોગથી જન્મેલો શોક શ્લોકરૂપતાને પામ્યો છે. (P. 258 ના ચોથા ફકરાનો સાર).

વળી આનંદવર્ધન જણાવે છે કે ધ્વનિ અંગેનો આ વિચાર સ્વેચ્છાપ્રવૃત્ત નથી, પણ વિદ્વાનોએ જ તે પ્રવર્તાવ્યો છે. સહુ પ્રથમ વિદ્વાનો તે વૈયાકરણો; કારણ વ્યાકરણ સર્વ વિદ્યાઓનું મૂળ છે. તેઓએ સાંભળવામાં આવતા વર્ણો વિશે 'ધ્વનિ' એવો નામપ્રયોગ કર્યો. તેમના મતને અનુસરતા બીજાઓ = આલંકારિકો વડે ધ્વનિ શબ્દ વાચ્યાર્થ, વાચક શબ્દ, સંમિશ્ર અર્થાત્ વિભાવાદિના સંમિશ્રણથી થતો વ્યંજિત અર્થ, આત્મરૂપ એવો શબ્દવ્યાપાર એટલે કે વ્યંજનાવ્યાપાર અને કાવ્ય એ પાંચેય માટે 'ધ્વનિ' શબ્દ પ્રયુક્ત કરાયો. (ભા. સા. વિ. ૫.. P. 274)

**(21) ધ્વન્યર્થ –** વ્યંજનાવૃત્તિથી આવતો ધ્વન્યર્થ કે વ્યંગ્યાર્થ (વિશેષ માટે જુઓ : શબ્દશક્તિઓ)

**(22) નમ્રતા –** વ્યભિચારી ભાવ અવહિત્થમાં સમાવિષ્ટ થાય.

**(23) નવરસ –** વિભાવ, અનુભાવ અને વ્યભિચારી ભાવોના સંયોગથી નાટ્યરસો જન્મે છે. આ રસો ભૌતિક નથી. કાવ્ય કે નાટ્યમાં જ હોય છે.1 રતિસ્થાયિભાવાત્મક શૃંગાર, 2. હાસ સ્થાયીયુક્ત હાસ્યરસ, 3. શોકસ્થાયીયુક્ત કરુણ, 4. ક્રોધ સ્થાયિભાવાત્મક રૌદ્ર, 5. ઉત્સાહ સ્થાયીવાળો વીર, 6. વિસ્મય સ્થાયીવાળો અદ્‌ભુત , 7. ભયસ્થાયીવાળો ભયાનક, 8. જુગુપ્સા સ્થાયીયુક્ત બીભત્સ અને 9. શમ કે નિર્વેદ સ્થાય્યાત્મક શાન્ત.

આમાં શૃંગાર, રૌદ્ર, વીર અને બીભત્સ પ્રકૃતિરસો છે. બીજા વિકૃતિ એટલે તેના પરિણામરૂપ, જેમકે શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રમાંથી કરુણ, વીરમાંથી અદ્‌ભુત અને બીભત્સમાંથી ભયાનક રસ ઉત્પન્ન થાય છે. (ભા. સા. વિ. ૫. P. 292)

**(24) નાયિકા –** કાવ્યનાટ્યનું પ્રધાન નારીપાત્ર, નાયિકામાં નાયકના સામાન્ય ગુણો હોય છે. તેમાં સ્વીયા, કુલજા વગેરે અનેક ભેદો હોય છે. (ભારતીય નાટ્યશાસ્ત્રની વિચારપરંપરાઓ, P. 164)

**(25) પ્રસાદ –** પ્રસાદ ગુણ સમર્પકત્વને અભિવ્યક્ત કરે છે અને સમગ્ર કાવ્યને આશ્લેષીને રહે છે. (ભા. સા. વિ. ૫. P. 423, 424 ને આધારે)

समर्पकत्वं काव्यस्य यत्तु सर्वरसान् प्रति ।
स प्रसादो गुणो ज्ञेयः सर्वसाधारणक्रियः ॥ (ध्वन्या० २/१०)

'બધા જ રસોને ભાવકના ચિત્તમાં સમર્પિત કરી દેવાનો જે ગુણ તે પ્રસાદ નામે જાણવો, તે બધી જ રચનાઓમાં સર્વસાધારણ છે.'

**(26) માધુર્યગુણ –** ગુણ પણ કાવ્યના શોભાકારક તત્ત્વોમાં રૂપકાત્મક પરિભાષા છે. કાવ્યનાં જે શોભાકારક તત્ત્વો સૂક્ષ્મ હતાં જેની વિચારણા ઝીણવટપૂર્વક કરવી પડે તેવાં તત્ત્વો 'ગુણ' કહેવાયાં. ભામહે માધુર્ય, ઓજસ્ ને પ્રસાદ ત્રણ ગુણ નિર્ધારિત કર્યા. ભરતે દોષવિપર્યય તરીકે વિચાર્યા અને શ્લેષાદિ દસ ગુણો આપ્યા. દંડી અને વામને પણ આવા શબ્દાર્થના દસ ગુણો વિચાર્યા પરંતુ આનંદવર્ધને તેમના રસધ્વનિવ્યંજના સિદ્ધાન્તને અનુલક્ષીને ગુણોને આત્માના = રસના ધર્મો તરીકે સ્વીકાર્યા જેમ શૌર્યાદિ ગુણો વ્યક્તિના ખરા પણ તે આત્મા સાથે સંકળાયેલા છે એમ ગુણોનો વાસ્તવિક સૂક્ષ્મ સંબન્ધ રસ સાથે છે. આનંદવર્ધને માધુર્ય, ઓજસ્ અને પ્રસાદ ત્રણ ગુણો ચિત્તની દ્રુતિ, આર્દ્રતા, દીપ્તિ ઇત્યાદિ ચિત્તની અવસ્થાઓના અનુસંધાનમાં કહ્યા છે. માધુર્ય આર્દ્રતા દર્શાવે છે. જે મધુર એવા શૃંગારને અભિવ્યંજિત કરે છે.

**(27) ભક્તિરસ –** કાવ્યશાસ્ત્રમાં નવરસનો જ સ્વીકાર થયો છે. આમ છતાં રૂપગોસ્વામીએ ભક્તિરસની સ્થાપના કરી છે. રૂપગોસ્વામી વૈષ્ણવ પરંપરાના આલંકારિક હતા તેમણે 'ઉજ્જવલનીલમણિ' ગ્રંથમાં ભક્તિરસની વિચારણા કરી છે. ઉજ્જવલ અર્થાત્ મધુરરસ અને તે દ્વારા શૃંગારરસ તેમને અભિપ્રેત છે. ભરતે જે શૃંગારરસનું વર્ણન કર્યું છે તેમાં 'ઉજ્જવલ' શબ્દ આવે છે. 'મધુરરસ' અહીં તેના બિનસાંપ્રદાયિક અર્થમાં નહીં, પણ ભક્તિરસના એક પાસા તરીકે मधुराख्यो भक्तिरसः । (1/3) નિરૂપાયો છે. (ભા. સા. વિ. ૫. P. 392) આમાં નાયક શ્રીકૃષ્ણ છે, કૃષ્ણ વિશે જે સાચું છે તે અન્ય લૌકિક નાયક વિશે સાચું નથી. સામાન્ય રીતે આલંકારિક ભક્તિરસને ભાવરૂપ માને છે અને દેવાદિવિષયક રતિભાવમાં તેનો અંતર્ભાવ વિચારે છે. (ભા.સા.વિ.૫. P. 392)

**(28) ભયાનક રસ –** ભય સ્થાયી ભાવ છે. ભયપ્રદ વિગતો આલંબન વિભાવ છે જેના ગદ્‌ગદ ઇત્યાદિ વ્યભિચારી છે. અનુભાવો છે જુગુપ્સા, ત્રાસ, મોહ.

**(29) ભાવધ્વનિ –** જુઓ દેવાદિવિષયક રતિભાવ

**(30) રતિભાવધ્વનિ –** જુઓ દેવાદિવિષયક રતિભાવ

**(31) રીતિ –** સૌ પ્રથમ रीतिरात्मा काव्यस्य । (का. लं. सू. १/२/६) એમ વામને કહીને રીતિને કાવ્યનો આત્મા કહી છે. રીતિને તેમણે વિશિષ્ટ પદરચના કહી છે અને આ વિશેષતા તે ગુણરૂપ છે. શબ્દ કરતાં અર્થગુણો રીતિને વધારે સૂક્ષ્મ બનાવીને રસ જોડે સાંકળે છે.

વામનને મતે રીતિમાં અર્થગુણની ઉપસ્થિતિ આસ્વાદ્ય બને છે અને એને જ 'વૈદર્ભી' કહે છે. (का. लं. सू. १-२, २०-२२) વૈદર્ભી ઉપરાંત ગૌડી અને પાંચાલી રીતિ પણ વામન ગણાવે છે. ગૌડીમાં સમાસબાહુલ્ય છે તો પાંચાલી ઓજસ્ અને કાંતિ વગરની વૈદર્ભી છે. સમસ્તગુણા વૈદર્ભી જ ગ્રાહ્ય છે.

(ભા. સા. વિ. ૫ - ઉલ્લાસ - ૧૯ રીતિમાર્ગવિચાર, P. 446)

**(32) લક્ષણામૂલધ્વનિ –** ધ્વનિકાવ્યનો એક પ્રકાર. જેમાં વ્યંજનાવ્યાપાર લક્ષણાને આધારે રહીને પ્રવર્તિત થાય છે. લક્ષણામૂલક ધ્વનિમાં વાચ્યની સ્થિતિ જે-તે પ્રકારે રહેલી જણાય છે. જેના અર્થાન્તર-સંક્રમિત અને અત્યંતતિરસ્કૃતવાચ્યધ્વનિ એમ બે પ્રકાર છે. આમાં વાચ્યાર્થ અવિવક્ષિત બની જાય છે. કારણ કે વાચ્યાર્થ અસંગત જણાય છે. (ભા. સા. વિ. ૫., P. 214 - કાવ્યભેદનિરૂપણ)

**(33) લહરીકાવ્ય –** જુઓ ખંડકાવ્ય - ઊર્મિકાવ્ય.

કવિને જે ભાવોની ઊર્મિઓ કહેતાં લહરીઓ અનુભવાય અને તેનું પદ્યબદ્ધ નિરૂપણ કરે તે લહરીકાવ્ય કહેવાય. 'સૌન્દર્યલહરી'માં શ્રી મા ભગવતીનાં દિવ્ય અનુપમ સૌન્દર્યના વર્ણનમાં કવિ શંકરાચાર્યના ચિત્તમાં જે ભાવોની લહરીઓ જાગી તે પદ્યરૂપે પ્રવાહિત થઈ. જગન્નાથને 'લહરીકાવ્યો' રચવાની પ્રેરણા આદિશંકર પાસેથી મળી હોય તે શક્ય છે.

**(34) વૈદર્ભીરીતિ –** જુઓ રીતિ

**(35) વ્યંગ્યાર્થ –** વ્યંજનાશક્તિથી આવતો અર્થ તે વ્યંગ્યાર્થ. વિશેષ માટે જુઓ ધ્વનિ.

**(36) વ્યભિચારી –** સહચારી ભાવો, જે ૩૩ છે.

विविधं आभिमुख्येन रसेषु चरन्ति इति व्यभिचारिणः । (ના. શા. 7/P. 355) વિવિધ રીતે અભિમુખ થઈને (= અનુકૂળ બનીને) રસોમાં જે સંચરે છે, તે થયા વ્યભિચારીઓ. વળી વાણી, અંગ તથા સત્ત્વથી યુક્ત થઈને જે રસોનું વહન કરે તે છે વ્યભિચારીઓ. નિર્વેદ, ગ્લાનિ, શંકા, અસૂયા વગેરે ૩૩ વ્યભિચારી ભાવો છે. (ભા. સા. વિ. ૫. P. 303)

**(37 વ્યંજના –** જુઓ શબ્દશક્તિઓ

**(38) વૃક્ષના દોહદ –** જુઓ કવિસમય

**(39) શબ્દશક્તિઓ/વ્યાપાર/વૃત્તિઓ :** શબ્દની ત્રણ શક્તિઓ જેને વ્યાપાર કે વૃત્તિ પણ કહે છે, તે છે - અભિધા, લક્ષણા અને વ્યંજના. અભિધા એટલે વાચકશક્તિ અથવા મુખ્યશક્તિ, લક્ષણા એટલે અમુખ્ય કે ગૌણ શક્તિ અને ત્રીજી વ્યંજના શક્તિ. આ શક્તિઓ કે વ્યાપારો દ્વારા જુદાજુદા પ્રકારના અર્થો અપાય છે.

અભિધાવૃત્તિ અથવા મુખ્યવૃત્તિ દ્વારા શબ્દ મુખ્યાર્થ અથવા વાચ્યાર્થનો બોધ કરાવે છે. અભિધાર્થ અથવા મુખ્યાર્થને સંકેતિતાર્થ પણ કહેવામાં આવે છે એવી જ રીતે લક્ષણાવ્યાપાર લક્ષ્યાર્થનો અને વ્યંજનાવ્યાપાર વ્યંગ્યાર્થનો બોધ કરાવે છે. આ વૃત્તિઓ અમુક સંયોગોમાં પ્રવૃત્ત થતી જોવા મળે છે. આના અનુસંધાનમાં અભિધાર્થ અથવા મુખ્યાર્થ, લક્ષ્યાર્થ તથા વ્યંગ્યાર્થ આપતા શબ્દને અનુક્રમે વાચક, લક્ષક અને વ્યંજક કહેવામાં આવે છે. એકનો એક શબ્દ સંદર્ભના અનુસંધાનમાં વાચક, લક્ષક અને વ્યંજક બની શકે.

આ સિવાય વાક્યાર્થ સાથે પણ એક શક્તિ સંકળાયેલી છે, તેનું નામ તાત્પર્યવૃત્તિ છે.

(ભા. સા. વિ. ૫. P. 77નો સાર, ઉલ્લાસ : 2, વિશેષ માટે જિજ્ઞાસુઓએ ઉલ્લાસ : 3, 4, 5, 7, 8 જોવા)

**(39 A) શબ્દશક્તિમૂલધ્વનિ –** સંલક્ષ્યક્રમવ્યંગ્યધ્વનિનો ભેદ છે. આ ભેદમાં ઘંટારવ પછીના અનુરણનની જેમ વ્યંગ્યાર્થની પ્રતીતિ દરમ્યાન ક્રમ લક્ષિત થાય છે. તેના શબ્દશક્તિ અને અર્થશક્તિમૂલ એમ બે પેટાભેદો છે. ધ્વન્યા 2/21માં આનંદવર્ધને જણાવ્યું છે કે જેમાં આક્ષિપ્ત (= સાક્ષાત્ વાચ્ય નહિ તેવી) રીતે જ અલંકાર શબ્દશક્તિથી પ્રકાશે છે, અને જે શબ્દ દ્વારા કહેવાતો નથી તે ધ્વનિ શબ્દશક્તિમૂલ છે.

કાવ્યમાં શબ્દની શક્તિથી પ્રકાશમાન અલંકાર શબ્દશક્તિમૂલધ્વનિ કહેવાય છે જ્યારે શબ્દશક્તિથી વસ્તુદ્વય પ્રકાશિત થાય ત્યારે શ્લેષ બને છે. અહીં શબ્દશક્તિનો અર્થ અભિધાશક્તિ નથી લેવાનો પણ 'શબ્દરૂપી શક્તિથી' એવો ઘટિત કરવાનો છે. (ભા. સા. વિ. ૫. P. 219 ને આધારે)

**(40) શાન્તરસ –** જુઓ નવરસ

**(41) સંઘટના –** સંઘટનાનો વિચાર આનંદવર્ધને સૌ પ્રથમ કર્યો છે. વામને જે એમ કહ્યું કે વિશિષ્ટ પદરચનાવાળી રીતિ અને તેની વિશેષતા તે ગુણરૂપે રહેલી મનાઈ તેમાં છે, આને જ આનંદવર્ધને સંઘટના કહી હોય તેમ લાગે છે. વળી રીતિને સ્થાને સંઘટના ધ્વનિમાર્ગનો પારિભાષિક શબ્દ છે. આનંદવર્ધન જો કે રીતિ અને વૃત્તિ બન્નેના ઉલ્લેખો આપે છે. આનંદવર્ધનની સંઘટના સમાસના પ્રકાર અને તેના હોવા - ન હોવાના ખ્યાલ પર નિર્ભર છે. તેમના મતે સંઘટના માધુર્ય ઇત્યાદિ ગુણોને આધારે રહીને રસોનું વ્યંજન કરે છે. વક્તા અને વાચ્યગત ઔચિત્ય સંઘટનાનું નિયામક તત્ત્વ છે. (ધ્વન્યા.3/6)

આનંદવર્ધન સંઘટનાને ગુણો ઉપર આશ્રિત માને છે. સંઘટના અસમાસા, મધ્યમસમાસા અને દીર્ઘસમાસા એમ ત્રણ પ્રકારની છે. જ્યારે કવિ કે કવિનું પાત્ર રસભાવાદિથી સાપેક્ષ હોય ત્યારે અને રસ પ્રધાન પાત્રને વિશે રહેલો હોય ત્યારે અને ધ્વનિ 'કાવ્યાત્મા' તરીકે હોય ત્યારે સંઘટના નિયમપૂર્વક સમાસ વગરની કે અસમાસા હોવી જોઈએ. દીર્ઘસમાસા સંઘટના રસપ્રતીતિમાં વિઘ્ન ઊભું કરે છે એટલે એનો પ્રયોગ ટાળવો જોઈએ. (ભા. સા. વિ. ૫, P. 453, 454 અને P. 457 ને આધારે સારસંક્ષેપ)

**(42) સ્થાયી –** ભરતના રસસૂત્ર પ્રમાણે વિભાવાદિના સંયોગથી રસનિષ્પત્તિ થાય છે. જો કે સૂત્રમાં 'સ્થાયી' પદનો ઉલ્લેખ નથી પણ તે જ વિભાવાદિથી અભિવ્યક્ત થતાં રસરૂપે જણાય છે. ભરતે કુલ આઠ સ્થાયી આપ્યા છે. પાછળથી શાન્તરસનો સ્વીકાર થતાં નવ સ્થાયી ભાવો થયા. જેમ કે, રતિ, હાસ, શોક, ક્રોધ, ઉત્સાહ, ભય, જુગુપ્સા અને વિસ્મય અને શમ સ્થાયી = ચિત્તવૃત્તિઓ છે.

સ્થાયી 'રાજા' સ્થાને છે વિભાવાદિ અનુચરો રૂપે અર્થાત્ સ્થાયીને આશ્રયે રહેલા છે. ચર્વણાપાત્ર તો સ્થાયી જ છે. બધા જ સ્થાયી સુખપ્રધાન છે. પોતાની સંવિત્નો આસ્વાદ કેવળ આનંદરૂપ છે.

સ્થાયીમાં રતિ વગેરે પ્રધાન મનાયા છે. રતિ વગેરેના અંગરૂપે અન્ય સ્થાયી આવે તો પણ પુરુષાર્થની સિદ્ધિમાં તો ઉપયોગી બને છે. અંદરોઅંદર તો સ્થાયીઓમાં પ્રધાન-ગૌણભાવ હોય જ છે.

દરેક વ્યક્તિમાં નવ સ્થાયી વત્તા-ઓછા પ્રમાણમાં હોય છે. કોઈપણ વ્યક્તિ આ ચિત્તવૃત્તિઓની વાસનાથી રહિત હોતી નથી.

(ભા. સા. વિ. ૫. P. 298–300 ને આધારે સાર)

**(43) સાત્ત્વિકભાવ –** સાત્ત્વિકભાવોનો રસસૂત્રમાં પૃથક્ નિર્દેશ કરવામાં આવ્યો નથી પણ તેમાં નિર્દેશાયેલા અનુભાવો દ્વારા જ તેમનું ગ્રહણ અભિપ્રેત છે. છતાં આઠ સાત્ત્વિકભાવો ગણાવાયા છે. મનમાંથી ઉદ્‌ભવેલને સત્ત્વ કહે છે. મન એકાગ્ર થતાં સંભવે એટલે કે મનની સમાધિમાંથી જન્મે છે. તેના સ્વભાવ પ્રમાણે પ્રાપ્ત થતા આઠ સાત્ત્વિક ભાવો તે (ના. શા. 7/94) સ્તંભ, સ્વેદ, રોમાંચ, સ્વરભેદ, વેપથુ (= ધ્રુજારી), વૈવર્ણ્ય, અશ્રુ અને પ્રલય. આ ભાવો અન્યમનસ્ક રીતે અભિનીત કરી શકાય નહીં અને નાટ્ય લોકસ્વભાવનું અનુકરણ કરતું હોવાથી, તેમાં સત્ત્વ ઈષ્ટ મનાયું.

(ભા. સા. વિ. ૫. P. 302, 303 ને આધારે)

નાટ્યની જેમ કાવ્યમાં પણ રસના અનુષંગે કવિ રોમાંચાદિ સાત્ત્વિક ભાવોનું નિરૂપણ કરે છે.

**(44) સૂચિતાર્થ –** જુઓ વ્યંગ્યાર્થ

**(45) હર્ષ –** તે એક નામે વ્યભિચારી ભાવ

**(46) હાસ્યરસ** - હાસ સ્થાય્યાત્મક રસ

જુઓ : નવરસ

# પરિશિષ્ટ : 4

## સંદર્ભસહાયક ગ્રંથો (સંજ્ઞાસૂચિ સાથે)

### સંસ્કૃત ગ્રંથો


1. अलंकाररत्नाकर – (अलं. र.) (शोभाकरमित्रकृत)
   संपा. – सी. आर. देवधर, ओरियन्टल बुक एजन्सी, पूणे, प्रथम आवृत्ति, ई.स. 1942.

2. अलंकारसर्वस्व – (अलं. स.) (रुय्यककृत)
   संपा./अनु. डॉ. रेवाप्रसाद द्विवेदी, चौखम्बा संस्कृत सीरीझ ऑफिस, वाराणसी, प्रथम आवृत्ति, ई.स. 1971.

3. कालिदासग्रंथावलि –
   संपा. – डॉ. रेवाप्रसाद द्विवेदी, काशी हिन्दू विश्वविद्यालय, वाराणसी, द्वितीय संशोधित आवृत्ति, ई.स. 1986.

4. काव्यप्रकाश (का. प्र.) (मम्मट रचित)
   संपा./अनु. (हिन्दी) आचार्य विश्वेश्वर, प्रका. वाराणसी ज्ञानमंडल लिमिटेड, चतुर्थ संस्करण, ई.स. 1960.

5. काव्यप्रकाश – बालबोधिनी टीका सहित
   संपा. आचार्य वामन झळकीकर, प्रका. भांडारकर ओरियन्टल रीसर्च इन्स्टिट्यूट, पूणे, सप्तम आवृत्ति, ई.स. 1965.

6. काव्यमीमांसा (का. मी.) (राजशेखरकृत)
   संपा. – सी. डी. दलाल, प्रका. गायकवाड ओरियन्टल सीरीझ, तृतीय आवृत्ति, ई.स. 1934.

7. काव्यालंकार (का.लं.) (भामहकृत)
   संपा./अनु. (हिन्दी) देवेन्द्र शर्मा, प्रका. बिहार राष्ट्रभाषा परिषद, पटना, ई.स. 1962.

8. काव्यालंकारसूत्रवृत्ति (का.लं. सू.) (आचार्य वामनकृत) (कामधेनु व्याख्यासहित)
   संपा. पं. श्री आशुबोध विद्याभूषण, पं. श्री नित्यबोध विद्यारत्न, प्रका. वाचस्पति यंत्रणालय, कलकत्ता, तृतीय संस्करण, ई.स. 1922.

9. कुमारसम्भव (कुमार०) (कालिदासकृत) (सञ्जीवनी समेतम्) (अन्वयप्रकाश हिन्दी व्याख्योपेतम्)
   संपा./अनु. पं. प्रद्युम्न पाण्डेय, प्रका. चौखम्बा विद्याभवन, वाराणसी, पंचम आवृत्ति, ई.स. 1986.

10. कुमारसम्भव – (मल्लिनाथकृत सञ्जीवनी, सीतारामकृत सञ्जीवनी सहित)
संपा. - नारायण राम आचार्य 'काव्यतीर्थ', प्रका. निर्णयसागरप्रेस, मुंबई, त्रयोदशं संस्करणम्, ई.स. 1946.

11. कुवलयानन्द (कुव०) (अप्पय्यदीक्षितकृत) (चन्द्रालोकसहित)
संपा. क्षेमराज श्रीकृष्णदास श्रेष्ठी
प्रका. - श्री वेंकटेश्वर मुद्रणयन्त्रालय, मुंबई, ई.स. 1968.

12. कुवलयानन्द (कुव.) (हिन्दी)
संपा./अनु. - डॉ. भोलाशंकर व्यास, अलंकारसुरभि - हिन्दी व्याख्या समेत, प्रका. चौखम्बा विद्याभवन, वाराणसी, ई.स. 1956.

13. दुर्गासप्तशती (= चंडीपाठ)
(मार्कण्डेय पुराणे)
संपा./अनु. श्री रामनारायण दत्त, गीताप्रेस गोरखपुर, वि.स. 2011

14. ध्वन्यालोक (ध्वन्या०) (लोचनसहित)
संपा./अनु. - डॉ. तपस्वी नान्दी,
प्रका. सरस्वती ओरियन्टल रीसर्च संस्कृत सीरीझ-११
सरस्वती पुस्तक भंडार, अमदावाद, प्रथम आवृत्ति, ई.स. 1997, 98.

15. बृहद् स्तोत्ररत्नाकर-१/२ (प्रथमो भाग, द्वितीयो भाग)
संपा. - नारायणराम आचार्य, डॉ. शिवप्रसाद शर्मा, प्रका. चौखम्बा विद्याभवन, वाराणसी, प्रथम संस्करण, ई.स. 2004.

16. भारतीय साहित्यशास्त्र कोश
संपा. - डॉ. राजवंश सहाय
प्रका. – बिहार हिन्दी ग्रंथ अकादमी पटना, प्रथम संस्करण, ई.स. 1973.

17. रसगंगाधर (र. गं.) (जगन्नाथकृत) भाग १, २
('चन्द्रिका' संस्कृत टीका समेत)
हिन्दी अनुवाद एवं व्याख्या
संपा. - पं. श्री मदनमोहन झा., प्रका. चौखम्बा विद्याभवन, वाराणसी, ई.स. 1969.

18. ललितासहस्त्रनाम - (Bhaskar Rai's Commentary)
(English Translation - by - R. Anantha Krishna Shastry.)
Pub. – The Theosophical Publishing House Adyar. Madras, 4th reprint A.D. 1970.

19. साहित्यमीमांसा – (रुय्यक (?)/मंखककृत)
संपा. के साम्बशिवशास्त्री, अनन्तशयन संस्कृत ग्रंथावलि, मायसोर, ई.स. 1934.

20. साहित्यमीमांसा – संपा. – गौरीनाथ शास्त्री
प्रका. – संपूर्णानन्द संस्कृत महाविद्यालय, वाराणसी, प्रथम आवृत्ति, A. D. 1984.

21. सौन्दर्यलहरी★ (शंकरभगवत्पादाचार्यकृत) (१० टीका सहिता) (आंग्ल अनुवादसहिता)
(१) लक्ष्मीधरा (२) सौभाग्यवर्धिनी (३) अरुणामोदिनी (४) आनन्दगिरीया (५) तात्पर्यदीपिनी (६) पदार्थचन्द्रिका (७) डिण्डिमभाष्य (८) गोपालसुन्दरी (९) आनन्दलहरी (१०) कैवल्यवर्धिनी.
संपा./अनु. ए. कुप्पुस्वामी
प्रका. राष्ट्रिय संस्कृत संस्थान, मानित विश्वविद्यालय, दिल्ली, द्वितीय पुनर्मुद्रित संस्करणम्, ई.स. 2005.

22. सौन्दर्यलहरी# श्रीमत्लक्ष्मीधरव्याख्या समन्विता)
अथ च सरला हिन्दी व्याख्योपेता
संपा./अनु. डॉ. सुधाकर मालविय.
प्रका. चौखम्बा संस्कृत प्रतिष्ठान, दिल्ली, प्रथम संस्करणम्, ई.स. 2009.

23. सौन्दर्यलहरी@ (हिन्दी अनुवादसह)
संपा./अनु. सदानन्द ब्रह्मचारी
प्रका. द्वारकाधीश संस्कृत अकादमी, द्वारका, जामनगर, प्रथम आवृत्ति, स. 2057.

24. सौन्दर्यलहरी (हिन्दी अनुवाद)
संपा./अनु. स्वामी विष्णुतीर्थजी महाराज
प्रका. योगश्री पीठ, ऋषिकेश, गढवाल, पंचम आवृत्ति, ई.स. 1987

25. सौन्दर्यलहरी (त्रिपुराटीका सहिता)
संपा. श्री चरणतीर्थ महाराज
प्रका. भुवनेश्वरी पीठ, गोंडल, ई.स. 1961

---

★. ભાવાર્થ માટે, કાવ્યશાસ્ત્રીય અધ્યયન માટે પ્રસ્તુત આવૃત્તિનો આધાર વિશેષ સંદર્ભ ગ્રંથ તરીકે લેવામાં આવ્યો છે.

#. કાવ્યશાસ્ત્રીય વિવેચન માટે વિશેષ સંદર્ભ ગ્રંથ તરીકે ઉપયોગ

@. સંદર્ભગ્રંથ તરીકે આ આવૃત્તિનો ઉપયોગ કર્યો છે.

26. सौन्दर्यलहरी (लक्ष्मीधरा, भावनोपनिषत् सहित)
संपा. स्वामी गणपति,
ओरियन्टल रीसर्च संस्कृत सीरीझ, प्रका. हिन्दुस्तान प्रेस, मैसूर, तृतीय आवृत्ति, ई.स. १९५३

27. सौन्दर्यलहरी (English Translation )
संपा./अनु. पं. अनन्तकृष्णशास्त्री
प्रका. गणेश एण्ड कुं, मद्रास, ई. स. 1957

28. सौन्दर्यलहरी (English Translation)
संपा. एस. सुब्रह्मण्य शास्त्री, टी. आर. श्रीनिवास आयंगर.
प्रका. ध थियोसोफीकल पब्लीशींग हाउस, अडयार, मद्रास, ई.स. 1937

29. सौन्दर्यलहरी (English) (आनन्दलहरी)
संपा. देवव्रत घोष.
प्रका. संस्कृत बुक डेपो, कलकत्ता, प्रथम आवृत्ति, ई. स. 1985.

30. सौन्दर्यलहरी – आनन्दलहरी
(English Translation & Commentary)
संपा. Arthur Avalon
प्रका. गणेश एण्ड कुं. मद्रास, ई. स. 1953.

## સૌન્દર્યલહરી ગુજરાતી અનુવાદ

31. સૌન્દર્યલહરી
અનુ. ગિરજાશંકર વિશ્વનાથ પાઠક
પ્રકા. પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ,
દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. 2004

32. સૌન્દર્યલહરી★
અનુ. શાંતિકુમાર જયશંકર ભટ્ટ
સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ઈ.સ. 1974

★. ભાવાર્થ માટે આ પુસ્તકનો ઉપયોગ કર્યો છે.

## કાવ્યશાસ્ત્રના અને અન્ય ગુજરાતી ગ્રંથો


33. અર્થાલંકારોની વિકાસયાત્રાના સંદર્ભમાં 'અલંકારસર્વસ્વ'કાર રુય્યક એક અધ્યયન – (અપ્રકાશિત મહાનિબંધ)
ડૉ. પારુલ માંકડ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, ઈ.સ. 1980.

34. એકાદશ ઉપનિષદો
અનુ. રજનીકાંત મોદી
પ્રકા.સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1946

35. काव्याप्रकाश
અનુ. નગીનદાસ પારેખ
પ્રકા. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1987

36. काव्यादर्श (= का. द.)
સંપા. ડૉ. જાગૃતિ પંડ્યા
પ્રકા. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1994, દ્વિતીય આવૃત્તિ 2008 અને 2009

37. ધ્યાન
સંપા. વિજય. અનુ. અંબાલાલ પુરાણી, અમીધર ભટ્ટ.
પ્રકા. શ્રી અરવિન્દ સોસાયટી બ્રાન્ચ, અમદાવાદ, બીજી આવૃત્તિ, ઈ.સ. 1978

38. નાટ્યશાસ્ત્રમાં નૃત્ય અને સંગીતનિરૂપણ
સંપા. ડૉ. પ્રવીણભાઈ શાસ્ત્રી
પ્રકા. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 2012

38 A. પ્રભુ અર્પણ (શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા) (દેવોની માતા) ફેબ્રુઆરી, 2017, વર્ષ : 3, અંક - 2. સંપા./તંત્રી શ્રી કિરીટકુમાર ઠક્કર, પ્રકા.-શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ, દાંડિયા બજાર, વડોદરા.

39. ભારતીય નાટ્યશાસ્ત્રની વિચારપરંપરાઓ
સંપા. ડૉ. તપસ્વી નાન્દી
પ્રકા. યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 1985.

40. ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ (ભા. સા. વિ. ૫.)
સંપા. ડૉ. તપસ્વી નાન્દી

પ્રકા. યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ, તૃતીય સંશોધિત આવૃત્તિ, ઈ.સ. 2002.

41. સાવિત્રી શબ્દામૃત ભાગ : 5
શ્રદ્ધાવાન
અનુ. કિરીટ ઠક્કર, પ્રકા. – યોગયુક્તા પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 2015.

42. સાવિત્રી શબ્દામૃત ભાગ : 6
શ્રદ્ધાવાન
અનુ. કિરીટ ઠક્કર, પ્રકા. – યોગયુક્તા પ્રકાશન, વડોદરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ. 2016.

43. સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિ
સંપા. - બાપાલાલ વૈદ્ય
પ્રકા. - ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. 2008

**અંગ્રેજી પુસ્તકો**

44. A Vedic Concordance. M. Bloom field
Pub. Motilal Banarsidas, Delhi, Varanasi, Patana, 2nd Issue, A.D. 1964

45. History of Classical Sanskrit Literature
M. Krishnamachariar.
Motilal Banarasidas, Delhi, Varanasi, Patana, 3rd ed, A.D. 1974

46. Mother's Agenda
Vol - 6- 1965.
Ed. - Satprem.
Pub. Mira Aditi Centre, Mysor, First ed, A.D. 1997

47. Readings In Savitri
Vol. VII
M. P. Pandit
Pub – Dipti Publication - Sri Aurobindo Ashram, 2nd Ed,, Pondicherry - 2004

48. Savitri
Sri Aurobindo
Sri Aurobindo Ashram Trust.
All India Books, Pondicherry - A. D. 1970

49. Sri Aurobindo's Poetry And Sanskrit Rhetoric.
(Exemplification of Some Arthālaṇkāras or Figures of Speech')
- Jugalkishore Mukherjee
- Pub Sri Aurobindo International Centre of Education, Pondicherry, 1989

50. Studies In Sanskrit Sahityasastra
V. M. Kulkarni
Pub. - B. L. Institute of Indology, Patan, 1st Ed. A. D. 1983.

51. Upaniṣad Vākyakośa – 'उपनिषद्वाक्यकोशः'
ed. Colonel Jacob
Government Central Book Depot. Bombay, A. D. 1891.

* * *

# સૌન્દર્યલહરી-એક વિશિષ્ટ અભ્યાસ

- જાગૃતિ પંડ્યા

કોઈપણ વિચાર કે ભાવ વ્યક્ત થાય છે વાણી થકી કે શબ્દો વડે. મનમાં ઉદ્‌ભવતો વિચાર કે હૃદયમાં ઉમડતો ભાવ કે સંવેદન એ આંતરિક બાબત છે અને સાથે જ વૈયક્તિક પણ. પરંતુ એ જ વિચાર કે ભાવ બહાર પ્રગટ થાય છે - કાંતો ઉચ્ચરિતસ્વરૂપે અથવા તો લિખિતરૂપે. આ વિચાર કે ભાવનું પ્રગટ થતું રૂપ છે શબ્દ, જે કોઈપણ ભાષાનું મહત્ત્વનું ઘટક છે.

વિશ્વમાં પ્રયોજાતી અનેકાનેક ભાષાઓમાં અગ્રગણ્ય, અત્યન્ત મહત્ત્વપૂર્ણ ભાષા છે સંસ્કૃત - જે એક તરફ ગીર્વાણગિરાનું ગૌરવ પામી છે તો બીજી તરફ આધુનિક યુગના અનિવાર્ય ઉપકરણરૂપ કમ્પ્યૂટર માટે સૌથી વધુ સક્ષમ એવું માધ્યમ પુરવાર થઈ છે. તેનું કારણ છે તેની શાસ્ત્રીયતા ને સચોટતા. સંસ્કૃત ભાષાની સમૃદ્ધિ પણ તેના મહત્ત્વ કે ગૌરવને ઉજાગર કરે છે. આ સમૃદ્ધિ છે - તેમાં રચાયેલ ગ્રન્થોની, તેના વૈવિધ્યની અને તેમાં નિરૂપિત વિષયની વ્યાપકતાની.

સંસ્કૃતમાં સર્જાયેલ બહુવિધ રચનાઓમાં કાવ્યસ્વરૂપ ને તેમાંય સ્તોત્રસ્વરૂપ અત્યન્ત લોકપ્રિય ને ખૂબ પ્રચલિત એવું સ્વરૂપ છે. સંસ્કૃત ભાષામાં રચાયેલ વિવિધ સ્તોત્રોમાં શંકરાચાર્યરચિત **સૌન્દર્યલહરી** એક આગળપડતું સ્થાન ધરાવે છે. પ્રસ્તુત લેખમાં **સૌન્દર્યલહરી**નો અભ્યાસ એક વિશિષ્ટ દૃષ્ટિકોણથી કરાયો છે. આ ગ્રન્થની વિશેષતા જણાવતાં પહેલાં, અત્રે તેના રચયિતા - આદિ શંકરાચાર્ય - વિશે જાણકારી પામીએ ને તે પછી ગ્રન્થગત વૈશિષ્ટ્ય - તેની ભાષા, તેના વિષય કે આનુષંગિક અન્ય બાબતો વિચારવી ઉચિત લેખાશે.

આઠમી સદીમાં થઈ ગયેલા શ્રી શંકરાચાર્ય અદ્વૈત વેદાન્તના પુરસ્કર્તા આચાર્ય મનાય છે. ભારતનો સાંસ્કૃતિક વારસો શંકરાચાર્યના પ્રદાન વિના અધૂરો લેખાય, તો વળી દાર્શનિક અને આધ્યાત્મિક વિચારવારસો તો શંકરાચાર્ય થકી જ સવિશેષ સમૃદ્ધ ને લોકભોગ્ય બન્યો છે. માત્ર ૩૨ વર્ષની અલ્પ આયુમાં જ તેમણે જે મહત્ત્વપૂર્ણ સાહિત્યસર્જન કર્યું છે, તે આપણે માટે સાનંદાશ્ચર્ય ને અહોભાગ્યના સીમાચિહ્નરૂપ છે. તેમણે અનેકાનેક ગ્રન્થો રચ્યા છે, તેમાં મુખ્યત્વે તો ઉપનિષદ્, બ્રહ્મસૂત્ર ને શ્રીમદ્‌ભગવદ્‌ગીતા એ વેદાન્તદર્શનની પ્રસ્થાનત્રયીરૂપ મનાતા ગ્રન્થો ઉપર તેમણે આપેલ વિદ્વત્તાપૂર્ણ ભાષ્યો તેમના જ્ઞાનની ગરિમાને પ્રકાશિત કરે છે; તો વિવેકચૂડામણિ, અપરોક્ષાનુભૂતિ કે તત્ત્વોપદેશ જેવા ગ્રન્થો 'નાનો પણ રાઈનો દાણો' ઉક્તિને સાર્થક કરનારા છે. વિષ્ણુસહસ્રનામસ્તોત્ર પરનું તેમનું ભાષ્ય તથા ઉપદેશસાહસ્રી અને સર્વવેદાન્તસિદ્ધાન્તસારસંગ્રહ જેવી રચનાઓ તેમની પ્રતિભાની પરિચાયક બની પ્રસિદ્ધિ પામેલ છે.

શંકરાચાર્યે અનેક સ્તોત્રકાવ્યો પણ રચ્યાં છે, જેમાં દર્શન કહેતાં જ્ઞાન અને ભક્તિનો સુભગ સમન્વય સધાયો હોવાનું જણાય છે. આ સર્વ રચનાઓમાં શંકરાચાર્યવિરચિત **આનંદલહરી / સૌન્દર્યલહરી** પણ એક વિશેષ નોંધપાત્ર ને મહત્ત્વપૂર્ણ ગ્રન્થ છે. જો કે, શ્રી એસ. કે. બેલવેલકર સૌન્દર્યલહરીને આદિ શંકરાચાર્યરચિત માનતા નથી. આચાર્યશ્રી ચરણતીર્થ મહારાજ પણ આવું જ મંતવ્ય ધરાવે છે, પરંતુ મહદંશે અનેક વિદ્વાનોએ સૌન્દર્યલહરીને આદિશંકરાચાર્યરચિત જ માની છે તેથી આપણે પણ તેનું અનુમોદન કરીશું. અહીં એક બાબત નોંધીશું કે, જહોન વુડ્રોફ કે જેઓ તન્ત્રશાસ્ત્રના ઊંડા અભ્યાસી છે ને જેમણે અનેક ગ્રન્થોની રચના કરી તેનાં રહસ્યોને ખોલી આપ્યાં છે, તેઓ પણ આ ગ્રન્થના રચયિતા કોણ ? એ પ્રશ્નને મહત્ત્વ ન આપતાં, કૃતિની ગુણવત્તા ઉપર વધુ ભાર મૂકે છે.[૧]

અદ્વૈત વેદાન્તના મહાન આચાર્ય ને તન્ત્રશાસ્ત્રના મર્મજ્ઞ એવા શ્રી શંકરાચાર્યની આ સ્તોત્ર-રચના અદ્વૈત વેદાન્તના ગ્રન્થરૂપે પ્રખ્યાત છે, તેનાથી વિશેષ શાક્ત તન્ત્રમાં શ્રીવિદ્યાની ઉપાસના અર્થે અત્યન્ત પ્રામાણિક ને પ્રસિદ્ધ રચના મનાય છે.

આ સ્તોત્ર સો પદ્યોમાં નિબદ્ધ છે, જેના બે વિભાગ છે. પ્રથમ વિભાગ - ૧ થી ૪૧ પદ્યો - **આનંદલહરી** નામે ઓળખાય છે, તો પછીનાં પદ્યોનો બીજો વિભાગ - ૪૨ થી ૧૦૦ (કુલ ૫૯ પદ્યો) - **સૌન્દર્યલહરી** કહેવાય છે. (જો કે, આ ઉપરાંત, અન્ય ત્રણ, પ્રક્ષિપ્ત ગણાતાં, પદ્યો પણ ઘણીખરી આવૃત્તિઓમાં પ્રાપ્ત થાય છે ખરાં, એટલે કુલ ૧૦૩ પદ્યોમાં ગ્રન્થ રચાયેલ છે.) ઉત્તર ભારતમાં આ બન્ને વિભાગને જુદા નામે ને સ્વતન્ત્ર રચનાઓ માનવાનું વલણ જોવા મળે છે, જ્યારે દક્ષિણ ભારતમાં તે બન્ને વિભાગને એક જ નામ - **સૌન્દર્યલહરી** - થી ઓળખવામાં આવે છે.

વિશ્વના કારણરૂપ બ્રહ્મ પોતે નિરંજન - નિરાકારસ્વરૂપ છે, પરંતુ તેની સાથે અભિન્ન રીતે જોડાયેલી તેની શક્તિ કાર્યાન્વિત થઈ સર્જનાદિ કરે છે. આનંદ કે જે બ્રહ્મનું સ્વરૂપ છે, તેનું જ્ઞાન ભગવતી કરાવે છે. તેથી પહેલાં આનંદનું નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રથમ વિભાગ - **આનંદલહરી** - માં શ્રીવિદ્યાના ગંભીર રહસ્યોનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, અને પછી બીજા વિભાગ - **સૌન્દર્યલહરી** -માં તે ભગવતી દેવીનું - તેમના સૌન્દર્યનું નખશિખ વર્ણન કરાયું છે. આ સૌન્દર્યની અનુભૂતિ એ શક્તિની જ અનુભૂતિ છે. સમગ્ર વિશ્વમાં વિલસતું, શક્તિનું જે વિરાટસ્વરૂપ છે તેનું જ વર્ણન દેવીના સૌન્દર્યની પ્રશંસાસ્વરૂપે કરાયું છે, જેમાં વિશ્વને ભગવતીનો વિરાટ દેહ માની પ્રકૃતિ દેવીના દિવ્ય દેહનું ચિત્રણ પ્રાપ્ત થાય છે. આ રીતે, પિંડ અને બ્રહ્માંડમાં વિલસતી એક જ શક્તિની અનુભૂતિ માટેનો માર્ગ અહીં પ્રશસ્ત કરાયો છે.

આ સ્તોત્રમાં શ્રી આદિશક્તિ મૂલમાયા અને શુદ્ધવિદ્યાનું તાત્ત્વિક, યૌગિક અને પ્રાકૃતિક સગુણ રૂપનું રસગર્ભિત, ભક્તિપૂર્ણ ને મનોહર વર્ણન મળે છે. યોગમાર્ગ અનુસાર, મૂલાધારસ્થિત કુંડલિની મહામાયા કહેવાય છે ને તેનું જ સંવિત્સ્વરૂપ શુદ્ધવિદ્યા કહેવાય છે. તે જ પરા, પશ્યન્તી, મધ્યમા ને વૈખરીરૂપે વ્યક્ત થઈ સમસ્ત મન્ત્રમય જગતને સર્જે છે. કુંડલિનીના જાગરણ દ્વારા જીવ-બ્રહ્મ-એકત્વનું જ્ઞાન થઈ શકે છે. આ અદ્વૈત બ્રહ્મના અનુભવ માટે અનેક સાધનો વિદ્યમાન છે, જેમાં શ્રીચક્રની ઉપાસના એ એક મહત્ત્વપૂર્ણ સાધન છે. આ શ્રીચક્રની ઉપાસ્ય દેવતા લલિતાત્રિપુરા છે. જગજ્જનની આદિશક્તિ મહાત્રિપુરસુંદરીના પ્રકાશથી સકલ વિશ્વ પ્રકાશિત છે. તે દેવીની સ્તુતિ એ સૌન્દર્યલહરીનો પ્રતિપાદ્ય

---

૧. જુઓ : Wave of Bliss - Preface P.4

વિષય છે. આ રચનામાં ભગવતીના સ્તવનને નિમિત્તે, મુમુક્ષુઓ માટે, શ્રીવિદ્યાની ઉપાસના અને તેનો મહિમા, તેનો વિધિ, શ્રીચક્ર અને ષટ્ચક્રો સાથે તેનો સંબંધ અને તે ષટ્ચક્રોના ભેદનરૂપી જ્ઞાન મેળવવાનો માર્ગ દર્શાવાયો છે. શ્રીચક્રમાં રહેલ શ્રીવિદ્યાની અધિદેવતા મહાત્રિપુરસુંદરી એ જ યોગીજનોની, ષટ્ચક્રમાં અધિષ્ઠિત, કુંડલિની છે ને તે જ સકલ બ્રહ્માંડમાં સ્થૂલરૂપે સ્વયં વ્યક્ત થતી વિરાટ અધિભૂતા શક્તિ છે અને તે જ નિર્ગુણ બ્રહ્મની સચ્ચિદાનંદથી અભિવ્યક્ત થનારી ચિતિશક્તિ છે. તે ભગવતીની સ્તુતિ એ ગ્રન્થરચનાનો વિષય છે ને આ તત્ત્વજ્ઞાનની અપરોક્ષાનુભૂતિ એ ગ્રન્થનું પ્રયોજન છે એમ કહી શકાય. અહીં, પ્રથમ ભાગમાં એટલે કે આનંદલહરીમાં ચિતિશક્તિનું - તેના સૂક્ષ્મ સૌન્દર્યનું નિરૂપણ છે, જેને મિષે તન્ત્રશાસ્ત્રનાં ગહન રહસ્યો નિરૂપિત કરાયાં છે અને દ્વિતીય ભાગમાં અર્થાત્ સૌન્દર્યલહરીમાં દેવીના વિરાટ સ્વરૂપનું નિરૂપણ છે, જેમાં તેમનું નખશિખ - અંગપ્રત્યંગમાં વિલસતું - લોકાતીત લાવણ્ય વર્ણવાયું છે. શિખરિણી છન્દમાં રચાયેલ આ સ્તોત્રમાં ભાષા, ભાવ, રસ અને અલંકારની રજૂઆત અનુપમ ને અલૌકિક જણાય છે. કહો કે, કવિનું કાવ્યસૌષ્ઠવ તેમાં ઉત્તમ રીતે પ્રગટ થયું છે.

ડૉ દે[1] સાચું જ કહે છે કે, સરળ ને લાલિત્યપૂર્ણ અભિવ્યક્તિની સાથે છન્દગત પ્રવાહિતા ને અનુપ્રાસોનો સુચારુ પ્રયોગ શ્રી શંકરાચાર્યનાં સ્તોત્રોને સંસ્કૃત સ્તોત્રસાહિત્યમાં અગ્રગણ્ય સ્થાન અપાવે છે.

**સૌન્દર્યલહરી** પણ એક અનુપમ સ્તોત્રરચના છે, જેનો પ્રથમ જ શ્લોક એ સમગ્ર રચનાના સારગર્ભરૂપ છે. આ પદ્ય સમગ્ર સ્તોત્રરચનાનું આરંભબિન્દુ હોવાની સાથે નિષ્કર્ષ કે નિચોડરૂપ તત્ત્વાનુસંધાન પણ કરી આપે છે. તેથી તેનો આસ્વાદ તો કરવો જ રહ્યો. વળી, આગળ જણાવ્યું છે તે મુજબ આ સમગ્ર રચના ક્યાંક **સૌન્દર્યલહરી** નામે ઓળખાય છે તો સાથેસાથે સમગ્ર રચનાને દ્વિભાજિત કરી, પૂર્વભાગને **આનંદલહરી** તથા ઉત્તરભાગને **સૌન્દર્યલહરી** માનવાનું વલણ પણ જોવા મળે છે. શ્રી શંકરાચાર્યે આ સ્તોત્રરચનામાં જ, આ બન્ને નામોનો નિર્દેશ જે તે સંદર્ભમાં કર્યો છે. જેમ કે, શ્લોક - ૮ (સુધાસિન્ધોઃ.... વગેરે)માં અંતિમ પદ - ચિદાનન્દલહરીમ્ – માં સ્પષ્ટરૂપે શબ્દશઃ **આનન્દલહરી** પદનો નિર્દેશ છે, જ્યારે શ્લોક - ૨૧ (તડિલ્લેખાતન્વીં.... વગેરે)માં અંતિમ પદ - પરમાહ્લાદલહરીમ્ – માંનો આહ્લાદલહરી શબ્દ અર્થતઃ **આનન્દલહરી** શબ્દનો જ નિર્દેશક બની રહે છે. આ બન્ને નિર્દેશો ગ્રન્થના પૂર્વભાગ - ૧ થી ૪૧ શ્લોકો - માં જ આવે છે, જ્યારે ગ્રન્થના ઉત્તરભાગમાં શ્લોક - ૪૪ ( તનોતુ ક્ષેમં.... વગેરે અથવા વહન્તી સિન્દૂરં.... વગેરે )માં સામાસિક પદમાં **સૌન્દર્યલહરી** શબ્દનો નિર્દેશ છે. આ સર્વ નિર્દેશો ગ્રન્થના શીર્ષક પ્રતિ સંકેત કરે છે. તેથી અહીં આપણે આ પદ્યો અંગે પણ વિચારણા કરીશું.

તો હવે સૌ પ્રથમ અહીં પ્રારંભિક પદ્યની વિચારણા કરીશું અને તે પછી, શીર્ષકનો સંકેત કરતાં, ઉપરિનિર્દિષ્ટ પદ્યોની વિચારણા કરીશું ને છેલ્લે એક અન્ય પદ્યની વિચારણા પણ આવરી લઈશું. એ રીતે, અહીં પહેલાં કુલ પાંચ પદ્યોનું આસ્વાદાચમન કરાવવાનો ઉપક્રમ છે. ને સાથે સાથે સ્તોત્રમાં પ્રયુક્ત, દેવી માટેનાં સંબોધનો ઉપર પણ યત્કિંચિત્ પ્રકાશ પાડીશું.

---

૧. જુઓ : History of Sanskrit Literature P-380-381

" Not only ease and elegance of expression, but also the smooth flow of metre and use of rhyme make these deservedly popular stotras occupy a high rank in Sanskrit Stotra Literature."

સ્તોત્રનો આરંભ પ્રસ્તુત પદ્યથી થાય છે :

**शिवश्शक्त्या युक्तो यदि भवति शक्तः प्रभवितुं**
**न चेदेवं देवो न खलु कुशलस्स्पन्दितुमपि ।**
**अतस्त्वामाराध्यां हरिहरविरिञ्च्यादिभिरपि**
**प्रणन्तुं स्तोतुं वा कथमकृतपुण्यः प्रभवति ॥ — १**

અહીં આ પ્રથમ જ પદ્યમાં શ્રી શંકરાચાર્ય જણાવે છે કે,

"જો શિવ શક્તિથી યુક્ત થાય તો તે (સર્જનાદિ કાર્યો) કરવાને સમર્થ બને. પરંતુ જો તેમ ન થાય (= શિવ-શક્તિ સાથે ન હોય) તો (તે) દેવ ખરેખર હલનચલન કરવામાં પણ કુશળ નથી. આથી હરિ, હર, બ્રહ્મા વગેરે દ્વારા પણ આરાધન કરવાયોગ્ય તને પ્રણામ કરવાને કે (તારી) સ્તુતિ કરવાને માટે (મારા જેવા) પુણ્યહીન કેવી રીતે સમર્થ થાય ?"

આનો અર્થ એ કે, શિવ શક્તિથી સંયુક્ત થાય ત્યારે જ, વિશ્વની રચના ને સંરક્ષણ કરી શકે છે. શક્તિનો સંયોગ ન થાય તો તેઓ સ્પંદન કરવામાં ય સમર્થ ન બને - તેઓ હાલીચાલી ય શકે નહીં.

શક્તિનું તાંત્રિક બીજ ઇ કાર છે. **शिव** શબ્દમાંથી ઇ દૂર કરાતાં **शव** રહે એટલે કે તે જડ, નિર્જીવ કે ચેતનરહિત બની જાય. અર્થાત્, શક્તિ ચિતિરૂપા છે. તેનો યોગ થાય તો જ સામર્થ્ય પ્રાપ્ત થાય. આ રીતે અહીં શિવ-શક્તિ-સામરસ્યનું નિરૂપણ કરાયું છે.

**सुभगोदयस्तुति**માં કહ્યું છે —

परोऽपि शक्तिरहितः शक्तः कर्तुं न किञ्चन ।
शक्तः स्यात् परमेशानि शक्त्या युक्तो भवेद् यदि ॥[1]

વામકેશ્વર મહાતન્ત્રમાં કહ્યું છે —

परोऽपि शक्तिरहितः शक्त्या युक्तो भवेद्यदि ।
सृष्टिस्थितिलयान्कर्तुमशक्तः शक्त एव हि ॥[2]

ખરેખર તો વિશ્વના કારણરૂપ બ્રહ્મ શક્તિથી અભિન્ન જ છે. કારણકાર્ય વચ્ચે અભેદ હોય જ. આથી જ પરબ્રહ્મને શક્તિ દ્વારા અભિવ્યક્ત થતા દર્શાવ્યા છે. બ્રહ્મ પોતે સ્વતન્ત્ર રીતે તો અવ્યય, અવિનાશી, અપરિણામી, અક્ષર, અવ્યક્ત છે. તેમ છતાં, જગતપ્રપંચના - સંસારના સર્જન-સ્થિતિ-સંહારનું નિમિત્ત અને ઉપાદાનકારણ પણ છે. તેથી કંઈ તેને શક્તિથી ભિન્ન કે પૃથક્ માનવાયોગ્ય નથી. શક્તિ વિના તો શિવ કંઈ જ કરવાને સમર્થ નથી. અદ્વૈતવાદની દૃષ્ટિએ બ્રહ્મ જ જગતનું ઉપાદાનકારણ છે ને તે જ નિમિત્તકારણ છે પરંતુ સચ્ચિદાનંદ બ્રહ્મ કે જે **अहम्** અને **इदम्** એ બન્ને ભાવથી પર છે, તે સર્જનકાર્ય સ્વતન્ત્રપણે શી રીતે કરી શકે ?

બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં કહ્યું છે —

न हि तया विना परमेश्वरस्य स्रष्टृत्वं सिद्ध्यति ।[3]

---

૧. પ્રસ્તુત પાઠ **સૌન્દર્યલહરી** ઉપરની **લક્ષ્મીધરા** ટીકામાં ( P.131) ઉદ્ધૃત કરાયા મુજબનો છે.
**सुभगोदयस्तुति**ની પ્રસ્તાવનામાં P.6 ઉપર તથા દ્વિતીય ખંડ P.307 ઉપર ત્રિપુરાનું સ્વરૂપ નિરૂપતાં નીચે મુજબનું ઉદ્ધરણ મળે છે, જે મૂળ નિત્યાષોડશિકાર્ણવ ગ્રન્થનું છે :

परो हि शक्तिरहितः शक्तः कर्तुं न किञ्चन ।
शक्तस्तु परमेशानि शक्त्या युक्तो यदा भवेत् ॥

૨. **લક્ષ્મીધરા** ટીકામાં ઉદ્ધૃત.
જુઓ : **સૌન્દર્યલહરી** - (સંસ્કૃત ટીકાઓ સાથે) P.3

૩. બ્રહ્મસૂત્ર શાંકરભાષ્ય - ૧.૪.૩. P. 377

આ જ ભાવ અહીં સૌન્દર્યલહરીના આ પ્રથમ શ્લોકમાં નિહિત છે. શક્તિ વિના શિવ સ્પન્દિત પણ થઈ ન શકે. સ્પન્દ એ શક્તિનો ધર્મ છે. દિવ્યશક્તિ એ શુદ્ધ ચૈતન્યનું પ્રસ્ફુટ થતું રૂપ છે. આ આદિશક્તિની આરાધના વિના શિવમાં કોઈ સામર્થ્ય નથી. તેથી સૃષ્ટિ માટે શિવ-શક્તિનો યોગ થાય તે આવશ્યક છે. શિવ **अहं** ભાવ છે તો શક્તિ **इदम्** નો ભાવ છે એ બન્ને સાથે મળે ત્યારે જ સર્જન આવિર્ભાવ પામે, જેને સ્પન્દ કહે છે. શક્તિ પોતે દૃશ્ય જણાતી નથી. છતાં ક્રિયા થકી તેનું અનુમાન થઈ શકે છે. તે જ શિવમાં ક્રિયા કે જીવનનો સંચાર કરે છે, કહો કે તેમનામાં ચેતના રેડે છે. હરિ-હર વગેરે દેવોનું સામર્થ્ય પણ દેવીની આરાધના થકી જ સંભવે છે.

આચાર્યશ્રી ચરણતીર્થ મહારાજે તેમની **त्रिपुरा** ટીકામાં આ અંગે કહ્યું છે કે, વિષ્ણુ **ऐं** કારરૂપા શક્તિને, હર **ह्रीं**કારરૂપા શક્તિને તથા બ્રહ્મા **क्लीं**કારરૂપા શક્તિને આરાધીને એટલે કે, તે તે રૂપે તે શક્તિરૂપ બની પોતપોતાનાં કાર્યો કરવાને સમર્થ બને છે.[૧]

અહીં તાત્પર્ય એ છે કે, **ऐं** એટલે વાગ્ભવબીજ, **ह्रीं** એટલે રમાબીજ અને **क्लीं** એટલે કામરાજબીજ એ રીતે અનુક્રમે હરિ,હર અને બ્રહ્મા શક્તિયુક્ત બને છે.

ટૂંકમાં, હરિ, હર વગેરે પોતે જે સૃષ્ટિ, સ્થિતિ ને સંહારનાં કાર્ય કરે છે તે તેમનાં પોતપોતાનાં કાર્યોને વિશે તેમનું કર્તૃત્વ, શક્તિ વિના સંભવતું નથી. આ રીતે, તેઓ દેવીને અધીન હોઈ પરતન્ત્ર છે.

આ દેવો તથા અન્ય દેવતાગણ ભક્તોને જે ભુક્તિ-મુક્તિ પ્રદાન કરે છે તે પણ શક્તિરૂપા દેવીના અનુગ્રહનું જ પરિણામ છે. એટલે કે, જે કોઈ રીતે, જેની પણ ઉપાસના કરવામાં આવે, તેમાં મા ભગવતીની જ ઉપાસના કરાય છે.

આવી આરાધ્યા દેવી સાથે શિવનો યોગ - અવિનાભાવ સંબંધ છે.

આથી જ તો શ્લોકમાં કહ્યું છે કે, શિવ શક્તિ સાથે યોગ પામીને જ કંઈપણ કરવાને સમર્થ બને છે. અલબત્ત, આ શક્તિ શિવમાં હંમેશ અભિન્નતયા રહેલી જ હોય છે. જેમ અગ્નિથી ઉષ્ણતાને કે બરફથી શીતળતાને અલગ દર્શાવી ન શકાય, તે જ રીતે, શક્તિ શિવથી ભિન્ન નથી. શિવ સદા શક્તિમય જ છે. જો તે શક્તિરહિત હોત તો શવવત્ બની જાત અને તો વિશ્વક્રિયાનું સ્પંદન ક્યાંથી થાત ?! શિવ-શક્તિની આ અભિન્ન એકરૂપતા સૃષ્ટિ માટે જરૂરી છે તેમ જણાવી શ્રી શંકરાચાર્ય અહીં વધુમાં ઉમેરે છે કે, આથી જ હરિ, હર અને બ્રહ્મા વગેરે દ્વારા પણ આરાધવાયોગ્ય તે દેવીને પ્રણામ કરવાને કે તેમની સ્તુતિ કરવાને અકૃતપુણ્ય મનુષ્ય તો શી રીતે સમર્થ બને ?

અહીં આશય એ છે કે, ભગવાન સદાશિવ શક્તિરૂપા દેવી સાથે જોડાયેલ હોય તો જ જગતની ઉત્પત્તિ, પાલન અને નાશ કરવા સમર્થ બને છે. તેમ ન હોય તો તેઓ કંઈ જ કરી શકે નહીં અને હરિ-હર-બ્રહ્મા આદિ પણ જેને આરાધે છે એવાં તે દેવીને (મારા જેવો) પુણ્યહીન કે અલ્પ પુણ્યવાળો માનવી પ્રણામ કરવા કે તેમની સ્તુતિ કરવા કઈ રીતે સમર્થ થઈ શકે ?

આ રીતે, કવિ પોતાનો વિનમ્રભાવ વ્યક્ત કરે છે ને સાથેસાથે સચ્ચિદાનંદમયી, મહામાયા, પૂર્ણકામા અને સૌ કોઈ માટે આરાધ્યા એવી મહાશક્તિના મહિમાનું ગૌરવભર્યું ગાન કરે છે.

અહીં પદ્યમાં પ્રયુક્ત **आराध्या** પદને સમજાવતાં **लक्ष्मीधरा** ટીકા (P.3) **आराधयितुं पूजयितुम् अर्हाम्** એમ જણાવી સ્પષ્ટ કરે છે કે, ભગવતી પ્રપંચ કહેતાં સંસારની જનયિત્રી છે એટલે પ્રપંચરૂપ હરિ-હર વગેરે દ્વારા તેમને કરાતા નમસ્કાર યોગ્ય જ છે.

---

૧. જુઓ : **सौंदर्यलहरी**(ત્રિપુરા ટીકા સહિત) - P.4

ऐंकाररूपिणीं विष्णुः ह्रींकाररूपिणीं हरः क्लींकाररूपिणीं ब्रह्मा त्वामाराधयित्वा तत्तद्रूपेण त्वन्मया भूत्वा स्वस्वकार्यक्षमा भवन्ति ।

**सौभाग्यवर्धनी** પ્રમાણે (P.4) **आराध्या** એટલે **उपासनीया** અર્થાત્ હરિ, હર વગેરે દ્વારા ઉપાસના કરવાયોગ્ય દેવી એમ સમજાય છે.

**अरुणामोदिनी** ટીકા (P.28)માં **आराध्या**નો અર્થ સેવા કરવાયોગ્ય એમ જણાવી કહ્યું છે કે, ત્રિગુણાત્મિકા એવી તારા ગુણને લઈને પણ દેવો દ્વારા સેવા કરવાયોગ્ય એમ અભિપ્રેત છે. અર્થાત્, તારા એક એક ગુણનું ગ્રહણ તે જ તારું આરાધન છે. सत्त्व-तम-रजः પ્રધાન હરિ-હર-બ્રહ્મા વડે પણ દેવી આરાધવા યોગ્ય છે.[1]

અહીં હરિ-હર વગેરે વડે આરાધ્યા એટલે જપ્યમાના એવી તને અથવા હરિહરાદિથી આરાધ્યા એટલે સેવવાયોગ્ય-અભિવંદન કરવાયોગ્ય એવો અર્થ છે.

આ પદ્યમાં હરિહરવિરંચિ પદ દ્વારા વિષ્ણુયામલ, રુદ્રયામલ, બ્રહ્મયામલ તન્ત્રનો અર્થ સ્વીકારતાં, તેમના વડે આરાધવાયોગ્ય - નો અર્થ થશે - વિષ્ણુયામલ વગેરે બધા જ આગમોમાં પ્રતિપાદન કરવા યોગ્ય.

**आनन्दगिरीया** ટીકા (P.38)માં **आराध्या** એટલે ઉપાસના કરવાયોગ્ય એ મુજબ અર્થ દર્શાવ્યો છે. તેમાં આરાધન દ્વારા તન-મન-વચન વડે નમન-પૂજન-ધ્યાન-સ્તવનનો અર્થ અભિપ્રેત છે અને **आराध्या** એટલે તેમના પ્રાણરૂપ હોઈ નિત્ય અનુસરણીય એવી તું છે એમ પણ સમજી શકાય છે.

અહીં અભિપ્રેત અર્થ એ છે કે, સઘળાં પુણ્યકર્મના અધિષ્ઠાતા એવા પરમ પુણ્યાત્મા કૃષ્ણ વગેરે દેવો પણ પોતપોતાનાં કાર્યને વિશે તને આરાધીને જ સમર્થ બને છે, નહીં તો પછી અમારા જેવા અકૃત એટલે કે પુણ્યકર્મ ન કરનારાનું શું સામર્થ્ય ?

આથી જ કદાચ **पदार्थचन्द्रिका** ટીકામાં (P.42) જણાવ્યું છે કે, અનેક જન્મથી મેળવેલ, નિત્યનૈમિત્તિક નિષ્કામ કર્મથી જન્મેલ શુદ્ધ અન્તઃકરણવાળી વ્યક્તિ જ ભગવદારાધનની જેમ ભગવતીના આરાધનની અધિકારી બને છે એમ સૂચવાય છે.

જે દેવી હરિ-હર વગેરે માટે આરાધ્યા છે તે સૌ કોઈ સાધક-ઉપાસક માટે પણ આરાધ્યા છે તે વિગત અહીં સુસ્પષ્ટ જ છે.

શ્રીવિદ્યાની ઉપાસના માટેના બે પ્રકારો (= આચારો) પૈકી સમયાચાર નામે ઓળખાતી, આંતરિક પૂજા દ્વારા જેનું આરાધન કરવામાં આવે છે, તે દેવી-મહાશક્તિ-ચન્દ્રકલાના સ્તવનરૂપે રચાયેલ સ્તોત્ર - **सौन्दर्यलहरी** - ના આ પહેલા જ શ્લોકમાં શિવ-શક્તિનું એકત્વ નિરૂપાયું છે.

આ પદ્યમાં સ્વર અને વ્યંજનને શિવશક્તિરૂપ માની તેમનું સાયુજ્ય દર્શાવ્યું છે તેમ માની શકાય. સ્વરો શક્તિરૂપા છે ને કકારાદિ વ્યંજન શિવસ્વરૂપ છે. સ્વર વગર વ્યંજનનો સ્વતન્ત્ર પ્રયોગ અર્થહીન ને અશક્ય છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी (संस्कृत टीकाओ साथे)** P. 28

सत्त्वतमोरजःप्रधानैरपि देवैराराध्यां त्रिगुणात्मिकायास्तवैकैकं गुणं प्रत्येकमुपादाय सेव्याम् ।

तदीयगुणोपादानमेव तस्या आराधनेति भावः।

માતૃકાહૃદયમાં કહ્યું છે કે –

**शिवः स्वरः पराधीनो न स्वतन्त्रः कदाप्यसौ ।**

**स्वराः स्वतन्त्राः जायन्ते  न शिवस्तु कदाचन ॥**[૧]

શિવશક્તિની એકરૂપતાને જાણતો ઉપાસક સંયમપૂર્વક કુંડલિનીને જાગ્રત કરી, તેને ક્રમશઃ ષટ્ચક્રોના ભેદન દ્વારા ઉપર સહસ્રારચક્રમાં લઈ જઈને ત્યાં જીવાત્મા - પરમાત્માના મિલનની અનુભૂતિ કરે છે. મૂલાધાર વગેરે છ ચક્રોમાં થઈ કુંડલિની જ્યારે સહસ્રારમાં પહોંચે છે ત્યારે મનુષ્ય પરમાત્મામય બની જાય છે એ વિગત ઉપસાવીને અહીં કુંડલિની શક્તિના મહિમાને પ્રદર્શિત કરવામાં આવ્યો છે.

---

૧. **સુભગોદયસ્તુતિ** P.397 ઉપર ઉદ્ધૃત

હવે આ સ્તોત્રના શીર્ષકને સૂચવતાં પદ્યોમાં પહેલાં આ પદ્ય જોઈએ :

**सुधासिन्धोर्मध्ये सुरविटपिवाटीपरिवृते**
**मणिद्वीपे नीपोपवनवति चिन्तामणिगृहे ।**
**शिवाकारे मञ्चे परमशिवपर्यङ्कनिलयाम्**
**भजन्ति त्वां धन्याः कतिचन चिदानन्दलहरीम् ॥ - ૮**

સ્તોત્રમાં આઠમા ક્રમાંકે સ્થિત આ પદ્યમાં જગતકલ્યાણકારી શ્રીત્રિપુરસુંદરીની સ્તુતિરૂપે કહેવાયું છે કે, "(હે દેવી), અમૃતના સમુદ્રની વચ્ચે, દેવવૃક્ષો(કલ્પવૃક્ષો?)ની વાટિકાથી ઘેરાયેલ મણિદ્વીપમાં, કદંબવૃક્ષના ઉપવનથી યુક્ત, ચિન્તામણિ(થી બનાવેલા) ગૃહમાં, શિવ (= કલ્યાણ) રૂપે રહેલ (ત્રિકોણાત્મક) પલંગ ઉપર પરમ શિવસ્વરૂપ (= અત્યન્ત કલ્યાણરૂપ) શય્યામાં જેનો નિવાસ છે તેવી, ચિદાનન્દ = જ્ઞાનાનન્દરૂપ લહરીસ્વરૂપ તને કેટલાક ધન્યજનો ભજે છે."

આ પદ્યમાં, चिदानन्दलहरीम् પદ ગ્રન્થના શીર્ષકને સૂચવે છે.

लक्ष्मीधरा ટીકા (P. 99)માં જણાવ્યા મુજબ, અહીં સમયસ્વરૂપા ભગવતીની સ્તુતિ છે, તો आनन्दगिरीया ટીકા (P. 103)ને મતે અહીં કુંડલિનીની સ્તુતિ છે.

ખરેખર તો જે શિવા એટલે શક્તિ છે, તે જ કુંડલિની પણ કહેવાય છે.

જે હૃદયકમળ ઉપર સ્થિત સૂર્યમંડલનું ભેદન કરી, તેને આવરિત કરીને રહે છે. એટલે કે, સૂર્યમંડલ ઉપર રહેલ બ્રહ્મદ્વારને બંધ કરી સહસ્રારકમલની અંદર રહેલ ચન્દ્રમંડલને દ્રવીભૂત કરે છે, તે ભગવતીને જ અહીં ચિદાનન્દલહરી કહી છે.

બ્રહ્મ ચિદાનન્દરૂપ છે તેથી તેની શક્તિ પણ ચિદાનન્દસ્વરૂપા છે અને આ ચિદાનન્દનો અનુભવ વિરલા એટલે કે સંયમીજનો જ કરી શકે છે, તે પણ ભગવતીની કૃપા થકી જ. મનુષ્ય જ્યારે સંયમિત બની, કામનાઓ ત્યજી, દેવીને શરણે જાય ત્યારે દેવીની કૃપાથી તે અમૃતત્વ કે મોક્ષને પામે છે.

तात्पर्यदीपिनी ટીકા (P. 104) અનુસાર चिदानन्दलहरी પદમાં રહેલ चित् અને आनन्द દ્વારા અનુક્રમે જ્ઞાન અને નિરતિશય સુખ અભિપ્રેત છે.

आनन्दलहरी ટીકામાં (P. 107) જણાવ્યું છે કે, ચિદાનન્દલહરી તે જ્ઞાન અને સુખના તરંગોસ્વરૂપ છે અથવા સકલશ્રીવિદ્યામન્ત્રનિદાનભૂત કામેશી બીજસ્વરૂપા છે.

पदार्थचन्द्रिका ટીકા (P. 104-5)માં ચિદાનન્દનો અર્થ બ્રહ્મ કરી, તેની લહરી જેવી લહરીરૂપ દેવી એ પ્રમાણે સમજાવી ટીકાકાર જણાવે છે કે, સમુદ્રલહરીની જેમ, ભિન્ન જણાતી હોવા છતાં, ભવાની પરમાર્થતઃ ભિન્ન નથી પરંતુ તે બ્રહ્મ જ છે.

चित् એટલે શાસ્ત્રજન્ય જ્ઞાન અને आनन्द એટલે વિષયસુખ અને તેની લહરી એટલે કે પરંપરા છે જેની તેવી દેવી - એમ પણ અર્થ થઈ શકે.

અથવા તો, चित् એટલે બ્રહ્મની અંતઃકરણવૃત્તિ અને आनन्द એટલે તેની ભક્તિથી ઉદ્ભવતા સુખની લહરી છે જેની તેવી દેવી.

આ રીતે, पदार्थचन्द्रिका ટીકામાં चिदानन्दलहरी પદને અલગ અલગ રીતે સમજાવવાનો પ્રયાસ થયો છે.

कैवल्यवर्धनी ટીકા (P. 107) चित् નો અર્થ ચૈતન્ય કરી તે દ્વારા વિશ્વપ્રકાશનો અર્થ અભિપ્રેત માને છે, જ્યારે गोपालसुन्दरी ટીકા (P. 107) માં चित् દ્વારા વિજ્ઞાન અર્થ લેવાયો છે.

આચાર્યશ્રી ચરણતીર્થ મહારાજ **त्रिपुरा** ટીકામાં (P. 17) **चित्** નો અર્થ પરમજ્ઞાન એવો આપે છે ને **आनन्द** દ્વારા સર્વાંગીણ સુખનો અર્થ નિર્દેશે છે.

ટૂંકમાં, ટીકાકારો પોતપોતાની રીતે અર્થઘટન કરે છે.

આ ઉપરાંત, **सौभाग्यवर्धनी** ટીકા (P. 101) માં વિશેષ નોંધ મળે છે. તે મુજબ - શિવ **ए** કાર છે. તે છે ૧૧ મો સ્વર. તેનાથી ત્રિકોણ પરમ શિવ બિન્દુ છે ને તેમાં રહેતી એટલે શ્રીચક્રની અંદર રહેલ ત્રિકોણની મધ્યમાં - બિન્દુમાં નિવાસ કરતી તને કેટલાક ભજે છે એવો અર્થ લઈ શકાય.

આ સાંપ્રદાયિક અર્થ છે ને તે ગુરુગમ્ય છે એવી નોંધ પણ ટીકાકારે લીધી છે.[૧]

ભૈરવયામલ તન્ત્રમાં કહ્યું છે કે,

બૈન્દવસ્થાન નામે સુધાસિન્ધુ છે. પાંચ યોનિ તે કલ્પવૃક્ષ ને ત્યાં જ કદંબવૃક્ષોની હાર છે, ને તેની વચ્ચે મણિમય મંડપ ને ત્યાં જ ચિન્તામણિથી બનાવેલ દેવીનું સર્વોત્તમ મંદિર છે.[૨]

આ વિગત સાથે પ્રસ્તુત પદ્યમાં પ્રાપ્ત વિગત મળતી આવે છે.

અહીં સમગ્ર શ્લોકનો અર્થ **सरला** હિન્દી ટીકાને (P.27 ) આધારે સમજાવીએ તો –

હે વિશ્વનું પાલન કરનારી, હે ચિદાનન્દા મહાવિદ્યા, તે મહાપુરુષો ધન્ય છે જેઓ સહસ્રારના જ્યોતિર્મય સુધાસિન્ધુમાં પૂર્ણકામતારૂપ કલ્પવૃક્ષની વાટિકાથી ઘેરાયેલ મણિદ્વીપમાં પ્રશાન્ત એકાગ્રતાની નીરવતાના કદંબવનમાં કામનારહિત ચિન્તામણિગૃહમાં શિવાકારમંચ ઉપર પરમ શિવ પર્યંકાસનમાં સ્થિત આપ ભગવતીનું ધ્યાન તથા સ્મરણ કરે છે.

ટીકાકારને મતે અહીં તૃતીય પંક્તિમાં **परमशिवपर्यङ्कनिलयाम्** દ્વારા શિવ અને શક્તિ એટલે કે, બિન્દુ અને નાદના એકત્વનો ભાવ દર્શાવ્યો છે.

જહોન વુડ્રોફ સંપાદિત આવૃત્તિમાં (P. 13) જણાવ્યા પ્રમાણે, આ પદ્યમાં સ્થૂલ શક્તિસ્વરૂપના ધ્યાનનું નિરૂપણ છે. સાત ચક્રો પૈકી મધ્યમચક્ર એટલે કે, ઉપરનાં ત્રણ ચક્ર અને નીચેનાં ત્રણ ચક્રોની વચ્ચે રહેલ ચક્ર - હૃદયચક્ર - માં શિવા કહેતાં દેવીનું ધ્યાન કરવાની બાબત અહીં નિર્દેશાઈ છે. વધુમાં ત્યાં કહેવાયું છે કે, આ પદ્યમાં **सुधासिन्धु** દ્વારા કલામૃતકારણવારિ (Consecrated wine) અભિપ્રેત છે. તેમાં કામેશ્વરીનું બીજ (**क्लीम्**) તથા મહાપ્રેતાનું બીજ (**ह्सौं**) વર્ણિત છે.

અનંતકૃષ્ણ શાસ્ત્રી સંપાદિત **सौन्दर्यलहरी**માં (P. 26) દર્શાવ્યું છે કે, અચ્યુતાનંદના મતે પ્રણવના પાંચ વિભાગ - **अ, उ, म्**, નાદ અને બિન્દુનું વર્ણન અહીં કરાયું છે, તો કૈવલ્યાનંદને મતે અહીં હૃદયકેન્દ્રમાં શક્તિના સ્થૂલ ધ્યાનનું સ્વરૂપ નિરૂપિત છે, અને ડિંડિમના જણાવ્યા મુજબ અહીં શ્રીચક્રનો સંદર્ભ છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે). P. 101

शिव एकारः एकादशस्वरः तेन त्रिकोणं, परमशिवो बिन्दुः तन्निलयां श्रीचक्रान्तर्गतत्रिकोणमध्यबिन्दुनिलयां भजन्तीति साम्प्रदायिकार्थो गुरुगम्य : ।

૨. **लक्ष्मीधरा** ટીકામાં ઉદ્ધૃત –

જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે). P. 101

बिन्दुस्थानं सुधासिन्धुः पञ्चयोन्यः सुरद्रुमाः ।
तत्रैव नीपश्रेणी च तन्मध्ये मणिमण्डपम् ॥
तत्र चिन्तामणिकृतं देव्या मन्दिरमुत्तमम् ।

વિષ્ણુતીર્થ મહારાજની આવૃત્તિ પ્રમાણે (P. 91) પરબ્રહ્મના શૂન્ય અવ્યક્ત સત્સ્વરૂપ આકાશમાં શૂન્યરૂપી પલંગ પર ચિદાનન્દની લહરી બિરાજે છે. અહીં સુધાસિન્ધુ તે નિઃસ્પન્દ પરમ શિવ આનન્દબ્રહ્મ છે.

ચમનલાલજીના મતે (P. 54) સુધાસિન્ધુમાં નિવાસનો અર્થ છે — શ્રદ્ધા - વિશ્વાસના ગહન સમુદ્રમાં નિવાસ કરવો.

પ્રસ્તુત પદ્યમાં શિવાકાર મંચ કે શિવરૂપ પર્યંક કહેવાનું તાત્પર્ય એ છે કે, સદાશિવ જ મંચરૂપ છે અને તેના પાયારૂપે બ્રહ્મા, હરિ, રુદ્ર અને ઈશ્વર રહેલા છે. સદાશિવ કે જે મંચરૂપ છે તે પરમાસન ઉપર દેવીનો નિવાસ છે. પરમશિવ પોતે તો ગુણાતીત છે, સકલ પ્રપંચના સાક્ષી છે, સચ્ચિદાનંદસ્વરૂપ છે, પરંતુ દેવી માટે પર્યંક બનેલા છે.

અથવા તો અહીં પરમશિવરૂપી પર્યંક દ્વારા સુંદર કલ્યાણકારી પલંગ એવો અર્થ પણ લઈ શકાય.

ચમનલાલજી (P. 58) અહીં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીયા એ ચાર અવસ્થાઓને ચાર પાયારૂપ ગણાવી તુરીયાતીત અવસ્થાને શિવપર્યંકરૂપ માને છે.

**अरुणामोदिनी** ટીકા (P. 101)માં કહ્યું છે કે, દેવી પરમશિવપર્યંકનિલયા છે. એટલે કે, તે અત્યન્ત કલ્યાણરૂપી શય્યા પર રહેલી છે ને તે ચિદાનન્દ એટલે કે નિરતિશય સુખની લહરી અર્થાત્ પ્રવાહરૂપ છે. તેને કેટલાક ધન્યજનો અર્થાત્ પુણ્યાત્માઓ ભજે છે એમ અર્થ છે.

**त्रिपुरा** ટીકામાં (P. 17) આને અન્ય રીતે સમજાવતાં જણાવ્યું છે કે, શિવનો પર્યંક એટલે ઉત્સંગ અર્થાત્ શિવના વામ ઊરુ ઉપર છે સ્થાન જેનું - તેવી દેવીને કેટલાક ભજે છે.

આ અર્થ લેતાં, અહીં શિવશક્તિના એકત્વનો બોધ થાય છે.

**सौभाग्यवर्धनी** ટીકા (P. 100-101) માં કહ્યું છે કે, ચિદાનન્દલહરી એટલે કે શિવની સાથે જ રહેનારી પરમા એવી તને કેટલાક ધન્યો ભજે છે. આ ધ્યાનયોગથી દેવીને ભજવાથી, જન્મમરણના દુઃખસમુદ્રને તરી શકાય છે.

અહીં **चित्** શક્તિ એટલે કે, દેવીનું પ્રતિપાદન કરનારી આનંદલહરી એટલે તે નામે ઓળખાતી તને અથવા તો **આનંદલહરી** નામે પ્રબંધને અને તને કયા ધન્યો ભજતા નથી ? એટલે કે, સૌ કોઈ ભજે જ છે, એમ કાકુથી અર્થ લેતાં, અહીં ગ્રન્થનું માહાત્મ્ય વર્ણવાય છે.

પ્રસ્તુત પદ્યમાં શાક્તોના સમયાચાર અનુસાર કરાતી દેવીપૂજા નિરૂપિત છે. આ સમગ્ર પૂજા આંતરપૂજા છે. તે હૃદયમાં માનસિકરૂપે થતી હોઈ તેમાં મનની એકાગ્રતા ને ઈન્દ્રિયસંયમ ખૂબ જ આવશ્યક બની રહે છે. આ પૂજામાં જે શ્રીચક્રરૂપે દેવીની પૂજા થાય છે તેનો કોઈ વિશેષ આકાર નથી હોતો તેથી તેને વિયદ્ચક્ર કહે છે. આનાથી ભિન્ન કૌલાચાર મુજબ કરાતી બાહ્યપૂજામાં શ્રીચક્રને કોઈ ફલક (=લાકડાનું પાટિયું) ઉપર કે ભૂર્જપત્ર ઉપર કોતરવામાં આવે છે અથવા તો સફેદ વસ્ત્ર ઉપર કે સુવર્ણ, રજત કે પંચધાતુના પાત્રમાં તે બનાવાય છે.

અહીં જે આંતરપૂજા વર્ણિત છે, તેની ઉપાસનાથી સાધક પરમ સુખ - પરમાનંદ પ્રાપ્ત કરે છે.

શ્રી ગૌડપાદાચાર્યરચિત **સુભગોદયસ્તુતિ**માં પ્રાપ્ત થતી વિગતોને અહીં શ્રી શંકરાચાર્યે પોતાની રીતે પ્રસ્તુત કરી છે. **સુભગોદયસ્તુતિ**ના પ્રથમ[૧] જ પદ્યમાં કહ્યું છે કે, દેવીનો નિવાસ સુધાસિન્ધુ મધ્યે છે. વળી, તેના સાતમા[૨] પદ્યમાં જણાવ્યા મુજબ, બીજાઓ અર્થાત્ કૌલાચારમાં આસ્થા રાખનાર ત્રિકોણને તેનું કુલગૃહ માને છે પરંતુ સમયાચારને મતે ચતુષ્કોણ કે જે બૈન્દવસ્થાન છે તે ભગવતીનું કુલગૃહ છે. તે સુધાસિન્ધુ કે જે દેવમણિનું બનેલું છે અને જ્યાં સૂર્યચન્દ્ર પણ પ્રવેશી શકતા નથી, ત્યાં ભગવતી વિહાર કરે છે. આ સુધાસિન્ધુનો સંદર્ભ આગળ ૨૩મા પદ્ય[૩]માં પણ મળે છે, જો કે, ત્યાં સરઘા શબ્દ પ્રયોજાયો છે, જે સહસ્રાર ચક્ર કે સુધાસિન્ધુના પર્યાયરૂપ છે.

આપણે નોંધીશું કે, શ્રી ચક્રમાં ચતુષ્કોણની વચ્ચે જે ત્રણ વૃત્ત-ષોડશદલ ને અષ્ટદલ પદ્મ છે તે જ બિન્દુસ્થાન છે અને વચ્ચે શક્તિનું સ્થાન છે, ચતુષ્કોણ તે સહસ્રાર છે જે ચન્દ્રનું સ્થાન છે. તેની વચ્ચે ષોડશદલપદ્મ એટલે કે ચન્દ્રનું મંડલ છે જેમાં અમૃતનો સિન્ધુ છે ને તેની વચ્ચે મહામાયા ભગવતીનો નિવાસ છે.

સનત્કુમારસંહિતામાં કહ્યું છે કે -

सहस्रदलकमलान्तस्थितचन्द्रमण्डलं बैन्दवस्थानम् ।

तत्कला चिन्मयी आनन्दरूपा आत्मेति गीयते । सैव त्रिपुरसुन्दरी ।[૪]

શ્રી શંકરાચાર્યે તેને જ ચિદાનન્દલહરી કહી છે. મા ભગવતી ચિતિરૂપા ને આનંદરૂપા છે તે અર્થ અહીં અભિપ્રેત છે.

**સુભગોદયસ્તુતિ**માં તેના બીજા[૫] પદ્યમાં જણાવ્યું છે કે, તે દેવી પરમ આનંદરૂપા એટલે કે બ્રહ્માનંદરૂપા છે. તે દેવી માટે ત્યાં ૨૪મા પદ્ય[૬]માં शिवपर्यङ्कनिलये એવું સંબોધન પ્રયોજાયું છે, તે જ વિગત **સૌન્દર્યલહરી**ના પ્રસ્તુત શ્લોકમાં પણ વિશેષણરૂપે પ્રયોજાઈ છે.

**ललितासहस्रनाम**માં પણ દેવીને चिन्मयी परमानन्दा[૭] સ્વરૂપ કહી છે તથા દેવી માટે चिन्तामणिगृहान्तःस्था[૮] કે सुधासागरमध्यस्था[૯] જેવાં વિશેષણો પ્રયોજી તેમના નિવાસ પ્રતિ સંકેત કર્યો છે.

આ રીતે પ્રસ્તુત પદ્યમાં નિરૂપિત વિગતો સમાંતરે અન્ય ગ્રન્થોમાં પણ પ્રાપ્ત થાય છે.

કવિએ અહીં દેવીને માટે જે चिदानन्दलहरी પદ પ્રયોજ્યું છે તેમાં, અગાઉ જણાવ્યું છે તેમ, કૃતિનો નામનિર્દેશ પણ અભિપ્રેત છે જ અને સાથેસાથે આનંદસ્વરૂપા દેવીની ઉપાસના સાધકને પણ આનંદલહરીથી પરિપ્લાવિત કરી દે છે તે વિગત સૂચવાય છે. શ્રી શંકરાચાર્યે ગ્રન્થનાં અંતિમ[૧૦] પદ્યોમાં પણ આ વિગત નિર્દેશી છે. ટૂંકમાં મોહમાયાને પરહરી પરમેશ્વરીની આરાધના કરવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે એ વિગત કવિ અહીં સૂચવે છે.

---

૧. **સુભગોદયસ્તુતિ** - P. 199
.....सुधासिन्धोरन्तर्वसतिमनिशं वासरमयीम् ॥
૨. **એજન**- P. 259
.....सुधासिन्धौ तस्मिन्सुरमणिगृहे सूर्यशशिनो -।
रगम्ये रश्मीनां समयर(स)हिते त्वं विहरसे ॥
૩. **એજન** P. 409
૪. **એજન** P. 427 ઉપર ઉદ્ધૃત (શ્લોક - ૨૫ ઉપરની વ્યાખ્યામાં)
૫. **એજન** P. 204
परानन्दाकारा परशिवपरा काचिदपरा ।
૬. એજન P. 416
૭. જુઓ : **ललितासहस्रनाम** ૨.૬૧
૮. એજન ૨.૨૨
૯. એજન ૨.૨૩
૧૦.જુઓ : **સૌન્દર્યલહરી** પદ્યક્રમાંક ૯૯
परानन्दाभिख्यं रसयति रसं त्वद्भजनवान् ॥

હવે એક અન્ય પદ્ય જોઈએ :-

**तडिल्लेखातन्वीं तपनशशिवैश्वानरमयीं**
**निषण्णां षण्णामप्युपरि कमलानां तव कलाम् ।**
**महापद्माटव्यां मृदितमलमायेन मनसा**
**महान्तः पश्यन्तो दधति परमाह्लादलहरीम् ॥ - २१**

અહીં, આ ૨૧ મા પદ્યમાં દેવીના સૂક્ષ્મ ધ્યાનનું નિરૂપણ છે. તેમાં જણાવ્યું છે કે,

"(હે દેવી), વીજળીની રેખા જેવી પાતળી, સૂર્ય, ચન્દ્ર તથા અગ્નિથી યુક્ત, છ (ચક્રોરૂપી) કમળ ઉપર, મહાપદ્મ (=સહસ્રાર)ના વનમાં બેઠેલી તારી કલાને, જેમાંથી મલ-માયા નષ્ટ થયેલ છે તેવા મન વડે જોતા મહાપુરુષો પરમ આનંદની લહરીને અનુભવે છે.

અહીં પ્રયુક્ત અંતિમ પદમાં રહેલ **आह्लादलहरी** શબ્દ અર્થતઃ સ્તોત્રરચનાના શીર્ષકનું સૂચક બની રહે છે.

આ પદને સમજાવતાં, **लक्ष्मीधरा** ટીકા (P. 225) જણાવે છે કે, પરમ કહેતાં નિરતિશય આહ્લાદ અર્થાત્ વિશિષ્ટ સુખાનુભવ-ને તેની લહરી એટલે ઉદ્રેક. આ ઉદ્રેક પામેલ પરમ આનંદ, જે સાદાખ્ય કલામૃતના અનુભવથી જન્મે છે તે હંમેશ પ્રાપ્ત કરાવે છે તે છે પરમાહ્લાદલહરી.

આ અનુભવ મહાપુરુષો એટલે કે યોગીશ્વરો પામી શકે છે, પણ ક્યારે ? ને કેવી રીતે ? એ વિગતો પ્રસ્તુત પદ્યની તૃતીય પંક્તિમાં નિર્દેશવામાં આવી છે.

યોગીઓ કે જેઓના મનમાંથી કામ વગેરે મલ તથા માયા કહેતાં અવિદ્યા, અહંકાર વગેરે નાશ પામ્યાં છે તેવા મન વડે દેવીનું ધ્યાન ધરી તેઓ આનંદાનુભવ કરે છે. તાત્પર્ય એ છે કે, સહસ્રારમાં સાદાખ્યા કલાનો સુધારસ માણતા યોગીઓ પરમાનંદ પામે છે.

અહીં પ્રથમ બે પંક્તિમાં કલારૂપા દેવીનું વર્ણન છે.

કલા એટલે સાદાખ્યા કલા અથવા કામકલા.

પદ્યમાં જણાવ્યા પ્રમાણે, તે વિદ્યુલ્લેખાસમી છે ને સૂર્યચન્દ્ર-અગ્નિમયી છે. તે છ ચક્રોને આવરિત થઈને રહે છે અને તેનાં બલ તથા તેજને મેળવે છે. મૂલાધારથી આગળ વધતાં આજ્ઞાચક્રમાં વિદ્યુલ્લેખાસમી તે ક્ષણેક રહે છે અને પછી સહસ્રારમાં ધસી જાય છે. જ્યાં સદાશિવ સાથે તેનું મિલન થાય છે ત્યાં તે વિદ્યુત્સમી ભાસે છે પરંતુ ત્યાં તેનું તેજ સ્થિર અને શાશ્વત હોય છે.

બીજી રીતે કહીએ તો દેવી ત્રિબિન્દુસ્વરૂપા અથવા બિન્દુત્રયાત્મિકા છે, જેનાં ત્રણ બિન્દુ તે સૂર્ય, ચન્દ્ર ને અગ્નિ છે. આમ, સૂર્ય-ચન્દ્ર-અગ્નિરૂપે રહેલ હોઈ દેવી અત્યન્ત તેજસ્વી છે.

**त्रिपुरा** ટીકામાં જણાવાયું છે કે, દેવી સૂર્ય, ચન્દ્ર ને અગ્નિસ્વરૂપા છે. તેનો અર્થ એ કે, સૂર્યરૂપે જગતને પ્રકાશિત કરતી, ચન્દ્રરૂપે ઓષધિઓમાં અમૃત સિંચતી અને અગ્નિરૂપે જગતને જીવન પ્રદાન કરતી દેવી આનંદસ્વરૂપા છે.[૧]

વુડ્રોફની આવૃત્તિમાં (P. 23) કામકલા પદને સમજાવતાં કહ્યું છે કે, **काम** એટલે કમનીયા અને **कला** એટલે સૂર્ય, ચન્દ્ર અને અગ્નિ. દેવી કે જે ચિત્સ્વરૂપા છે તેને અહીં **कला** કહી છે, જે પોતાની શક્તિથી ત્રણ બિન્દુરૂપે - કલારૂપે - સૂર્ય-ચન્દ્ર-અગ્નિરૂપે પ્રગટ થાય છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (**त्रिपुरा** ટીકા સહિત). P. 55

..... सूर्यरूपेण जगत्प्रकाशयन्तीम् जीवनवस्तून्युत्पादयन्तीं जीवान् जीवयन्तीम्। चन्द्ररूपेण औषधीषु जीवनाधारपदार्थेषु अमृतं सिञ्चन्तीम् अमृतरूपप्रकाशेन आह्लादयन्तीम्। अग्निरूपेण आंतराग्निस्वरूपेण च जगतः जीवनाधाररूपिणीं आनन्दमयीं..... ।

**સૌન્દર્યલહરી**ના ૧૯મા પદ્યમાં - **મુખં બિન્દું**.... વગેરેમાં દેવીનું સ્થૂળ ધ્યાન વર્ણવેલ છે, જ્યારે અહીં આ ૨૧મા પદ્યમાં ચિત્સ્વરૂપા શુદ્ધરૂપા દેવીના ધ્યાનનું જે વર્ણન છે તે આભ્યંતર ધ્યાન છે. તેમાં દેવીને સૂર્ય-ચન્દ્ર - અગ્નિમયી કહી છે તે એટલા માટે કે, સૂર્ય વગેરેનાં તેજ દેવીને લીધે છે તેથી દેવી વિના તેમનાં અસ્તિત્વ નથી.

આ ચિત્સ્વરૂપા દેવીનું ધ્યાન કોઈ વિરલા જ કરી શકે. જે લોભ, લાલચ કે અન્ય દોષોથી મુક્ત હોય તેવો સાધક જ દેવીની કલાને વિના આયાસે પામી શકે છે.

કામકલાનું ધ્યાન કરનારા યોગીઓનો અનુભવ બીજા સર્વ પ્રકારના ધ્યાન કરતાં ચડિયાતો ને શ્રેષ્ઠ છે, જે તેમને જીવન્મુક્તિ પ્રદાન કરે છે.

**સૌભાગ્યવર્ધની** ટીકા (P. 225) આ અંગે નોંધે છે કે,

યોગીપુરુષો મહાપદ્મ એટલે કે, સહસ્રારમાં કામકલાનું ધ્યાન ધરે છે ત્યારે તેમના અન્ય સર્વ વ્યવહારો શાન્ત થઈ જાય છે ને તેઓ અંતર્મુખ થઈ કામકલાનો સાક્ષાત્કાર કરી પરમાનંદને પામે છે. આ પ્રકારે કામકલાની અંતર્ભાવના થકી અત્યાનંદ પામતાં, તેઓ જીવન્મુક્ત બને છે.[૧]

ટીકાકાર આગળ (P. 226) જણાવે છે કે, આવા યોગી વિગલિતવેદ્યાન્તરવાળા થઈ, પરમાનંદનિર્ભર થતાં, શિવશક્તિની ભાવનાથી તાદાત્મ્યને પામે છે. વધુમાં ટીકાકાર કહે છે કે, ગુરુમુખે કહેવાતી આ કામકલાને જે સાંભળે છે, તે જ ખરેખર જીવે છે.[૨]

**અરુણામોદિની** ટીકા (P. 226) જણાવે છે કે, જેમાંથી માયામલ નાશ પામ્યો છે તેવા અન્તઃકરણ વડે યોગીજનો વિદ્યુલ્લેખાની જેમ છ ચક્રોના ભેદનપૂર્વક સહસ્રારકમલમાં આરૂઢ થઈ, પરાકાશરૂપી ચન્દ્રકલા એવી તારું ધ્યાન ધરે છે ત્યારે બ્રહ્માનંદના સ્રોતમાં નિમગ્ન બને છે.[૩]

**આનન્દગિરીયા** ટીકા (P. 227)માં જણાવ્યા પ્રમાણે, અહીં દેવીના જે સૂક્ષ્મ ધ્યાનનું નિરૂપણ છે, તેની પદ્ધતિ એ છે કે, કોઈએક સમ્યક્ સ્થળે સમ્યક્ આસન ઉપર બેસી, પ્રાણાયામપૂર્વક મન વડે છ ચક્રોનું ભેદન કરી સહસ્રદલકમલમાં પરમેશ્વરીનું આવાહન કરવું જોઈએ. આ રીતે કરાતા ધ્યાનની ધારાના અનુસંધાનથી સમાકલિત પરમેશ્વરીના સ્વરૂપનો આનંદાનુભવ એવો છે, જેમાં સમગ્ર બાહ્ય પ્રપંચ-રચનાનો કોલાહલ તિરસ્કૃત બને છે ને મનમાં પરમાનંદલહરી ધારણ કરાય છે.

અહીં પરમાહ્લાદલહરીને ધારણ કરે છે - એ પદોનો અર્થ છે — આત્માકારે અન્તઃકરણવૃત્તિરૂપે પ્રતિબિંબિત આનંદરૂપાને ધારણ કરે છે.

વિષ્ણુતીર્થ મહારાજના જણાવ્યા પ્રમાણે (P. 132), અહીં આભ્યન્તર આજ્ઞાચક્ર ઉપર મૂર્ધાગત જ્યોતિના દર્શનનું સ્વરૂપ દર્શાવ્યું છે. આ દર્શન શુદ્ધ અન્તઃકરણયુક્ત યોગી જ સહસ્રારમાં કરી શકે છે ને પરમાહ્લાદ પામે છે.

---

૧. જુઓ : **સૌન્દર્યલહરી** (સંસ્કૃત ટીકાઓ સાથે) P.225
तस्मिन् महान्तः तव कामकलानुसन्धानसमाकलिततनूभूतसर्वव्यवहाराः पश्यन्तः अन्तर्मुखेन साक्षात्कुर्वन्तः परमाह्लादलहरीं दधति। एतादृश्या कामकलान्तर्भावनया समास्वादितनिरतिशयानन्दभाजो जीवन्मुक्ता भवन्तीति भावः।

૨. એજન P.226
एतादृशीं कामकलां यो गुरुमुखादुक्तां शृणोति स एव जीवति।

૩. એજન P.226
निरस्तमायामलेनान्तःकरणेन तटिल्लेखेव षडम्बुजभेदनपूर्वकं सहस्रारपद्मारूढां पराकाशरूपिणीं चन्द्रकलां भवतीं निध्याय ब्रह्मानन्दस्रोतो निमग्ना भवन्तीत्यर्थः।

દર્શન પછી જ જ્ઞાનની ભૂમિકા ઉદ્‌ભવે છે.

**त्रिपुरा** ટીકા (P. 55-56) નોંધે છે તેમ, જેમાંથી કામક્રોધાદિ દોષ અને માયા એટલે અજ્ઞાન દૂર થયાં હોય તેવા મન વડે સુકૃતિજનો એટલે ભક્તો-મહાપુરુષો પરમાહ્‌લાદપદવીને પામે છે ત્યારે શિવશક્તિ એકાત્મતા અનુભવાતાં, સાધક એકાત્મ મહાનન્દમાં પોતાને - અહંને ભૂલી જાય છે, તે છે આનંદમયી એકાત્મભાવા સમાધિ, જેનું દર્શન ક્ષણભર આજ્ઞાચક્રમાં થાય છે.

**पदार्थचन्द्रिका** ટીકા (P. 228) અનુસાર, મહાપુરુષો એટલે દુર્વાસા - દત્તાત્રેય આદિ ઋષિમુનિઓ દેવીની મૂર્તિનું, કહો કે કલાસ્વરૂપા દેવીનું સતત ધ્યાન કરતા રહી પરમ આનંદની લહરી એટલે કે નિર્મળ પરબ્રહ્મસુખની પરંપરાને હૃદયમાં ધારણ કરે છે.

**डिण्डिमभाष्य** (P. 228) જણાવે છે કે, દેવીનાં અનેકવિધ ધ્યાનોમાં ઉત્તમોત્તમ એવું યોગધ્યાન આ પદ્યમાં નિરૂપાયું છે.

અહીં પદ્યને પૂર્ણતઃ સમજાવતાં, અન્તે કહ્યું છે કે,

....**कलां पश्यन्तो निभालयन्तो महान्तःपरमाह्लादलहरीमुपाधिपरब्रह्मरसास्वादप्रवाहं दधति ।**[1]

આ રીતે, પરમાહ્‌લાદલહરી પદનો અર્થ અહીં ઉપાધિરહિત પરબ્રહ્મના રસાસ્વાદનો પ્રવાહ-એવો કરવામાં આવ્યો છે.

**गोपालसुन्दरी** ટીકા (P. 228)માં **महान्तः** એટલે સનક વગેરે (ઋષિઓ) અને પરમાહ્‌લાદલહરી એટલે અતિશય સુખનો પ્રવાહ એવી નોંધ મળે છે.

**आनन्दलहरी** ટીકા (P. 228) અહીં પરમાહ્‌લાદલહરીનો અર્થ પ્રકૃષ્ટ આનંદતરંગ એવો કરે છે અને જણાવે છે કે, પરમાહ્‌લાદ પદથી અહીં કામેશીના બીજનું સૂચન છે.

**कैवल्यवर्धनी** ટીકા (P. 229)માં પરમાહ્‌લાદને બ્રહ્માનંદ નામ આપ્યું છે અને તેની લહરી એટલે સ્ફૂર્તિ કહેતાં સ્ફુરણા એમ સમજાય છે તથા 'તેને ધારણ કરે છે' એટલે કે, મુક્ત બને છે એમ અહીં અભિપ્રેત છે.

આ સ્થિતિએ પહોંચવા માટે સર્વ અશુદ્ધિઓ ત્યજી દેવી જોઈએ. માયાને લીધે ઉદ્‌ભવતી આ અશુદ્ધિઓ-કામના, સંકલ્પ, અધ્યવસાય ઈત્યાદિ-નો ત્યાગ કરી દઈ, તેનાથી મુક્ત થયા પછી જ દેવીનું સૂક્ષ્મ ધ્યાન શક્ય બને છે, અને ત્યારે થતો આનંદાનુભવ શ્રેષ્ઠ હોવાની સાથે જ ધન્યતા કે કૃતાર્થતા પણ આપે છે.

ડૉ. ચમનલાલજીના જણાવ્યા મુજબ (P. 91-92)- આ પદ્યમાં આજ્ઞાચક્રની ઉપર મૂર્ધામાં રહેલ જ્યોતિના દર્શનનું સૂચન છે. ષટ્‌ચક્રભેદન થતાં, કુંડલિની સૂર્ય, ચન્દ્ર, અગ્નિ એટલે કે વિદ્યુત્ એ ત્રણેયના તેજથી યુક્ત બને છે અને તેનું દર્શન કરનાર યોગી પરમાનંદ પામે છે પરંતુ આ માટે માયામલનો નાશ થવો જરૂરી છે. તેમ થતાં જ, દેવી ભગવતી બ્રહ્મસાક્ષાત્કારમાં સહાય કરે છે.

વસ્તુતઃ જ્યારે સાધકને શિવશક્તિની એકાત્મકતાનું ભાન થાય છે ત્યારે આ એકાત્મ મહાનન્દમાં સાધક પોતાના અહંને ભૂલી જાય છે અને તેને જ આનંદમયી એકાત્મભાવા સમાધિ કહે છે.

શ્રી શંકરાચાર્યે પ્રસ્તુત પદ્યમાં દેવીને સૂર્ય-ચન્દ્ર ને અગ્નિસ્વરૂપા કહી છે તથા તેને છ કમળોની ઉપર મહાપદ્મવનમાં બેઠેલી નિરૂપી છે. અહીં છ કમળ તે મૂલાધાર વગેરે છ ચક્રો અને તેની ઉપર મહાટવી તે સહસ્રારચક્ર એમ અભિપ્રેત છે. આ જ વિગત તેમણે મહીં મૂલાધારે... વગેરે (પદ્યક્રમાંક-૯)માં પણ સ્પષ્ટ શબ્દોમાં રજૂ કરી છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 228

શ્રી ગૌડપાદાચાર્યે તેમના ગ્રન્થ **સુભગોદયસ્તુતિ**માં આ અંગે જે વિગતો આપી છે, તેમાં - તેના ૮મા પદ્યમાં ભગવતીના સદનનું નિરૂપણ છે. તેમાં જણાવ્યા પ્રમાણે દેવીના નિવાસરૂપ ચક્ર - શુચિ કહેતાં અગ્નિ, રવિ એટલે સૂર્ય અને શશાંક એટલે ચન્દ્રમય છે. અહીં ચક્રને ત્રિખંડાત્મક કહ્યું છે તો ૨૦મા પદ્યમાં દેવીના મન્ત્રને ત્રણ ખંડયુક્ત કહેલ છે અને તે ત્રણ ખંડ છે - શશી, સવિતૃ ને વહ્નિરૂપ, ત્રિખંડાત્મક મન્ત્રનો નિર્દેશ અહીં ૨૩મા પદ્યમાં પણ થયો છે. સાથે જ ત્યાં કહેવાયું છે કે, છ કમળસમૂહરૂપી અરણ્યમાં દેવી નિવાસ કરે છે. અહીં અભિપ્રેત એ છે કે, દરેક ખંડમાં એટલે કે, સોમ, સૂર્ય અને અગ્નિ એ ત્રણ ખંડમાં છ કમલ અર્થાત્ આજ્ઞા, વિશુદ્ધ વગેરે છ ચક્રો સ્થિત છે ને તેમાં દેવીનો નિવાસ છે.

અત્રે નોંધવું જોઈશે કે, શંકરાચાર્યે કરેલી રજૂઆત સંક્ષિપ્ત હોવા છતાં સુસ્પષ્ટ પ્રતીત થાય છે. આ જ તો છે કવિની કુશળતા કે કવિપ્રતિભાનો આવિષ્કાર. વળી, પદ્યમાં જોવા મળતો અનુપ્રાસ તથા યમકનો પ્રયોગ કર્ણપ્રિય હોવાની સાથે સહજ અર્થબોધ કરાવે છે.

**સુભગોદયસ્તુતિ**માં તેના સંપાદકે જે કેટલાંક ઉદ્ધરણો ટાંક્યાં છે તે પણ ધ્યાનાર્હ છે જેમ કે,

રુદ્રયામલતન્ત્રમાં કહ્યું છે કે -

त्रिखण्डं मातृकाचक्रं सोमसूर्यानलात्मकम्[૧]।

માતૃકાચક્ર એટલે શ્રીચક્ર ત્રણ ખંડનું છે એ વિગત શ્રી ગૌડપાદાચાર્યે પણ સ્પષ્ટતઃ નિર્દેશી છે (**સુભગોદયસ્તુતિ** શ્લોકક્રમાંક-૮) તો શ્રી શંકરાચાર્યે દેવીના વિશેષણરૂપે તેનો અહીં નિર્દેશ કર્યો છે.

અલબત્ત, શ્રી ચક્ર એ દેવી ભગવતીના વિગ્રહરૂપ જ છે તે સર્વસ્વીકૃત છે.

તદુપરાંત, તન્ત્રચૂડામણિનો આ સંદર્ભ પણ ઉલ્લેખનીય છે. તેમાં જણાવ્યું છે કે,

मेरोर्वामे स्थिता नाडी इडा चन्द्रामृता शिवे
दक्षिणे सूर्यसंयुक्ता पिङ्गला नाम नामतः।
तद् बाह्ये तु तयोर्मध्ये सुषुम्णा वह्निसंयुता ॥[૨]

તાત્પર્ય એ છે કે, સોમ, સૂર્ય ને અગ્નિ - અનુક્રમે ઈડા, પિંગળા ને સુષુમ્ણા નાડીઓના અધિષ્ઠાતા છે. જ્યારે ત્રણે નાડીઓનો વાયુ એક થાય ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

---

૧. **સુભગોદયસ્તુતિ** P. 295 ઉપર ઉદ્ધૃત (૯ મા પદ્યની ચર્ચામાં)
૨. એજન P. 499 ઉપર ઉદ્ધૃત (૩૩મા પદ્ય ઉપરની ચર્ચામાં) -

હવે સ્તોત્રના દ્વિતીય ભાગમાંથી આ પદ્ય જોઈએ :

**तनोतु क्षेमं नस्तव वदनसौन्दर्यलहरी –**
**परीवाहस्रोतस्सरणिरिव सीमन्तसरणिः ।**
**वहन्ती सिन्दूरं प्रबलकबरीभारतिमिर –**
**द्विषां वृन्दैर्बन्दीकृतमिव नवीनार्ककिरणम् ॥ – ४४**

ઉમદા કાવ્યત્વસભર પ્રસ્તુત પદ્યની પંક્તિઓ અલગઅલગ ક્રમે વાંચવા મળે છે, જેમાં પ્રથમ બે પંક્તિ ને પછીની બે પંક્તિ ભિન્ન ક્રમે જોવા મળે છે.

અપ્પય્ય દીક્ષિત તેમના ગ્રન્થ **કુવલયાનંદમાં** આ શ્લોકને वहन्ती सिन्दूरं...એ રીતે ટાંકે છે[૧], જેનો સ્વીકાર શ્રી સુબ્રહ્મણ્ય શાસ્ત્રી અને શ્રી આયંગરે કર્યો છે.[૨]

શ્રી ચરણતીર્થ મહારાજ[૩] તથા શ્રી ચમનલાલજી[૪] પણ वहन्ती सिन्दूरं...એ પ્રમાણે પદ્યારંભ નિર્દેશે છે.

આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે :

''(હે દેવી !) તારા મુખના સૌન્દર્યની લહરીના પ્રવાહનો સ્રોત સરણિની જેમ રહેલ તારા સેંથાની સરણિ કહેતાં માર્ગ ભરચક અંબોડાના ભારને લીધે શ્યામ શત્રુઓનાં વૃન્દો વડે બન્દી બનાવાયેલ જાણે કે નવીન (= પ્રભાતના) સૂર્યનાં કિરણોની જેમ સિંદૂરને ધારણ કરતો હોય તેવો છે. તે અમારું કલ્યાણ કરો.''

આ પદ્યમાં દેવીના સેંથાના સૌન્દર્યનું વર્ણન છે. દેવીનો સુંદર સેંથો તેમના વદનના સૌન્દર્યનું સૂચન કરે છે. દેવીના આ સૌન્દર્યનું જે ધ્યાન ધરે છે તે અવિદ્યામાંથી મુક્તિ પામે છે ને શત્રુથી તેનું રક્ષણ થાય છે.

અહીં પ્રયુક્ત वदनसौन्दर्यलहरी પદ સહેજે કૃતિના નામ પ્રતિ આપણું ધ્યાન લક્ષિત કરે છે. જો કે, અહીં वदनसौन्दर्यलहरीपरीवाहस्रोतस्सरणिः એમ એક પદ છે તેથી સ્વતન્ત્ર રીતે તો સૌન્દર્યલહરી શબ્દ નિર્દિષ્ટ નથી જ.

વદનની સુંદરતાનો જે ઉત્સેક હોય તેના પ્રવાહના માર્ગની જેમ દેવીના સેંથાનો માર્ગ છે એમ અહીં જણાવાયું છે.

અહીં ઉત્પ્રેક્ષાલંકારનો પ્રયોગ કરી કહ્યું છે કે, સેંથામાં રહેલ સિંદૂર એ જાણે કે પ્રભાતના સૂર્યનાં કિરણો છે. સૂર્ય જેમ અંધકારને દૂર કરી દે તેમ શ્યામ ઘેરા કેશમાં રહેલ સિંદૂર જાણે કે શ્યામલતાને ઓછી કરી દે છે.

પદ્યના પૂર્વાર્ધમાં પણ ઉત્પ્રેક્ષા જોઈ શકાય. સેંથાનો માર્ગ એ જાણે કે, સ્રોતનો માર્ગ હોય તે રીતે વર્ણન છે.

લક્ષ્મીધરા ટીકામાં આ પ્રકારે ઉત્પ્રેક્ષા અલંકાર હોવાનું જણાવેલ છે, જ્યારે સૌભાગ્યવર્ધની ટીકા અહીં ઉપમા હોવાનું જણાવે છે અને નોંધે છે કે,

अत्रोपमाद्वयेन भगवत्याः सीमन्तसौन्दर्यातिरेकः प्रतिपादितः ।[૫]

અહીં જે સેંથાના વિશિષ્ટ સૌન્દર્યનું નિરૂપણ છે, તે દ્વારા જગદંબાના વિશે રહેલ ભક્તિભાવનો પરિપોષ થાય છે. वदनसौन्दर्यलहरी.... પદમાં ય ટીકાકાર સૌન્દર્યાતિરેકની પરંપરા જુએ છે.

---

૧. જુઓ : **કુવલયાનંદ** - કારિકા - ૬૭ ઉપરની વૃત્તિ P. 86
૨. જુઓ : **સૌન્દર્યલહરી**(અંગ્રેજી અનુવાદ સાથે) P. 87
૩. જુઓ : **સૌન્દર્યલહરી** (**ત્રિપુરા** ટીકા સહિત) - P. 168
૪. જુઓ : **સૌન્દર્યલહરી**(સંસ્કૃતિ સંસ્થાનનું પ્રકાશન) P. 154
૫. જુઓ : **સૌન્દર્યલહરી**(સંસ્કૃત ટીકાઓ સાથે) P. 16

अरुणामोदिनी टीका (P. 16) પણ સૌન્દર્યલહરીનો અર્થ સૌન્દર્યના અતિરેકની પરંપરા એવો જ કરે છે.

અહીં ટીકાકારના જણાવ્યા મુજબ બે ઉત્પ્રેક્ષા અલંકારોની સાથે અનુપ્રાસ અલંકારની સંસૃષ્ટિ છે. (P. 17)

आनन्दगिरीया ટીકામાં (P. 17) કહ્યું છે કે, નિરતિશય સૌંદર્યસલિલલહરીથી પરિપૂર્ણ વદનકમલના પરીવાહસ્રોતની સરણિસમી છે.

વદનપદ્માકરને હંમેશ સૌન્દર્યના અમૃતથી પૂર્ણ બનાવવા માટે વિધિએ સિંદૂરરૂપે પરીવાહસ્રોતઃ-સરણિની રચના કરી છે.

तात्पर्यदीपिनी ટીકા (P. 17-18) વળી, અહીં ઉત્પ્રેક્ષા અલંકાર હોવાનું કહે છે.

આ સંદર્ભમાં लक्ष्मीधरा ટીકામાં (P. 16) પ્રતિપાદિત કરવામાં આવ્યું છે કે અહીં પ્રયુક્ત इव પદ કવિપ્રૌઢોક્તિસિદ્ધ છે, સ્વતઃસિદ્ધ નહીં, તેથી ઉપમા નહીં પણ ઉત્પ્રેક્ષા જ છે.

સીમન્તસરણિ એ જાણે કે સ્રોતસરણિ છે એ ઉત્પ્રેક્ષાની સાથે સિન્દૂરમાં સૂર્યકિરણોની ઉત્પ્રેક્ષા પણ છે.

વળી, કબરીમાં તિમિરનો આરોપ હોતાં રૂપક અલંકાર છે અને તેથી અહીં બન્નેનો અંગાંગિભાવ હોતાં સંકરાલંકાર રહેલો છે.

આમ, અલંકારમઢ્યા આ પદ્યમાં, કલાત્મક રીતે **सौन्दर्यलहरी** શીર્ષક ગૂંથી દેવાયું છે.

શ્રી ચરણતીર્થ મહારાજના મંતવ્ય પ્રમાણે (P. 87) અહીં બન્દિમોચિની વિદ્યાનું નિરૂપણ છે. આ અંગેનો મન્ત્ર તથા તેના વિનિયોગ અંગે પણ તેમણે વિગતો નિર્દેશી છે.

શ્રી ચમનલાલજી (P. 155-56) અહીં સૂર્યોપાસનાનું સૂચન જુએ છે, કેમ કે, સૂર્યોપાસના થકી બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ તથા રોગ અને દારિદ્ર્યની નિવૃત્તિ થાય છે. વળી, તેમના મતે અહીં અજ્ઞાનથી ઉદ્ભવતા કામાદિ વિકારરૂપ શત્રુઓ કે જેમણે અસંગ આત્માને પોતાની મોહજાળમાં બદ્ધ કરી બંદી બનાવેલ છે, તેનું સૂચન પણ થાય છે, તાત્પર્ય એ છે કે, જ્યાં સુધી કામાદિ વિકારરૂપ શત્રુઓનું અસ્તિત્વ હોય છે, ત્યાં સુધી જીવ બંધનમાં રહે છે અને જ્યારે જ્ઞાન-તત્ત્વજ્ઞાન થાય ત્યારે બંધન છેદાઈ જાય છે.

આ રીતે જોતાં, અહીં દેવીના સીમન્ત કહેતાં સેંથાના સૌન્દર્યનિરૂપણને મિષે સંસારમાંથી કહો કે કામવાસના કે મોહમાયાના બંધનમાંથી મુક્ત થવાનો માર્ગ નિર્દેશાયો છે.

હવે આ એક પદ્ય જોઈએ :

**सरस्वत्यास्सूक्तीरमृतलहरीकौशलहरीः**
**पिबन्त्याश्शर्वाणि श्रवणचुलुकाभ्यामविरलम् ।**
**चमत्कारश्लाघाचलितशिरसः कुण्डलगणो**
**झणत्कारैस्तारैः प्रतिवचनमाचष्ट इव ते ॥ — ६०**

આ પદ્યમાં દેવીનું સૌન્દર્ય નિરૂપિત છે. જો કે અહીં સ્તોત્રરચનાના શીર્ષકનો કોઈપણ પ્રકારનો નિર્દેશ નથી, જેવો પૂર્વે જોયેલાં પદ્યોમાં હતો. તેમ છતાં, અહીં જે **लहरी** પદનો પ્રયોગ વિશેષરૂપે કર્યો હોવાનું જણાય છે ને સાથે જ દેવીના સૌન્દર્યને જે કાવ્યાત્મકતયા વર્ણવેલ છે તેને લીધે અત્રે તેની વિચારણા કરવી ઉચિત લેખાશે.

પ્રસ્તુત પદ્યમાં કવિ કહે છે કે,

''હે શર્વાણી ! સરસ્વતીની મધુર વાણી અમૃતલહરીના કૌશલને હરી લેનારી છે. તેને તું કર્ણરૂપી પાત્રથી સતત પી રહી છે ત્યારે ચમત્કૃતિની પ્રશંસાને માટે હાલતા મસ્તકવાળી તારા કુંડલગણ તીવ્રતયા ઝંકૃત થાય છે તે જાણે કે પડઘો પાડી રહ્યા છે.

આ પદ્યનું અર્થઘટન **लक्ष्मीधरा** ટીકામાં (P. 113) જુદી રીતે કરાયું છે. તદનુસાર -

હે શર્વાણી, અમૃતલહરીના સૌભાગ્યને હરી લેનારી આપની સૂક્તિઓને પોતાના શ્રવણરૂપ પાત્ર દ્વારા નિરંતર પાન કરતી, ચમત્કારની પ્રશંસાર્થે હાલી ઊઠતા મસ્તકવાળી સરસ્વતીનાં કુંડલ રણકતા સ્વરે જાણે કે પડઘો પાડે છે.

ટીકાકારના મતે અહીં પૂર્વાર્ધમાં અતિશયોક્તિ અને ઉત્તરાર્ધમાં ઉત્પ્રેક્ષા અલંકાર રહેલો છે. તે એ રીતે કે, અહીં ઝણત્કાર કે રણકારમાં પ્રતિવચન (=પડઘો)ની સંભાવના કરાઈ હોવાથી ઉત્પ્રેક્ષા છે, જ્યારે પૂર્વાર્ધમાં સરસ્વતીના શિરઃકંપનનો સંબંધ ન હોવા છતાં તેનો સંબંધ કહેવાથી અસંબંધે સંબંધરૂપા અતિશયોક્તિ અલંકાર છે અને બન્ને અલંકારો વચ્ચે અંગાંગિભાવ હોવાથી સંકર અલંકાર પણ રહેલો છે.

આ અર્થ કદાચ આકર્ષક જણાય તો પણ અહીં દેવીના મુખનું સૌંદર્ય ને તેની પ્રશંસાપરક અર્થ સ્વીકારવો વધુ ઉચિત લેખાશે. એટલે કે આપણે સ્વીકારેલ અર્થઘટન - જેને અન્ય સર્વ ટીકાકારોનું સમર્થન છે - તે ગ્રાહ્ય ગણાય.

વળી, ભાષાકીય રીતે પણ પ્રથમ પદ **सरस्वत्याः** નો સંબંધ ઉત્તરાર્ધમાં રહેલ કુંડલગણ સાથે જોડવો દૂરાન્વિત ગણાય, જે દોષપૂર્ણ જણાય છે. તેથી તે દૃષ્ટિએ પણ પ્રથમ અર્થઘટન જ દોષરહિત ને યોગ્ય ગણાય.

**सौभाग्यवर्धनी** ટીકામાં (P. 113) જણાવ્યું છે કે, ગદ્યપદ્યાદિરૂપ સરસ્વતીની સૂક્તિઓ શ્રવણના પાત્રથી સતત પી રહેલી તારાં કુંડલ એ વાણી સાંભળવાથી થતા ચમત્કારથી હાલતાં જાણે કે પડઘો પાડે છે. તાત્પર્ય એ છે કે સરસ્વતીની સૂક્તિઓની તું તો પ્રશંસા કરે છે પણ જડ એવાં તારાં કુંડલ પણ પ્રશંસાર્થે જાણે કે પડઘો પાડે છે.

**अरुणामोदिनी** ટીકામાં (P. 114) જણાવ્યું છે કે, સરસ્વતીની સૂક્તિ કે જે સુવચનવિન્યાસથી મધુર છે તેનું દેવી શ્રવણરૂપી ચુલુકથી સતત પાન કરે છે તેમ કહેતાં, શ્રવણને ચુલુક સાથે સરખાવ્યા છે. તે દ્વારા સરસ્વતીની સૂક્તિઓનું અમૃતરસાત્મકત્વ ધ્વનિત થાય છે.

આ જ વિગત **डिण्डिमभाष्य**માં (P. 116) પણ નિરૂપાઈ છે. તેમાં જણાવ્યું છે કે, જે રીતે હાથ વડે પેયનું પાન કરી શકાય તેમ તે કાર્ય અહીં શ્રવણ કરે છે તેથી શ્રવણ અને કરતલનું સાધર્મ્ય સંભવે છે અને

તેને લીધે સરસ્વતીની સૂક્તિઓનું અમૃતરસાત્મકત્વ ધ્વનિત થાય છે.

આ રીતે, સૂક્તિઓને અમૃતરસરૂપ કલ્પી છે, તેમાં અભિપ્રેત એ છે કે, જે રીતે અમૃતનું પાન આહ્લાદ આપે તેમ સૂક્તિઓ પણ આહ્લાદ આપનારી છે. તેથી જ, **पदार्थचन्द्रिका** ટીકામાં (P. 115) કહ્યું છે કે, અહીં અમૃતલહરીના કૌશલને હરી લેનાર એ શબ્દો દ્વારા અમૃતને સમાન સુખ જન્માવનાર એમ અભિપ્રેત છે.

**अमृतलहर्याः कौशलं कुशलतां हरन्तीति तथा ताः अमृतवत्सुखजनिका इत्यर्थः ।**[1]

આ અંગે **आनन्दगिरीया** ટીકા (P. 114) નોંધે છે કે, અમૃતલહરી એટલે અમૃતના કલ્લોલ અને તેનું કૌશલ હરી લેનાર એમ જે કહ્યું છે તેમાં કૌશલ એટલે અમૃતસમાન રસાસ્વાદને લીધે રંજક હોવું ને તેને હરી લેનાર એટલે તેનાથી પણ વધુ મધુર એમ સમજવાનું છે.

અહીં ટીકાકાર અત્યન્ત સ્પષ્ટતાપૂર્વક સૂક્તિઓનું વૈશિષ્ટ્ય તથા તેનું ચડિયાતાપણું નિર્દેશે છે.

સૂક્તિઓ અમૃતલહરીનું કૌશલ એટલે તેનું માધુર્ય હરી લે છે એવો અર્થ **गोपालसुन्दरी** ટીકામાં (P. 115) નિર્દેશ્યો છે, તો **तात्पर्यदीपिनी** ટીકા (P. 115) પણ , કૌશલ પદ દ્વારા માધુર્યાત્મક સામર્થ્યનો અર્થ આપે છે ને તેને હરી લેનાર એટલે કે દૂર કરનારી સૂક્તિઓ છે તેમ જણાવે છે.

**आनन्दलहरी** ટીકામાં (P. 117) પદ્યનો ભાવાર્થ સ્પષ્ટ કરતાં કહ્યું છે કે,

**अमृतस्य लहरीणां तरङ्गाणां कौशलहरीः माधुर्यरूपशिल्पापहारिणीः ।**

**ते त्वया सरस्वत्याः साधुवादं कर्णभूषणैः प्रथमत एव साधुवादः कृतः इति भावः ।**[2]

અર્થાત્, અમૃતની લહરી કહેતાં તરંગોના કૌશલને હરી લેનાર એટલે માધુર્યરૂપ કલાને હરી લેનાર. સરસ્વતીની પ્રશંસા દેવીનાં કર્ણાભૂષણ એટલે કે કુંડલો દ્વારા તો પહેલેથી જ કરાઈ છે.

**सौन्दर्यलहरी**ની **त्रिपुरा** ટીકામાં શ્રી ચરણતીર્થ મહારાજ સમગ્ર પદ્યને જે પ્રકારે સમજાવે છે, તે મુજબ -

અમૃતના તરંગ કરતાં પણ વધુ આકર્ષક - કહો કે, અમૃતથી પણ વધુ મીઠી એવી સરસ્વતીની સૂક્તિઓ - જે તમારી સ્તુતિરૂપ છે, તે પ્રશંસાવચન સાંભળતાં, દેવી હર્ષપૂર્વક મસ્તક હલાવે છે ત્યારે તેમનાં કાનનાં કુંડળ મનોહર રણકારથી જાણે કે તેમના મનના ભાવનો સ્વીકાર કરતાં હોય તેમ જણાય છે ને જાણે હોંકારો દેતાં હોય તેમ લાગે છે.

**यदा सरस्वतीप्रोक्ताः स्तुतयः मनोविधृता रहस्योल्लासानां श्लाघया यदा शिरःकम्पोकारि तदा तस्याः श्लाघायाः सत्यतार्थं कुण्डलरणत्कारैः प्रतिवचनं स्वीकृतिर्दीयते इति भावः ।**[3]

---

१. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 115

૨. એજન P. 117

૩. જુઓ : **सौन्दर्यलहरी** (**त्रिपुरा** ટીકા સહિત), P. 110-111

આ રીતે, આ પદ્યમાં સરસ્વતી દ્વારા દેવીના સ્તવનરૂપ મધુર સુધામય કાવ્યગાન અને તેના શ્રવણથી, તે ગાનની પ્રશંસાના ભાવથી ડોલતાં કર્ણકુંડલ - મધુર સ્વરમય આનંદાતિરેક જન્માવે છે.

અહીં સરસ્વતીની શ્રેષ્ઠ વાણીરૂપ ઉક્તિને અમૃતધારાથી પણ ચડિયાતી કહી છે, તેમાં વાણીની શ્રેષ્ઠતા દર્શાવી છે તથા તે સ્તુતિવચનની પ્રશંસામાં મસ્તક ડોલતાં, દેવીનાં કુંડલ પણ જાણે કે દેવીના ભાવને ઝીલે છે. જડ એવાં કુંડલ પણ દેવીના મહિમાના સ્પર્શથી આ કરી શકે છે ને તે દ્વારા દેવીના મુખનું સૌન્દર્ય અહીં વર્ણવાયું છે.

બધા જ ટીકાકારો આ પ્રમાણે જ શ્લોકનો અર્થ નિર્દેશે છે, પરંતુ અગાઉ નોંધ્યું છે તેમ, **लक्ष्मीधरा** ટીકા અલગ અર્થ આપે છે. તેમના મતે દેવીનાં મધુર વચનની પ્રશંસા અહીં હોય તે ઉચિત ગણાય, કેમ કે, દેવીનું નખશિખ વર્ણન - તેમના સૌન્દર્યનું વર્ણન આ સ્તોત્રનો વર્ણ્યવિષય છે.

જો કે, વસ્તુતઃ અહીં સરસ્વતીની પ્રશંસામાં મસ્તકધૂનન (=મસ્તક હલાવવું) અને કુંડલડોલન (=કુંડલનું હાલવું) દ્વારા દેવીના મુખનું સૌન્દર્ય પ્રગટે છે. તે અર્થ વધુ આવકાર્ય બની રહે છે, જેને ઘણાખરા ટીકાકારોનું સમર્થન છે. અને વળી, સરસ્વતી કે જે વાણીની દેવી છે, તેની સૂક્તિઓનું માધુર્ય નિરૂપવામાં એક ઔચિત્ય પણ ઊપસે છે.

વળી, સરસ્વતીની સૂક્તિ દ્વારા દેવી માટેનાં સ્તુતિવચન જ અભિપ્રેત હોઈ શકે. આ સ્તુતિવચન તે એવી ઉત્તમ રચના છે — એવી ઉત્તમ કવિતા છે કે જેની પ્રશંસામાં દેવી મસ્તક હલાવે અને સાથે જ તેમનાં કર્ણાભૂષણ પણ દેવીના વિચારોને જાણે કે એક સૂરમાં મૂકે છે.

આ રીતે, અહીં ખૂબ જ કાવ્યાત્મક રીતે દેવીનો મહિમા અને તેમનું સૌન્દર્ય વર્ણવાયું છે.

અહીં આપણે વિચારેલ આ પદ્યો પૈકી અંતિમ પદ્યમાં જ માત્ર **शर्वाणि** એવું સંબોધનપદ ઉલ્લેખાયું છે. અન્ય ચાર પદ્યોમાં તો સંબોધન અધ્યાહૃત જ સમજી લેવાનું રહે છે. જો કે, તે સિવાયનાં અન્ય પદ્યોમાં અનેકવિધ સંબોધનો પ્રાપ્ત થાય છે. તે અંગેની વિચારણા પણ રસપ્રદ બની રહે તેમ છે. તેથી અહીં આપણે **સૌન્દર્યલહરી**- સ્તોત્રમાં નિર્દિષ્ટ કેટલાંક સંબોધનો અંગે વિચારણા કરીશું.

**<u>સંબોધનો :</u>**

**સૌન્દર્યલહરી**માં દેવીની સ્તુતિ તથા દેવીના સૌન્દર્યનું વર્ણન કરતાં, દેવી માટે જે અનેકવિધ સંબોધનો પ્રયુક્ત થયાં છે, તે જોતાં જણાય છે કે, ઘણુંખરું આ સંબોધનો કાં તો જનની કે માતારૂપે અથવા તો હિમાલયની પુત્રીરૂપે, શિવપત્નીરૂપે કે પછી સીધા જ નામોલ્લેખ થકી નિર્દેશાયાં છે.

આ સંબોધનોમાં **जननि** પદ ૮ વાર, **मातः** પદ ૩ વાર ને **अम्ब** પદ એકવાર ઉલ્લેખાયું છે. હિમાલયની પુત્રીરૂપે દેવીને ૧૧ વાર સંબોધિત કરાયાં છે. જો કે, અહીં પર્યાયોના પ્રયોગથી સંબોધન અલગ જણાય છે પરંતુ અર્થ તો એક જ રહે છે. જેમ કે, **हिमगिरिसुते, तुहिनगिरिकन्ये, धरणिधरराजन्यतनये, अगराजन्यतनये, धरणिधरकन्ये, गिरिसुते, शैलतनये, अचलतनये** ઈત્યાદિ. અહીં કેટલાંક સંબોધનો દેવીને વંશની પ્રતિષ્ઠારૂપ દર્શાવે છે. જેમ કે, **गोत्राधरपतिकुलोत्तंसकलिके, तुहिनगिरिवंशध्वजपटि** કે **नगपतिपताके**. શિવપત્નીરૂપે દસેક સંબોધનો નિર્દેશાયાં છે. જેવાં કે, **हरमहिषि, ईशानदयिते, पशुपतिपराधीनहृदये, परब्रह्ममहिषि** વગેરે. **भवानि, शिवे, शर्वाणि** જેવાં પદોને પણ આ જ અર્થમાં લઈ શકાશે. જે કેટલાંક સંબોધનો દેવીના સીધા જ નામનિર્દેશપૂર્વક પ્રયોજાયાં છે, તે છે – **सति, उमे, अपर्णे, पार्वति, चण्डि** વગેરે. આ ઉપરાંત, કેટલાંક સંબોધનો દેવીના વ્યક્તિત્વપરક પણ જણાય છે. જેમ કે, **निषेव्ये नित्ये, भगवति, भुवनभयभङ्गव्यसनिनि, गतिगमकगीतैकनिपुणे, चारुचरिते** ઈત્યાદિ. વળી, ભક્ત કે આરાધકને માટે ઉપકારક બનતાં દેવી - એ રીતે પણ દેવીને સંબોધિત કરાયેલ છે. જેમ કે, **शरण्ये, प्रणतजनसौभाग्यजननि, निषेव्ये** વગેરે.

કાવ્યનું જે સમાપ્તિપદ્ય[1] છે, તેમાં તો એક સાથે અનેક સંબોધનોની હારમાળા જ રચી દેવામાં આવી છે. અહીં ત્રણ ચરણમાં તો માત્ર સંબોધનો જ છે અને ચતુર્થ ચરણમાં સંબોધનોની સાથે કવિપ્રાર્થના પણ કરાઈ છે.

અહીં આપણે આસ્વાદના આચમનરૂપે કેટલાંક સંબોધનપદો અંગે વિચારણા કરીશું.

---

૧. જુઓ : **સૌન્દર્યલહરી**, પદ્યક્રમાંક - 103

निधे नित्ये स्मेरे निरवधिगुणे नीतिनिपुणे
निराधारज्ञाने नियमपरचित्तैकनिलये ।
नियत्यानिर्मुक्ते निखिलनिगमान्तस्तुतपदे
निरातङ्के नित्ये निगमय ममापि स्तुतिमिमाम् ॥

**शरण्ये** (શ્લોક - ૪)

शरण्ये लोकानां तव हि चरणावेव निपुणौ ।

**शरण्ये** નો અર્થ છે - શરણને યોગ્ય. શરણ લેવા લાયક.

લોક એટલે કે ચૌદ ભુવનોને માટે તું શરણ્યા છે.

ટીકાકારો **शरण्ये** પદને આ રીતે સમજાવે છે —

લક્ષ્મીધરા ટીકા મુજબ (P. 70) **शरण्ये** એટલે **शरणार्हे**.

**સૌભાગ્યવર્ધની** ટીકા (P. 70)માં કહ્યું છે કે, તું લોકો માટે તો શરણ્યા છે જ, પણ સાથે સાથે જે અન્ય દેવતાગણ છે તેમને માટે પણ તું જ શરણ્યા છે[૧]. તેનું કારણ એ છે કે, તે દેવો તો હંમેશ ઉત્પત્તિ અને પ્રલયથી સંતપ્ત બને છે અને તેથી તારી સ્મૃતિ નિશ્ચલ સિદ્ધિ આપનારી છે.

**अरुणामोदिनी** ટીકા (P. 71) તેને આ રીતે સમજાવે છે —

**शरणं रक्षणमर्हतीति शरण्या, शरणं श्रीचक्राख्यं गृहमर्हतीति वा शरण्या ।**[૨]

અર્થાત્ , શરણ એટલે કે રક્ષણને યોગ્ય છે અથવા શરણ એટલે કે શ્રીચક્ર નામે ગૃહને યોગ્ય છે.

અહીં દેવી શરણ એટલે કે રક્ષણ આપવાને યોગ્ય છે એમ સમજવું જોઈએ. ટીકાકાર વિશેષમાં નોંધે છે કે, **शरण्ये** દ્વારા, ભક્તજનોને રક્ષણ આપવામાં દીક્ષિત એવી ભગવતી એ પ્રમાણે સંબોધન અભિપ્રેત છે અને તે દ્વારા દેવી સિવાય અન્ય દેવોની અશરણ્યતા સૂચવાઈ છે.

**हे शरण्ये भक्तजनरक्षणदीक्षिते भगवतीति संबोधनम् । एतेन देव्यन्येषामशरण्यत्वं सूचितम् ।**[૩]

**આનન્દગિરીયા** ટીકામાં (P. 72) **शरण्ये** પદને **शरणाय योग्ये** એ રીતે સમજાવી **शरणागतपरित्राणपरायणे** એ મુજબ અભિપ્રેત અર્થ દર્શાવ્યો છે.

આ રીતે, **शरण्ये** નો અર્થ છે — શરણ માટે યોગ્ય એટલે કે શરણ લેવાને માટે યોગ્ય, ભગવતી બધા લોક અર્થાત્ ચૌદેય ભુવનોને માટે શરણને યોગ્ય છે તેમ કહેવાથી તેઓ શરણાગત - શરણે આવેલાઓનું રક્ષણ કરવામાં પરાયણ રહે છે તે અર્થ પ્રગટ થાય છે.

**તાત્પર્યદીપિની** ટીકા (P.73) **शरण्ये** ને **शरणार्हे** પદથી સમજાવે છે.

**પદાર્થચન્દ્રિકા** ટીકામાં (P. 74) જણાવાયું છે કે, શરણ શબ્દ રક્ષકના અર્થમાં કે રક્ષણપરક સમજવાનો છે.

તેથી **शरण्या** નો અર્થ છે - **शरणं कर्तुमर्हति योग्या भवतीति ।**[૪]

અર્થાત્ **शरण्या** એટલે રક્ષણ કરવાને યોગ્ય.

**ડિણ્ડિમભાષ્યમાં** (P. 75) **शरण्या** પદને **शरणदयोग्या** એ પ્રમાણે સમજાવેલ છે. એટલે કે, **शरण्या**નો અર્થ છે — શરણ આપવાને યોગ્ય.

અહીં ટીકાકાર જણાવે છે કે સર્વ દેવો કરતાં પણ દેવીનો પ્રભાવ જ અત્યધિક છે, અન્ય કોઈ દેવનો નહીં, કેમ કે, દેવી શરણ આપવાને યોગ્ય છે.[૫]

**આનન્દલહરી** ટીકામાં (P. 75) **शरण्या** પદને **शरणीकरणार्हे** પદથી સમજાવેલ છે.

તેનો અર્થ થશે - શરણ કરવાને યોગ્ય.

દેવી માટે પ્રયોજાયેલ આ સંબોધન દેવીના મહિમાને પ્રગટ કરે છે. સાથે જ તેમની ભક્તવત્સલતા પણ નિર્દેશે છે. ભક્તોનું કે શરણે આવેલાનું રક્ષણ કરવું એ દેવીનો સ્વભાવ જ છે. આ રીતે સૌ દેવો કરતાં દેવીનો અનુગ્રહ જ વિશેષ પ્રભાવશાળી છે એમ વ્યક્ત થાય છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (संस्कृत टीकाओ साथे) P. 70

येऽप्यन्ये दैवतगणाः तेषामपि त्वमेव शरण्या ।

૨. એજન P. 71

૩. એજન P. 71

૪. એજન P. 74

૫. એજન P. 75

सर्वदेवताभ्योऽपि समधिकप्रभाववत्त्वं तवैव नान्यस्य देवतायाः । यतस्त्वमेव लोकानां शरण्या शरणदयोग्या ।

શંકરાચાર્યે તેમના **भवान्यष्टक** માં પણ દેવી માટે આ સંબોધન બે વાર પ્રયોજ્યું છે.[૧]

**દુર્ગાસપ્તશતી**માં આવતા આ પ્રસિદ્ધ શ્લોકમાં દેવી માટે **शरण्ये** સંબોધન પ્રયોજાયું છે :

सर्वमङ्गलमाङ्गल्ये शिवे सर्वार्थसाधिके।
शरण्ये त्र्यम्बके गौरी नारायणी नमोऽस्तु ते ॥[૨]

દેવ્યથર્વશીર્ષ[૩]માં પણ દેવી માટે આ વિશેષણનો પ્રયોગ થયો છે.

**निषेव्ये नित्ये** (શ્લોક - ૩૦)

निषेव्ये नित्ये त्वाहमिति सदा भावयति यः ।

આ પદ્યમાં એક સાથે બે સંબોધનો પ્રાપ્ત થાય છે. અર્થ તો સ્પષ્ટ જ છે —

જે સંપૂર્ણતયા સેવન કરવા યોગ્ય છે અને જે નિત્ય છે તે.

આમ તો બન્ને પદો સ્વતન્ત્ર છે છતાં તેમની વચ્ચે એક સંબંધ વિચારી શકાય તેમ છે.

દેવી નિષેવ્ય કહેતાં પૂર્ણપણે સેવન કરવા યોગ્ય છે (કેમ કે) તે નિત્ય છે.

લક્ષ્મીધરા ટીકા (P. 282) **निषेव्ये** પદને **संसेव्ये** પદથી સમજાવે છે અને **नित्य** પદનો અર્થ **आद्यन्तरहिते** એવો આપે છે.

સમગ્ર પદ્યનો અન્વય ગોઠવી આપતાં, ટીકાકાર બન્ને પદોના ક્રમને બદલીને રજૂઆત કરે છે ને એ દ્વારા જાણે કે સૂચવી દે છે કે, જે નિત્ય છે અને (માટે જ) જે સેવન કરવા યોગ્ય છે તેવાં હે દેવી, એ રીતે સંબોધન કરાયેલ છે.

અરુણામોદિની ટીકામાં (P. 283) **नित्या**નો અર્થ કર્યો છે - **ध्रुवा**.

**नित्या आद्यन्तराहित्येन ध्रुवा,.... हे नित्ये षोडशनित्यारूपिणि**[૪]

અહીં ટીકાકાર **नित्या** પદથી દેવીને આદિ ને અન્ત વગરનાં હોઈને સ્થિર કિંવા શાશ્વત કહે છે. સાથે સાથે **नित्या** પદ દ્વારા દેવીનાં ૧૬(સોળ) નિત્ય સ્વરૂપોનો અર્થ પણ સ્વીકારે છે.

૧ - અણિમા, લઘિમા, મહિમા, વશિત્વ, ઈશિત્વ, પ્રાકામ્ય, પ્રાપ્તિ અને સર્વકામપ્રદાયિની - એ અષ્ટ સિદ્ધિઓ.

૨ - બ્રાહ્મી, માહેશ્વરી, કૌમારી, વૈષ્ણવી, વારાહી, માહેન્દ્રી, ચામુંડા, અને મહાલક્ષ્મી એ અષ્ટ માતૃકાઓ.

૩ - સર્વસંક્ષોભિણી, સર્વવિદ્રાવિણી, સર્વાકર્ષિણી, સર્વવશંકરી, સર્વોન્માદિની, સર્વમહાંકુશા, સર્વખેચરી, સર્વબીજ સર્વયોનિ સર્વત્રિખંડા નામે મુદ્રાઓ.

ષોડશદલમાં રહેલ કામ, બુદ્ધિ, અહંકાર, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગન્ધ, ચિત્ત, ધૈર્ય, સ્મૃતિ, નામ, બીજ, આત્મા, અમૃત અને શરીરને આકર્ષતી અન્ય પણ નિત્યા પદથી સંગૃહીત થાય છે.

ત્રિપુરસુંદરી, કામેશ્વરી, ભગમાલિની, નિત્યક્લિન્ના, ભેરુંડા, વહ્નિવાસિની, મહાવજ્રેશ્વરી, શિવદૂતી, ત્વરિતા, કુલસુંદરી, નિત્યા, નીલપતાકા, વિજયા, સર્વમંગલા, જ્વાલામાલિની, ચિત્રા — એ સોળ નિત્યા સ્વરૂપો દ્વારા જે સંપૂર્ણપણે સેવવા યોગ્ય છે તે છે નિષેવ્યા.

**षोडशनित्याभिश्च नितरां सेव्या निषेव्या ।**[૫]

---

૧.જુઓ : **भवान्यष्टकम्** પદ્યક્રમાંક - ૬ અને ૭

૨. **દુર્ગાસપ્તશતી** - 11-10, P.161

૩. જુઓ : **દુર્ગાસપ્તશતી** - પાઠવિધિ અંતર્ગત દેવ્યથર્વશીર્ષ - P.48
अनन्तां विजयां शुद्धां शरण्यां शिवदां शिवाम् ।

૪. જુઓ : **સૌન્દર્યલહરી** (સંસ્કૃત ટીકાઓ સાથે) P.283

૫. એજન P.284

तात्पर्यदीपिनी ટીકામાં (P. 285) निषेव्ये નો અર્થ સેવન કરવાને યોગ્ય - એવો આપ્યો છે, જ્યારે नित्ये નો અર્થ છે — હંમેશ વિદ્યમાન હોય તે.

અહીં બન્ને સંબોધનોનો ક્રમ ઊલટાવીને નિર્દેશ કર્યો છે.

डिण्डिमभाष्यમાં (P. 285) જણાવ્યું છે કે, દેવતાઓ વડે સેવવા યોગ્ય એ निषेव्ये પદનો અર્થ છે, જ્યારે नित्येનો અર્થ છે - સર્વકાલીન અવિનાશીસ્વરૂપા.

અહીં એક બાબત નોંધીશું કે, આ પદ્યમાં निषेव्ये ને સ્થાને निषेव्याम् એ મુજબનો પાઠ પણ મળે છે, જેની સ્પષ્ટ નોંધ गोपालसुन्दरी ટીકા (P. 292) તથા आनन्दलहरी ટીકા (P. 293)માં લેવામાં આવી છે. આ બન્ને ટીકાઓમાં निषेव्याम् પાઠ સ્વીકારાયો છે. એ જ રીતે, सौभाग्यवर्धनी ટીકા (P. 283) અને आनन्दगिरीया ટીકા (P. 284)માં પણ તે જ પાઠ સ્વીકારાયો હોવાનું જણાય છે.

ટૂંકમાં, निषेव्ये નો અર્થ છે — જે સેવવાયોગ્ય કે પૂજવાયોગ્ય છે તે; જ્યારે निषेव्याम् પાઠ લેતાં, અણિમાદિ આવરણ દેવતાઓ દ્વારા પૂજાયેલ એમ સમજાય છે.

આ બે સંબોધનો પૈકી निषेव्ये પદને शरण्ये સાથે પણ સાંકળી શકાશે. જે દેવી શરણ આપવાને યોગ્ય છે તેનું સેવન અવશ્ય કરવું જોઈએ અને વળી તે નિત્યા પણ છે જેથી દેવીનો અનુગ્રહ સર્વકાલપર્યંત - હરહંમેશ-પામી શકાય છે - તે અર્થ સમજાય છે.

દેવી માટે આ नित्या વિશેષણ **सुभगोदयस्तुति**માં પણ પ્રયોજાયું છે.[૧]

**ललितासहस्रनाम** સ્તોત્રમાં દેવીને માટે नित्या, नित्यशुद्धा, नित्यबुद्धा તથા नित्यषोडशिकारूपा જેવાં વિશેષણોનો પ્રયોગ પ્રાપ્ત થાય છે.[૨]

**भुवनभयभङ्गव्यसनिनि** (શ્લોક - ૪૭)

भ्रुवौ भुग्ने किञ्चिद् भुवनभयभङ्गव्यसनिनि..... ।

આ સંબોધનનો અર્થ છે —

હે જગતના ભયનો નાશ કરવામાં આનંદ લેનારી (દેવી).

लक्ष्मीधरा ટીકામાં (P. 32) જણાવ્યા મુજબ - ભુવનો એટલે કે જગતના ભય એટલે કે ઉપદ્રવનો ભંગ કહેતાં નાશ કરવામાં વ્યસન કે રમમાણતા છે જેની એવાં હે દેવી ! એમ અર્થ છે.

सौभाग्यवर्धनी ટીકા (P. 34) તેને जगद्भयभञ्जनशीले પદથી સમજાવે છે. તેનો અર્થ થશે — જગતના ભય દૂર કરવાના સ્વભાવવાળી.

अरुणामोदिनी ટીકા (P. 34) વ્યસનનો અર્થ ત્વરા લે છે અથવા વિશેષરૂપે અસન એટલે કે નિરાકરણનો અર્થ માને છે.[૩]

---

૧. જુઓ : **सुभगोदयस्तुति** - શ્લોક - 38 અને 41

૨. જુઓ : **ललितासहस्रनाम** 2.44, 45 અને 85

૩. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) - P. 34
भुवनानां लोकानां भयस्य भङ्गे भञ्जने व्यसनं त्वरा, विशेषेणासनं निराकरणं वा,
अस्या अस्तीति भुवनभयभङ्गव्यसनिनी.... ।

આનો અર્થ એ કે, ડરેલા ભક્તજનોનું રક્ષણ કરવામાં દીક્ષિત એવી દેવીને અહીં સંબોધન કરાયેલ છે.
અહીં ટીકાકારે સમર્થનમાં એક ઉદ્ધરણ[૧] ટાંકીને દેવીના આ કાર્યને પુષ્ટિ આપી છે.
એટલે કે જગતના ભયનું નિવારણ તો હે દેવી, તને જ આધીન છે.[૨]

આનન્દગિરીયા ટીકા (P. 35) આ સંબોધનપદને સમજાવતાં નોંધે છે –

भुवनस्य यद्भयं तस्य भङ्गः तत्र व्यसनं यस्याः सा तथा.... ।
इदं किञ्चिद्भुग्ने इति विशेषणं सार्थयितुम् ।[૩]

દેવીના ભ્રૂભંગનું કારણ છે – ભુવનના ભયને દૂર કરવા એટલે કે અહીં કવિએ આ સંબોધન સાભિપ્રેત યોજ્યું છે એમ કહી શકાય.

તાત્પર્યદીપિની ટીકા (P. 36) અહીં भुवन પદથી ત્રિભુવનનો નિર્દેશ સમજે છે અને નોંધે છે કે,

....भुवनस्य त्रिभुवनस्य यद्भयं तस्य भङ्गो नाशः, तत्र व्यसनं यस्याः ..... ।[૪]

पदार्थचन्द्रिका ટીકામાં (P. 36) જણાવ્યું છે કે, ભુવનમાં જે કોઈ નિમિત્તે ભય સંભવે, તેનો ભંગ કરવાનું વ્યસન એટલે કે અભ્યાસ છે જેનો તેવાં દેવીને અહીં સંબોધિત કરાયેલ છે

ટીકાકાર અહીં વ્યાકરણશાસ્ત્રનો આશ્રય લઈ જણાવે છે કે, આ પદમાં બહુવ્રીહિ સમાસના અનુલક્ષમાં इन् પ્રત્યય જે લાગ્યો છે તેથી અહીં નિત્યયોગ અભિપ્રેત છે.

આ દ્વારા સ્પષ્ટ થાય છે કે, ભુવન કહેતાં જગતના ભયનો નાશ કરવાનું કાર્ય દેવી હંમેશાં કરે જ છે.

ડિણ્ડિમભાષ્ય (P. 37) આ પદને સમજાવતાં નોંધે છે કે –

भुवनभयभङ्गव्यसनिनीत्यनेन शब्देन भुवनस्य जगतः भयभूतानां मधुकैटभमहिषादीनां भङ्गे निराकरणे व्यसनितया तात्पर्येण दुर्गादिवेषपरिग्रहं कृत्वा लोकोपकारिणी भगवतीति ध्वन्यते ।[૫]

અર્થાત્, દેવીનું ભુવનભયભંગવ્યસની હોવું - એ દ્વારા ભુવનને માટે ભયરૂપ બની રહેલ મધુ, કૈટભ, મહિષ વગેરે અસુરોનો નાશ કરવાનું વ્યસન ધરાવતાં એ દ્વારા દુર્ગા વગેરે વિધવિધ રૂપ ધરી લોકોપકાર કરનાર ભગવતીનું સ્વરૂપ અહીં ધ્વનિત થાય છે.

गोपालसुन्दरी ટીકા (P. 37) પણ આ સંબોધનની સમજૂતીરૂપે जगद्भयभञ्जनशीले પદ નિર્દેશે છે. તે દ્વારા પણ જગતના ભયને દૂર કરવાનો જેનો સ્વભાવ છે તેવાં દેવીનું ગ્રહણ થાય છે.

આનન્દલહરી ટીકા (P. 37) અહીં व्यसन નો અર્થ વ્યાપાર લે છે અને નોંધે છે કે,

...भुवनानां भयस्य भङ्गो भञ्जनं दूरीकरणमेव व्यसनं व्यापारो यस्याः तादृशी... ।[૬]

કૈવલ્યવર્ધની ટીકા (P. 37) નોંધે છે કે,

जगद्भयभङ्गशीले । धनुषैव जगद्भयभङ्गं करोषीत्यर्थः ।[૭]

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 34

इत्थं यदा यदा बाधा दानवोत्था भविष्यति ।
तदा तदावतीर्याहं करिष्याम्यरिसंक्षयम् ॥

(આ ઉદ્ધરણ દુર્ગાસપ્તશતી અ.11 P. 256-57 ઉપર પ્રાપ્ત થાય છે.)

૨. એજન P. 34

.... जगद्भयनिवारणं तु भवदधीनमित्याशयः ।

૩. એજન P. 35

૪. એજન P. 36

૫. એજન P. 37

[illegible]

[illegible]

એટલે કે, સહેજ વંકાયેલ ભવાં કે ભ્રૂભંગરૂપી ધનુષ્ય વડે તું જગતના ભયનો ભંગ કહેતાં નાશ કરે છે.

જે દેવી શરણે આવેલાનું રક્ષણ કરવામાં હંમેશ તત્પર રહે છે, તેને માટે આ સંબોધન યથાર્થ બની રહે છે. જે દેવી અન્ય દેવો કરતાં ય વિશેષરૂપે અનુગ્રહ કરનારી છે કે શરણાગતવત્સલ છે તેનું શરણ તો સર્વ ભુવનો સ્વીકારે જ; અને તો પછી તે ભુવનોના ભયનો નાશ કરવાનું કાર્ય દેવી કરતાં રહે તેમાં ઔચિત્ય છે. મનુષ્યમાત્ર વિવિધ આશંકાઓ અને ભયથી ગ્રસ્ત હોય છે ને તેથી તેના નિરાકરણ અર્થે દેવીને શરણે જાય તો તેને દેવી નિરાશ કરતાં નથી પણ સ્વયં સદા તેમના ભયનો ભંગ કહેતાં નાશ કરવામાં વ્યાપૃત રહે છે.

**ललितासहस्रनाम** સ્તોત્રમાં દેવીને **भयापहा**[1] કહી છે અર્થાત્ તે ભયને દૂર કરનારી છે.

આ રીતે, મા ભગવતી ભયનો નાશ કરી અભયદાન કરનારી છે.

**गतिगमकगीतैकनिपुणे** (શ્લોક - ૬૯)

गले रेखास्तिस्रो गतिगमकगीतैकनिपुणे ।

આ પદનો અર્થ છે —

ગતિ, ગમક અને ગીતમાં સંપૂર્ણ નિપુણ એવાં હે દેવી !

દેવી સઘળી કલાઓના ભંડારરૂપ છે ને તેથી અહીં સંગીતશાસ્ત્રનાં સર્વ પાસાંઓમાં તેમની નિપુણતાને ઉદ્દેશીને સંબોધન કરાયું છે.

ગતિ એ સંગીતના - માર્ગ અને દેશી એ બે પ્રકારે નિર્દેશાય છે.

ગમક એ સ્વરનો કંપ છે. જે પાંચ પ્રકારના છે.

અને ગીત એટલે સંગીતમય શબ્દો.

**लक्ष्मीधरा** ટીકા (P. 162) આ વિગતો સમજાવતાં જણાવે છે કે, માર્ગ અને દેશી એ બે પ્રકારે રહેલ સંગીતની ગતિ; ગમક એટલે સ્વરનો કંપ, જે પાંચ પ્રકારના હોય છે અને ગીત ધાતુ અને માતુરૂપ બે પ્રકારે સંભવે છે. — આ સર્વને વિશે જે એક એટલે કે મુખ્ય છે ને નિપુણ છે તેવાં દેવી અહીં સંબોધિત કરાયાં છે.

**अरुणामोदिनी** ટીકા (P. 164) નોંધે છે કે, ગતિ એ પદસહિતનો રાગસંદર્ભ છે, જ્યારે ગમક એ સ્થાયી સ્વરનું પુનઃ પુનઃ પોષણ છે અને ગીત તે સમુચિત અર્થપ્રબંધનો સંદર્ભ છે.

અહીં એક ઉદ્ધરણ ટાંકી વિગતને સમર્થન અપાયું છે. તે આ પ્રમાણે છે :

गतिस्तु रागसन्दर्भमालापः परिकीर्तितः ।
गमको मुख्यनादस्य परिपोषो रसात्मकः ।
गीतं प्रबन्धरूढार्थं रञ्जकः शक्तिरुच्यते ।[2]

અહીં દેવીની સંગીતરસિકતા વર્ણવી છે.

---

૧. જુઓ : **ललितासहस्रनाम** - 2. 42

૨. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 164

आनन्दगिरीया ટીકા (P. 164-65) જણાવે છે કે,

गतिगमकगीतैकनिपुणे પદ गले પદનું વિશેષણ પણ હોઈ શકે અથવા દેવીને સંબોધનરૂપે પણ સંભવે.

અહીં પદનો અર્થ આપતાં જણાવાયું છે કે,

ગતિ એટલે મધુર હોય તે રીતે પ્રવાહિત થતા આલાપનું પ્રસારણ. ગમક એટલે ગાવામાં આવતા રાગનો ગૂઢ અને ભૂત સ્વરોનો કંપ. તેના પંદર પ્રકાર છે, જ્યારે ગીત એટલે રંજન - સ્વરસંદર્શન એવો સંદર્ભ.

तात्पर्यदीपिनी ટીકા (P. 166) પ્રમાણે - સંગીતની બે ગતિના ગમક એટલે સ્વરનો પાંચ પ્રકારે થતો કંપ અને તેનું ગીત એટલે સમુચિત એવા અર્થસહિતનો સંદર્ભ - આ બધામાં નિપુણ એવાં દેવીને અહીં સંબોધન છે.

पदार्थचन्द्रिका ટીકા (P. 166) જણાવે છે કે,

ગતિ એટલે તે તે સ્વરૂપનું જ્ઞાન, તેનું ગમક એટલે તેને પ્રાપ્ત કરાવનારું સંગીતશાસ્ત્ર અને તેમાં જે ગીતો હોય તે બધાંમાં એક કહેતાં મુખ્ય અને નિપુણ છે એવાં દેવી -

અથવા તો, ગતિ એટલે કે, તે કલાના અભ્યુપાયોનાં ગમક એટલે ચૌદ વિદ્યાસ્થાનો અને તે જ ગીતો - તે બધાંમાં જે મુખ્ય ને નિપુણ છે એવાં દેવી એ પ્રમાણે સંબોધનનો અર્થ છે.

डिण्डिमभाष्यમાં (P. 167) આ પદને સમજાવતાં કહ્યું છે કે, આલાપસહિતનો રાગસંદર્ભ એટલે ગતિ અને સ્થાયી સ્વરની વારંવાર કરાતી ઘોષણા એ છે ગમક, જ્યારે ગીત છે સમુચિત એવા અર્થપ્રબંધનો સંદર્ભ - આ બધામાં જે નિપુણ છે તે.

આ સ્થાનોમાં સમગ્ર સંગીતશાસ્ત્ર આવી જાય છે.

गोपालसुन्दरी ટીકા (P. 167-68) પણ તેને આ જ પ્રકારે સમજાવતાં કહે છે કે, ગતિ એટલે તત્ત્વ સ્વરૂપનું જ્ઞાન. તેનું ગમક અર્થાત્ જ્ઞાપક એવું જે સંગીતશાસ્ત્ર ને તેમાં જે ગીતો હોય છે તે બધામાં નિપુણ એટલે કે ચતુર એવાં દેવી એમ અહીં સમજાય છે.

વાસ્તવમાં તો ગતિ એ રાગસંગીત છે. ગમક તે સ્થાયી સ્વરની વારંવાર કરાતી ઘોષણા છે ને ગીત તે સમુચિત એવા અર્થપ્રબંધનો સંદર્ભ છે. આ બધામાં જે પરમચતુર છે તેવાં દેવીને અહીં સંબોધન છે.

आनन्दलहरी ટીકા (P. 168) તેને આ પ્રમાણે સમજાવે છે —

ગતિ એટલે આલાપ, ગમક એટલે સ્થાયી સ્વરનો ચારે બાજુ સંચાર અને ગીત એટલે સારો અર્થપ્રબંધ. તે બધામાં જે એક કહેતાં મુખ્ય છે ને નિપુણ એટલે કે કૌશલવાળાં છે તેવાં દેવી એ મુજબ સંબોધનપદનો અર્થ જણાય છે.

અહીં ટીકાકાર કોઈ અન્યનો મત ટાંકતાં જણાવે છે કે ગતિ એટલે સંગીત, તેનો ગમક અર્થાત્ બોધક એવું સંગીતશાસ્ત્ર અને તેમાં જે ગીતો હોય તે બધામાં નિપુણ એવાં દેવી એમ અભિપ્રેત છે.

દેવીનું આ સંબોધન કંઈક અંશે નિરાળું જણાય છે. તે દ્વારા તેમની કલાપ્રીતિ અને તદ્વિષયક દક્ષતાનો બોધ થાય છે. આ પહેલાં નિરૂપિત સર્વ સંબોધનો એકબીજા સાથે સંબદ્ધ જણાતાં હતાં. આ સંબોધન થકી આપણે એવું અનુમાન સેવી શકીએ કે શરણાગતનું રક્ષણ કે ભુવનોના ભયનો નાશ જેવાં કાર્યો કરતાં દેવી તે તે કાર્ય તો સહજતયા કરતાં રહે છે. તે માટે તે કદીક કઠોર પણ બનતાં હશે પરંતુ સાથેસાથે હૃદયથી કોમળ એવાં દેવી વિવિધ કલા - ખાસ કરીને ગીત સંગીતમાં પણ નૈપુણ્ય ધરાવે છે, તે તેમની વિશેષતા છે.

**चारुचरिते** (શ્લોક - ૯૧)

च्छलादाचक्षाणं चरणकमलं चारुचरिते ।

આ સંબોધનમાં પ્રયુક્ત **चरित** પદ વિભિન્ન અર્થમાં પ્રયોજાય છે.

લક્ષ્મીધરા ટીકામાં **चारुचरिते**નો અર્થ **शोभनगमने** કર્યો છે.

અર્થાત્, જેનું ગમન- જેની ચાલ ચારુ કહેતાં સુંદર છે - શોભન છે તેવાં દેવી.

અરુણામોદિની ટીકા (P. 292) તેને આ પ્રમાણે સમજાવે છે -

**चारु सुन्दरं चरितं सञ्चारो गमनं चरित्रं वा यस्याः सा ।**[1]

જેનું ચરિત એટલે કે સંચાર - ગમન અથવા તો ચારિત્ર્ય સુંદર છે તેવાં દેવી.

**सौभाग्यवर्धनी** (P. 292), **आनन्दगिरीया** (P. 293) અને **कैवल्यवर्धनी** (P. 299) ટીકામાં આ સંબોધનપદ યથાતથ કોઈ જ સમજૂતી વિના નિર્દેશાયું છે.

**तात्पर्यदीपिनी** ટીકા (P. 294) **लक्ष्मीधरा** ટીકાની જેમ જ **शोभनगमने** પદથી તેને સમજાવે છે. સાથે સાથે **सुंदरचरिते** એ મુજબ પણ અર્થ કરવા સૂચવે છે.

**पदार्थचन्द्रिका**માં (P. 294) તો આ પદનો નિર્દેશ જ કર્યા વિના પદ્યનો અર્થ સ્પષ્ટ કર્યો છે. અહીં તેમાં **हे मातः** એવું સંબોધનપદ મૂકાયું છે ખરું, જે મૂળ પદ્યમાં તો નથી.

**डिण्डिमभाष्य** (P. 295) **चारुचरिते** ને સ્થાને **चारुचरितम्** વાંચે છે અને તેનો અર્થ **मनोहरसौभाग्यम्** એવો આપી જણાવે છે કે, આ પ્રકારનાં ચરણ ગુરુસ્થાનીય છે, જેને શિષ્ય બનેલા કલહંસો ત્યજતા નથી.

**गोपालसुन्दरी** ટીકામાં (P. 297) પણ **चारुचरितम्** પાઠ સ્વીકારીને, તેનો અર્થ **मनोज्ञसंचारम्** એવો કર્યો છે. અને સાથે સાથે **चारुचरिते** એવો પાઠ પણ નિર્દેશ્યો છે ખરો.

અહીં ટીકાકાર **चारुचरिते** પદનો અર્થ મોક્ષદાનરૂપ શોભન ચરિત્રવાળાં એ પ્રમાણે સંબોધનનો અર્થ આપે છે અને જણાવે છે કે,

**भवानीपक्षे सम्बोधनपदमिदम् ।**[2]

આ ટીકામાં વિષ્ણુપરક અર્થ પણ આપવામાં આવતો હોઈ, ભવાનીપરક અર્થ લેતાં તો આને સંબોધન જ ગણવું તેમ જણાવાયું છે.

**आनन्दलहरी** ટીકા (P. 298) **चारुचरिते** નો અર્થ **शोभनचारित्रे** તેવો આપે છે.

અને **चारुचरितम्** પાઠ હોતાં, તેને ચરણકમલનું વિશેષણ માની, **चारु** એટલે મનોહર છે ચરિત એટલે ગમન જેનું - તેવો અર્થ આપે છે.

આ સંબોધનમાં **चरित** પદના ભિન્ન ભિન્ન અર્થ વિચારાયા છે. દેવીની ચાલ કે ગતિમાં જે સૌન્દર્ય છે તે અર્થ લેતાં, દેવીના સૌન્દર્યનું નિરૂપણ તો છે જ. વળી, ચાલની સુંદરતા - તેની લયબદ્ધતા કે નર્તનશીલતા અને તે દ્વારા તેની મોહકતા દર્શાવાઈ છે. અને **चरित** દ્વારા ચારિત્ર્ય અર્થ લેતાં દેવીનું સમગ્ર વ્યક્તિત્વ જ સુંદર કહેતાં મોહક કિંવા મનોહર છે તેમ સ્પષ્ટ થાય છે. અર્થાત્ સૌ કોઈ તેમના વ્યક્તિત્વથી અભિભૂત થઈ તેમના પ્રભાવમાં કે તેમના શરણમાં જાય એ ઈષ્ટ છે.

**सुभगोदयस्तुति**માં ૪૩મા પદ્યમાં, દેવી માટે **अनिन्द्यचरिते** સંબોધન પ્રયોજાયું છે.

તેનો અર્થ છે-અનિન્દનીય - જેની નિન્દા ન થઈ શકે તેવા ચરિતવાળાં હે દેવી !

શંકરાચાર્યને **चारुचरित** પદથી જે અર્થ ભાવાત્મકરૂપે અભિપ્રેત છે તે જ અભિપ્રાય ગૌડપાદાચાર્ય નિષેધાત્મકતયા નિર્દેશે છે એમ કહી શકાય.

**ललितासहस्रनाम**માં પ્રાપ્ત થતું **निरवद्या**[3] નામ પણ કદાચ આ જ અર્થમાં પ્રયોજાયું હોવાનું જણાય છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 292

૨. એજન P. 297

૩. જુઓ : **ललितासहस्रनाम** - 2. 45

**परब्रह्ममहिषि** (શ્લોક - ૯૭)

महामाया विश्वं भ्रमयसि <u>परब्रह्ममहिषि</u> ।

દેવીને અહીં પરબ્રહ્મની મહિષી કહ્યાં છે.

લક્ષ્મીધરા (P. 333) જણાવે છે તે મુજબ, પરબ્રહ્મ એટલે કે સદાશિવ ને તેની મહિષી એવો અર્થ છે.

**સૌભાગ્યવર્ધની** ટીકા (P. 334) દેવીને પરબ્રહ્મ સાથે રહેલ, તેમની સાથે અવિનાભાવ સંબંધે જોડાયેલ चित् શક્તિરૂપે નિર્દેશે છે, અને વળી, પરબ્રહ્મ સાથે અવિનાભાવસંબંધે જોડાયેલ વિલાસના સ્વભાવવાળાં દેવી તે અર્થ પણ નોંધે છે.

**અરુણામોદિની** ટીકામાં (P.334) જણાવ્યું છે કે,

પરંબ્રહ્મ તે સદાશિવ છે અને તેની મહિષી તે સર્વશક્તિરૂપા – મહાલક્ષ્મી દેવી છે, જે પત્નીરૂપે તેના એટલે કે સદાશિવના અંકમાં બિરાજમાન છે.

પુરાણોમાં કહ્યું છે કે,

तस्याङ्कमण्डलारूढा शक्तिर्महेश्वरी परा ।
महालक्ष्मीरिति ख्याता श्यामा सर्वमनोहरी ॥[૧]

શ્રુતિવચન પણ છે કે,

ह्रीश्च ते लक्ष्मीश्च पत्न्यौ ।[૨]

આ ह्री એટલે ભુવનેશ્વરી અને લક્ષ્મી એટલે શ્રીવિદ્યા - એ બન્ને બ્રહ્મની પત્નીઓ છે. તે બન્નેમાં શ્રીવિદ્યા મુખ્ય છે, કેમ કે, ભુવનેશ્વરીનો અંતર્ભાવ શ્રીવિદ્યામાં થઈ જાય છે. આ શ્રીવિદ્યા તે જ ચન્દ્રકલા છે અને તે જ શિવમહિષી છે.

અથવા તો -

परं ब्रह्म सकलजगत्कारणभूता च सा महिषी च परब्रह्ममहिषी, सकलजगत्कारणभूता सृष्टिस्थितिलयहेतुः महालक्ष्मीसमाख्या देवतेत्यर्थः ।[૩]

અર્થાત્, પરબ્રહ્મ અને સમગ્ર જગતના કારણરૂપ તે મહિષી. આ દેવી સૃષ્ટિ, સ્થિતિ ને લયના હેતુરૂપ છે ને તે મહાલક્ષ્મી નામે ઓળખાય છે.

માર્કંડેય પુરાણમાં કહ્યું છે કે,

सर्वस्याद्या महालक्ष्मीः त्रिगुणा परमेश्वरी ।
लक्ष्यालक्ष्यस्वरूपा सा व्याप्य कृत्स्नं व्यवस्थिता ॥[૪]

---

૧. અરુણામોદિની ટીકામાં ઉદ્ધૃત
જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 334

૨. એજન P. 334

૩. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 334

૪. **अरुणामोदिनी** ટીકામાં ઉદ્ધૃત -
જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 335

આ રીતે, મહાલક્ષ્મી એ આદ્યા દેવી છે ને તે સકલ જગતના કારણરૂપ છે તેમ કહેવાનું તાત્પર્ય એ છે કે, પરબ્રહ્મ પોતે સ્વતન્ત્રતયા - દેવી વિના - તેમ કરી ન શકે.

અથવા તો, અવિદ્યા વગેરે ભાવને પામીને, પરબ્રહ્મને પણ મોહિત કરનારી છે.[૧]

**આનન્દગિરીયા** ટીકા (P. 336) મુજબ **परब्रह्ममहिषी** નો અર્થ છે - **निराकारानन्दसंविदुल्लासिनी**

અર્થાત્, નિરાકાર આનંદરૂપી સંવિત્ કહેતાં ચેતનાનો ઉલ્લાસ કરનારી એટલે કે આનંદ જન્માવનારી.

**तात्पर्यदीपिनी** ટીકામાં (P. 338) પણ પરબ્રહ્મમહિષીનો અર્થ ભગવાનની સર્વશક્તિરૂપા દેવી એવો કર્યો છે અને તેથી આ દ્વારા ભોગ ને મોક્ષના હેતુરૂપ ભગવતીનું સર્વ દેવો કરતાં ચડિયાતાપણું અહીં નિર્દેશાયું છે.

**डिण्डिमभाष्य**માં (P. 340) જણાવ્યા પ્રમાણે, સર્વ કર્મના સામર્થ્યયુક્ત હોવાથી ભગવાન પરબ્રહ્મની સર્વશક્તિરૂપા પરબ્રહ્મમહિષી એ છે શ્રી કામેશ્વર (= શિવજી)ના ખોળામાં બિરાજેલ પટ્ટમહિષી - જે શ્રીચક્રનગર એટલે કે શ્રી યંત્રની સામ્રાજ્ઞી છે.[૨]

**गोपालसुन्दरी** ટીકા (P. 340) પરબ્રહ્મમહિષીનો અર્થ મહેશપત્ની એવો કરે છે.

**आनन्दलहरी** ટીકામાં (P. 341) પરબ્રહ્મમહિષીનો અર્થ બ્રહ્મની શક્તિ એવો કર્યો છે.

**कैवल्यवर्धनी** ટીકામાં (P. 341) સરસ્વતી, પદ્મા અને હૈમવતીથી ભિન્ન તુરીયા શક્તિરૂપે તેમને વર્ણવેલ છે.

**सुभगोदयस्तुति**ના પ્રથમ જ પદ્યમાં ભગવતી માટે **भवमहिषि** એવું સંબોધન પ્રયોજાયું છે. તે જોતાં, અહીં **परब्रह्म** નો અર્થ શિવ જ અભિપ્રેત હોય એ વધુ સંભવિત છે. તેમ છતાં શિવની મહિષી એટલે કે પટરાણી એવાં દેવી વિશ્વનાં સામ્રાજ્ઞી છે એ અર્થ પણ અહીં સમજાય છે. તેથી, દેવી માટે પ્રયોજાયેલ આ સંબોધન એકતરફ તેમને પરબ્રહ્મ સાથે સાંકળે છે ને બીજી બાજુ તેઓ અત્યંત સમર્થ ને પ્રભાવપૂર્ણ છે તેમ જણાવે છે.

આ રીતે, અહીં સુધી આપણે જોયેલ સર્વ સંબોધનો દેવીનો મહિમા, તેમના વ્યક્તિત્વની વિશેષતાઓ અને તેમના ગૌરવને ઉજાગર કરતાં હોય તેમ જણાય છે.

પ્રસ્તુત અભ્યાસલેખમાં આપણો પ્રયાસ એક દિશાસૂચનરૂપ જ રહ્યો છે. સમગ્ર સ્તોત્રનો - તેના પ્રત્યેક શ્લોકનો આસ્વાદમૂલક અભ્યાસ અહીં અભિપ્રેત નથી, કે નથી તેમાં પ્રાપ્ત થતા જે તે સંબોધનની સમગ્ર વિચારણા. આપણો ઉદ્દેશ તો માત્ર **સૌન્દર્યલહરી** ગ્રન્થના પ્રતિપાદ્ય વિષયને લક્ષમાં લઈ કવિના અભિપ્રાયને પ્રગટ કરવાનો છે.

---

૧. જુઓ : **सौन्दर्यलहरी** (સંસ્કૃત ટીકાઓ સાથે) P. 335
यद्वा अविद्यादिभावमापद्य परब्रह्मणोऽपि मोहिकेत्यर्थः ।

૨. એજન P. 340
अत एव सर्वकर्मशक्तत्वात् भगवतः परब्रह्मणः सर्वशक्तिरूपा परब्रह्ममहिषी,
श्रीश्रीकामेश्वरमहाभट्टारकस्याङ्कलालिता पट्टमहिषी अत एव महाश्रीचक्रनगरसाम्राज्ञी प्रसिद्धा ----।

આપણે જોયું તેમ, શ્રી શંકરાચાર્યે પ્રથમ જ પદ્યમાં શક્તિ કહેતાં દેવીના મહિમાનું ગાન કરી વિષયનો સમુચિત આરંભ કર્યો છે અને સાથેસાથે શિવ-શક્તિ - સામરસ્ય થકી સર્વ કાંઈ સિદ્ધ થઈ શકે તેમ સૂચવ્યું છે. આ રચનાને કવિએ **'સૌન્દર્યલહરી'** નામ આપ્યું છે. વળી, તેના પૂર્વભાગને **'આનંદલહરી'** તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બન્ને શીર્ષકરૂપ પદોનો પ્રયોગ કવિએ પોતાની રચનામાં અમુક પદ્યોમાં સયુક્તિક સુંદર રીતે કર્યો છે. તદુપરાંત, શીર્ષકમાં પ્રયુક્ત 'લહરી' પદથી અધિષ્ઠિત એક કાવ્યાત્મક પદ્ય અત્યન્ત આસ્વાદ્ય જણાયું છે. આથી ગ્રન્થનું શીર્ષક, ગ્રન્થનો પ્રતિપાદ્ય વિષય અને સાથે જ કવિની શૈલી અથવા કહો કે કવિની પ્રતિભા - આ સર્વને લક્ષમાં લઈ અહીં પાંચ પદ્યોનો અભ્યાસ પ્રસ્તુત કરાયો છે, તેમાં વિભિન્ન ટીકાકારોના અર્થઘટનને સુસ્પષ્ટ રીતે નિર્દેશીને જે તે મુદ્દાને વિશદ કરવાનો અભિગમ રાખ્યો છે.

આ પાંચ પદ્યો પૈકી પ્રથમ પદ્ય કે જે ગ્રન્થરચનાનું પણ પ્રથમ જ પદ્ય છે, તેમાં તો ગ્રન્થના પ્રતિપાદ્ય વિષયને અથવા કહો કે સારભૂત તત્ત્વને સુપેરે પ્રગટ કરી દીધું છે. શ્રીવિદ્યાની ઉપાસનામાં જે આરાધ્યા શક્તિ છે તેની સ્તુતિ ને તેનો મહિમા એ જ ગ્રન્થનો પ્રતિપાદ્ય વિષય છે. આ પછીનાં બે પદ્યો - જેમાં આનંદલહરી કે આહ્લાદલહરી શબ્દોના પ્રયોગ થકી, શીર્ષક પ્રતિ સૂચન જણાય છે તે બન્ને પદ્યો એક રીતે જોઈએ તો દેવીની આરાધના ઉપર પ્રકાશ પાડે છે. તે પૈકી એકમાં દેવીની સ્તુતિ કરતાં, તેમનું સ્વરૂપ જે નિર્દેશાયું છે તેમાં તેમના નિવાસનું પણ વર્ણન છે. વળી, તેમની આરાધના કરનારાઓની ધન્યતા પણ નિરૂપાઈ છે. બીજા પદ્યમાં પણ દેવીની આરાધનાનું નિરૂપણ કરતાં, દેવીના તેજસ્વી સ્વરૂપનું નિરૂપણ છે, જેનું ધ્યાન કોઈ વિરલા જ કરી શકે અને તે પણ મોહમાયાની અશુદ્ધિઓથી મુક્ત થઈ અંતઃકરણ શુદ્ધ થાય ત્યારે. આ બન્ને પદ્યો દેવીની સ્તુતિપરક હોવાની સાથે જ તેના આરાધકને થતો આનંદાનુભવ અને ધન્યતાનો અનુભવ નિર્દેશે છે, જેમાં ગર્ભિત રીતે આરાધનાની પદ્ધતિ પણ નિહિત છે.

આ ત્રણ પદ્યો ગ્રન્થના પૂર્વભાગમાંથી પસંદ કરાયાં છે ને તેમાં મુખ્યત્વે દેવીના મહિમાનું કે તેમના પ્રભાવનું નિરૂપણ છે, જ્યારે તે પછીનાં બે પદ્યો ગ્રન્થના ઉત્તરભાગમાંથી લીધાં છે અને તે બન્નેમાં દેવીના સૌન્દર્યને પ્રગટ કરાયું છે. તે પૈકી એકમાં ગ્રન્થનું નામ - **સૌન્દર્યલહરી** - સૂચક રીતે ગુંથાયું છે. બન્ને પદ્યોમાં કવિએ ઉત્પ્રેક્ષા અલંકારનો સરસ પ્રયોગ કરેલો છે. એ રીતે દેવીના સૌન્દર્યનું નિરૂપણ કરતા કવિ ગ્રન્થના વિષયને ન્યાય આપવાની સાથે પોતાની પ્રતિભાનો પણ પરિચય કરાવી દે છે.

કવિએ દેવી માટે, તેમની સ્તુતિરૂપે કે સૌન્દર્યવર્ણનમાં જે વિવિધ સંબોધનો પ્રયોજ્યાં છે તેમાંથી પણ કેટલાંક જ - છ-સાત - સંબોધનપદો અંગે જ અત્રે વિચારણા કરી છે. દેવી માટે પ્રયુક્ત **માતઃ**, **જનનિ** જેવાં સાધારણ સંબોધનો, **ગિરિસુતે**, **શૈલતનયે** જેવાં સંબંધપરક સંબોધનો તથા **પાર્વતિ**, **ઉમે** જેવાં નામનિર્દેશરૂપ સંબોધનો અંગે અભ્યાસ ન કરતાં, જેમાં મુખ્યત્વે દેવીના વ્યક્તિત્વનો કે તેમની ગરિમા અને મહિમાનો ભાવ પ્રગટ થતો હોય તેવાં પદોનો અભ્યાસ અહીં કરાયો છે. તે પૈકી બે-ત્રણ સંબોધનો રચનાના પૂર્વભાગમાંથી અને અન્ય ચાર સંબોધનો ઉત્તરભાગમાંથી લેવાયાં છે. આ સંબોધનોમાં દેવીનો મહિમા, તેમનો પ્રભાવ, તેમનો અનુગ્રહ ને તેમની શરણાગતવત્સલતા પ્રગટ થતી જણાય છે. તો ક્યાંક તેમની દક્ષતા, કલાપ્રીતિ કે સૌન્દર્ય પણ પ્રગટે છે. ટૂંકમાં સમગ્રતયા આ સંબોધનો દેવીના ગૌરવયુક્ત ને પ્રભાવપૂર્ણ વ્યક્તિત્વને જ પ્રગટ કરનારાં છે.

આમ, અહીં કેટલાંક વિશિષ્ટ પદ્યો અને કેટલાંક વિશિષ્ટ સંબોધનોને પસંદ કરી તેના પરિપ્રેક્ષ્યમાં ગ્રન્થરચનાના હાર્દને સમજવાનો પ્રયાસ પ્રસ્તુત કરાયો છે અને તે રીતે તે ગ્રન્થરચનાનો વિશિષ્ટ અભ્યાસ બની રહે છે.

# સંદર્ભસાહિત્ય

## અ – સૌન્દર્યલહરી – ગ્રન્થનાં વિવિધ પ્રકાશનો


1. **સૌન્દર્યલહરી** - (લક્ષ્મીધરા આદિ દસ સંસ્કૃત ટીકાઓ સાથે)
   સંપા. - એ. કુપ્પુસ્વામી
   પ્રકા. રાષ્ટ્રિય સંસ્કૃત સંસ્થાન, નવી દિલ્હી
   દ્વિતીય પુનઃમુદ્રિત સંસ્કરણ, 2004

2. **સૌન્દર્યલહરી** - (ત્રિપુરા ટીકા સહિત)
   સંપા. - આચાર્ય શ્રી શ્રીચરણતીર્થ મહારાજ
   પ્રકા. શ્રી ભુવનેશ્વરી પીઠ, ગોંડલ , 1961

3. **સૌન્દર્યલહરી** - (લક્ષ્મીધરા વ્યાખ્યા અને હિન્દી સરલા ટીકા સહિત)
   સંપા. - ડૉ. સુધાકર માલવીય
   પ્રકા. ચૌખમ્બા સંસ્કૃતિ પ્રતિષ્ઠાન, દિલ્હી,
   પ્રથમ સંસ્કરણ, 2009

4. **સૌન્દર્યલહરી** - (હિન્દી અનુવાદ)
   સંપા. – શ્રી સદાનન્દ બ્રહ્મચારી
   પ્રકા.– શારદાપીઠ વિદ્યાસભા
   દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી એન્ડ ઇન્ડોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, દ્વારકા
   પ્રથમ આવૃત્તિ, સંવત્ 2057

5. **સૌન્દર્યલહરી** - (હિન્દી અનુવાદ)
   સંપા. – ટીકાકાર શ્રી સ્વામી વિષ્ણુતીર્થજી મહારાજ
   પ્રકા.– યોગશ્રીપીઠ, મુનિ કી રેતી, ઋષિકેશ,
   ટિહરી ગઢવાલ, પઞ્ચમ આવૃત્તિ, 1987

6. **સૌન્દર્યલહરી** -
   સંપા. – ડૉ. ચમનલાલ ગૌતમ
   પ્રકા.– સંસ્કૃતિ સંસ્થાન, બરેલી,
   તૃતીય સંસ્કરણ, 1981

7. **સૌન્દર્યલહરી** - (ગુજરાતી અનુવાદ)
   અનુવાદક - શ્રી શાન્તિકુમાર જયશંકર ભટ્ટ
   પ્રકા. - સસ્તું સાહિત્ય કાર્યાલય, અમદાવાદ
   આવૃત્તિ ૨ જી, ઈ.સ. 1974

8. **સૌન્દર્યલહરી** - (ગુજરાતી અનુવાદ)
   અનુવાદક - શ્રી ગિરજાશંકર વિશ્વનાથ પાઠક
   પ્રકા. - પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ
   દ્વિતીય આવૃત્તિ, ઈ.સ. 2004

9. ***Saundarya-lahari*** (English Translation)
Ed. – Pandit S. Subrahmanya Sastri
and T. R. Srinivasa Ayyangar
Pub.– The theosophical Publishing House
Adyar, Madras, Sixth Printing - 1985

10. ***Saundarya-lahari*** (With English Translation and Notes)
Ed. – Anantakrsna Sastri
and Karrā Rāmmurthy Gāru
Pub.– Ganesh & Co. Private Ltd. Madras, 1957

11. ***Saundarya-lahari***
Ed. N. N. Swami Ganapathi
Pub. Oriental Research Institute Publications,
Third Edition, revised by S. Narayanaswami Sastry,
The Hindustan Press, Mysore, 1953

12. ***Wave of Bliss (Anandalahari)***
Ed. Arthur Avalon
Pub. Ganesh & Co. Ltd., Madras, 1953

13. ***Anandalahari***
Ed. Devabrata Ghosh
Pub. Sanskrit Book Depot (P) Ltd.
Calcutta, First Edition, 1983

## બ - અન્ય સંદર્ભગ્રંથો


1. **कुवलयानन्दः** (અપ્પય્ય દીક્ષિતવિરચિત )
   સંપા. શ્રીવાસુદેવ શર્મા
   પ્રકા. નિર્ણયસાગર પ્રેસ, બોમ્બે, 1931

2. **सचित्र श्रीदुर्गासप्तशती** (હિન્દી અનુવાદ તથા પાઠવિધિસહિત )
   અનુવાદક - પાંડેય પં. શ્રી રામનારાયણદત્તજી શાસ્ત્રી
   પ્રકાશક - ગોવિન્દભવન કાર્યાલય, ગીતાપ્રેસ, ગોરખપુર
   સંવત્ 2057, 102 મું સંસ્કરણ

3. **सुभगोदयस्तुतिः** (શ્રી ગૌડપાદાચાર્યવિરચિત )
   સંપા. ડૉ. શ્યામાકાન્ત દ્વિવેદી
   પ્રકા. - ચૌખંબા સંસ્કૃત સીરીઝ ઑફિસ, વારાણસી,
   પ્રથમ સંસ્કરણ, 2010

4. ***Adi Sankaracarya***
   (12th Centenary Commemoration Volume)
   Ed. Sri Gautam Patel
   Pub. Directorate of Information
   Govt. of Gujarat, Gandhinagar, 1992

5. ***History of Sanskrit Literature***
   Ed. Sri Sushilkumar De
   Pub. University of Calcutta, 1947

6. ***The Brahmasutra Shankara Bhasya***
   Vol. I
   Ed. Sri K. L. Joshi
   Pub. Parimal Publication,
   Ahmedabad-Delhi,
   First Edition 1981, Reprint 1982

7. ***Lalita - Sahasranaman***
   Ed. R. Ananthakrishna Sastry
   Pub. The Theosophical Publishing House
   Adyar, Madras, 4th Reprint 1970


❍

# સૌંદર્યલહરીમાં કુંડલિની શક્તિ અને ષટ્ચક્રભેદન

**ડૉ. નિરંજના શ્વેતકેતુ વોરા**
ગુજરાત, વિદ્યાપીઠ

'સૌંદર્યલહરી' ૧૦૩ પદ્યોનું ભાવપૂર્ણ, આલંકારિક અને ભવ્ય-દિવ્ય કલ્પનાઓ તથા પ્રતીકાત્મક નિરૂપણથી હૃદયસ્પર્શી બનેલું ભક્તિભાવભર્યું સુંદર સ્તોત્રકાવ્ય છે. તેના રચયિતા આદ્ય શંકરાચાર્ય છે. તેમાં કુંડલિનીસ્વરૂપે આદ્યાશક્તિ ભગવતીની સ્તુતિ કરવામાં આવી છે. આ અતીવ સુંદર કાવ્યરચનાના પ્રથમ ૪૧ શ્લોકોમાં બ્રહ્માંડમાં ચેતનરૂપે જે શક્તિ વિલસી રહી છે તેના સૂક્ષ્મ સૌંદર્યનું અને ષટ્ચક્રનું આલેખન થયું છે. ૪૨ મા શ્લોકથી અંત સુધી દેવીના વિરાટ સ્વરૂપનું નખશિખ વર્ણન કરવામાં આવ્યું છે. આ સમગ્ર કાવ્યમાં **યોગશાસ્ત્રનું પરોક્ષ રીતે** અને પ્રતીકાત્મક રૂપે નિરૂપણ કરવામાં આવ્યું છે, **જેમાં મુખ્યત્વે કુંડલિની શક્તિનો-શક્તિનાં વિભિન્ન સ્વરૂપોના વર્ણન સાથે** મહિમા કરવામાં આવ્યો છે.

પૂજય સ્વામી શ્રી વિષ્ણુતીર્થ મહારાજે 'સૌંદર્યલહરી' ની વિશેષતા નિર્દેશતાં જણાવ્યું છે કે "તેમાં કેનોપનિષદની બહુ શોભમાના ઉમા હૈમવતી તથા ઉમા શૈલસુતા પાર્વતીના માનુષી સ્ત્રીરૂપનું આલેખન કરીને, તેને સૃષ્ટિની આદિ કારણભૂતા શક્તિ, યોગીઓની ષટ્ચક્રાધિષ્ઠાત્રી કુંડલિની શક્તિ, તાન્ત્રિક શ્રીચક્રસ્થ શ્રીવિદ્યાની અધિદેવતા, મહા ત્રિપુરાસુન્દરી અને સકલ બ્રહ્માંડમાં સ્થૂળ સ્વરૂપે સ્વયં વ્યક્ત થનારી વિરાટ અધિભૂત શક્તિનો; નિર્ગુણ બ્રહ્મની સત્ ચિત્ અને આનંદરૂપે વ્યક્ત થનારી ચિતિ અર્થાત્ ચિન્મયી શક્તિની સાથેનો સમન્વય સધાયો છે."

ભગવતીસ્વરૂપા આ કુંડલિની શક્તિ શરીરનાં વિવિધ ષટ્ચક્રોમાંથી પસાર થઈને સહસ્રાર ચક્રમાં પહોંચે છે ત્યારે આનંદસ્વરૂપે પરમાત્મમય બની જાય છે. આ સકલ પરિસ્થિતિ અને કુંડલિનીના અવરોહણ અને આરોહણનું સુભગ વર્ણન લાલિત્યપૂર્ણ રીતે, ભાવ અને ભાષાના સુભગ મનોહારી સમન્વય સાથે કરવામાં આવ્યું છે. ષટ્ચક્રોની સાંકેતિક રજૂઆત તેમાં કેન્દ્રસ્થાને છે. શ્રીચક્રરૂપ દેહમાં **કુંડલિનીશક્તિ ષટ્ચક્રનું ભેદન કરીને** કેવી રીતે ઊર્જા અને ચૈતન્ય પ્રગટાવીને દિવ્યતાની અનુભૂતિ કરાવે છે, તેનું પ્રતીકાત્મક નિદર્શન થયું છે. આ અતીવ સુંદર કાવ્યરચના – સ્તોત્રકાવ્યમાં આ રીતે કુંડલિની, શ્રીચક્રરૂપ શરીર અને ષટ્ચક્રો તથા તેના ભેદના શોધન જ કેન્દ્રસ્થાને છે.

'સૌન્દર્યલહરી' ના ૧૦૦ શ્લોકોમાં શ્રીમદ્ શંકરાચાર્યે યોગસાધનામાં કુંડલિનીનાં ગૂઢ રહસ્યોનું સાંકેતિક પણ અત્યંત વ્યાપકસ્વરૂપમાં Íýગટ થતું નિરૂપણ કર્યું છે. એ ૧૦૦ શ્લોક ૧૦૦ ગ્રંથ સમાન છે, એમ પણ કહેવાયું છે. પરંતુ તેમાં ષટ્ચક્રનું નિદર્શન ૮,૯,૧૦ અને ૩૫ થી ૪૨ માં શ્લોક માં કર્યું છે, તેથી પહેલાં કુંડલિની, ષટ્ચક્ર અને તેના વેધન વિશે પરિચય મેળવવો જરૂરી છે.

## કુંડલિનીશક્તિ : સ્વરૂપ અને સામર્થ્ય

મનુષ્યના શરીરમાં આવેલી કરોડરજ્જુના છેડે રહેલા ત્રિકોણાકાર ચક્ર, જેને યોગની ભાષામાં મૂલાધાર ચક્ર કહેવામાં આવે છે, તેમાં સ્વયંભૂ લિંગને સાડા ત્રણ આંટા મારીને નીચું મુખ રાખીને સર્પિણીરૂપે વીંટળાઇ રહેલી સુષુપ્ત શક્તિને જ મહાશક્તિ, મહામાયા, જગન્માયા, જગંદબા કે મહા-કાલી વગેરે નામોથી ઓળખવામાં આવે છે. તે જ કુંડલિની શક્તિ છે. આ દિવ્ય શકિતના ઉત્થાન સિવાય યોગ કે અધ્યાત્મ માર્ગમાં ગતિ કરવી શકય નથી. આ મહાશકિત કુંડલિનીને સમર્થ ગુરુ સ્પર્શ, દષ્ટિ કે સંકલ્પમાત્રથી જાગૃત કરી સુષુમ્ણાનાડીમાં પ્રવિષ્ટ કરે છે. કરોડરજ્જુ કુંડલિનીનો માર્ગ છે. એમાં જ અધ્યાત્મની દિવ્ય યાત્રા શરૂ થાય છે.

બ્રહ્માએ સર્જેલી સૃષ્ટિની તમામ રચનાઓ સૂર્ય, ચંદ્ર, તારા, ગ્રહો, ઉપગ્રહો, નિહારિકાઓ દરેકમાં ગતિશક્તિ રહેલી છે. આ તમામ મહત્ પદાર્થો પોતાની ધરીની આસપાસ ફરતાં ફરતાં પોતાના ગ્રહો-ઉપગ્રહો સાથે પોતાની ભ્રમણકક્ષામાં વલયાકાર ગતિમાં સતત ઘૂમતા જ રહે છે. પદાર્થના નાનામાં નાના અણુમાં પણ આવી જ વલયાકાર ગતિ રહેલી છે. પદાર્થના સ્વરૂપના અંતિમ ઘટક એવા અણુ-પરમાણુથી માંડીને બ્રહ્માંડના મહદ્ પદાર્થો-સૂર્યાદિ ગ્રહો વગેરેમાં રહેલી વલયાકાર - કુંડલાકાર ગતિનો આધુનિક વિજ્ઞાન પણ સ્વીકાર કરે છે.

યોગવિજ્ઞાનમાં પદાર્થના પ્રત્યેક સ્વરૂપમાં રહેલી આ વલયાકાર - કુંડલાકાર શકિતને કુંડલિની શક્તિ કહે છે. તે જ વિષ્ણુની વૈષ્ણવીશક્તિ અને શિવની સંહારશકિત કહેવાય છે. સમસ્ત સૃષ્ટિની રચના કરનાર આ કુંડલિની શક્તિ જ માનવદેહની પણ રચના કરે છે.

જીવાત્મા પ્રારબ્ધકર્મોને ભોગવવા માટે પુનર્જન્મ ધારણ કરવા આ કુંડલિનીશક્તિ ને સાથે લઈને જ માતાના ગર્ભમાં પ્રવેશ કરે છે. પ્રવેશ કરવાની સાથે જ સર્વ પ્રથમ મસ્તક ઉપર આવેલા સહસ્રારચક્રમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યા પછી ક્રમશઃ આજ્ઞાચક્ર, વિશુદ્ધચક્ર, અનાહત, મણિપુર, સ્વાધિષ્ઠાન અને છેલ્લે મૂલાધારચક્રમાં પ્રાણસહિત પ્રવેશ કરે છે. આ ચક્રોની રચના કર્યા પછી વધેલી તે શક્તિ મૂલાધાર ચક્રમાં આવેલા સ્વયંભૂલિંગને સાડાત્રણ આંટા મારી, નીચું મુખ કરીને સુષુપ્ત બનીને બેસી જાય છે. તેને શરીરરચના કરતાં વધેલી શક્તિ હોવાથી શેષશક્તિ કહી છે. મૂલાધારનું સ્થાન કરોડરજ્જુના છેક નીચલે છેડે ગુદા પાસે આવેલું છે. સ્થૂલ શરીર પૃથ્વીતત્ત્વનું બનેલું હોવાથી તેને પાર્થિવ શરીર કહે છે. આ પાર્થિવ શરીરની ધારકશક્તિ કુંડલિની છે. સર્પના જેવા આકારવાળી હોવાથી તેને શેષનાગ તરીકે પણ ઓળખવામાં આવે છે. સાત પાતાળની વાત પણ સાત ચક્રોને જ અનુલક્ષીને કરેલી જણાય છે.

કુંડલિનીનું સ્થાન, આ પ્રમાણે કરોડરજ્જુની નીચે મૂલાધારચક્રમાં છે અને તેનું સ્વરૂપ સર્પનું છે, તે સર્વસ્વીકૃત છે. જ્ઞાનાર્ણવતંત્ર, યોગકુંડલીન્યુપનિષદ, લઘુસ્તુતિ વગેરે શાસ્ત્રોમાં તેનું વર્ણન છે. તેને અપરાજિતા, શબ્દબ્રહ્મમયી દેવી, પરબ્રહ્મસ્વરૂપધારિણી, કોટિસૂર્યસમપ્રભ, વિદ્યુલ્લેખેવ ભાસ્વરા, ભુજંગાકારા કે સ્વર્ણપ્રભાસર્પિણી એમ વિવિધ રીતે વર્ણવવામાં આવી છે.

પરમેશ્વરની માયારૂપ એ જ કુંડલિનીશક્તિ કાર્યભેદથી ચાર પ્રકારવાળી છે. ભોગમાં તેને ભવાની કહે છે, સમરાંગણમાં દુર્ગા, ક્રોધમાં કાલી અને પુરુષમાં પૌરુષ અર્થાત્ પરાક્રમ કે ઉદ્યોગરૂપ કર્મમાં વિષ્ણુની શક્તિ તરીકે ઓળખાય છે. પાશ્ચાત્ય વિદ્વાનો પણ કુંડલિની શક્તિનું વર્ણન કરે છે. આ પ્રચંડ શક્તિને મેડમ બ્લેવેસ્કી 'Cosmic Electricity' કહે છે. પાશ્ચાત્ય વિદ્વાનોના મતે કુંડલિની વિશ્વવ્યાપી વિદ્યુતની સજાતીય શક્તિ છે. વિશ્વમાં પ્રકાશની ગતિ સૌથી વધારે છે. પરંતુ કુંડલિનીની ગતિ પ્રકાશની ગતિ કરતાંયે અનેકગણી વધારે છે. પ્રકાશની ગતિનું પ્રમાણ એક સેકંડનું ૧૮૫૦૦૦ માઈલનું છે, જયારે કુંડલિનીનું ૩૪૫૦૦૦ માઈલનું છે.

કુંડલિની જાગૃત થયા પછીની અનુભૂતિ વિશે પાશ્ચાત્ય વિદ્વાન Hodson (હોડસન) કહે છે કે જેમ જેમ કુંડલિની મેરુદંડમાં એક એક ચક્રને જાગૃત કરતી ઉપર જાય છે તેમ તેમ ભૌતિક જગતમાંથી અભૌતિકમાં, અર્થાત્ સ્થૂળમાંથી સૂક્ષ્મમાં પ્રવેશ શક્ય બનતો જાય છે. તમામ સૂક્ષ્મ શક્તિઓ જાગૃત થઈને તેનો લાભ પણ મળતો જાય છે. તેને Serpent Fire પણ કહે છે.

યોગમાર્ગમાં કરોડરજજુનું ખૂબ મહત્ત્વ છે. તેનું આગવું સૂક્ષ્મ વિજ્ઞાન છે. તેની સાથે વિવિધ નાડીઓનું તંત્ર સંલગ્ન છે. તેમાં મુખ્ય ત્રણ નાડીઓ છે : ઈડા, પિંગલા અને સુષુમ્ણા. ઈડાનું સ્થાન પીઠમાં કરોડની બહારના ભાગમાં ડાબી તરફ આવેલું છે. તે ચંદ્રનાડી પણ કહેવાય છે. પિંગલા નાડીનું સ્થાન કરોડની જમણી બાજુએ આવેલું છે. તેને સૂર્યનાડી કહે છે. મેરુદંડસ્થિત વચ્ચેની સૂક્ષ્મનાડીને સુષુમ્ણા તરીકે ઓળખવામાં આવે છે. તેને સરસ્વતી પણ કહે છે. તે મૂલાધારમાંથી શરૂ થઈને, કરોડના મણકામાંથી પસાર થઈને મસ્તિષ્ક સુધી પહોંચે છે. એ નાડી ચંદ્ર, સૂર્ય અને અગ્નિ તથા સત્ત્વ, રજસ અને તમસ ગુણોથી યુક્તછે. જાગૃત કુંડલિનીની યાત્રા આ નાડીમાં થાય છે, તેથી તેને યોગનાડી પણ કહે છે. તેના ભાગરૂપે બીજી ત્રણ નાડી તે વજ્રિણી, ચિત્રિણી અને બ્રહ્મનાડી છે.

જેમને યોગની પરિભાષામાં છ ચક્રો કે કમળો કહેવામાં આવે છે તે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્ર તરીકે ઓળખવામાં આવે છે. આ ષટ્ચક્રનું ભેદન કરીને કુંડલિની મસ્તિષ્કમાં રહેલા સહસ્રારચક્રમાં પહોંચે છે, ત્યાં તે શિવનું સાયુજ્ય પામે છે. આધુનિક તબીબી વૈજ્ઞાનિકો પણ કરોડરજજુમાં અમુક અમુક અંતરે જ્ઞાનતંતુઓના ગુચ્છોરૂપી ગાંઠો હોવાનું સમર્થન કરે છે. યોગની ભાષામાં એને જ ઊર્જાકેન્દ્રો કે ચક્રો કહે છે.

આ સમર્થયોગી કુંડલિનીને સમર્થ ગુરુ દ્વારા જ જાગૃત કરવી જોઈએ. જાગૃત કુંડલિનીનું ઊર્ધ્વગમન કલ્યાણકારી અને આત્મજ્ઞાનને ઉજાગર કરનારું છે, જયારે અધોગમન અનેક પ્રકારના અનર્થ અને પતન કરાવનારું છે. તેથી જ તેની સાધના માટે સિદ્ધ ગુરુનું માર્ગદર્શન અને સાંનિધ્ય અનિવાર્ય છે.

## ષટ્ચક્રભેદન અને કુંડલિનીની ગતિવિધિનો પ્રભાવ

### ષટ્ચક્ર :

સૌંદર્યલહરીમાં ષટ્ચક્રના ભેદનને ક્રમશઃ વૈજ્ઞાનિક રીતે વર્ણવ્યું છે. ષટ્ચક્રનું આ વિજ્ઞાન ઘણું ગહન છે. આ ચક્રો મેરુદંડના સૌથી નીચેના ભાગથી મસ્તક સુધી આવેલી સુષુમ્ણા નાડીમાં છે, તેના દ્વારા

શરીરી નાડીઓનો મસ્તક સાથે સંબધ સ્થપાય છે. એમાં હૃદયમાં આવેલું જે અનાહત ચક્ર છે તેને જ યહૂદી ધર્મમાં "**સ્ટાર ઑફ ડેવિડ**" અને ખ્રિસ્તીધર્મમાં "**સેક્રેડ હાર્ટ**"(પવિત્ર હૃદય) કહે છે. ઉપરનાં ચક્રો તે ઉપર જતી શક્તિનાં કેન્દ્રો છે. સૌથી ઉપરના સહસ્રારચક્ર સુધી શક્તિના પ્રવાહને વહાવવો, તે આધ્યાત્મિક વિકાસનું એક પાસું છે.

ગુદાની નીચે એક માંસપેશી છે, જેને 'કંદ' કહે છે. તેની નાભિ અર્થાત્ કેન્દ્રમાં સ્વયંભૂલિંગ ઉપર સાડાત્રણ આંટા મારીને સૂતેલી કુંડલિની જાગૃત થતાં તે સ્વાધિષ્ઠાનચક્રમાં આવે છે. આ અવસ્થામાં જીવને બિન્દુરૂપી શિવ કહે છે, અને કુંડલિનીને જીવરૂપા શક્તિ કહે છે. આજ્ઞાચક્રમાં આવીને તે જ પરમાત્મારૂપી શક્તિ ત્રિપુરા કહેવાય છે, જે સહસ્રારમાં શિવની સાથે સાયુજ્યતા પ્રાપ્ત કરી લે છે. અપરાજિતા કુંડલિની શક્તિ ષટ્ચક્રનું ભેદન કરીને પરમ શિવપદને પામે છે. ષટ્ચક્રનો વેધ કર્યા પહેલાં શક્તિનું રૂપ જીવાત્મિકા હોય છે. જીવાત્મિકાનું સ્થાન સ્વાધિષ્ઠાન અને શિવાત્મિકાનું સ્થાન વિશુદ્ધચક્ર છે.

ચક્રવેધ વખતે શક્તિની ગતિ મૂલાધારથી સહસ્રાર તરફ ઊર્ધ્વોન્મુખ હોય છે. સહસ્રારથી નીચે ઊતરતા તે શરીરની નાડીઓમાં અમૃતને સીંચતી મૂલાધાર તરફ પાછી ફરે છે. આરોહને ઉન્નેય ભૂમિકા અને અવરોહને અન્વય ભૂમિકા કહે છે – 'પ્રત્યાવૃત્તિ' માં કુંડલિનીનું નીચે ઊતરીને પોતાના સ્થાન-મૂલાધારચક્રમાં પણ આવી જવાનું સૂચન છે. તેને અપ્યય કે પ્રભવક્રમ પણ કહે છે. આ બંને સિદ્ધ થયા પછી જ યોગીને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. સૌંદર્યલહરીના નવમા અને દસમા શ્લોકમાં કુંડલિનીના આરોહણ અને અવરોહણની સમગ્ર પ્રક્રિયા સુંદર રીતે વર્ણવેલી છે.

જે પંચતત્ત્વમાંથી આ સૃષ્ટિનું સર્જન થયું છે અને દેહનું નિર્માણ થયું છે તે કેવી રીતે આ ષટ્ચક્રમાં વ્યાપ્ત છે તેનું નિરૂપણ આ સ્તોત્રના નવમા શ્લોકમાં મળે છે. આરોહણ કરતી શક્તિસ્વરૂપા કુંડલિનીને ઉદ્બોધીને કવિ કહે છે :

મહીં મૂલાધારે કમપિ મણિપૂરે હુતવહં
સ્થિતં સ્વાધિષ્ઠાને હૃદિ મરુતમાકાશમુપરિ ।
મનોઽપિ ભ્રૂમધ્યે સકલમપિ ભિત્ત્વા કુલપથં
સહસ્રારે પદ્મે સહરહસિ પત્યા વિહરસે ॥ ૯ ॥

મૂલાધારચક્રમાં પૃથ્વીતત્ત્વને, મણિપુરચક્રમાં જળ અને અગ્નિતત્ત્વને તથા સ્વાધિષ્ઠાનચક્રમાં રહેલા અગ્નિતત્ત્વને, હૃદયમાં વાયુતત્ત્વને અને ઉપર (વિશુદ્ધિચક્રમાં) આકાશતત્ત્વને તથા ભ્રૂકુટિની મધ્યમાં મનને અને આવી રીતે શક્તિના તમામ માર્ગોને વીંધીને તું હજાર પાંખડીવાળા કમળમાં (સહસ્રારચક્રમાં) પતિની સાથે એકાંતમાં વિહરે છે.

સૌંદર્યલહરીના આઠમા શ્લોકમાં પરમાત્માના નિવાસસ્થાનરૂપ આ સહસ્રારચક્રનું અત્યંત રમણીય અને મનભાવન રીતે થયેલું આલેખન અદ્ભુત છે.:

सुधासिन्धोर्मध्ये सुरविटपिवाटीपरिवृते
मणिद्वीपे नीपोपवनवति चिन्तामणिगृहे ।
शिवाकारे मञ्चे परमशिवपर्यङ्कनिलयां
भजन्ति त्वां धन्याः कतिचन चिदानन्दलहरीम् ।।८।।

હે દેવી! અમૃતના સમુદ્રની વચમાં કલ્પવૃક્ષોની ઘટાઓથી ઘેરાયેલો મણિદ્વીપ નામનો બેટ છે. આ બેટમાં કદંબનાં વૃક્ષોનો બગીચો છે. આ બગીચામાં ચિંતામણિઓનું બનાવેલું ઘર છે. એમાં કલ્યાણનું સ્વરૂપ ધારણ કરતો પલંગ છે. એમાં પરમ કલ્યાણરૂપ શય્યામાં તારો નિવાસ છે. અને આવી ચિત્તના આનંદની લહરીરૂપી તને જે વિરલ લોકો ભજે છે તેઓ ધન્ય છે. (૮)

ષટ્ચક્રરૂપ શરીરનાં મહત્ત્વનાં કેન્દ્રસ્થાનોમાં ગતિવિધિ કરીને કુંડલિનીશકિત પંચતત્ત્વોમાં ચૈતન્ય પ્રગટાવે છે અને સાધનાને પ્રગતિશીલ બનાવે છે.

પણ કુંડલિની શક્તિનું મૂળ નિવાસસ્થાન તો મૂલાધારચક્ર છે. એટલે સહસ્રારમાંથી નીચે જતાં અમૃતની ધારાઓની વર્ષાથી બોંતેરહજાર નાડીઓને સીંચે છે – તેમાં શક્તિ પ્રગટ કરે છે અને વળી અમૃતના ગુણની અધિકતાને લીધે આધારચક્રમાં પહોંચી જઈને પોતાની જાતને સર્પના જેવી ગુંચળાના આકારની બનાવીને આધારચક્રમાં (યોગનિદ્રામાં) નિદ્રાધીન થઈ જાય છે. (શ્લોક -૧૦). આ શ્લોકમાં 'પ્રપંચ' નો અર્થ દેહ સાથે સંબંધિત છે.

કુંડલિની શક્તિનું મૂળ સંચલન તો આ શ્રીચક્રરૂપ દેહસ્થાનમાં થાય છે. તેનું ગૂઢ રહસ્યમય નિરૂપણ સૌંદર્યલહરીના ૧૧મા શ્લોકમાં થયું છે. તેમાં શ્રીવિદ્યાનો પણ સાંકેતિક નિર્દેશ છે.

## શ્રી વિદ્યા:

આ માર્ગમાં રાજયોગ, કુંડલિનીયોગ, ભક્તિયોગ અને અદ્વૈત વેદાંત બધાંનો સમન્વય થયેલો છે. આ વિદ્યા અનુસાર શરીર એ મંદિર છે અને એમાં આત્મા એ પરમાત્મા તરીકે નિવસે છે. મનુષ્ય પોતે જ એક લઘુ બ્રહ્માંડ સમાન છે, અને એને સમજવાથી માણસ સમગ્ર બ્રહ્માંડને સમજી શકે છે અને અંતે પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરી શકે છે. એમાં કુંડલિની શકિતને જગદંબા તરીકે જોવામાં આવે છે. અને યોગસાધના દ્વારા એને મૂલાધારમાંથી જાગ્રત કરી સહસ્રારચક્ર સુધી ઊંચે ચડાવવામાં આવે છે. ચક્ર તે ચેતનશક્તિના વાહક છે અને તે આપણો ચિન્મય દેહ રચે છે. તથા ચેતનાના સમગ્ર પ્રવાહ સાથે તેને જોડી આપે છે.

## શ્રીચક્ર:

આ ષટ્ચક્ર અને ત્રિપુરાસુંદરીરૂપ કુંડલિનીનું આવિર્ભાવરૂપ સ્થાન આપણું આ શરીર જ છે. "પિંડે તુ બ્રહ્માંડે અને બ્રહ્માંડે તુ પિંડે" એમ જે કહેવાય છે- અને નરસિંહે 'વૃક્ષમાં બીજ તું, બીજમાં વૃક્ષ તું' એ શબ્દોમાં બ્રહ્મની લીલાનો જે મહિમા ગાયો છે તે રીતે આપણું શરીર પણ આ બ્રહ્માંડની જ પ્રતિકૃતિ છે. તેને 'શ્રીચક્ર' તરીકે વર્ણવવામાં આવે છે. એટલે ૧૧મા શ્લોકમાં શ્રીચક્રરૂપ દેહનું – બહિર્યાગનું વર્ણન છે. દેવીને ઉદ્દેશીને કવિ કહે છે કે ચાર શ્રીકણ્ઠ અને પાંચ શિવયુવતીઓ – આ ૯ મૂળ પ્રકૃતિઓથી તારે

રહેવા માટે ૪૩ ત્રિકોણ બને છે, જે શંભુના ત્રિકોણ બિન્દુસ્થાનથી ભિન્ન છે. તે ત્રણ વૃત્તો અને ત્રણ રેખાઓ સહિત ૮ અને ૧૬ કમળપત્રોથી યુકત છે.

चतुर्भिः श्रीकण्ठैः शिवयुवतिभिः पञ्चभिरपि
प्रभिन्नाभिः शम्भोर्नवभिरपि मूलप्रकृतिभिः ।
चतुश्चत्वारिंशद्वसुदलकलाब्जत्रिवलय-
त्रिरेखाभिः सार्धं तव शरणकोणाः परिणताः ॥ ११॥

શ્રીચક્ર બ્રહ્માંડ અને પિંડ બંનેનું પ્રતીક છે. તેની રચના ૪ શિવત્રિકોણ અને ૫ શક્તિત્રિકોણોના યોગથી થાય છે. સૃષ્ટિક્રમમાં ૫ શક્તિત્રિકોણ ઊર્ધ્વમુખ હોય છે, ચાર શિવત્રિકોણ અધોમુખ અને અપ્યયચક્રમાં છે. અન્ય શક્તિત્રિકોણ અધોમુખ અને અન્ય શિવત્રિકોણ ઊર્ધ્વમુખ હોય છે. એ રીતે તેના ૪૩ કોણ (ખૂણા) બને છે. ૪૩ કોણોના ચક્રની બહાર મુખ્ય ગોળાકાર ઉપર અષ્ટદલ પદ્મ અને તેની બહારના બીજા ગોળાકાર ઉપર ષોડશદલપદ્મ છે. તે ત્રણ વૃત્તોથી આવરિત છે. સૌથી બહાર ત્રણ રેખાઓનો ચતુષ્કોણ છે, જેને ભૂગૃહ કહે છે. તેની ચારે બાજુની રેખાઓ સમ છે અને ચારે દિશામાં ચાર દ્વાર છે.

તેમાં પંચભૂત, પંચતન્માત્રા, પંચ જ્ઞાનેન્દ્રિય, પંચ કર્મેન્દ્રિય અને પંચપ્રાણ શક્તિત્ત્વ છે. માયા શુદ્ધ વિદ્યા અને મહેશ્વર તથા સદાશિવ શિવતત્ત્વ છે. આ દરેકની સંખ્યામાં મતમતાન્તર છે.

ત્રીજા અને ૧૩ મા શ્લોકમાં દેવીની સાધનાની ફળશ્રુતિ વર્ણવી છે : શક્તિની ઉપાસનાથી અજ્ઞાનનો નાશ થાય છે, નિર્ધનને ધન પ્રાપ્ત થાય છે. જડતાનો નાશ થાય છે. સાંસારિક વિષયની વાસનાનો ક્ષય થાય છે.

શક્તિજાગરણથી કાયાની વિભૂતિ પ્રાપ્ત થાય છે. રૂપ, લાવણ્ય, બળ અને શરીરની સુગઠિત કાયસંપત કહેવાય છે. તે મનુષ્યના શરીરની રસગ્રંથિઓમાં રસોત્પાદનની શકિત વધી જાય છે, તેને કારણે શક્તિનો હ્રાસ થતો નથી. સ્નાયુઓમાં જીવનશક્તિનો સંચાર થાય છે અને સાતે ધાતુઓનું પુનર્નિમાણ થાય છે.

સૌંદર્યલહરીના ૧૫ મા શ્લોકમાં શરદઋતુના ચંદ્રના પ્રકાશ જેવી શુદ્ધ, હાથમાં સ્ફટિકની માળા તથા પુસ્તક ધારણ કરીને વરદાન અને ભય સામે અભયદાન આપતી સરસ્વતીમાતા સ્વરૂપે દેવીનું વર્ણન કર્યું છે. અને તે કેવી રીતે ઉત્તમ કવિત્વશક્તિ આપે છે તેનું લાલિત્યસભર વર્ણન આગળ નાં ૧૬ મા અને ૧૭ મા શ્લોકમાં પણ કર્યું છે. તેમાં સાત્ત્વિક વાક્-સિદ્ધિનું વર્ણન છે. 'યોગશિખોપનિષદ' માં જણાવ્યું છે કે કુંડલિનીશક્તિ જાગૃત થવાથી સારસ્વત-સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

शरज्ज्योत्स्नाशुद्धां शशियुतजटाजूटमकुटां
वरत्रासत्राणस्फटिकघटिकापुस्तककराम् ।
सकृन्नत्वा न त्वां कथमिव सतां संन्निदधते
मधुक्षीरद्राक्षामधुरिमधुरीणाः भणितयः ॥ १५॥

## મૂલાધાર ચક્રઃ

મનુષ્યના શરીરમાં આવેલી કરોડરજ્જુના છેડે આવેલ ત્રિકોણાકાર ચક્રને યોગની પરિભાષામાં મૂલાધાર ચક્ર કહેવામાં આવે છે. મેરુદંડને છેડે આવેલું આ ચક્ર પૃથ્વીતત્ત્વપ્રધાન છે. શરીરના આધારરૂપ આ ચક્ર હોવાથી તેને આધારચક્ર કે મૂલાધાર ચક્ર કહેવામાં આવે છે. તંત્રસાર, ઘેરણ્ડસંહિતા, યોગકુંડલિન્યુપનિષદ્ વગેરે ગ્રંથોમાં દર્શાવ્યા પ્રમાણે કુંડલિનીનું નિવાસસ્થાન આ મૂલાધાર ચક્ર જ છે.

मूलाधारे मूलविद्या विद्युत्कोटिसमप्रभासम्।
मूलाधारे आत्मशक्तिः कुण्डलिनी परदेवता।
शायिता भुजगाकारा, सार्धत्रिवलयान्विता।।
(ઘેરણ્ડસંહિતા)

અર્થાત્, મૂલાધારચક્રમાં સ્વયંભૂલિંગને સાડાત્રણ આંટી મારીને નીચું મુખ રાખીને સર્પિણીરૂપે વીંટળાઈ રહેલી સુષુપ્ત શક્તિ-જે કોટિ વિદ્યુત સમાન પ્રખર તેજવાળી છે, તે જ કુંડલિની શક્તિ છે. મૂલાધાર તેનું નિવાસસ્થાન છે. તેના ચાર દલ અને પૃથ્વી તત્ત્વ છે. તેની જ્ઞાનેન્દ્રિય ઘ્રાણ અને ગુણ ગંધ છે. કર્મેન્દ્રિય ગુદા અને વર્ણ રક્ત છે. મૂલાધાર ચક્રનું સ્થાન અને પ્રદેશ ઉત્સર્ગ અવયવોમાં આવેલો હોવાથી એ અવયવોનો પ્રદેશ એનો છે. બ્રહ્મા તેના દેવતા અને ઐરાવત તેનું વાહન છે.

૪૧મા શ્લોકમાં આધારચક્રમાં દેવીના લાસ્યનૃત્ય તથા શિવના તાંડવનૃત્યનું સુંદર નિરૂપણ છે. કવિ કહે છે : '(હે દેવી !) લાસ્ય નૃત્યમાં તલ્લીન બનેલી સમયાદેવીનું અને નવ રસ ધરાવતા અદ્‌ભુત તાંડવના નૃત્યકાર આનંદભૈરવનું ચિંતન હું મૂલાધાર ચક્રમાં કરું છું. આ બંનેએ દયા કરીને જગતને ઉત્પન્ન કર્યું હોવાથી જગતને માતા અને પિતા પણ પ્રાપ્ત થયાં છે – એમ હું માનું છું.

तवाज्ञाचक्रस्थं तपनशशिकोटिद्युतिधरं
परं शम्भुं वन्दे परिमिलितपार्श्वं परचिता ।
यमाराध्यन् भक्त्या रविशशिशुचीनामविषये
निरालोकेऽलोके निवसति हि भालोकभुवने ॥ ३६॥

## સ્વાધિષ્ઠાન ચક્રઃ

મૂલાધાર ચક્રથી થોડેક જ ઉપર જનનેન્દ્રિયના સ્થાનમાં સ્વાધિષ્ઠાન ચક્ર આવેલું છે. તે છ પાંદડીઓવાળું કમળ કહેવાય છે. અને જલતત્ત્વપ્રધાન ચક્ર છે. વં તેનું બીજ છે અને તેની પ્રત્યેક પાંદડી ઉપર અનુક્રમે, બ,ભ,મ,ય,ર,લ માતૃકાઓ આવેલી છે. જનનેન્દ્રિયનો પ્રદેશ એ સ્વાધિષ્ઠાનનો પ્રદેશ છે. તેની અન્ય વિગતો આ પ્રમાણે છે :

તત્ત્વ - જળ, ગુણ-સ્વાદ, વર્ણ-શુભ્ર, જ્ઞાનેન્દ્રિય-રસના, કર્મેન્દ્રિય-ઉપસ્થ, વં બીજ તથા તેની માતૃકાઓના ઉચ્ચારણનાં ધ્વનિતરંગોથી સ્વાધિષ્ઠાન ચક્રની શક્તિ આંદોલિત કરી શકાય છે.

૩૯મા શ્લોકમાં, સ્વાધિષ્ઠાન ચક્રમાં રહેલા સંવર્તાગ્નિ અને સમયાદેવીની આરાધના કરતાં કવિ કહે છે : "હે જનની, તારા સ્વાધિષ્ઠાનચક્રમાં અગ્નિતત્ત્વને હંમેશાં બરાબર સ્થાપીને, જે સંવર્તાગ્નિ છે તેની તથા મહતી સમયાદેવીની હું આરાધના કરું છું. જયારે સંવર્તાગ્નિ (પ્રલયનો અગ્નિ) ક્રોધભરી નજરથી ત્રણેય લોકને સળગાવી દેવા માંડે છે, ત્યારે આ સમયાદેવીની કરુણાભરી દષ્ટિથી એમને શીતળતા મળે છે.

तव स्वाधिष्ठाने हुतवहमधिष्ठाय निरतं
तमीडे संवर्तं जननि महतीं तां च समयाम् ।
यदालोके लोकान् दहति महति क्रोधकलिते
दयार्द्रा या दृष्टिः शिशिरमुपचारं रचयति ॥ ३९॥

સ્વાધિષ્ઠાનમાં સંવર્તાગ્નિ શિવસ્વરૂપ છે, સમયાદેવી જળની શિવાત્મિકા શક્તિ છે. મણિપુરચક્રમાં પર્જન્ય જળની શિવાત્મક શક્તિ છે અને સૌદામિની – વીજળી અગ્નિની શક્ત્યાત્મિકા શક્તિ છે. કુંડલિની, હંસ, બિન્દુ અને ચિત્તશક્તિ એ સર્વ એક જ શક્તિનાં વિવિધરૂપ છે.

## મણિપુરચક્રઃ

મણિપુરચક્ર નાભિની બરાબર પાછળ કરોડરજ્જુમાં છે. તેથી તેને નાભિચક્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ ચક્ર અગ્નિતત્ત્વપ્રધાન છે. શરીરની તમામ ઊર્જા આ ચક્રમાંથી પ્રાપ્ત થાય છે. તેનો આકાર દસ પાંદડીવાળા કમળનો – दशदलपद्म છે. ખોરાકને પચાવનાર અવયવો જઠર, નાનું આંતરડું વગેરે મણિપુર ચક્રના પ્રદેશમાં આવેલાં છે. ખોરાકને પચાવવાની ઊર્જા પણ અહીંથી પ્રાપ્ત થાય છે. તેનું બીજ रं છે. તે અગ્નિતત્ત્વનું બીજ હોવાથી, કેવળ रं, रं ના લાંબા સમયના ઉચ્ચારથી પણ શરીરમાં ઊર્જા વધી જાય છે. આ ચક્રની પ્રત્યેક પાંદડી ઉપર ड થી फ સુધીની માતૃકાઓ અંકિત થયેલી હોય છે. પ્રાણનું નાભિથી ઉપર અને અપાનનું નાભિથી નીચે અને સમાનનું તે બંનેની વચ્ચેના પ્રદેશમાં અર્થાત્ નાભિપ્રદેશમાં સ્થાન છે, તેથી સમાનવાયુના પ્રદેશમાં મણિપુરચક્ર આવેલું છે. તેના દલ-૧૦, તત્ત્વ-અગ્નિ, ગુણ-તેજ, ઉષ્ણતાનું વહન કરવું, વર્ણ-રક્ત, જ્ઞાનેન્દ્રિય-નેત્ર, કર્મેન્દ્રિય-પાદ, દેવતા-રુદ્ર અને વાહન-મેષ છે.

મણિપુરચક્રનું મૂળ તત્ત્વ જળ છે. તેનો મહિમા કરતાં કવિ કહે છે : તારા મણિપુરચક્રના શરણમાં ગયેલા શ્યામ મેઘોનું રૂપ ધારણ કરનાર 'कं' નામના જળની પણ હું સેવા કરું છું, કે જેમાં અંધકારની દુશ્મન વીજળીની ચમક આભૂષણોમાં જડેલાં વિવિધ રત્નોની ચમકની માફક ઇન્દ્રધનુષ્યનું રૂપ ધારણ કરે છે અને તે અગ્નિ અને સૂર્યના તાપથી તપી ગયેલા ત્રિભુવન પર વર્ષા કરે છે.

तटित्त्वन्तं शक्त्या तिमिरपरिपन्थिफुरणया
स्फुरन्नानारत्नाभरणपरिणद्धेन्द्रधनुषम् ।
तव श्यामं मेघं कमपि मणिपूरैकशरणं
निषेवे वर्षन्तं हरमिहिरतप्तं त्रिभुवनम् ॥ ४०॥

આ લોક જળમાં જ પ્રતિષ્ઠિત છે. જળથી જ ચંદ્ર, સૂર્ય, અગ્નિ અને નક્ષત્રોની ઉત્પત્તિ થઇ હોવાનું કહેવાયું છે. ઋગ્વેદ અનુસાર ઉદકતત્ત્વાત્મક મણિપુરમાં પ્રતિષ્ઠિત નાવ શ્રી ચક્રાત્મિકા છે.

**અનાહતચક્રઃ**

અનાહતચક્રનું સ્થાન હૃદયમાં રહેલા અંગુષ્ઠમાત્ર અંગૂઠાના અગ્રભાગ જેટલા રિક્ત પોલાણમાં – જેને હૃદયગુહા કહેવામાં આવે છે અને જેમાં જીવાત્માનો નિવાસ હોવાનું કહેવામાં આવે છે, ત્યાં હોવાનું માનવામાં આવે છે. પણ તેના સ્થાન અંગે મતભેદ પ્રવર્તે છે. અનાહતચક્ર હૃદયની સમાન ઊંચાઈએ મેરુદંડમાં આવેલું હોવાની માન્યતા પણ છે. તો વળી કેટલાકને મતે મેરુદંડમાં આવેલ અનાહતચક્રથી અલગ હૃદયચક્ર હૃદયમાં આવેલું છે. પરંતુ નિર્વિવાદ હકીકત એ છે કે હૃદય જ અનાહત ચક્રનો પ્રદેશ છે. અને હૃદય જ આત્માનું નિવાસસ્થાન હોવાની બાબત વેદ, ઉપનિષદ, અન્ય ધર્મગ્રંથો તેમ જ યોગીસમાજમાં સર્વસ્વીકૃત છે. આ રીતે અનાહત ચક્રનું ઘણું મહત્ત્વ છે. આમ સમસ્ત ચક્રવિજ્ઞાનમાં અનાહત ચક્રનું વિજ્ઞાન આત્મદર્શન માટે અગત્ય દર્શાવે છે, તેથી યોગસાધનામાં પણ તેનું વિશિષ્ટ મહત્ત્વ છે. તેને બાર પાંખડીઓવાળું કમળ 'દ્વાદશદલપદ્મ' પણ કહેવામાં આવે છે. તેની પ્રત્યેક પાંદડી ઉપર અનુક્રમે ક થી ઠ સુધીની બાર માતૃકાઓ આવેલી હોય છે. અને યં તેનું બીજ છે. તેના બાર દલ, તત્ત્વ - વાયુ, જ્ઞાનેન્દ્રિય-ત્વક્, ગુણ –સ્પર્શજ્ઞાન અને કર્મેન્દ્રિય-હસ્ત છે.

અનાહતચક્રના સંદર્ભમાં ૩૮ મા શ્લોકમાં દીપ-શિખાસદશ હંસયુગલનું વર્ણન છે. સંવિત કમળનું સ્થાન વક્ષ:સ્થળમાં છે. આ જ આત્માનો નિવાસ હોવાનું કહેવાય છે. આ સ્થાનમાં 'હંસ' મંત્રનો જપ કરવામાં આવે છે. કવિ તેનું વર્ણન કરતાં કહે છે : વિકસતા જ્ઞાનરૂપી કમળમાંથી નીકળતા રસથી આસક્ત અવર્ણનીય અને મહાપુરુષોના મનમાં (માનસસરોવરમાં) વિહરનારા હંસયુગલની હું આરાધના કરું છું. આ યુગલના અવાજથી ૧૮ વિદ્યાઓનો વિકાસ થાય છે. અને આ યુગલ પાણીમાંથી દૂધ કાઢી લે તેમ દોષમાંથી બધાય ગુણોને કાઢી લે છે.

समुन्मीलत् संवित् कमलमकरन्दैकरसिकं
भजे हंसद्वन्द्वं किमपि महतां मानसचरम् ।
यदालापादष्टादशगुणितविद्यापरिणति-
र्यदादत्ते दोषाद् गुणमखिलमदभ्य पय इव ॥ ३८॥

**વિશુદ્ધિ ચક્રઃ**

વિશુદ્ધિ ચક્રનું સ્થાન કંઠમાં આવેલ સ્વરયંત્ર તેમજ કંઠમાંથી પસાર થતી શ્વાસનળી તથા અન્નનળી છે; તે જ તેનો કાર્યપ્રદેશ છે. કંઠમાં આવેલ સ્વરપેટી નજીક મેરુદંડમાં તેનું સ્થાન છે. તે આકાશ તત્ત્વપ્રધાન હોવાથી આકાશનો ગુણ-શબ્દ અથવા સ્વર અહીં ઉત્પન્ન થાય છે. નાભિચક્રમાંથી ઉદ્ભવેલ અવ્યક્ત નાદ (મહાપ્રાણ) અહીં વ્યક્ત સ્વરૂપ જેને યોગની ભાષામાં નાદનું વૈખરી સ્વરૂપ કહે છે, તેને અર્થાત્ અવ્યક્તમાંથી વ્યક્ત સ્વરૂપને પામે છે. કંઠમાં આવેલ સ્વરયંત્ર તેમ જ કંઠમાંથી પસાર થતી

શ્વાસનળી તેમ જ અન્ન્નળી વિશુદ્ધિચક્રનો કાર્યપ્રદેશ છે. સંગીતના તમામ સૂર વિશુદ્ધિચક્રમાંથી જ ઉત્પન્ન થાય છે, તેથી તે સ્વરસાધનાનું મહત્ત્વનું કેન્દ્ર છે. એટલે તત્ત્વતઃ સ્વરસાધકો વિશુદ્ધિચક્રની શક્તિની જ સાધના કરે છે. અહીં ધ્યાન કરવાથી ભૂખ અને તરસ મિટાવી શકાય છે તેવું મહર્ષિ પતંજલિનું પણ વિધાન છે :

कण्ठकूपे क्षुत्पिपासानिवृत्तिः ।

વિશુદ્ધિચક્ર ઉદાનપ્રાણનું પણ નિવાસસ્થાન છે. કંઠથી ઉપરના પ્રદેશમાં કુંડલિનીનું ઊર્ધ્વગમન ઉદાનને લીધે જ થતું હોવાથી યોગમાં તેનું ખૂબ મહત્ત્વ છે. તેમ જ ઉપનિષદમાં ઉદાનને જ અધ્યાત્મપ્રાણ કહ્યો છે. વિશુદ્ધિચક્રને સોળ પાંદડીઓવાળું કમળ અર્થાત્ "ષોડશદલકમલ" કહેવામાં આવે છે. તેની પ્રત્યેક પાંદડી ઉપર અનુક્રમે અ થી અઃ સુધીના કેવળ સોળ સ્વરૂપી માતૃકાઓ આવેલી છે. એનો બીજાક્ષર હં છે. તત્ત્વ-આકાશ, ગુણ-શબ્દ, જ્ઞાનેન્દ્રિય-શ્રવણ, કર્મેન્દ્રિય- વાક્ અને વર્ણ-શુભ્ર છે.

૩૭ મા શ્લોકમાં દેવીની વિશુદ્ધિચક્રમાંની ઉપસ્થિતિનું આલેખન છે. કવિ કહે છે : 'તારા વિશુદ્ધિચક્રમાં આકાશતત્ત્વના જનક, શુદ્ધ સ્ફટિક જેવા સ્વચ્છ શિવની નિર્ગુણ શિવ સમાન જ રહેલી દેવીની પણ હું સેવા કરું છું. આ બંનેની ચંદ્રનાં કિરણો જેવી કાન્તિથી ત્રણેય લોક પોતાનો (અજ્ઞાનરૂપી) અંદરનો અંધકાર નાશ પામવાથી ચકોરી માફક આનંદી બને છે.'

विशुद्धौ ते शुद्धस्फटिकविशदं व्योमजनकं
शिवं सेवे देवीमपि शिवसमानव्यवसिताम् ।
ययोः कान्त्या यान्त्याः शशिकिरणसारूप्यसरणेः
विधूतान्तर्ध्वान्ता विलसति चकोरीव जगती ॥ ३७॥

આકાશતત્ત્વનું સ્થાન વિશુદ્ધિચક્ર છે. સામાન્ય રીતે આકાશનો અર્થ 'શૂન્ય' છે. પરંતુ અહીં આકાશનો સંબંધ ભાવાત્મક તત્ત્વ સાથે જોડાયેલો છે. પાશ્ચાત્ય વિજ્ઞાનવાદી પણ આકાશના સ્થાન પર કોઈ એક તત્ત્વની સત્તા સ્વીકારે છે, જેના માધ્યમથી પ્રકાશ, ઉષ્ણતા વિદ્યુત અને ચુમ્બકનાં કિરણો પ્રસરે છે.

**આજ્ઞાચક્રઃ**

તમામ પ્રકારના યોગમાં આજ્ઞાચક્રને ખૂબ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. તેને જ્ઞાનચક્ર, જ્ઞાનનેત્ર, શિવનેત્ર કે તૃતીય નેત્ર પણ કહ્યું છે. તેનું સ્થાન ભ્રૂકુટીમાં બે ભ્રમરની વચ્ચે નાસિકામૂળથી સહેજ ઉપર આવેલું છે. હિંદુઓમાં આજ્ઞાચક્રને સ્થાને કુમકુમ-તિલક કે અગર, ચંદન વગેરેનું તિલક કરવાની પ્રથા છે. આ તિલક-પદ્ધતિ પણ તેની એક પ્રકારની ઉપાસના જ છે. તે જ્ઞાનનેત્ર હોવાથી દેવી સરસ્વતીનું નિવાસસ્થાન પણ મનાય છે. તે ઈડા, પિંગલા અને સુષુમ્ણા એ ત્રણે નાડીઓનું સંગમસ્થાન છે. તેથી તેને ગંગા, યમુના અને સરસ્વતીના પવિત્ર સંગમસ્થાનરૂપ પ્રયાગની પણ શાસ્ત્રોમાં ઉપમા આપવામાં આવેલી છે. કુંડલિનીનું ઊર્ધ્વગમન થતાં મૂલાધારથી શરૂ કરીને જેમ જેમ ચક્રોનું ક્રમશઃ ભેદન કરી તે આગળ વધે

છે તેમ તેમ સ્થૂળ શરીરના શોધનની સાથે સાથે સાધકને વિવિધ પ્રકારના સંયમની શક્તિઓ પ્રાપ્ત થતી જાય છે. તેની વૃત્તિઓ શુદ્ધ અને નિર્મળ થતી જાય છે. પણ તે વૃત્તિઓની વાસના તો આજ્ઞાચક્રના જ્ઞાનથી જ નિર્મૂળ થાય છે. ત્યાં સુધી તો કામવિકાર જેવી વૃત્તિઓ સંયમિત હોવા છતાં નિર્મૂળ થતી નથી. શિવજીએ ત્રીજું લોચન ખોલીને કામદેવને ભસ્મીભૂત કર્યો. આજ્ઞાચક્ર દ્વારા જ્ઞાનપ્રાપ્તિ પછી જ કામજય થઈ શકે છે. વળી એને એટલા માટે આજ્ઞાચક્ર કહેવામાં આવ્યું છે કે તમામ ઇન્દ્રિયો તેની દાસી બનીને એની આજ્ઞામાં રહે છે.

આજ્ઞાચક્રને બ્રહ્મદ્વાર કહેવામાં આવે છે. એટલે તમામ પ્રકારની ઉપાસનાઓ કે યોગમાં ગુરુજનો કે શાસ્ત્રો દ્વારા આજ્ઞાચક્રમાં જ ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવે છે. અહીંથી સમાધિપ્રદેશની શરૂઆત થાય છે. આમ સર્વ ચક્રોમાં આજ્ઞાચક્રનું સવિશેષ મહત્ત્વ છે. તેનું સ્થાન ભ્રૂકુટિમાં આવેલું છે. એ દ્વિદલ પદ્મના આકારનું છે, જેનો બીજાક્ષર ॐ - પ્રણવ છે. અને તેના પ્રત્યેક દલ ઉપર હં, ક્ષં માતૃકાઓ અંકિત થયેલી હોય છે. તેનું તત્ત્વ-મન અને દેવતા અર્ધનારીશ્વર (શિવ) છે.

૩૬મા શ્લોકમાં આજ્ઞાચક્રનું નિરૂપણ છે. કવિ કહે છે (હે દેવી), તારા આજ્ઞાચક્રમાં રહેલા અને અગણિત સૂર્ય અને ચંદ્રનો પ્રકાશ ધારણ કરનાર પરમ શિવને હું વંદન કરું છું, કે જેમનો ડાબો ભાગ પરમ ચૈતન્યરૂપ (પાર્વતી સાથે) સાવ મળી ગયો છે. આવા પરમ શિવની જે ભક્તિપૂર્વક આરાધના કરે છે, તે જ્યાં સૂર્ય, ચંદ્ર અને અગ્નિ ન હોય એવા અદશ્ય અને એકાંતમય જગતમાં (સહસ્રાર ચક્રમાં) નિરાંતે વસે છે.

સુષુમ્ણામાં સ્થિત સર્વ ચક્ર ચિત્ત શક્તિનાં વિભિન્ન કેન્દ્ર હોવાને કારણે ભગવતીનાં જ ચક્ર છે. ભગવતીના દેહની અંતર્ગત સમગ્ર બ્રહ્માંડ અને પિંડ બને છે.

तवाज्ञाचक्रस्थं तपनशशिकोटिद्युतिधरं
परं शम्भुं वन्दे परिमिलितपार्श्वं परचिता ।
यमाराध्यन् भक्त्या रविशशिशुचीनामविषये
निरालोकेऽलोके निवसति हि भालोकभुवने ॥ ३६॥

**સહસ્રારચક્રઃ**

સહસ્રારચક્ર મસ્તકમાં રહેલા બ્રહ્મરન્ધ્રમાં આવેલું છે. નવા જન્મેલા બાળકના મસ્તક ઉપર હળવા સ્પર્શથી દબાવતાં ખોપરીના વચ્ચેના ભાગમાં જે પોલો ભાગ જણાય છે તે જ બ્રહ્મરન્ધ્ર છે. તેને દશમ દ્વાર પણ કહે છે. બાળકની વય વધતાં તે ભાગ હાડકાંથી પુરાઈ જાય છે તે જ સહસ્રારચક્રનું સ્થાન છે. સહસ્રારચક્રને સહસ્રદલ કમળ પણ કહે છે. સૂક્ષ્મ શરીરનું તે નિવાસસ્થાન છે, તે સર્વ જ્ઞાનેન્દ્રિયો તેમ જ બુદ્ધિ કે વિજ્ઞાનમય કોશ પણ તેના જ કાર્યક્ષેત્રમાં છે. ઇન્દ્રિયો દ્વારા ભોગવાતા ભોગવિષયોનો કાર્યાત્મક નિર્ણય અહીં થાય છે. અહીં સ્થિત જ્ઞાનેન્દ્રિય દ્વારા જ તે વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. સહસ્રારચક્ર અનેક

આશ્ચર્યોથી ભરપૂર છે, ઉચ્ચ આધ્યાત્મિક અનુભવોનું સ્થાન પણ સહસ્રાર જ છે. સમાધિનો અનુભવ પણ અહીંથી જ કરી શકાય છે. તેને શિવનું સ્થાન પણ કહેવામાં આવે છે. મૂલાધાર ચક્રથી ઊર્ધ્વગામી બનેલી કુંડલિનીની યોગયાત્રા પણ અહીં પૂરી થાય છે. સહસ્રારમાં જ શિવ-શક્તિનું મિલન થાય છે. આ ચક્રને પૂર્ણરૂપે પ્રકાશિત કરવું એ જ કુંડલિની સાધનાનું અગ્રિમ લક્ષ્ય છે. સહસ્રાર અવ્યક્ત નાદનું સ્થાન છે તેથી નાદની એકાનેકાક્ષરકૃતિ એક અક્ષર -ૐ -માંથી અનેક અક્ષર-સ્વર અને વ્યંજન મળીને ૫૦ માતૃકાઓનું કારણ છે. અર્થાત્ તે સર્વ વર્ણો અવ્યક્તરૂપે સહસ્રારમાં જ રહેલા છે.
એમ માનવામાં આવે છે કે જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વગેરેનાં અલગ અલગ કેન્દ્રો કે વિવરમાં અનુલોમ વિલોમથી સો સો પાંદડીઓ હોય, તેમ જ પ્રત્યેક પાંદડી ઉપર એક એમ ૧૦૦૦ પાંદડીઓ ઉપર ૧૦૦૦ માતૃકાઓ અંકિત થયેલી છે. પ્રત્યેક પાંદડી ઉપરની માતૃકા પોતાની આગવી વિશિષ્ટ શક્તિ ધરાવે છે. તે જાગૃત થતાં યોગીઓ અનેક પ્રકારની શક્તિઓ પ્રાપ્ત કરે છે.

એક સાથે સર્વ વિષયો અને સર્વ અવસ્થાઓને પ્રગટ કરી શકે તેવી સિદ્ધિ આપનારું, સંસારમાંથી ઉદ્ધાર કરનારું જ્ઞાન સહસ્રારમાં પ્રાપ્ત થાય છે. કુંડલિની સુષુમ્ણા નાડીમાં પ્રવેશ કરીને સહસ્રાર ચક્રમાં પહોંચીને ત્યાં વિરામ કરે છે, તે અવસ્થાને સમાધિની સ્થિતિ કહેવામાં આવે છે.

આ પ્રમાણે તેનું સ્થાન બ્રહ્મરન્ધ્ર, તત્ત્વ-આત્મા, બીજ-અવ્યક્ત ઓમકાર અને તેના દેવતા શિવ છે. નવમાં શ્લોકમાં બ્રહ્માંડ અને પિંડનું સર્જન કરનાર પાંચ મૂળતત્ત્વો ષટ્ચક્રોમાં કેવી રીતે વ્યાપ્ત છે તે દર્શાવીને કુંડલિની – મૂલાધારથી ચક્રભેદ કરીને કેવી રીતે સહસ્રાર તરફ ગતિ કરીને, ત્યાં પતિ સાથે વિહાર કરે છે તેનું નિરૂપણ છે.

જે માર્ગથી શક્તિ આરોહણ કરે છે તે જ માર્ગથી તે અવતરણ કરે છે અને ભિન્ન ભિન્ન ચક્રો દ્વારા શરીરની ૭૨૦૦૦ નાડીઓને અમૃતથી સીંચે છે અને પછી મૂલાધારમાં પોતાના સ્વસ્થાને આવીને સર્પાકારે સાડાત્રણ આંટા મારીને નિદ્રાધીન બને છે, તેનું આલેખન છે.

ત્યાર પછીના શ્લોકોમાં કુંડલિની ચક્રવેધ કરતાં કરતાં આગળ વધે છે અને સાધકને સર્વ પ્રકારની રિદ્ધિ-સિદ્ધિ-સમૃદ્ધિ, સૌંદર્ય, કવિત્વશકિત વગેરે આપે છે. દેવીની શક્તિનું માહાત્મ્ય પણ આલેખાયું છે. દેવીના સૌંદર્યનું અનેક અલંકારો સાથે થયેલું વર્ણન ભાવકને મુગ્ધ કરે તેવું છે. ષટ્ચક્રોનો વેધ કરીને કુંડલિની સહસ્રારમાં પ્રવેશે છે ત્યારે તેની કલા ચમકતી વીજળીસદશ ભાસે છે. તે પ્રકાશ, ઉષ્ણતા અને પ્રાણશક્તિ આપનાર સૂર્ય; અમૃતસ્રાવ કરનાર ચંદ્ર અને અગ્નિ-એ ત્રણેના તેજથી યુક્ત હોય છે. ભક્તિભાવભર્યા હૃદયથી સાધક, મા ભગવતીની સ્તુતિ-પ્રાર્થના પણ કરે છે.

૩૫મા શ્લોકમાં કવિ પરમ આરાધ્યા દેવીને સંબોધીને જણાવે છે કે 'આ બહ્માંડમાં વ્યાપ્ત પૃથ્વી, પાણી, તેજ, આકાશ, વાયુ, મન અને ભૂમિ તું જ છે'. તે રીતે ચિદાનંદાકાર પરમ પ્રભુને આ વિરાટ વિશ્વસ્વરૂપ દેહ ધારણ કરીને વ્યક્ત કર્યા છે.

मनस्त्वं व्योम त्वं मरुदसि मरुत्सारथिरसि
त्वमापस्त्वं भूमिस्त्वयि परिणतायां न हि परम् ।
त्वमेव स्वात्मानं परिणमयितुं विश्ववपुषा
चिदानन्दाकारं शिवयुवति भावेन बिभृषे ॥ ३५॥

આ મૂળભૂત તત્ત્વો-મન, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી તે સત્ શક્તિના વિકાર છે. તેના દ્વારા આજ્ઞા, વિશુદ્ધ, અનાહત, મણિપુર, સ્વાધિષ્ઠાન અને આધાર સાથે સંબંધિત તત્ત્વોના અધિદેવતાઓનો પણ સંકેત છે.

મૂલાધાર ચક્રથી આરંભીને સહસ્રાર ચક્ર સુધીનું ષટ્ચક્રોનું મેરુદંડસ્થિત આ વિજ્ઞાન કરોડરજ્જુનું વિજ્ઞાન છે. ચક્રોનું આ વિજ્ઞાન અનેક દિવ્ય અને અદ્ભુત શક્તિઓ ધરાવે છે. તે દિવ્ય સિદ્ધિઓને પ્રદાન કરે છે. પરંતુ આવી સિદ્ધિઓ આત્મજ્ઞાનમાં સહાયભૂત ન થતાં સાધકને માન, કીર્તિ, સમૃદ્ધિ, પ્રશંસા વગેરેનાં પ્રલોભનો દ્વારા માર્ગભ્રષ્ટ પણ કરે છે. સાધકે આવી સિદ્ધિઓનો ત્યાગ કરવાથી અને તેનાથી વિરક્ત બનવાથી તે કેવળજ્ઞાનમાં વિઘ્નરૂપ બનતી નથી. આ જ કારણથી ધ્યાનયોગમાં ચક્રભેદનનું જ મહત્ત્વ છે, જ્ઞાનપ્રાપ્તિ સહજ પરિણામરૂપ હોઈ શકે. જેમ જેમ કુંડલિની ચક્રભેદન કરતી જાય છે, ઊર્ધ્વગમન કરતી જાય છે તેમ તેમ શરીરની આંતરશુદ્ધિ, નીરોગિતા, શ્રેષ્ઠવર્ણ, સ્વરમાધુર્ય, શરીરનું હળવું બનવું, પ્રસન્નતા વગેરેની ઉપલબ્ધિ થતી જાય છે, તેનાથી અદ્ભુત યાદશક્તિ, ગૂઢાર્થને સમજવાની તીક્ષ્ણ બુદ્ધિ, કવિત્વશક્તિ, નિર્ભયતા, ભાષા ઉપરની પ્રભુત્વશક્તિ વગેરે શરીરની પ્રકૃતિગત બીજસ્વરૂપે રહેલી કલા કે શક્તિ તેની ઉચ્ચતમ કક્ષાએ ખીલી ઊઠે છે.

સૂક્ષ્મ દેહ પંચ મહાભૂતોનો બનેલો છે. મૂલાધાર ચક્ર પૃથ્વીતત્ત્વપ્રધાન, સ્વાધિષ્ઠાન ચક્ર જળતત્ત્વપ્રધાન, મણિપુર ચક્ર અગ્નિતત્ત્વપ્રધાન, અનાહતચક્ર વાયુતત્ત્વપ્રધાન અને વિશુદ્ધચક્ર આકાશતત્ત્વપ્રધાન છે. આજ્ઞાચક્ર જ્ઞાનપ્રધાન અને સહસ્રારચક્ર આનંદતત્ત્વપ્રધાન છે.

કુંડલિની જાગૃત થતાં જ સર્વપ્રથમ મૂલાધાર ચક્ર અને તેના પ્રદેશનું શોધન કરે છે અને તે શુદ્ધ થયા પછી ક્રમશઃ આગળનાં ચક્રોનું પણ શોધન કરે છે. કુંડલિનીના ઊર્ધ્વગમન સાથે કેટલીક યૌગિક ક્રિયાઓ પણ સહજ રીતે થયા કરે છે. તેવી રીતે શુદ્ધ થયેલા શરીરને યોગની ભાષામાં 'યોગાગ્નિમયજા' શરીર કહે છે.

**(૧) ચક્રોના અક્ષરાર્થ :** મંત્રજપ કરવાથી વાયુનું આંદોલન થાય છે. એ આંદોલનથી નિશ્ચિત આકૃતિ સર્જાય છે. જેમ કે = બે રેખા હોય તો તેને સતત લખ્યા કરવાથી બગડા જેવી આકૃતિ બની શકે છે. તેમ તે ચક્રની પાંચ તત્ત્વ ની શક્તિ સ્થિતિમાંથી ગતિ આવતાં વાયુજન્ય જે આકૃતિ બની જાય છે તે આકૃતિ જે અક્ષર જેવી બને છે, તે અક્ષર તે ચક્રની પાંખડીમાં લખવામાં આવે છે, ત્યાં તેવા અક્ષરો લખી રાખ્યા હોતા નથી. પણ ઉચ્ચારણ થતાં તેવી આકૃતિ જન્મે છે. અનુભવી સાધકોએ એ આકૃતિની જે અક્ષરની કલ્પના અનુભવી છે તે તે અક્ષરો તે તે ચક્રની પાંખડીઓમાં લખાય છે.

**(૨) ચક્રોના તત્ત્વાર્થ :** આકાશ, વાયુ, તેજ, જળ અને પૃથ્વી એ કંઠચક્રથી મૂલાધાર સુધીનાં પાંચ ચક્રોમાં સ્થાન ધરાવે છે. આ શાંત તત્ત્વ જાગૃતિમાં આવતાં અમુક ગતિ આવે છે. મૂલાધારમાં સ્થૂલ-પૃથ્વીતત્ત્વ છે. તે જાગૃત થતાં ઊર્ધ્વગતિ થતાં બીજા સ્વાધિષ્ઠાન ચક્રમાં જતાં તે ગતિમાં જળતરંગો ગતિશીલ બને છે. હવે ત્રીજા ચક્રમાં તેજસ્-અગ્નિતત્ત્વની જાગૃતિ થતાં પૃથ્વી, જળ અને તેજસ્-અગ્નિતત્ત્વોની સંયુક્ત ધ્રુજારી થાય છે. તે જાગૃત ગતિશીલ અવસ્થા આગળ વધતાં હૃદયગુહાના અનાહત ચક્રમાં વાયુની ગતિ ઉમેરાય છે. તે પછી કંઠચક્રમાં આકાશતત્ત્વની ગતિ ઉમેરાય છે.

જે જે ચક્રમાં કે સ્થાને જે સંભાવ્ય શક્તિ હતી તે હવે ગતિશીલ બનતાં સમસ્ત દેહમાં નૂતન ચેતનાનો આવિર્ભાવ થાય છે.

**(૩) ચક્રના બીજાર્થ :** ચક્રોના ચિત્રમાં અમુક બીજાક્ષર મોટા અક્ષરે લખેલો છે, જેમ કે, પૃથ્વી તત્ત્વના મૂલાધાર ચક્રમાં 'लं' લખ્યો છે. તે રીતે દરેક ચક્રને પોતાનું બીજ નક્કી છે. તે સમજવા માટે વાયુની ગતિને સમજવાની છે. મંત્રોચ્ચારથી વાયુને ગતિ મળતાં તે ચક્ર ક્રિયાશીલ બનતાં, જેમ સ્કુટર, મોટર વગેરે વાહનો ગતિ કરે ને અમુક રીતે અવાજ ઉત્પન્ન થાય છે, તેમ આ ચક્રોમાં પણ જુદા જુદા અવાજ ઉત્પન્ન થાય છે. તે દરેકમાં બારીક ધ્વનિ હોય છે. જેમ અલગ અલગ વાહનોમાંના અવાજ ભિન્ન હોય છે તેમ ચક્રોમાં પણ ભિન્ન ભિન્ન ધ્વનિ ઉત્પન્ન થાય છે. મૂલાધાર ચક્રમાં 'લં, લં, લં' જેવો અવાજ થાય છે તેથી તેનું બીજ "लं" ગણાય છે. તેવી રીતે દરેક ચક્રના ગતિશીલ અવાજ પરથી તેના બીજાક્ષર અને અવાજ નક્કી થાય છે. જેમ કે સ્વાધિષ્ઠાન ચક્રનું બીજ वं છે. જે સંક્ષેપમાં જે તે ચક્રના તત્ત્વને ગતિ મળતાં ત્યાં જે અવાજ ઉત્પન્ન થાય છે, તે તેનું બીજ છે.

**(૪) બીજ – વાહનાર્થ :** ચક્રોના બીજનાં ચિત્રોમાં વાહન પણ દોરેલાં હોય છે. જેમ કે મૂલાધારના 'લં' બીજનું વાહન ઐરાવત છે. ત્યાં હાથી હોવાની શક્યતા નથી પણ બીજ તે અવાજ સૂચવતો અર્થ છે; તેમ તે અવાજ પછી તે ચક્રમાં જે ગતિ આવે ને તેની જે ઝડપ હોય તે ઝડપ સૂચવવા વાહન સૂચવાયું છે. તે ગતિ મંદ, મધ્ય, ત્વરિત વગેરે હોઈ શકે છે.

તથા ગતિસૂચક પ્રાણી બીજના વાહન તરીકે મૂકવામાં આવે છે. તે પ્રાણીના ગતિ જેવી ગતિ આ બીજની માનવામાં આવે છે.

**(૫) ચક્રના રંગાર્થ :** દરેક ચક્રની પાંખડી, તેનાં બીજ, વાહન વગેરે નક્કી હોય છે, તેવી રીતે તેના રંગ પણ નક્કી હોય છે. શરીરમાં વાયુની ગતિથી લોહી પણ ગતિશીલ બને છે અને વિવિધ ચક્રોમાં ગતિશીલ થયેલા રક્તમાં, તે તે ચક્ર નાં મૂળભૂત તત્ત્વો-પૃથ્વી, પાણી, તેજ વગેરે પણ ભળે છે. એ તત્ત્વો ભળતાં લોહીના રંગમાં પણ કેટલુંક પરિવર્તન થાય છે. તે રંગદર્શનને આધારે ચક્રના રંગ સૂચવાયા છે. તેવી રીતે મૂલાધારનો લાલ, સ્વાધિષ્ઠાનમાં ગુલાબી, મણિપુરમાં નીલવર્ણ, અનાહત ચક્રનો દાડમના પુષ્પ જેવો લાલ રંગ અને કંઠચક્રનો ધુમાડા જેવો ધૂમ્રવર્ણ કહેવાયો છે.

**માતૃકા :**

વાચકપદ્મમાં વિશ્વનો ઉન્મેષ માતૃકાના રૂપમાં અને વાચ્યપક્ષમાં ષટ્ત્રિંશત્તત્ત્વના રૂપમાં હોય છે. પ્રત્યેક વર્ણ (સ્વરવ્યંજન) મંત્ર તથા શક્તિ હોવાને કારણે 'માતૃકા' શબ્દથી-પદથી વર્ણવવામાં આવે છે. માતૃકાઓ અને તેનાં વાચ્ય તત્ત્વો (વિશ્વના પદાર્થ) નું વિવરણ અત્યંત વ્યાપકતા અને વિશદતાથી કરવામાં આવેલું છે. દરેક વર્ણની પોતાની ભૂમિ, તત્ત્વ, વ્યાપકતા, મન-બુદ્ધિ સાથેનાં વૃત્તિ-વલણોનો સંબંધ, સ્થૂલ અને સૂક્ષ્મ સ્વરૂપ વગેરેની દષ્ટિએ તેનો પૃથક્કરણાત્મક અભ્યાસ થયેલો છે.

બ્રહ્મનાં બે સ્વરૂપ છે : શબ્દબ્રહ્મ અને અર્થબ્રહ્મ. પોતાની ચરમ અવસ્થામાં તે એક - અખંડરૂપે વર્તમાન રહે છે. પ્રારબ્ધકર્મોને ભોગવવા માટે જીવ શબ્દબ્રહ્મની આ શક્તિ(કુંડલિની શક્ત) ને લઈને માતાના ગર્ભમાં આવે છે. તેમાં પ્રવેશ કરતાંની સાથે જ કુંડલિની શક્તિ સહસ્રારચક્રમાં પોતાનું સ્થાન અવ્યક્ત નાદરૂપે નિશ્ચિત કરે છે. ત્યાર બાદ કુંડલિની શક્તિ ગતિશીલ બનતાં તેમાં સૂક્ષ્મ કંપનો શરૂ થાય છે. અને તે આજ્ઞાચક્રમાં આવતાં અવ્યક્ત નાદ સ્થૂળ સ્વરૂપે ૐકારનું પ્રતીક બને છે અને ક્રમશઃ નીચે વિશુદ્ધ, અનાહત, મણિપુર, સ્વાધિષ્ઠાન અને મૂલાધાર ચક્રોમાં આવતાં ૐમાંથી ઉત્પન્ન થયેલ માતૃકાઓ વર્ણમાળાના અક્ષરોસ્વરૂપે સ્થૂળ બનતી જાય છે, અને પ્રત્યેક ચક્રની પાંદડી ઉપર તે અંકિત

થતી જાય છે. દરેક ચક્રને તેનો બીજાક્ષર હોય છે. પ્રત્યેક ચક્રની શક્તિને જાગૃત કરવાની ક્ષમતા આ બીજાક્ષર કે બીજમંત્રમાં હોય છે.

શબ્દ પરામ્બા, જગજ્જનનીનું પ્રતિરૂપ છે. અને ઉદ્‌ગત અર્થ શિવરૂપ છે. જે પ્રમાણે શબ્દ અર્થના આધારરૂપ છે, તેવી જ રીતે શક્તિ, શિવનું દિવ્યાસન છે. શબ્દરૂપા શક્તિને પ્રાપ્ત કર્યા વગર અર્થરૂપી શિવનો બોધ અસંભવ છે.

માતૃકાઓના વર્ણ, રૂપ, સ્વરૂપ, અભિરૂપ, મહિમા, કલા, દેવતા, શક્તિ, ઋષિ, છંદ તથા પ્રત્યેક વર્ણનો તિથિ, ગ્રહ, નક્ષત્ર, રાશિ વગેરે સાથેનો સંબંધઃ અણુ, ધ્વનિ, પરાવાણી તેમ જ કુંડલિની અને ૐકારની એકતા વિશે આપણા શાસ્ત્રીય ગ્રંથોમાં માર્મિક અને સૂક્ષ્મ વિચારણા થયેલી છે. શબ્દને જ તંત્રોની ભાષામાં માતૃકા શક્તિઅથવા મહામંત્ર કહે છે. ષટ્‌ચક્રના ભેદન સાથે મંત્રો અને વર્ણોની રહસ્યમયતા પણ સ્ફુટ થાય છે. તેનો અવિનાભાવી સંબંધ છે.

આચાર્ય પદ્મપાદે વાણીના પંચપદી અને સપ્તપદી-એ રીતે પ્રકાર વર્ણવ્યા છે. જેમ કે ૧. સૂક્ષ્મા, ૨. પરા, ૩. પશ્યન્તી, ૪. મધ્યમા અને ૫. વૈખરી – એ પંચપદી છે. સપ્તપદીમાં આરંભમાં ૧. શૂન્ય અને ૨. સંવિત્ એ બે સ્વરૂપ ઉમેર્યાં છે.

શૂન્ય અર્થાત્ અનુત્પન્ન, સ્પંદહીન વાણી; સૂક્ષ્મા તેની ઉત્પત્તિ અવસ્થા છે અને પરા મૂલાધારમાં પ્રથમ ઉદિત થયેલી વાણી છે.

સંક્ષેપમાં વેદ, ઉપનિષદો અને અન્ય ધર્મગ્રંથોમાં કુંડલિની શક્તિની જાગૃતિનું જે અપ્રતિમ માહાત્મ્ય દર્શાવ્યું છે, તે અહીં શ્રી શંકરાચાર્યકૃત સૌંદર્યલહરીમાં પ્રતીકાત્મકરૂપે અને નિગૂઢરૂપે પણ કાવ્યાત્મક રીતે અભિવ્યક્ત થયું છે. અધ્યાત્મની સાચા અર્થમાં શરૂઆત કુંડલિનીના ઉત્થાનથી જ શક્ય બને છે. તે દિવ્યજ્ઞાન, અતીન્દ્રિય અનુભૂતિ અને આત્મસાક્ષાત્કારને માર્ગે સાધકને આગળ વધવાની શક્તિ અને પ્રેરણા આપે છે. “સૃષ્ટિના પાલનહાર વિષ્ણુની વૈષ્ણવી શક્તિ તેમ જ ભગવાન શિવની સંહાર શક્તિપણ તે જ છે. ... એ જ લીલામયી જગદમ્બા છે અને એ જ મહાકાલી છે. કુંડલિનીનું ઉત્થાન અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનારું, મૃત્યુમાંથી અમૃતમાં લઈ જનારું અને બંધનમાંથી મોક્ષ અપાવનારું છે” એ સત્યની પ્રતીતિ ‘સૌંદર્યલહરી’ ના આ પ્રસ્તુત સ્તોત્ર દ્વારા સહજ રીતે પ્રસન્નતા સાથે મળે છે.

**સંદર્ભગ્રંથો :**


**૧.** "मंत्र और मातृकाओं का रहस्य", ડૉ. શિવશંકર અવસ્થી શાસ્ત્રી, પ્રકા. ચૌખમ્બા વિદ્યાભવન – વારાણસી – ૨૨૧૦૦૧, ઈ.સ. ૧૯૮૬, બીજી આવૃત્તિ.

**૨.** કુંડલિની યોગવિજ્ઞાન, લે. ગુરુચરણદાસ

**૩.** ચક્રકૌમુદી, "શ્રીવિદ્યા-સાધના, સરણિ" – પંડિત સીતારામ શાસ્ત્રીજીનો લેખ, પૃ. ૪૪૪-૪૪૫
દેવીપુરાણ (મહાભાગવત) - શક્તિપીઠાંક, ઈ.સ. જાન્યુ. ૨૦૦૫, ગીતા પ્રેસ, ગોરખપુર

**૪.** સૌંદર્યલહરી, હિન્દી અનુવાદસહિત, લે. ડૉ. પ્રભાકર શાસ્ત્રી, ઈ.સ. ૧૯૯૪, હંસા પ્રકાશન, જયપુર

**૫.** સૌંદર્યલહરી, ગુજરાતી અનુવાદ, અનુવાદ : શાંતિકુમાર જયશંકર ભટ્ટ, પ્રકા. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ

**૬.** સૌંદર્યલહરી, હિન્દી અનુવાદસહિત, લે. ડૉ. શ્રીમતી વિનોદ અગ્રવાલ, પ્રકા. ઈસ્ટર્ન બુક લિંકર્સ, દિલ્હી, ઈ.સ. ૧૯૮૫

**૭.** હિમાલયના સિદ્ધ યોગીઓ.

**ચક્રોની આ નામાવલી ફરીથી કોષ્ટકરૂપે અહીં સરળતા માટે નીચે પ્રમાણે રજૂ કરી છે.**

| ચક્ર પ્રવાહ | સાધન ફળ | નામ | સ્થાન |
|---|---|---|---|
| ભૌતિક ચક્ર<br>(નિમ્નાંગ ચક્ર)<br>મનઃચક્રઃ દૈવી ચક્ર<br>(મધ્યમાંગ ચક્ર)<br><br><br>આધ્યાત્મિક ચક્ર<br>(ઊર્ધ્વાંગ ચક્ર) | આધિ<br>ભૌતિક<br>આધિ<br>દૈવિક<br><br><br>આધ્યાત્મિક | વિશુદ્ધ ચક્ર અધઃ સહસ્રાર મૂલાધાર<br>સ્વાધિષ્ઠાન<br>પ્લીહા<br>મણિપુર<br>અનાહત<br>અષ્ટાર ચક્ર<br>વિશુદ્ધ ચક્ર<br>આજ્ઞા ચક્ર<br>કાગ-લંબિકા<br>ગુપ્તમાનસ ચક્ર<br>બિંદુ<br>અર્ધેન્દુ<br>નિરોધિકા<br>નાદ<br>નાદાંત<br>શકિત<br>સમની<br>ઉન્મની<br>મહાબિંદુ<br>સહસ્રાર | ગુદા અને લિંગ વચ્ચેના મધ્ય ભાગમાં<br>લિંગ પાસે નાભિથી ડાબી તરફ<br>પ્લીહા પાસે<br>નાભિ પાસે<br>હૃદય પાસે.<br>હૃદયની જમણી તરફ<br>કંઠ<br>નેણ વચ્ચે<br>ગ્રીવા ઉપર, તાળવા નીચે.<br>આજ્ઞા ચક્રથી સહેજ ઉપર.<br>મગજની બખોલમાં. |

**મુખ્ય ચક્રોની વિશેષ હકીકતનું કોષ્ટક આ પ્રમાણે છે:**

| | મુખ્ય ચક્રનામ | ચક્રના રંગ | | | તત્ત્વ | અક્ષર | દેવ | બીજ | બીજ વાહન | ઈશ્વર | શક્તિ | જ્ઞાનેન્દ્રિય | ચક્રનો ગ્રહસંબંધ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભૌતિક ચક્ર | - | શિવસંહિતા મત | ષટ્‌ચક્રમત | અન્યમત | | | | | | | | | |
| | મૂલાધાર | રાતો | રાતો | નારંગી છાંયનોરાતો | પૃથ્વી | વ થી સ | ગણેશ | लं | ઐરાવત | બ્રહ્મા | સાકિની | ઘ્રાણેન્દ્રિય (નાક) | ચંદ્ર |
| | સ્વાધિષ્ઠાન | હિંગળોકિયો સિંદૂરિયો | હિંગળોકિયો સિંદૂરિયો | અગ્નિશિખા જેવો | જળ | બ થી લ | બ્રહ્મા | वं | મગર | વિષ્ણુ | કાકિની | સ્વાદેન્દ્રિય (જીભ) | શુક્ર |
| દૈવી ચક્ર | મણિપુર | સોનેરી | વાદળી | લીલો કે રાતો | તેજ | ડ થી ફ | વિષ્ણુ | रं | મેષ | રુદ્ર | લાકિની | ચક્ષુરિન્દ્રિય (આંખ) | બુધ |
| | અનાહત | ઘેરોરાતો | સિંદૂરિયો હિંગળા જેવો | સોનેરી | વાયુ | ક થી ઠ | શિવ | यं | હરણ | ઈશ | રાકિની | સ્પર્શેન્દ્રિય (ચામડી) | સૂર્ય |
| | વિશુદ્ધ | ઘેરો સોનેરી | ધૂમ્ર વર્ણ | વાદળી | આકાશ | અ થી અઃ | જીવ | हं | હાથી | સદાશિવ અર્ધ નારીશ્વર | ડાકિની | શ્રવણેન્દ્રિય (કાન) | મંગળ |
| આધ્યાત્મિક | આજ્ઞા | સફેદ | સફેદ | પીળાશ પડતો સફેદ | મન | હ,ક્ષ | ગુરુ | ॐ | નાદ | પરમશિવ | હાકિની | - | ગુરુ |
| | સહસ્રાર | સફેદ | સફેદ | જાંબુડી ઝાંય | ચિત્ત શક્તિ | અ થી ક્ષ (આવર્તન થાય) | પરબ્રહ્મ | ॐ | બિંદુ | પરબ્રહ્મ | મહાદેવી | - | શનિ (શિવપુત્ર) |


इतिश्रीशंकराचार्यविरचितंसौ
दर्यलहरीस्तोत्रंसप्रतिमंसमा
प्तिमगमद्देवीकृपातः॥ ॥७॥
एतत्पाठकस्यसदाशंभूया
दितिदेव्याश्चीर्ज्ञातव्या॥ ॥श्री
॥श्री॥ ॥श्री॥ ॥श्री॥ ॥श्री॥